**પ્રભુને ઉપસર્ગ કેવો ? શૂરાતન કેમ ચડે ?**

શુભ વિચારને મહેકાવતાં આવડતું જોઇએ. દા.ત. આવા જ ભગવાન પર શૂલપાણિ યક્ષ હાથીનો એક ઉપસર્ગ કરે છે એ જોવું છે, તો એ વિચારાય કે 'હાથી કેવો ઊંચો ને વિકરાળ ! કેવી રીતે પ્રભુની સામે ચારે પગે કૂદતો, ફટાંગ ફટાંગ કરતો દોડતો આવે છે ! છતાં પ્રભુ મેરુની જેમ કેવા નિશ્ચલ ઊભા છે ! આંખો ધ્યાનસ્થ છે ! ને બરાબર પોતાનું તત્ત્વ ચિંતન સ્થિરપણે કરી રહ્યા છે ! પછી હાથી એકદમ પાસે આવી પ્રભુના શરીરે સૂંઢ વીંટાળી પ્રભુને ઊંચકે છે, ઊંચકીને સૂંઢ ગોફણની જેમ ગોળ-ગોળ ઘુમાવે છે, છતાં પ્રભુ નિર્ભયતાથી પોતાના ચિંતનમાં લીન છે ! એટલે જ પ્રભુને લેશમાત્ર હાયકારો થતો નથી, દ્વેષ-ક્રોધ નથી ઊઠતો. ત્યાં હાથી વીફરીને પ્રભુને ઊંચે ઉછાળી નીચે પટકાવા દે છે, પણ ખૂબ ઊંચેથી નીચે પછડાવાથી પ્રભુને જોરદાર વેદના છતાં જાણે કાંઇ બન્યું જ નથી એમ પ્રભુ પછડાયા પછી તીવ્ર પીડાનો લેશ પણ વિચાર કર્યા વિના સ્વસ્થતાથી ઊભા થઇ જઇ પોતાના કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર રહે છે, ને એમનું તત્ત્વચિંતન ચાલુ છે !

આ વિચારવાનું છે. આ તો હાથીના એક ઉપદ્રવની વિચારણા થઇ. એવા બીજા ઉપદ્રવ વિચારાય. એમ પછી સિંહ વાઘનો ઉપદ્રવ, પછી સાપનો ઉપદ્રવ, વિસ્તારીને વિચારાય.

બોલો, આ વિચારણા ચલાવાય ત્યાં પછી પેલો ઊઠવા જતો સ્ત્રીનો વિચાર ક્યાં ઊભો રહે ! અરે ! ભગવાનનો આ રીતે વિચાર કરતાં એ ઉપસર્ગની વચ્ચે પ્રભુની નીડરતા, સૌમ્યતા, તત્ત્વસ્થિરતા, ભારે સહિષ્ણુતા વગેરે તરફ મુખ્ય લક્ષ રાખતાં આપણને ધર્મ-શૂરાતનનું મન થાય.

**અનેક પ્રકારના ઉપસર્ગ વિચારતાં ભારે શૂરાતન ચડે...ત્યાં વાસના ય ભાગી જાય અને સ્ત્રીનો વિચાર પણ ઊઠવા ન પામે.**

**શુભ વિચારના બીજા પ્રકાર**

આ તો ભગવાનના એક પ્રસંગ પર વિચાર. એવા બીજા, બીજા ઉપદ્રવ કરનારના ઉપદ્રવોના વિચાર કરી શકાય. તે સિવાય પણ પ્રભુએ શાસન સ્થાપ્યું, સંઘ સ્થાપ્યો, એ દ્રશ્ય કેવું ? પ્રભુ દેશ દેશ કેવા ફર્યા ? કેવા કેવા પ્રકારના ઉપદેશના ધોધ વરસાવ્યા ? કોના કોના પર કેવા કેવા ઉપકાર પ્રભુએ કર્યા ?...એ પણ વિચારી શકાય.

પાપવિકલ્પો અટકાવવા છે ને ? આ રીતની વિચારણા શરુ કરી દેવાથી એ

અટકી જાય.

એમ પ્રભુની આજ્ઞાના વિચાર થઇ શકે. દા.ત. પ્રભુએ કેવી અહિંસાની આજ્ઞા કરી એ માટે જિનવચને પહેલી તો કેવા કેવા જીવોની ઓળખ કરાવી, એ વિચારાય. ત્યાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનો વિચાર ચાલે. એમાં જગતમાં એ જીવોના એકેકના માથે કેવા કેવા ત્રાસ વરસી રહ્યા છે. એ વિચારતા જવાય. આમ જિનવચને કહેલા જીવતત્ત્વનો જ વિચાર કરતાં બેસાય તો એ વિચારણા લાંબી ચાલે. એમાં પેલો સ્ત્રીનો વિચાર તો ક્યાંય ડૂલ થઇ જાય.

વાત આ છે,-પાપવિકલ્પથી બચવા એક યા બીજા સારા વિચારમાં ચિત્ત લગાડી દેવું જોઇએ. આ એટલા માટે ખાસ જરુરી છે કે એકાદ પણ એવો પાપવિકલ્પ, અર્થાત્ પાપવિચાર જાગ્યો તો એમાંથી આગળ પાપ વિચારોની હારમાળા ભયાનક ચાલશે ! ત્રિપૃષ્ઠ વાસુદેવને પૂર્વભવે વિશ્વભૂતિ મુનિ અવતારે એવું જ બન્યું ને ?

**વિશ્વભૂતિ મુનિને એક પાપવિકલ્પમાંથી ભયાનક પાપવિકલ્પ-પરંપરા. પાપ નિયાણું ને અંતે સાતમી નરક સર્જાણી.**

જાણો છો ને ? વિશ્વભૂતિએ રાજકુમારપણામાંથી મહાવૈરાગ્ય પામી ચારિત્ર લીધેલું. ને છઠ્ઠ-અઠ્ઠમ-ચાર-આઠ પંદર ઉપવાસ માસખમણાદિ ઉગ્ર તપ તપેલા, શરીર હાડપિંજરશું કરી નાખેલું ! છતાં માસખમણ જેવી ઉગ્ર તપસ્યા ચાલુ ! તે માસખમણના પારણે મથુરામાં ગોચરીએ નીકળેલા, ને ગાયની હડફેટથી પડી ગયા. ત્યાં આવેલ દ્વેષી પિતરાઇ ભાઇ વિશાખનંદીએ મશ્કરી કરી. 'ક્યાં ગયું કોઠાની જેમ માથા તોડવાનું બળ ?' બસ, એના હાસ્ય-મજાક પર મુનિને મનમાં પાપવિકલ્પ આવ્યો કે 'હેં ! મારી મશ્કરી ?' એમાંથી પાપવિકલ્પ આવ્યો કે 'હેં ! મારી મશ્કરી ?' એમાંથી પાપવિકલ્પોની હારમાળા ચાલી 'હેં ! શું હું શરીરે નિર્બળ માટે જ મારી મશ્કરી ને ? આટલું બધું સંયમ અને તપ આચરનારો હું, મને એના પ્રતાપે અખૂટ બળ ન મળે ? આ અહીં બળ નથી, એટલે જ મારી મશ્કરી થાય છે. પરંતુ જો અખૂટ અગાધ બળ હોય તો કોઇ મારી મશ્કરી શું કરે ? દુનિયા મને હાથ જોડી નમન કરે. માટે મારા આ સંયમ-તપના પ્રભાવે હું આવતા જનમમાં અખૂટ બળનો ધણી થાઉં.'

**એક પાપવિકલ્પમાંથી ભવપરંપરા**

શું કર્યું આ ? એક પાપવિકલ્પમાંથી એની પરંપરા ચલાવી અને છેવટે અખૂટ બળવાળા થવાનું પાપનિયાણું કર્યું ! હજાર વર્ષના અમૂલ્ય સંયમ અને અણમોલ તપને વેચી નાખ્યા ! એનું સહજ ભાવે વાસ્તવમાં જે ફળ આવે એની અપેક્ષાએ





તુચ્છ ફળરુપ બળ માટે વેચી નાખ્યા ! છે ને પાપવિકલ્પજન્ય અજ્ઞાનતા ! એક પાપવિકલ્પની કેવી ભયાનકતા ! પછી અખૂટ બળવાળા ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા ખરા, પરંતુ પાપવિકલ્પના ઘેરા સંસ્કારે પાપના ભાવવાળા અર્થાત્ તીવ્ર વિષયાસક્તિ અને કષાયાવેશવાળા બન્યા રહ્યા ! એથી અઢળક પાપ કર્યાં ને મરીને સાતમી નરકે ગયા ! ત્યાંથી સિંહ, ત્યાંથી ચોથી નરકે, ને ત્યાંથી સંસારે ઘણા ઘણા ભવ ભમ્યા ! એક પાપ-વિકલ્પમાંથી કેટલી બધી ભયાનક દીર્ઘ દુર્દશા ?

વાસ્તવમાં જ્યાં પાપવિકલ્પ ઊઠ્યો કે 'હેં ? મારી મશ્કરી ?' ત્યાં જ એને સદ્ વિચારથી દબાવી દેવો જોઇતો હતો કે ''હું સાધુ અઢાર પાપસ્થાનકનો ત્યાગી, એમાં માનનો પણ ત્યાગી, તો મારાથી માન અભિમાન કેમ કરાય કે 'હું પણ કાંક છું ? મારી મશ્કરી ?' અને વળી સામો મશ્કરી કરનાર જીવ બિચારો દયાપાત્ર છે કે હાસ્ય મોહનીય કર્મથી પીડાઇ રહ્યો છે. તો વળી મારે માન કષાય-મોહનીય કર્મથી પીડાવું ? કર્મથી પીડાતા એના પર મારે રોષ કે અભિમાન શું કરવું ? એની કર્મપીડાના દ્રષ્ટાંતથી તો મારે ધડો લેવો જોઇએ કે 'હું પાછો અભિમાન કર્મથી પીડાઉં નહિ !' જગત સાથેના વ્યવહારમાં મોહથી બચવા આ બહુ ઉપયોગી સૂત્ર છે કે:-

**સામો જીવ બિચારો કર્મરોગથી પીડાઇને જ મશ્કરી, ઇર્ષ્યા, રાગ, દ્વેષ વગેરે કરે છે. એના પરથી ધડો લઇને આપણે ગુસ્સો-અભિમાન આદિ કર્મરોગ ન વહોરીએ.**

સામો સ્વાર્થવશ આપણું કશું બગાડે છે, જો કે ખરેખર આપણું બગાડનાર તો આપણાં પોતાનાં કર્મ જ છે. છતાં આપણા કર્મથી બગાડવામાં એ નિમિત્ત બને છે. ત્યાં એની સ્વાર્થવશતામાં એ લોભકર્મથી પીડાઇ રહ્યો છે. ત્યાં આપણે આપણું બગાડવાને લીધે જો એના પર ગુસ્સો કરવા જઇએ તો આપણે પણ કર્મરોગથી પીડાયા, કર્મરોગના શિકાર બન્યા ! એમ સામે ઉદ્ભટ વેશવાળી બાઇ આવી, તો એ કામરોગથી વેદમોહનીય-કર્મરોગથી પીડાઇ રહી છે. હવે આપણે જો એના પર નજર ફેરવીએ-ટેકવીએ તો આપણે પણ એ જ રોગના ભોગ બન્યા ! વિચારવું આ જોઇએ કે,

**મોહ-મદથી બચવા આવી વિચારણા :-**

બીજાના કર્મરોગના નિમિત્ત પર આપણે શા માટે કર્મરોગી થવું ?

આ વિચારાય તો પોતાના લોભ-મોહ-ક્રોધ-મદ પર અંકુશ આવે. પણ પહેલી વાત તો આ છે કે-

**કર્મરોગની પીડા પર મન દુઃખિત છે ?**

**કર્મરોગની પીડા પર મન દુઃખિત નહિ હોય તો સમકિત નહિ આવે.**

ત્યારે જિનવચનની શ્રદ્ધાએ સમકિત આવે, ને જિનવચન કહે કે 'કર્મ એ રોગ છે ને એથી રાગાદિ રોગ ઊભા થાય છે. એમાં મોહનીય કર્મની પીડા એ આશ્રવ છે, ને તે ખાસ ત્યાજ્ય છે.' આ વચન પર શ્રદ્ધા એટલે વચનોક્ત તત્ત્વ પર શ્રદ્ધા. તત્ત્વ પર શ્રદ્ધા એટલે તત્ત્વ જેવું, તેવી તેના પ્રત્યે લાગણી, અર્થાત્ આશ્રવ તત્ત્વ હોય છે માટે એના પર અભાવ, અરુચિ, ખટકો, ભયની લાગણી...ત્યારે ઉપાદેય સંવરતત્ત્વ પ્રત્યે સદ્ભાવ-રુચિ-આહ્લાદની લાગણી. હવે મોહનીય કર્મરોગની પીડા એટલે કામ, ક્રોધ, લોભ, મદ-મત્સર, એ આશ્રવ છે. પાપકર્મનું આત્મામાં સ્રવણ વૃષ્ટિ કરનાર છે, એના પર જો મન દુઃખિત નથી, એની ચિંતા જ નથી, તો એનો ખટકો કે ભય નથી તો એ આશ્રવતત્ત્વ અને એના કહેનારા જિનવચન પર શ્રદ્ધા શી રહી ? શ્રદ્ધા નહિ તો સમકિત શી રીતે આવે ? એટલે સમકિત માટે કર્મરોગની પીડા પર મન દુઃખિત જોઇએ.

**કર્મરોગના ખેદથી સમ્યક્ત્વનાં લક્ષણ આવે**

આપણા સમકિતની આ પરીક્ષા છે, એટલું જ નહિ પણ સમકિત ન આવ્યું હોય તો લાવવાનો ઉપાય પણ આ છે, કે 'આપણે કર્મરોગથી ઉદ્વિગ્ન બનીએ, આપણા મનને દુઃખ રહ્યા કરે કે 'ભગવાન જિનેશ્વરદેવોએ આત્માનો જે ખરેખરો રોગ કર્મરોગ કહ્યો છે, એમાં મારે કેટકેટલી વિટંબણા છે ! ક્યારે મારો આ કર્મ-રોગ જાય !

હું બીજાના દોષ દેખવાને બદલે એની કર્મપીડિત દશા પર દયા ખાઉં અને એના નિમિત્તે હું ફોગટ ક્ષુદ્રતા, રોષ, રોફ વગેરે કર્મરોગ ઊભા ન કરું ?'

આમ કર્મ-રોગનો ખેદ કરીએ એમાં જિનવચનની શ્રદ્ધા સમાયેલી રહે છે તો ખેદ કર્મરોગથી રહિત મોક્ષની સાચી અભિલાષા એટલે કે સંવેગ, અને કર્મરોગ-ભર્યા સંસાર પર નિર્વેદ-ગ્લાની આ બે મહાન સમકિતનાં લક્ષણ લાવે છે શ્રદ્ધા-સંવેગ-નિર્વેદ એ સમકિતનાં ખાસ લક્ષણ છે. એ આવવા પર સમ્યકત્વ સુલભ થઇ જાય. જુઓ,

**એક કર્મરોગનાં દિલદર્દ પર શ્રદ્ધા-સંવેગ નિર્વેદ સુલભ બની સમ્યકત્વ સુલભ બને છે.**

મોટા શાલિભદ્ર, જંબુકુમાર ને ગજસુકુમાર કે સનત્કુમાર ચક્રવર્તી જેવા





શી રીતે સુખોથી લચબચતા ઘરવાસને એક મિનિટમાં છોડી દેવા તૈયાર થયા હશે ? એ આના પરથી ખ્યાલમાં આવી જશે. નિમિત્ત કે ઉપદેશ મળતાં આત્માના જાલિમ કર્મરોગ પર નજર ગઇ, ને ભરચક સંસાર-સુખના બધા આનંદને ઉડાડી મૂકે એવો ખેદ થયો, એટલે ઊભા થઇ ગયા ! આવા અનુપમ જિનશાસનના આલંબન સાથે ઉચ્ચ માનવભવ પામ્યા પછી કર્મરોગ વધારવાનો હોય ? કે કર્મરોગના ફુરચા ઉડાવવાના હોય ? માનવભવ અને જૈનશાસન વિના કર્મરોગનો ખેદ અને કર્મરોગનો વિધ્વંસ કરવાનું બને એવું છે ક્યાં ? જગતના વૈભવી અને મનગમતા વિષયો તો જીવને અનંતીવાર મળ્યા ને ભોગવ્યા, એમાં જીવનું દળદર ફીટ્યું ? હજી સંસારમાં ભટકતો છે, ને જાલિમ કર્મરોગોથી પીડાઇ રહ્યો છે માટે તો,

**કર્મરોગના લીધે જ બધુંય મનગમતું અનિચ્છાએ એકદિ' મૂકીને મરવું પડે છે, ને કર્મરોગ વધી જવાથી દુર્ગતિઓમાં ભટકવું પડે છે.**

લાખ મળ્યા લખેસરી થયા, ક્રોડ મળ્યા કરોડપતિ થયા, એમાં શી શાબાશી કરી ? લોકોએ મોટા શ્રીમંત તરીકે માન-આદર આપ્યા, પણ ચાર દિનકી ચાંદની ! કર્મરોગે મૃત્યુ લાવી અહીંથી ડિસમિસ કર્યા ! આ શાબાશી થઇ ? કે નાલેશી ? ભલેને ૧૦-૨૦ નહિ, પણ ૮૦ વરસ સુધી ક્રોડપતિ બન્યા રહ્યા પરંતુ પછીથી કોઇ રાજાએ બધું જપ્ત કરે અને પૈસા-પરિવાર વિના એકલા નાગાધીગા-ડિસમિસ-દેશનિકાલ કરે, તો એ વખતે ૮૦ વરસના સુખની શાબાશી લાગે ? ના, હૈયે કારમો કલ્પાંત થાય કે 'હાય ! આ કેવા મારા ભોગ લાગ્યા કે હું કરોડપતિ બન્યો, ને આ ભયંકર હકાલપટ્ટી જોવાની આવી ? કેવી મારી નાલેશી !'

એક રાજા જો હકાલપટ્ટી કરે તો ય શરીર ને માનવભવને તો સાથે જવા દે, એને જપ્ત ન કરે, પરંતુ મૃત્યુ તો બધું જ ડૂલ કરી દે છે ! ભલે અહીં ચૂમ ચૂમ કરતે કાયા બનાવી, ને ૮૦ વરસ ભલે પોષી, પણ પરભવે એ કશી જ કામની નહિ. ત્યાં તો કરોળિયાની જેમ નવું શરીર બનાવવાનું, તેમજ અહીં રંગરાગ, ભોગવિલાસો અને કષાયો કરી કરી કર્મરોગ ભારે વધાર્યો છે. એટલે નરક-તિર્યંચગતિની કાયામાં પૂરાઇ જવાનું. ત્યાં કેટલાં દુઃખ ! ત્યાં કોણ જાણે કર્મરોગ ક્યારે મોળો પડશે !... માટે જ.

**માનવજીવનનું ખરું કાર્ય કર્મરોગનો તીવ્ર સંતાપ ધરી, એ મિટાવવા ધર્મ-ઔષધ સેવ્યે જવાનું, ને કર્મરોગને આવવાના દરવાજા બંધ કરવાના.**

આના તરફ દ્રષ્ટિ રહ્યા કરે તો સમકિત જાગતું રહે. ને કર્મ-રોગનો તીવ્ર

સંતાપ અને જીવનમાં કર્મરોગ ઘટાડવાની તીવ્ર તમન્ના રહે. બીજાના દોષ પર પાપવિકલ્પ ન ચલાવતાં બિચારાની કર્મ-પીડિત સહેજ દુર્દશા પર દયા આવે.

વિશ્વભૂતિ મુનિને પિતરાઇએ કરેલી સહેજ મશ્કરીથી 'હેં ! મારી મશ્કરી ?' એમ પાપવિકલ્પ સ્ફુર્યો પછી એની પરંપરા ચાલી તે ઠેઠ પાપનિયાણું કરાવે એવી વિકલ્પ પરંપરા ! કેમ...ચાલી ? કહો, આ વિચારવું ભૂલ્યા કે 'આ બિચારો મશ્કરી કરે છે એમાં એકબાજુ કર્મરોગથી પીડાઇ રહ્યો છે, ને બીજી બાજુ કર્મરોગ વધારી રહ્યો છે ! બિચારો પામર !' શું ?

**હાસ્ય-મજાકમાં પૂર્વ કર્મ-રોગથી પીડવાનું ને નવા કર્મરોગ વધારવાનું થાય છે.**

**બીજા મશ્કરી કરે ત્યાં શું વિચારવું ?**

સંયમરૂપી મહાધન આગળ ખોખાની પીડા નગણ્ય, તેમ મુનિએ પણ જોવું ભૂલ્યા કે ''મશ્કરી કરી તો જડ શરીર ખોખાની દુર્બળતાની, પણ તેથી શું ? મારા આત્માની તપ-સંયમની સબલતા તો ઊભી જ છે. એના ઉપર એ મશ્કરી શું કરી શકે છે ? એ સંયમ-મહાધન મારે સલામત છે, પછી ખોખાની મશ્કરી કે દુર્બળતાની શી કિંમત છે ? આવું ય ખોખું એકદિ' તો સાવ જ ઊડી જવાનું છે,' તો તે દૂર્બળ પડ્યું, કે એને પીડા આવી, એમાં જીવનું શું બહુ બગડી ગયું ?'

વિશ્વભૂતિ મુનિ આ જોવું પણ ભૂલ્યા, તેમ એ જોવું પણ ભૂલ્યા કે હું સાધુ થયો તો હવે કોને જોનારો ? જગતને ? કે જિનને ? અરે સાધુપણું તો પછી પણ-

**સમ્યકત્વ આવે ત્યાંથી જીવે જિનદ્રષ્ટિ બનવાનું, જગત્દ્રષ્ટિ નહિ,**
**કન્યા પરણીને દ્રષ્ટિ બદલે છે, એમ સમકિતી**

સમ્યકત્વ લીધું એટલે જિનેશ્વર ભગવાનની કંઠી બાંધી, પછી એ જ જોયા કરવાનું કે મારા હૃદયના એકમાત્ર વહાલા જિનેશ્વર ભગવાન શું કહે છે. કન્યા પરણી ગયા પછી શું કરે છે ? અત્યાર સુધી મારા બાપુજી શું કહે છે એ જોનારી હતી. તે હવે મારા પતિ શું કહે છે એ જોનારી બને છે. ત્યાં પછી દા.ત. બાપને ઘેર સારી સ્થિતિ હોવાથી કિંમતી કપડાં પહેરતી હોય, પછી પતિને ત્યાંય એમ જ હોય પરંતુ પતિની સ્થિતિ નબળી પડવાથી પોતાના પતિની સ્થિતિ પ્રમાણે સાદાં કપડાં પહેરનારી બને છે. એમાં ક્યારેક પ્રસંગ પર બાપને ત્યાં જવાનું થાય, તો એ સાદા જ કપડાં પહેરીને જાય છે. ત્યાં જો બાપ ઠઠારાબંધ કપડાં પહેરીને આવેલી (બીજી) કન્યાને દેખાડી આ કન્યાને એમ કહે કે 'શું આ વાઘરણ જેવાં કપડાં પહેરીને ફરે છે





? જો આ તારી બેન કેવા ઠઠારાબંધ કપડાં પહેરે છે ?' તો એ કાંઇ બાપના બોલ સામે ન જુએ. ને ખેદ ન કરે કે ''હાય ! ત્યારે, મારે આવાં સાદાં કપડાં ? ના. હું ય ઠઠારાબંધ પહેરું'' એ તો પતિના બોલ સામે જ જોનારી હોય કે ''આપણી સ્થિતિ પ્રમાણે પહેરો-ઓઢો. દેવું કરીને કે ભીખ માંગી લાવીને-ઠઠારો કરવામાં શી શોભા છે ?'

સંસારમાં આ બને છે ને ? બાપની કુંવારી કન્યા હતી ત્યાં સુધી ભલે બાપના બોલ સામે જોતી ને એ પ્રમાણે ચાલતી હતી. પરંતુ પતિની પત્ની બન્યા પછી તો એ પતિના બોલ ને પતિની સ્થિતિ તરફ જ જોનારી હોય છે.

એમ સમકિતી આત્મા જગતનો હતો ત્યાં સુધી જગત તરફ દ્રષ્ટિવાળો હતો, એટલે જગત શું કહે છે એ જોતો હતો. હવે જિનેશ્વર ભગવાનને માથે ધર્યા એટલે હવે એ શું કહે છે એ જોવાનું. જગત શું કહે છે એ જોવાનું પડતું મૂક્યું. કન્યાએ ઘર બદલ્યું. બાપના ઘરને પોતાનું ઘર માનતી-કહેતી હતી. પરણ્યા પછી પતિના ઘરને પોતાનું ઘર માને છે. કહે છે. ખુદ બાપના ઘરે આવી હશે પછી સાસરે જવું હશે તો એમ કહે છે-'હવે બહુ સમય થયો. હું મારા ઘેર જાઉં છું.' હેં ? શું મા-બાપને કહેવાય કે 'મારે ઘેર જાઉં છું ?' એટલે 'આ ઘર મારું નહિ.' એ જ કહેવાનું થયું ને ? પણ સંસારનો વ્યવહાર એમ જ ચાલે છે કે કન્યાએ પરણ્યા પછી એનું ઘર બદલાયું.

**પરણેલી કન્યાની જેમ સમકિતીએ ઘર બદલ્યું**

તો સમકિતીની પણ આ સ્થિતિ છે. જૈનધર્મ એ લોકોત્તર માર્ગ છે. લોકોત્તર ધર્મ છે. એમાં આવ્યા પછી એટલે કે સમકિત પામ્યા પછી જીવનું ઘર બદલાય છે. સમકિત પામતાં પહેલાં જગત એ પોતાનું ઘર હતું. એટલે જગત પર દ્રષ્ટિ રહેતી હતી કે 'જગત શું કહે છે ? જગત શું કરે છે ?' પરંતુ હવે જૈનધર્મની શ્રદ્ધા કરી સમકિત પામ્યા એટલે ઘર બદલાયું. હવે જિનના ઘરમાં-શાસનમાં આવ્યા. તો હવે જિન શું કહે છે એ જોવાનું.

બસ, જો આ નક્કી થઇ જાય કે ''હું સમકિતી, હું જૈનધર્મી, તો મારે જગતના બોલ સામે નહિ જોવાનું. મારે તો જિનના બોલ સામે જોવાનું.'' જો મનને આ નક્કી થઇ જાય તો જીવનની ઘણી સમસ્યાઓ ઉકલી જાય. જોજો, જગતની સામે જોવાથી ને જગતના રાહે ચાલવાથી, તેમ જગતના માપે માપવાથી સમસ્યા નહિ ઉકલે, ને જિનની સામે જોવાથી, જિનના રાહે જોવાથી, જિનના ગણિતે માપવાથી

સહેલાઇથી એ ઉકલી જાય છે. જિનના તત્ત્વજ્ઞાનના માપે માપવાથી સમસ્યા ઉકલી જાય. શું ?

**જગતના રાહે સમસ્યા ન ઉકલે, જિનના રાહે ઉકલે**

દા.ત. જુઓ સીતાજીની લોકે નિંદા કરવા માંડી. હવે એમાં વળી રામે સીતા-ને કાઢી મૂક્યાં. સીતાને માટે આ સમસ્યા ઊભી થઇ કે 'મારે શું કરવું ?' આમ જુઓ તો પોતે શુદ્ધ શીલવંતી છે, ને આમ લોક કહે છેઃ સીતા પરઘેર રહી આવ્યાં એટલે શુદ્ધ હોય નહિ.' એમાં વળી રામે કાઢી મૂકી એ લોકોના બોલ પર સિક્કો મારે છે, તો શું કરવું ?

આ સમસ્યા પર જગતના રાહે ચાલવામાં ને જગતના માપે માપવામાં તો હાય ! ને વોય ! થાય. ''હાય ! હું પવિત્ર. ને મારી ખોટી નિંદા ? વોય ! મારાથી આ સહન ન થાય. ખોટું કેમ સહી લેવાય ? જાઉં બાપના ઘેર ત્યાં ભાઇને સમજાવું. અને આપત્તિ ટાળવા ઉપાય કરાવું.'' સીતાજીને જગતના રાહે વિચારવું હોત તો સમસ્યાના ઉકેલ માટે આવું કાંક વિચારત, યા આપઘાત કરવાનો વિચાર કરત. કેમકે જગતના જીવોમાં આ બને છે કે દુઃખ બહુ અસહ્ય આવે ત્યારે 'લાવ, આના કરતાં મરી જાઉં એ સારું, પછી દેખવું નહિ ને દાઝવું નહિ,' એમ વિચારશે. સીતા જો આમ વિચારત તો સમસ્યાનો શો ઉકેલ આવત ? સમસ્યા ઉકલે નહિ, ને પ્રાણ ખોવાત, અગર રિબાઇ-રિબાઇને જીવવાના દહાડા આવત.

પણ સીતાજી સમકિતી, જૈન ધર્મની શ્રદ્ધાવાળા છે. એટલે એમણે ઘર બદલ્યું છે. જગતના ઘરમાંથી જિનના ઘરમાં આવ્યાં છે. તેથી એમણે જિનના તત્ત્વજ્ઞાનને અનુસારે વિચારવાનું રાખ્યું છે. જેના ઘરમાં રહીએ એની જ શૈલી ને એના જ રીતરિવાજ જોવાય. જિનના ઘરમાં રહીએ તો જિનની તત્ત્વજ્ઞાન શૈલી અને માર્ગાનુસારી ગુણોના રીતરિવાજ જ જોવાના રહે. સમકિતી જીવ ભલે સાંસારિક ઘરમાં રહેતો દેખાય પણ તે બાહ્યથી, બાકી, અંતરથી તો હવે જિનના ઘરમાં રહેતો થઇ ગયો. સાંસારિક ઘરમાં તો જાતને મહેમાન સમજે.

આમ જિનના તત્ત્વજ્ઞાનને અનુસારે જ સમસ્યા ઉકેલવાનું કરાય, વિચારસરણી ચલાવાય, ત્યાં પાપવિકલ્પ ઊઠે જ શાનો ? ને ઊઠવા ગયો હોય તોય એને તત્ત્વજ્ઞાનની વિચારસરણીથી દાબી દેવામાં આવે, ત્યાં પછી પાપવિકલ્પોની હારમાળા શાની જ ચાલે ? જીવનમાં સાવધાની આ રાખવાની છે કે મનમાં પાપવિકલ્પ ઊઠવા ન દઇએ. એ કદાચ ઊઠ્યો તો તરત તાત્ત્વિક વિચારસરણીથી એ





પાપવિકલ્પની પરંપરા ન ચાલવા દઇએ. પરંપરાને અટકાવી દઇએ તો જ બચવાનું છે. નહિતર,

**પાપવિકલ્પોની હારમાળા તો મોટી આગ છે એ મહાસંયમને પણ બાળી નાખે.**

રાજા શ્રીવિજયે ચારિત્ર લઇ અંતિમ અનશન કર્યું છે, પરંતુ એમાં એક પાપવિકલ્પ સ્ફુર્યો કે 'મારા પિતા ત્રિપૃષ્ઠ વાસુદેવે કેવું ગજબનું બળ મેળવેલું !' બસ, આના પર પાપવિકલ્પની હારમાળા ચલાવી. તો ક્યાં સુધી પહોંચ્યા ? પાપવિકલ્પ એક પણ ખતરનાક છે. શ્રીવિજયે પોતે એવા બળવાન થવાનું નિયાણું કર્યું ! એના પ્રતાપે હવે દેવલોકમાં જઇ પછી વાસુદેવ થવાના છે.

**બળવાન વાસુદેવ થવાનું નિયાણું એટલે આગામી નરકને નોતરું !**

જુઓ ચારિત્ર અને અનશન બંનેને છે. વિદ્યાધર ચક્રવર્તી અમિતતેજને છે અને શ્રીવિજયને છે એથી બંને સ્વર્ગમાં જવાના છે, પરંતુ શ્રીવિજયમુનિ એક પાપવિકલ્પની પરંપરામાં નિયાણા સુધી પહોંચી ગયા. એનું પરિણામ નિયાણું કરવાથી પુણ્ય પાપાનુબંધી બની ગયું. તે વાસુદેવ તો બનશે, પણ વાસુદેવપણામાં ચારિત્ર નહિ પામી શકે, કિન્તુ અઢળક પાપ કરી નરકમાં જશે !

**નિયાણું એટલે પૌદ્‌ગલિક વસ્તુની તીવ્ર આશંસા, એ પુણ્યને પાપાનુબંધી કરી દે છે.**

એટલે જ સાવધાન રહેવા જેવું છે, કે ધર્મ કરીએ પણ એના ફળમાં પૌદ્‌ગલિક વસ્તુની તીવ્ર કામના-આશંસા-અભિલાષા ન કરીએ. 'તીવ્ર' એટલા માટે કહ્યું કે કદાચ પૈસા-ટકાની તંગી પડી ગઇ છે, અગર શરીર બીમાર રહે છે. ને મનને એમ થાય કે 'આ મારા પાપના ઉદયે ચાલ્યું છે તો પુણ્ય વધારું, ધર્મ કરું, ધર્મ વધારું, જેથી પુણ્યથી પાપ ઠેલાય, તંગી મટે રોગ મટે.' આવું કદાચ મનને થાય. તોય ત્યાં સાથે વિચાર રહે કે 'એ પૈસાની તંગી મટે, રોગ મટે, એટલે ધર્મમાં ચિત્ત બરાબર જોડાય. આગળ પર ધર્મ સારી રીતે કરું.' આમાં પૌદ્‌ગલિક વસ્તુની કામના, તીવ્ર કામના નથી એ ભયંકર નિયાણારૂપ ન થાય. તેથી એવું પુણ્ય પાપાનુબંધી પુણ્ય ન થાય.

પરંતુ અહીં તો શ્રીવિજયમુનિને બળવાન બનવાની તીવ્ર કામના જાગી છે. તેથી ધર્મ ભુલાય છે, ને પુણ્ય પાપાનુબંધી બને છે. જેથી પુણ્યપ્રાપ્ત વાસુદેવપણામાં પાપ અઢળક, ને પછી નરકે જાય.

**પાપાનુબંધી પુણ્ય એટલે પુણ્ય પ્રાપ્ત સામગ્રીમાં અઢળક પાપસેવન-પાપબંધ-**

**અહીં પ્રશ્ન થાય,**

પ્ર. એમ તો ત્રિપૃષ્ઠ વાસુદેવ નિયાણું કરીને આવેલા ને પછી સાતમી નરકે ગયેલા, ને તે પછી એ સંસારમાં બહુ ભમ્યા, તો એવું શ્રીવિજયને કેમ નથી બનતું ?

ઉ. નિયાણા-નિયાણામાં ફરક છે. ફરક પડવાનું કારણ આ છે કે એકને પૌદ્ગલિક વસ્તુની આશંસા જે થાય છે તે એવી ચોંટવાળી આશંસા કે એમાં મનને એમ લાગી જાય છે કે 'જગતમાં આ જ સાર છે, આ જ મેળવવા-ભોગવવા લાયક છે. આ જો નથી તો જીવનમાં કાંઇ માલ નથી.' આવી લાગણીવાળી ચોંટવાળી આશંસામાં એ વખતે મન પરથી ધર્મનું મહત્ત્વ તદ્દન ખસી જાય છે, અને આશંસિત-ઇચ્છિત વસ્તુ જ મહત્ત્વની લાગે છે. પછી આ મળવામાં ધર્મ ખોવાઇ જશે એની ય પરવા નથી રહેતી. બલ્કે અધર્મ આવશે, પાપમય જીવન થશે, એનોય કશો ભય નહિ. આવી ચોંટવાળી આશંસા એ ભયંકર નિયાણું છે.

**દુન્યવી વસ્તુની ચોંટવાળી આશંસા તે જેમાં મન પરથી ધર્મનું મહત્ત્વ તદ્દન ખસી જઇ એ વસ્તુનું જ મહત્ત્વ લાગે. એ ભયંકર નિયાણું છે.**

મન પરથી ધર્મનું મહત્ત્વ જ ખસી જઇ દુન્યવી વસ્તુનું મહત્ત્વ આવે એનો અર્થ એ, કે હવે દુન્યવી વસ્તુ જ જોઇએ છે, ધર્મ મળો કે ન મળો એની ચિંતા નથી. તેથી સ્વભાવિક છે કે પરભવે અલબત્ત, વસ્તુ મળવાની, પરંતુ ધર્મ નહિ મળવાનો. ધર્મ નહિ એટલે પાપ ઢગલો આચરાશે, એનું ફળ નરકાદિ દુર્ગતિઓની પરંપરા.

દુન્યવી વસ્તુની ચોંટવાળી આશંસાનું આ પરિણામ છે.

અગ્નિશર્માએ લાખો પૂર્વો સુધીના માસખમણોના અતિ મહાન તપના અંતે આવી ચોંટવાળી આશંસા કરી કે ગુણસેન રાજાને ભવોભવ મારું. એને લાગ્યું કે 'રાજા ગુણસેન અભિમાની અને અનાથનો મશ્કરો, મશ્કરી કરનારો, તો એવાને તો માત્ર આ જનમમાં નહિ પણ જન્મોજન્મ મારવો એ જ કર્તવ્ય છે.' આમ રાજા ગુણસેનને જન્મોજન્મ મારી નાખવાની વસ્તુ પર ચોંટ લાગી, અને એવી ચોંટવાળી અભિલાષા થઇ. એમાં એને પહેલાં જે ક્ષમાવાળો તાપસ-ધર્મ ને તપસ્યા કર્તવ્ય લાગતી હતી, તે ક્ષમાધર્મ અને તપોધર્મ ભુલાઇ ગયા. મન પરથી એનું મહત્ત્વ જ ઊડી ગયું. તાપસોએ એ પછી એને રાજા પર ક્રોધ કરતો અને રાજાની નિંદા કરતો જોઇ ઘણુંય સમજાવ્યો, પણ માન્યું નહિ.





આ શું કર્યું ? 'જીવનમાં સારભૂત ધર્મ નહિ, ક્ષમા નહિ. આવા મશ્કરીકર્તાને ભવોભવ મારી નાખી એની ખો ભુલાવી દેવી' એ જ કર્તવ્ય માન્યું. આમાં ભવોભવ એણે ધર્મનો સંબંધ જ તોડી નાખ્યો તેથી લેશમાત્ર એને તપ કે બીજા કોઇ ધર્મની લેશ્યા રહી નહિ, ને એનું કારમું પરિણામ ? એ અનંત સંસારી થયો.

**જડની તીવ્ર આશંસામાં ધર્મનું મહત્ત્વ ભૂલવાથી ધર્મનો સંબંધ તૂટે છે. પછી ભવાંતરે લેશમાત્ર ધર્મલેશ્યા નહિ આવે.**

અગ્નિશર્માને આવા ભયંકર નિયાણાનું કારણ ધર્મ ઉવેખી કરેલી પૌદ્ગલિક વસ્તુની ચોંટવાળી આશંસા અભિલાષા છે. અને એનું કારણ આ કે એને રાજા ગુણસેન પર અતિ ભયંકર ક્રોધ જાગ્યો હતો. ક્રોધ અતિ ભયંકર એટલા માટે હતો કે એમાં એને કશું ખોટું લાગતું ન હોતું. 'આવા મશ્કરા પર તો ક્રોધ કરવો જ જોઇએ. એમાં કશું પાપ જ નથી. એ તો કર્તવ્ય જ છે. ક્રોધ ન કરે તે નમાલો. એ માતાની કુક્ષિ લજવે છે...' વગેરે વગેરે લાગી ગયું. આમાં ક્યાંય 'કષાય એ પાપ' એમ લાગતું નથી. 'એવા કષાયથી સામાને કશી હાનિ થાઓ કે ન થાઓ પણ પોતાના તો ભવ વધે,' એ વાત જ માનવાની રહી નહિ.

**કષાય એ મુદ્દલ પાપરૂપ જ ન લાગે. આવો કષાય એ ભયંકર અનંતાનુબંધીનો કષાય છે. ભયંકર નિયાણાનું એ મૂળ છે.**

જીવન જીવતાં આ ખૂબ ધ્યાનમાં રાખવાનું છે કે મનમાં આવો ભયંકર કોઇ ક્રોધ, કોઇ અભિમાન, કોઇ માયા, કે કોઇ લોભ ન પેસી જાય, જીવનને ને મનને ઘેરી ન લે.'

જ્ઞાનીઓ કષાયોને ભૂંડા કહે છે, એમાંય અનંતાનુબંધી કષાયોને જે મહાભૂંડા કહે છે એ સમજીને જ કહે છે. 'અનંતાનુબંધી' માં 'અનંત' એટલે સંસાર, એના 'અનુબંધવાળા' અર્થાત્ સંસારની પરંપરા ચલાવનારા એવા કષાયો તે અનંતાનુબંધી કષાયો. સંસારની પરંપરા અર્થાત્ જન્મોની પરંપરા. ક્રોધાદિ કષાયો એ જન્મોની પરંપરા કેમ ચલાવે છે ? કારણ કે જીવને એ એવો અંધ બનાવે છે કે જીવને એ કષાય કરવામાં, એ ગુસ્સો કરવામાં, એ અહંત્વ રાખવામાં. એ માયા આચરવામાં, ને એ લોભ-મમતા-આસક્તિ રાખવામાં કશું ખોટું લાગતું નથી. કશું ગેરવાજબી લાગતું નથી, કશું પાપરૂપ લાગતું નથી. એનું મન કહે છેઃ 'એમાં શું ખોટું છે ? જરૂરી ગુસ્સો-લોભ વગેરે તો કરવા જ જોઇએ.

**કષાયના અંધાપાના દાખલા**

દા.ત. કોઇના પર ગુસ્સો ઊઠ્યો તો મન કહેશેઃ 'અહીં ગુસ્સો તો કરવો જ જોઇએ ને ?' જેમ અગ્નિશર્માને થયું કે 'આવા મશ્કરા રાજાને તો ભવોભવ મારવો જ જોઇએ.' કોઇ કહેવા આવે 'અરે પણ આ પાપ છે', તો કહી દેશે કે 'એમાં પાપ શું ? તો શું આવા ડાંડની પૂજા કરવાની હોય ? આવા હરામી તો મારના જ ઘરાક છે.'

એમ અભિમાન ઊઠ્યું તો એમાં ય આવો અંધાપો આવે છે કે હવે અહીં પૂર્વની સદ્ભાવનાઓને જોવી જ નથી, ગણકારવી જ નથી. વિશ્વભૂતિ મુનિએ દીક્ષા લેતી વખતે શું કરેલું ? અભિમાનને સદ્ભાવનાથી દબાવેલું. કાકાએ વિશ્વભૂતિને બગીચામાંથી બહાર કાઢવા ને પોતાના દીકરાને એમાં ઘુસેડવા પ્રપંચ કરેલો, તે પાછળથી વિશ્વભૂતિને ખબર પડતાં એને મનમાં અભિમાન તો આવ્યું કે 'હેં ! હું કાકાનો આટલો બધો વફાદાર ને એ મારી સાથે પ્રપંચ કરે છે ?' પરંતુ પછી તરત 'પ્રપંચી સંસાર આગળ હું શી વિસાતમાં ? એ તો મને શું મારા પીરનેય ઠગે' એમ અભિમાન પડતું મૂક્યું અને વૈરાગ્યની શુભ ભાવનાથી મન વાળ્યું કે 'આ સંસાર જ એવો છે કે જીવને આમ જ ભુલાવે છે. એકલા કાકા જ શું ? સંસારની એકેએક ચીજ એવી છે કે એ જીવને વિશ્વાસમાં રાખીને ઠગે. માટે મારે આવા સંસારથી સર્યું.'

## વિશ્વભૂતિની કેવી સાધના ! ને કેવું પતન !

આ વૈરાગ્ય-ભાવનામાં સંસારનો વિશ્વાસ પડતો મૂક્યો, સંસાર છોડ્યો. ને છોડ્યા પછી પણ પોતાના શરીર પર પણ વિશ્વાસ ન મૂક્યો કે 'આ શરીર હજી તો નાની વયનું છે ઘણું જીવશે' આવો શરીર બહુ ટકવા પર વિશ્વાસ ન મૂકતાં વિચાર્યું કે 'કોને ખબર' આ શરીર ક્યારે પડી જાય ? ને એમ અચાનક એ હાથથી જાય એ પહેલાં એની પાસેથી કામ સાધી લઉં. એ નાની વયના શરીરથી પણ ઘોર તપ તપવા માંડ્યા, એક હજાર વરસ તપ કરી કરીને કાયાને ગાળી નાખી. બધું શુભ ભાવનામાં ચાલ્યું. પરંતુ ગાયની હડફટે પડી જતાં પિતરાઇ ભાઇએ મશ્કરી કરવા પર અભિમાન ઉછળ્યું ને અથાગ બળના ધણી થવાનું નિયાણું કર્યું !

આ અભિમાને એમને કેવા અંધ બનાવ્યા ? કે પૂર્વની વૈરાગ્યભાવના બાજુએ મુકાવી. 'અરે ! તમે તો માત્ર એટલું બળ જ શું, રાજ્યપાટ-ખજાના-રાણીઓ વગેરે બધા પર વૈરાગ્ય કરનારા ! હવે તમે બળમાં અટકી ગયા ? બળનો રાગ કરો છો ?' આ શી રીતે સમજાય ? અભિમાને અંધ બનાવ્યા છે. 'હેં ! મારું શરીર દૂબળું એટલે પિતરાઇઓ મશ્કરી કરે ને ? તો હવે આ ઘોર તપ-સંયમના





ફળમાં બળ જ માગી લેવું' એમ અભિમાનની અંધતામાં નક્કી કર્યું.

## એક પણ કષાયનો અંધાપો કેટલું ભુલાવે ?

વિશ્વભૂતિ મુનિને અભિમાને ભુલાવ્યા ! હજાર હજાર વરસના સંયમના સ્વાદને ભુલાવ્યો ! ભગવાનની આજ્ઞાને ભુલાવી ! વૈરાગ્ય ભાવના ભુલાવી ! ત્યારે આ અભિમાનનો અંધાપો કેવો કે આ બધા તારણહાર આત્મહિતોને ભુલાવે ?

આપણે સાવધાન રહેવાનું છે કે એવા કોઇ ક્રોધના, કોઇ દ્વેષના, કોઇ અભિમાનના, કોઇ લોભ-રાગ મમતાના, એવા અંધાપામાં ન સપડાઇએ કે તે તારક તત્ત્વોને ગૌણ બનાવી દે, બાજુએ મુકાવી દે, ધર્મની ઉપેક્ષા કરાવે.

બોલો, પ્રસંગ આવ્યે એવું થાય છે ખરું કે ''ભાઇ ! ભગવાનની આજ્ઞા સાધર્મિક ભક્તિ કરવાની ખરી પરંતુ આ ઘરવાળાં કહે છે-''આપણા ઘરમાં સાધર્મિક પકડી લાવવાના નહિ. મહારાજ તો બધુંય કહે કે સાધર્મિકની ભક્તિ કરો, પણ અહીં શું અમે એવાઓની વેઠ કરવા આવ્યા છીએ ?' આમ ઘરવાળા કહે છે. તો તે ખોટું નથી. આપણે ક્યાં બધે પહોંચીએ ?'' આવું મનને થાય ખરું ને ? એમાંય ઘરવાળા સારા સેવાકારી હોય, અનુકૂળ વર્તતાં હોય. રુપાળાં હોય. તો એના બોલમાં તણાઇ જવાય ખરું ને ? ત્યાં પછી ધર્મ ગૌણ, ભગવાનની આજ્ઞા ગૌણ, આવું બધું થાય ખરું ?

આ શું છે ? પત્નીની મમતાનો અંધાપો. એ આત્મહિતોને દેખવા દેતો નથી. જીવનમાં તપાસવાથી ખબર પડે કે જીવ ક્યાં ક્યાં ભૂલે છે. ક્યાં ક્યાં કોઇ લોભ. કોઇ રાગ, કોઇ અભિમાન, કોઇ દ્વેષ, ઇર્ષ્યા, વગેરે કષાયો આપણને અંધ બનાવે છે.

## વિશ્વભૂતિ અને શ્રીવિજયનાં નિયાણામાં ફરક

આપણે આ જોવાનું હતું કે વિશ્વભૂતિ મુનિને જેવો તીવ્ર અભિમાનકષાયનો અંધાપો આવ્યો. એવો રાજા શ્રીવિજયને બળના લોભનો અંધાપો નથી આવ્યો. અલબત્ત અંધાપો આવ્યો છે ખરો, એટલે તો ધર્મ-સંયમ-અનશનનાં ઉચ્ચ આત્મહિતકર ફળ ભૂલી, કાયિક બળ માગવાનું મન થયું. પણ એમાં ધર્મની એવી ઉપેક્ષા નથી કે જે એ ભવોભવ ચાલે એટલે તો એ શ્રીવિજય અહીંથી દેવલોકમાં જઇ નિયાણાના પ્રતાપે વાસુદેવ થવાના ને પાપ કરી નરકે જવાના ખરા, પણ પછી તરત જ મનુષ્યભવમાં આવી ધર્મમાં ઉંચે ચડવાના છે. જો શ્રીવિજય મુનિને પૂર્વે નિયાણું કરતી વખતે વિશ્વભૂતિ મુનિની જેમ કષાયનો ભયંકર અંધાપો અને ધર્મની

સરાસર ઉપેક્ષા થઇ હોત તો એ ઉપેક્ષા ભવોભવ ચાલત, ને તેથી ભવોભવ ધર્મ ન દેખવા પામત, જેમ, વિશ્વભૂતિમુનિ ત્રિપૃષ્ઠ વાસુદેવ થઇ સાતમી નરકે, પછી સિંહ થયા, પછી ચોથી નરકે, સંસારમાં અનેક ભવ ભટક્યા ! ક્યાંય ધર્મની લેશ્યા નહિ. ધર્મની વાત નહિ, કારણ ? પૂર્વે નિયાણા વખતે ધર્મની ભારે ઉપેક્ષા કરેલી. એવી ઉપેક્ષા ત્રિપૃષ્ઠ વાસુદેવના આ દીકરા શ્રીવિજય મુનિમાં નહિ, તેથી ધર્મ ઉપેક્ષાનાં પુનરાવર્તન જન્મોજન્મ નહિ.

**આ સૂચવે છે કે સંસારની લાલસાઓ અને ક્રોધાદિ કષાયો હજી મૂકી ન શકો, પરંતુ સાથે ધર્મની ઉપેક્ષા કરશો નહિ, જિનવચનની બેપરવાઇ કરશો નહિ.**

### ધર્મની ઉપેક્ષા દુકાનમાં કેવી ?

જીવન જીવતાં ને મનમાં દુન્યવી આકાંક્ષાઓ રાખતાં આ ખાસ ખ્યાલ રાખવાનો છે કે આપણાથી ધર્મની ને જિનવચનની ઉપેક્ષા ન થઇ જાય, બેપરવાઇ ન થઇ જાય. દા.ત. દુકાન પર વેપાર કરવા બેઠા, ત્યાં કોઇ ઘરાક આવીને એમ કહે છેઃ 'ભાઇ ! જુઓ ધર્મ માથે રાખીને ભાવ લેજો.' ત્યાં જો મનમાં એમ આવ્યું કે 'અહીં તો વેપાર કરવા બેઠા છીએ કે ધર્મ કરવા ? ધરમ સાચવવા રહીએ તો કમાણી જ ન થાય. એટલે અહીં દુકાન પર ધરમ બરમ નહિ, અહીં તો કમાવાની જ વાત,' આ જો મનમાં આવ્યું તો એ ધર્મની ઉપેક્ષા થઇ.

ત્યાં એમ વિચારવું જોઇએ કે 'શું હું ધર્મી છું ? કે અધર્મી ? શું મને ખરેખર ધર્મ ગમે છે ? કેટલો ગમે છે ? જો ધર્મ સૌથી વધારે ગમે છે તો મારે મંદિર ઉપાશ્રયે શું, કે વેપાર કરતાં શું, યા બીજે ક્યાંય ધર્મની ઉપેક્ષા ન જ કરાય. બે પૈસા ઓછા કમાયે પણ ચાલશે, પણ દિલમાંથી ધર્મને બહાર મૂક્યે નહિ ચાલે, ધર્મની ઉપેક્ષા કર્યે નહિ ચાલે. પૈસા તો આજે છે ને કાલે નથી, સાચવ્યા ટકવાના નથી, જ્યારે ધર્મ તો સાચવેલો ટકવાનો છે.

**જેમ વધારે ને વધારે ધર્મ દિલમાં લાવું, તેમ ધર્મના વધુને વધુ સંસ્કાર જમા થવાના છે. એ અહીં અને અંતે તથા પરભવે સારો જવાબ આપશે.**

એની આગળ પૈસા શી ચીજ છે ? પૈસા કાંઇ સાથે નહિ આવે ને પરલોકે જવાબ નહિ આપે. ધર્મ સાથે આવનારી ચીજ છે, ને એ જ મારા આત્માને પરલોકે ઓથ દેનારી, સુખ આપનારી, તારનારી વસ્તુ છે, પૈસા નહિ.'





**અહીંનો લાખોપતિ ભવાંતરે લાખોપતિ થાય જ એવો નિયમ નહિ, અને કદાચ મનુષ્યે ય ન થાય. પરંતુ અહીંનો ધર્માત્મા ભવાંતરે મનુષ્યે ય થાય છે, ને લાખોપતિય થાય છે.**

આ વિચાર હોય તો ક્યાંય ધર્મની ઉપેક્ષા ન થાય. આ તો જો કે ઘરાક કહે છે કે 'ભાઇસાબ ! ધર્મ માથે રાખીને ભાવ કરજો,' પરંતુ એ ન પણ કહેતો હોય તોય વેપાર ધર્મ માથે રાખીને થાય. ભલો ભોળો ઘરાક છે, આપણા પર વિશ્વાસ મૂકનારો ઘરાક છે, માટે એને ધબેડી ન નખાય. એમાં એનો વિશ્વાસઘાત ને ધર્મની ઉપેક્ષા-અવગણના થાય.

પૈસા અને માલમિલકતની ઇચ્છા થાય ખરી, રાગ આકર્ષણ થાય ખરું, પરંતુ ત્યાં ધર્મની એવી ઉપેક્ષા ન કરાય કે 'ધર્મ તો બધુંય કહે કે મોહ ન કરાય. પરંતુ આપણે વ્યવહારમાં બેઠા એટલે પૈસા તો સારા કમાવા જોઇએ જ ને ? માલમિલકત-રાચરચીલું-ફર્નીચર વગેરે બધું વસાવવું જ જોઇએ ને ? અને એમ તો મોટા મોટા શેઠ શાહુકાર શ્રાવકોએ મોટા વૈભવ ક્યાં નહોતા રાખ્યા ? શું બધી વાતમાં ધર્મ ધર્મ જોવાનો ?' આમ ધર્મની બેપરવાહી ન કરાય. એ માટે નજર સામે રાખ્યા કરવાનું કે 'જો ધર્મની ઉપેક્ષા કરી તો ભવાંતરે ધર્મ નહિ મલે, ને એ ન મલે તો માત્ર પાપિષ્ઠ જનમ પાપિષ્ઠ જીવન મલવાનાં !'

જુઓ, અહીં ખૂબી જોવાની છે કે વિશ્વભૂતિ મુનિને ય બળની આકાંક્ષા થયેલી અને અહીં શ્રીવિજય મુનિ પણ બળની આકાંક્ષા કરે છે કે 'હું પણ પિતા જેવો બળવાન થાઉં,' છતાં બંનેના નિયાણાના પરિણામમાં કેમ ફરક પડ્યો ? વાસુદેવ થયા પછી એકને દીર્ઘ સંસાર અને બીજાને એવો દીર્ઘ સંસાર નહિ, શું કારણ ?

એક કારણ ઉગ્ર કષાયો હોવાનું વિચાર્યું. એમ બીજું કારણ આ સમજાય છે કે બંનેની પૌદ્‌ગલિક આકાંક્ષામાં-સંકલેશમાં ફરક હતો. સંકલેશ એટલે તીવ્ર રાગ કે દ્વેષનો પરિણામ. વિશ્વભૂતિ મુનિને બળની આકાંક્ષામાં તીવ્ર રાગનો જ સંકલેશ હતો. એ તે એવો કે એમાં ધર્મની સરાસર ઉપેક્ષા થયેલી. 'અરે ! મારે ચારિત્ર છે એમાં આવો રાગ ન કરાય.' એનો વિચાર જ નહિ. 'સંયમ બાજુએ રહો, મારે બળ જોઇએ. બળ નથી તો જીવનમાં કાંઇ નથી,' આવો બળનો તીવ્ર રાગ, તીવ્ર તૃષ્ણા થયેલી.

આવા તીવ્ર સંકલેશનું કારણ શું હતું ? આ, કે પોતાની દુર્બળતાના લીધે

પોતાનું અપમાન થયાનું લાગેલુ અને માણસને અપમાન લાગે. સ્વમાન, ઘવાતું લાગ છે તેમાં એના મનને ભારે વ્યથા થાય છે. એ વ્યથામાં પછી ધર્મનું માન ઘવાય, ગુરુનું માન ઘવાય, એ નથી જોતો. એને તો એક જ ખટકે છે કે 'મારું માન કેમ ઘવાયું ?' પોતાના માન પર આટલો બધો ઝોક એ ભારે ખતરનાક છે.

એટલે તો જુઓ માણસે ભૂલ કરી નાખી હોય ને વડીલ તરફથી ઠપકો મળે, ચારની વચમાં અપમાન જેવું થયું લાગે, તો ત્યાં એ જેટલું ખરાબ લાગે છે, એટલી ભૂલ ખરાબ નથી લાગતી. શું ?

**સ્વમાન પર બહુ ઝોક ખતરનાક, ભયંકર દોષ કરતાં માનહાનિ ખરાબ લગાડે !**

અભિમાનવાળાને મોટી પણ ભૂલ જેટલી ખરાબ નથી લાગતી એટલી સ્વમાનહાનિ ખરાબ લાગે છે, કેમ કે સ્વમાન પર ઝોક ભારે છે એટલે ભૂલની ભયંકરતા પર ઝોક નથી. જેટલી સ્વમાનહાનિ ખટકે છે એટલી ભૂલની ખરાબી ખટકતી નથી ! એટલે ભૂલ થઇ ને ઠપકો મળ્યો, અપમાન થયું તો કહેતા ફરાય છે, 'જોયું મારું કેવું અપમાન કરી નાખ્યું ?' અંતરમાં માનહાનિ દાઝે છે એવી ભૂલ નથી દાઝતી, તેથી એમ નથી બોલાતું કે 'અરેરે ! મારાથી કેવી ખરાબ ભૂલ થઇ ગઇ !' રોદણું ભૂલનું નહિ, પણ અપમાનનું સાલે છે, દિલને જે વધારે દાઝતું હોય એનું રોદણું આગળ આવે છે. એટલે જ-

**રોદણાં પરથી માપી શકીએ કે અંતરમાં શું દાઝી રહ્યું છે ?**

અંતરમાં દાઝે એ પૌદ્‌ગલિક વસ્તુ અંગે હોય તો આર્તધ્યાન છે, ને એ દાઝવા પર બહારમાં રોદણું કરાય છે. આર્તધ્યાનનું આ એક લક્ષણ છે કે ઇષ્ટ અનિષ્ટ અંગે અંદરમાં દાઝતું હોય, તો બહારમાં એનાં રોદણાં હોય.

વિશ્વભૂતિ મુનિને પિતરાઇએ કરેલ મશ્કરી પર અપમાન લાગ્યું એમાં દિલ એવું દાઝ્યું, ચિત્તને એવો સંકલેશ થયો, કે એના પર બળનું નિયાણું કર્યું ! તે એવા તીવ્ર રાગથી કે ત્યાં સંયમનો રાગ દબાઇ ગયો ! સંયમધર્મની સરાસર ઉપેક્ષા થઇ ! જીવનમાં બળ એ જ લક્ષ્ય, એ જ પ્રાપ્ત કરવા યોગ્ય, 'ધર્મનો પ્રતાપ હોય તો એ બળ જ મળો' એમ નક્કી કર્યું. આમાં તીવ્ર રાગનો સંકલેશ હોવાથી એ નિયાણું ખતરનાક બની ગયું.'

ત્યારે શ્રીવિજય મુનિએ પણ બળનું નિયાણું તો કર્યું, પણ એ કોઇ અપમાન





લાગવા પર નહિ, કિન્તુ પિતાનું બળ સહેજે યાદ આવવા પર. એટલે અલબત્ત, એનો રાગ થયો ખરો, પરંતુ સંયમની સરાસર ઉપેક્ષા કરીને નહિ, સંયમનો રાગ તદ્દન મારીને નહિ. તેથી અલબત્ત, પૌદ્‌ગલિક નિયાણાના પ્રભાવે વાસુદેવ થઇ નરકમાં જશે ખરા, પણ પછીથી ત્રિપૃષ્ઠ વાસુદેવની જેમ દુઃખદ ભવોની પરંપરા નહિ.

બસ, અમિતતેજ રાજર્ષિ અને શ્રીવિજય રાજર્ષિ અંતિમ અનશનમાં સમાધિ મૃત્યુ પામી દશમા દેવલોકમાં દેવ તરીકે જનમ્યા. આમ શાન્તિનાથ ભગવાનનો જીવ ચોથા ભવમાં અમિતતેજ અને એમના ગણધરનો જીવ શ્રીવિજય, બંનેનો અધિકાર પૂર્ણ થયો. બંને દશમા સ્વર્ગના દેવતા થયા છે.

**શ્રી શાન્તિનાથ ભગવાનનો ભવ-૪થો સમાપ્ત.**

## અપરાજિત અને અનંતવીર્ય

### (બળદેવ-વાસુદેવ, શ્રી શાંતિનાથ ભવ-૬)

**चिरसंचिय पाव-पणासणीई भवसयसहस्स-महणीए ।**
**चउवीसजिण-विणिग्गयकहाइ वोलंतु मे दियहा ।।**

અનંત ઉપકારી ગણધર ભગવંતોએ શ્રાવકના પ્રતિક્રમણમાંપાપોનો સંતાપ-પશ્ચાત્તાપપૂર્વક મિચ્છામિ દુક્કડં મૂક્યા પછી શ્રાવકના દિલમાં આ ભાવના મૂકી છે-'ચિરસંચિય પાવપણાસણીઇ...'

**''દીર્ઘકાળથી એકત્રિત કરેલાં અશુભકર્મોના નાશ કરનારી અને લાખો ભવોનું કૂટન કરનારી એવી ચોવીશ તીર્થંકર ભગવાનના મુખમાંથી નીકળેલી કથાઓ વડે મારા દિવસો પસાર થાઓ.''**

**ધર્મકથા-શ્રવણના લાભ :-**

કેમ આ ભાવના ? ગણધર ભગવાને જોયું કે શ્રાવક સંસારની મોહમાયાનાં કર્મો કરતાં કરતાં ચિત્તમાં કેઇ પ્રકારના રાગ-દ્વેષના સંકલેશ પામતો હોય. એ જો મહાન પુરુષોની ધર્મકથામાં વ્યગ્ર રહે તો-

(૧) એના ચિત્તના સંક્લેશો મીટે,

(૨) સંકલેશોના પડેલા સંસ્કાર ઘસારો પામે, જેથી મોહમાયાની પ્રવૃત્તિનાં

ઝેર નાબૂદ થાય, તેમ જ એ ધર્મકથાઓનાં શ્રવણ-ચિંતનથી-

(૩) મહાપુરુષોએ કરેલાં આત્મપરાક્રમોમાંથી પ્રેરણા મળે તેમજ-

(૪) એ પૂર્વ પુરૂષોથી થયેલ ભૂલનાં દુઃખદ પરિણામ જોઇ પોતે અસત્ પ્રવૃત્તિથી અટકે. વળી,-

(૫) એ મહાપુરુષોને પણ નડેલી મહાઆપત્તિઓ જોઇ પોતાની નાની આપત્તિમાં સમજે કે એમની આપત્તિઓ આગળ મારી આપત્તિ શી વિસાતમાં છે ?

(૬) મહાપુરુષોનાં ચરિત્રો તો આરાધનાના તથા સદ્ગુણોની પ્રેરણાની ખાણ છે. એ ચરિત્રો વાંચો-સાંભળો એટલે તમને કાંઇ ને કાંઇ આરાધનાની પ્રેરણા મળે જ, કોઇ ને કોઇ ગુણની પ્રેરણા મળે.

(૭) જીવની પામરતા હોય, વિષય-લંપટતા હોય, તો કદાચ એ આરાધના કે સદ્ગુણ જીવનમાં ઉતારવાનું ન કરે એ બને, તો પણ અંતરમાં ખટકે તો ખરું જ કે 'મને એ પૂર્વ પુરુષો જેવો જ મનુષ્યભવ મળ્યો છે છતાં હું આરાધના નથી કરી શકતો, સદ્ગુણ નથી કેળવી શકતો, હું કેવો પામર ! શું હું પાપમાં જ શૂરો ?' આ ખટકો પણ કામનો છે.

**ધર્મ ન થઇ શકવાના ખટકાથી પાપના ને દોષના હૈયા પરના ભાર ઓછા થાય છે, એનાં બંધન નબળાં પડે છે, તેમ જ આરાધના અને સદ્ગુણ પર રુચિ ઊભી થાય છે, જે ધર્મનું બીજ વાવ્યા બરાબર છે.**

એ આત્મામાં એનું બીજ નાખે છે. એ બીજ પર સિંચન થતાં થતાં એ આરાધના અને સદ્ગુણોની અભિલાષારૂપ અંકુર પ્રગટે છે. એમ કરતાં કરતાં એની પ્રવૃત્તિ થવા માંડે છે. એનાથી પત્ર-પુષ્પરૂપ બને છે, અને એમાંથી આરાધના અને સદ્ગુણના પાક સરજાય છે.

આમ ધર્મકથાઓનું વાંચન-શ્રવણ કરવામાં માનવ સમય પસાર થતો રહે એ બહુ લેખે લાગે છે. માનવ જીવનમાંથી શું કમાવા જેવું છે ? આ જ-દાનાદિ ધર્મની ખૂબ ખૂબ આરાધના અને વિનય-ક્ષમાદિ સદ્ગુણો. કેમકે-

**અહીં જીવનમાં અને જીવનના અંતે ધર્મ સદ્ગુણો જ શાંતિ-સ્વસ્થતા-પ્રસન્નતા આપનાર છે, ને એના સુસંસ્કારોનો જથો ભવાંતરે ઉચ્ચ કોટિનું ધર્મજીવન અને સદ્ગુણ-સંપન્નતા તથા સદ્ગતિ આપે છે.**

**ધર્મથી ન્યાલ થયાના દાખલા :-**

**શાલિભદ્ર :** મજૂરણના છોકરા સંગમે જિંદગીમાં પહેલીવાર અને રોઇને





મેળવેલી ખીરનું મુનિને દાન કર્યું, તો એનાથી ત્યાં જ અતિ પ્રસન્નતા પામ્યો, ને એ જ રાતે ઉદરશૂળથી મોત આવવા વખતે પણ શાંતિ સમાધિ પામ્યો, ને ત્યાંથી શાલિભદ્રનો અવતાર પામ્યો. જેમાં એ દાનના, એ ત્યાગના સંસ્કારથી રોજની ઊતરતી નવાણું દેવતાઇ પેટીના મહાકિંમતી ઝવેરાત વગેરે માલને બીજે બીજે દિવસે જ એંઠવાડિયા કૂવામાં પધરાવી દેવરાવતો, તથા થોડા વખતમાં જ એના સર્વ ત્યાગનો ધર્મ પામ્યો !

**સુદર્શન શેઠ :** ઢોરાં ચારનાર નોકર એક 'નમો અરિહંતાણં' પદ પામ્યો, એની રટણાની આરાધના જમાવી, તે જીવનભર અને અંતે કમોત મૃત્યુ આવતાં પણ પ્રસન્નતાથી એની રટણા ચાલુ રાખી, તો મરીને સુદર્શન શેઠ થયો, શૂળીનું સિંહાસન થયું ને તે જ ભવમાં દીક્ષા લઇ મોક્ષ પામ્યો !

**સીતાજી**એ શીલ અને સમ્યક્ત્વની આરાધના વિકસાવી રાવણના સકંજામાં પણ શીલ પૂરું જાળવ્યું, ને હનુમાનજી એમને રાવણની કેદમાંથી ખભે બેસાડી આકાશ માર્ગે ઉઠાવી જવા કહે છે, પણ પરપુરુષને નહિ અડવાની શીલની મર્યાદા અખંડ જાળવવા માટે એના ખભે બેસી એ જતાં નથી. શીલની કેવી અદ્ભુત આરાધના !

**સીતાજીનો સમ્યક્ત્વ વિકાસ :-**

ત્યારે સમ્યક્ત્વની આરાધના પણ કેવી વિકસાવી કે રામે એમને જંગલમાં તરછોડ્યાં, તોય **સમ્યક્ત્વનું લક્ષણ-'અપરાધીશું પણ નવિ ચિત્ત થકી ચિંતવીએ પ્રતિકૂળ'** એ શમલક્ષણ બરાબર પકડી રાખી તરછોડનારા પતિ રામને કોઇ કટુ બોલ નહિ, પણ લોક નિંદા કરે તોય જૈનધર્મ ન છોડવાનો સંદેશો કહેવરાવે છે ! જ્વલંત સમ્યગ્દર્શન વિના આ શેં બને ? પતિ તરફથી આવા ઘોર છેહમાં પણ પોતાના અટલ કર્મને જવાબદાર સમજે છે. એમનું સમ્યગ્દર્શન કહે છેઃ 'રામ તરછોડનાર નહિ પણ પોતાનાં કર્મ જ તરછોડાવનાર.'

આ આવી ભયંકર આપત્તિમાં સહેલું છે ? પરંતુ સમ્યગ્દર્શન વિકસાવે એને સહેલું છે.

એમ, સમ્યગ્દર્શનનો વિકાસ એવો કર્યો કે આ તરછોડાવા પછી ચારિત્રની ભાવના ઊભી કરી, તે આ ભાવના પર કે 'કર્મસત્તા જો જીવને આમ કચર-કચર કરે છે તો બહેતર છે કે આપણે અહિંસા-સંયમ-તપથી કર્મને જ કચરી નાખવાં. અસતીત્વના આરોપનું કલંક ચડ્યું છે, તે વખતે ચારિત્ર લેવું ઠીક નહિ, પણ કલંક

ઊતરી જાય એટલે ચારિત્ર લઇ લેવું.' આવી કોઇ ભાવના કરી રાખી હશે એટલેસ્તો અવસર આવ્યે રામના કહેવા મુજબ દિવ્ય કર્યું, ભયંકર અગ્નિની ખાઇમાં ઊતર્યાં, અગ્નિ પાણી થઇ ગયું. જનતા સમક્ષ એવું મહાદિવ્ય કર્યા પછી બધાની મહેલમાં પધારવા ખૂબ માનભરી અને કાકલૂદીભરી વિનંતી છતાં એમાં ન લોભાયાં, ને આ દિવ્ય-ભૂમિ પરથી જ કેશનો લોચ કરી ચારિત્ર લઇ નીકળી પડ્યાં !

**સીતાજીની સમ્યક્ત્વનાં લક્ષણોની આરાધના :**

શું આ ? સમ્યગ્દર્શનની આરાધના ઉપર ચારિત્રની આરાધના. **'તમેવ સચ્ચં ણિસ્સંકં, જં જિણેહિં પવેઇઅં'** તે જ સાચુ અને શંકા વિનાનું જે જિનેશ્વર ભગવંતોએ ભાખ્યું છે. આ આસ્તિક્ય. એ આસ્તિક્યના પાયા ઉપર અનુકંપા-નિર્વેદ-સંવેગ અને રામની આરાધના એ સમ્યગ્દર્શનની આરાધના. સીતાજીને પિતાના વારસામાં આસ્તિક્ય તો મળેલું જ હતું. પછી અહીં **રામચંદ્રજી સાથે વનમાં જવાનો પ્રસંગ આવ્યો એમાં પતિ સાથે, છતાં બ્રહ્મચર્યનું પાલન કેવું હશે કે બાર વરસ વનમાં રહ્યાં ત્યાં સુધી એમને ગર્ભ ન રહ્યો !** આ પાલન કેમ બન્યું હશે ? સંસાર મીઠો મીઠો જ લાગતો હોય તો સંસારસુખ માણ્યા વિના રહેવાય ? છતી સામગ્રીએ સંસારનાં સુખમાં લલચાવાનું નહિ ? કહો, દિલની અંદર સંસાર પર નિર્વેદ હતો. કૈકેયીના ભરત માટે રાજ્ય માગી લેવા પર રામને પોતાને વનમાં નીકળવું પડે છે ત્યાં સીતાજીને કૈકેયી પર દ્વેષ નહિ પણ દયા-અનુકંપા-'બિચારી મોહથી પીડિત, તે એને આ સૂઝ્યું !' કશીક પીડામાં માણસ અજુગતું કરી નાખે ત્યાં ડાહ્યા માણસો એની દયા ખાય છે કે શું-કરે બિચારો ? પીડાને પરવશ તે પોતે ઘણોય સારો છતાં પીડાની પરવશતા આ અજુગતું કરાવે છે !' આમ અનુકંપાની આરાધના હતી.

એમાં સાથે મોહની પીડા આપનાર સંસાર છે, એટલે સંસાર સારો ન કહેવાય. **સંસાર રહેવા જેવો, રાખવા જેવો ન ગણાય. સંયોગવશ કે મોહવશ સંસાર છોડી શકે નહિ, એ જુદી વાત, પરંતુ નિર્વેદથી દિલમાં ઊંડે ઊંડે સંસારની રુચિ ન હોય.** સીતાજી કૈકેયીની સંસારવશ મોહની પીડા પરથી અને પતિ સાથે મહેલવાસને બદલે આવી પડેલ વનવાસ પરથી શું સંસારની ઓળખ નહિ કરી શક્યાં હોય ? સંસાર કેવું કેવું અઘટિત ઊભું કરે છે, એ જોતાં સંસાર પર રુચિવાળા નહિ પણ ગ્લાનિવાળા, અભાવવાળા બન્યાં હશે, એ નિર્વેદની આરાધના દ્વારા સમ્યગ્દર્શનની આરાધના હતી.

એ આરાધના આગળ જતાં, પતિ દ્વારા પોતાને ગર્ભિણી અવસ્થામાં વનમાં





તરછોડાવાનું આવ્યું ત્યાં વધી ગઇ હશે ને મનમાં નક્કી કર્યું હશે કે 'હવે માથેથી કલંક ઊતરે એટલે સંસારનો ત્યાગ જ કરી દેવો ને સંયમની સુંદર આરાધના કરી લેવી.' સંયમધર્મ ને મોક્ષની તીવ્ર અભિલાષા એ સંવેગની આરાધના આવી. એનું ફળ એ જોવા મળે છે કે દિવ્ય કરીને કલંક ઊતર્યું એટલે તરત જ ચારિત્ર લેવા સજ્જ બની જાય છે.

મૂળમાં સગ્યગ્દર્શનની આરાધના જોરદાર એટલે **'સંયમ-ચારિત્ર એજ માનવજીવનનો સાર'** એ ભાવના, એ ચિંતન જોરદાર, એટલે મોકો મળતાં સંયમ-જીવનની તક ઝડપી લેતાં શી વાર લાગે ? એની આડે કશું આવી શક્યું નહિ. વહાલા પતિ, વહાલા બે પુત્રો, દિવ્યની કસોટીએ પ્રાપ્ત થયેલ સતીપણાનું ભારે યશસ્વીપણું, ભારે રાજાશાહી વિલાસ સામગ્રી વગેરે વગેરેનાં સુખ, કશા આડે આવી શક્યાં નહિ. 'મારે વહાલા જિનેશ્વર ભગવાન, તો મને વહાલું એમણે જીવનસારરૂપે કહેલું સંયમ-ચારિત્ર' આવું દિલ બન્યું હોય ત્યાં શું આડે આવી શકે ?

**સીતાજીની સમ્યગ્દર્શનમાં જિનભક્તિ-ભાવની આરાધના :**

સીતાજીની સમ્યગ્દર્શનની આરાધનામાં જિનેશ્વર ભગવંતો પરના હૃદયના ભક્તિભાવ-સેવકભાવની આરાધના જોરદાર એટલે ચારિત્રની આરાધનામાં પણ એ જ સેવકભાવના પ્રતાપે જિનભક્તિ તથા અહિંસા, સંયમ અને તપની આરાધના પણ કરવામાં એમણે ભારે પુરુષાર્થ અને ઉત્સાહ-ઉલ્લાસ ખેડ્યા ! એના પ્રતાપે ભવાંતરે જિનેશ્વર ભગવંતો પ્રત્યેનો ભક્તિભાવ-સેવકભાવ કેવો મલ્યો ? જાણો છો ને ? બારમા દેવલોકનું ઇન્દ્રપણું મળ્યું, **અચ્યુતેન્દ્ર થયા, એમાં એમના બાવીસ સાગરોપમના આયુષ્યમાં મહાવિદેહમાં અસંખ્ય તીર્થંકર ભગવંતો થવાના, એમના મેરુ પર જન્માભિષેકમાં પહેલો અભિષેક એ અચ્યુતેન્દ્ર કરવાના !**

**કર્મસત્તાએ સીતાજીના દિલમાં રહેલ ને એમણે અમલી-સક્રિય બનાવેલ ભક્તિભાવનું કેવું ઇનામ આપ્યું કે કર્મસત્તા જાણે કહે છે, 'જાઓ, અસંખ્ય કાળ સુધી જન્મ પામનારા તીર્થંકર ભગવંતોના ચોસઠ ઇન્દ્રોથી કરાતા જન્મોત્સવમાં વગર બોલી-ઉછામણીએ પહેલો અભિષેક તમે કરજો.'** તો એ વખતે અચ્યુતેન્દ્રના દિલમાં પ્રભુ પ્રત્યે ભક્તિભાવ કેવો ઊછળતો હશે ! પૂર્વે સીતાજીના ભવમાં સંસારમાં ને ચારિત્રમાં દિલમાં જિનભક્તિનો-જિનસેવકપણાનો ભાવ ભરપૂર ઊછળતો રાખ્યો હશે એનું આ ફળ છે.

**માનવભવમાં આ જ મુખ્ય કર્તવ્ય છે-દિલમાં જિનેશ્વર પરમાત્મા પ્રત્યેના**

**સાચા નિઃસ્વાર્થ ભક્તિભાવ-સેવકભાવની આરાધના ભરપૂર રાખવાની. આના ઉપર શક્ય બધી શીલ-સંયમાદિની ધર્મઆરાધના કરવાની.**

**જીવનમાં ધર્મઆરાધનાની જેમ ક્ષમાદિ સદ્‌ગુણોનો ભરપૂર અભ્યાસ પણ રાખવાનો.**

**સીતાજીની સત્ત્વગુણની આરાધના કેવી !**

એ જ સીતાજીને જુઓ કેવા કેવા સદ્‌ગુણોનો અભ્યાસ રાખેલો ! એમનો પ્રધાન ગુણ સત્ત્વ, એ કેવું કેળવેલું કે સ્વયંવરમાં દેવાધિષ્ઠિત ધનુષ્યને કે જેને પકડવાં જતાં પહેલાં જ એમાંથી અગ્નિના ભડકા નીકળતા દેખાય, એવા ઉગ્ર અને ભારેખમ ધનુષ્યને જે સાત્ત્વિક પુરુષ પકડીને ઉઠાવે, એને વાળે, એના પર પણછ ચડાવે, અને એના પર બાણ ભરાવી ટંકાર કરે, 'એને મારે વરવાનું, એને પતિ તરીકે સ્વીકારવાનો.' આમાં પહેલાં તો જ્વાળા નીકળતી જોઇને જ ગભરાય ! ત્યારે ન ગભરાય ને ધનુષ્ય પકડે, ઉઠાવે, વાળે...વગેરે કરે. આવો કોણ નીકળે ? ને ન નીકળે તો કુંવારા રહેવાનું સત્ત્વ !

સ્વયંવરમાં આવેલા બીજા સારાસારા રૂપાળા દેખાતા હોય, ને એવા વિપુલ સંપત્તિવાળા જણાતા હોય, છતાં એમના તરફ જરાય ન લલચાવાનું સત્ત્વ !

ઠીક, આગળ જુઓ. સીતાજીનું સત્ત્વ કેવું કે પતિ વનવાસ જાય છે. ને સાસુ કૌશલ્યા તથા પતિ રામ એમને ત્યાં અયોધ્યામાં જ રહેવા આગ્રહ કરે છે, છતાં પોતે મહેલવાસ છોડી પતિતી સાથે સાથે સ્વેચ્છાએ વનવાસ માટે નીકળી પડે છે ! કેવુંક સત્ત્વ !

વનનાં કષ્ટ પ્રસન્નતાથી સહવાનું કેવું સત્ત્વ !

રાવણ આગળ શીલ અખંડ સાચવવાનું કેવુંક સત્ત્વ !

આગળ પણ રામથી એ ગર્ભિણી અવસ્થામાં એકલાં અટૂલાં વનમાં ત્યજાયેલાં ત્યાંથી રામને કોઇ ઠપકો નહિ, ગાળ નહિ, હલકો શબ્દ નહિ, પરંતુ લોકનિંદાથી પોતાની જેમ જૈન ધર્મને ન છોડવાનો સંદેશો મોકલે છે ! કેવું સત્ત્વ ! સત્ત્વ વિના આ શક્ય નથી. પોતાનો દ્રોહ કરનાર અને એક મહારાણી પદેથી ભ્રષ્ટ કરી આટલી બધી દુર્દશા કરનાર પતિ પર દિલમાં દ્વેષની આગ ન સળગે ?

**દ્રોહ કરનાર પતિ પર આગ સળગે, પણ તે સત્ત્વહીનને, સત્ત્વશાળીને નહિ.**





મહાસતી સીતાજી સતીત્વના પરમ ઉપાસક, શીલની સાથે સત્ત્વને ધરનારા હતાં, એટલે મોહથી કષાયથી શાના ગાંજ્યા જાય ? પોતાના જ પૂર્વનાં અશુભ કર્મ પર દૃષ્ટિ રાખી કર્મને જ દોષ દેવાનો, કર્મ પાછળનાં પોતાનાં પૂર્વભવનાં દુષ્કૃત્યને જ દોષ દેવાનો, પતિને નહિ તેથી પતિ પર દ્વેષને મચક જ નહિ આપવાની. ધન્ય સતીના સત્ત્વને !

જીવનમાં તપાસી જોજો. સીતાજી પરની આ ઘોર આપત્તિની સામે સ્નેહી તરફથી, પિતા, માતા, પતિ કે ગુરુ તરફથી મામૂલી આપત્તિ આવતાં સીતાજી જેવી સમતા રહે છે ખરી ? સામા પર દ્વેષ-અરુચિ-અભાવ-દુર્ભાવ નથી થતો ને ? તો જ સત્ત્વશીલતા, નહિતર સત્ત્વહીનતા. પૂછો-

પ્ર.- સીતાજીને કેમ એ સહેલું ? ને અમારે નહિ ?

ઉ.- કારણ આ જ કે એમનામાં સત્ત્વ હતું, નિઃસત્ત્વતા નહોતી. અને એ સત્ત્વની પાછળ સમજ હતી કે 'ધર્મ આરાધના અને ગુણાભ્યાસ માટે માનવ ભવ જેવો ભવ નથી. માનવભવ એ માટે જ છે. તેથી આ ભવમાં જીવન જીવ્યે જઇએ ત્યાં જીવવાનો ઉદ્દેશ શો ? ધર્મ આરાધના અને ગુણાભ્યાસ કરવાનો ઉદ્દેશ સતત ધ્યાનમાં રાખવાનો, અને મોકો મલતાં એ જ કરવાનું છે. તમારે છે આ ? જો ના, તો આટલાં વરસો ધર્મ કરીને કર્યું શું ? શું પામ્યા ? ધર્મને શું પોતાનો માનીને કર્યો ? કે પરાયો માનીને ? જીવનનો આ ઉદ્દેશ નહિ, એટલે સત્ત્વગુણનો ખપ શાનો થાય ? ખપ અહંત્વનો, એટલે અહંત્વ જાળવવા સામા પર દોષ દુર્ભાવ પોતાના કરી લેવાય છે. 'પોતાના' એટલે ? કર્તવ્ય માનીને કરાય છે, વિચાર નથી આવતો કે 'હે ! ત્યારે મારે જિંદગીના છેડા સુધી એ ઉદ્દેશ મનમાં નહિ લાવવાનો ? શું મારે આવું જ રેઢિયાળ જીવન ચલાવવું છે ?'

છેલ્લે મહાસતી સીતાજીનું સત્ત્વ કેવું કે દિવ્ય કર્યું, અગ્નિની આગમાંથી પાણીનું સરોવર બની ગયું ! હવે ખૂબ માન સન્માન પૂર્વક પતિ રામની સાથે રહી સંસારસુખ ભોગવવાનો અવસર આવ્યો, તે પણ મહાયશસ્વી બનીને, છતાં સીતાજી તરત જ ચારિત્ર લેવા નીકળી પડે છે !

જોજો, સીતાજી આ ચારિત્ર લેવા નીકળી પડે છે એની પાછળ કારણ તરીકે પતિ રામ પર કશી રીસ નથી કે 'રામે દ્રોહ કરેલો તો હવે એમની સાથે શું રહેવું ? હવે ઘરવાસ જોઇએ જ નહિ, ચારિત્ર જ જોઇએ' આવી કશી રીસથી ચારિત્ર લેવા નથી નીકળી પડતાં કેમકે જંગલમાં એકલાં અટૂલાં તરછોડાયાં ત્યારથી રામ પર

રીસ રાખી જ નથી, તે હવે અહીં સૌ સારાંવાનાં થતાં શાની રીસ રાખે ? ત્યાંય પોતાના કર્મનો જ પ્રતાપ સમજી તત્ત્વ-શ્રદ્ધા વિકસાવીને સમ્યગ્દર્શન નિર્મળ કર્યું છે. એ સમ્યગ્દર્શન અહીં આ તત્ત્વશ્રદ્ધાથી વધારે નિર્મળ રહે છે કે 'કર્મ આપણને વારે વારે વિડંબે, એના કરતાં આપણે જ કર્મને વિડંબી નાખવા શું ખોટા ? કર્મ મને શું કચરે ? ભગવાનના અહિંસા-સંયમ-તપથી કર્મોને મારે જ કચરી નાખવા જેવા છે.' આ તત્ત્વશ્રદ્ધા છે-'આશ્રવ અને કર્મ મારે ત્યાજ્ય છે, આદરણીય નથી. દુઃખને શું નષ્ટ કરવું ? કર્મને જ નષ્ટ કરી દઉં, કર્મ પોષક આશ્રવોને જ બંધ કરી દઉં.' આ તત્ત્વશ્રદ્ધા હાડોહાડ લાગી જાય, તેમ સમ્યગ્દર્શન વધુ નિર્મલ થાય. સીતાજીએ એ કરવા પર સત્ત્વ વિકસાવ્યું, ચારિત્રનો વીર્યોલ્લાસ પ્રગટાવ્યો, ને ચારિત્ર માટે નીકળી પડ્યાં. ચારિત્ર લીધા પછી પણ સત્ત્વગુણ કેવો વિકસાવ્યો હશે કે અહિંસા-સંયમ-તપની જોરદાર આરાધના એવી કરે છે કે જેના પ્રતાપે ત્યાંથી મરી બારમા દેવલોકના ઇન્દ્ર અચ્યુત-ઇન્દ્ર થાય છે !

'માનવજન્મ સદ્ગુણોના અભ્યાસ માટે છે, ગુણો વિકસાવવા માટે છે,' એ સમજ ઉત્તમ જીવોને સહેજે હોય છે એટલે જ સીતાજીએ સત્ત્વ ઉપરાંત બીજા અનેક ગુણોના અભ્યાસ રાખેલા.

**દા.ત. પરનિંદા નહિ એ ગુણ. પરનિંદાથી પોતાના હૃદયને કાળું કરવાનું નહિ.**

કૈકેયીના પેંતરાથી રામને રાજ્ય મળવાનું ગયું, પણ સીતા રામ સાથે નીકળ્યા પછી કૈકેયીની પિંજણ કરતાં નથી, નિંદા કરતાં નથી. એટલે તો પાછળથી કૈકેયી રામની માફી માગવા અને રામને પાછા લાવવા આવ્યાં ત્યાં સીતા કશાં ટોણાં મેણાં મારતાં નથી કે 'લ્યો, માથું વાઢીને હવે માફી માગવા આવ્યાં ! તો પહેલાં શું જોઇને ઉપાડો કર્યો હતો કે મારા દીકરાને રાજ્ય ? આ તો દીકરો રાજ્ય લેવા તૈયાર નથી એટલે આવ્યાં હવે માફી માગવા !' સીતાજી આવું કશું બોલતાં નથી. કેમકે, એમનું હૃદય નિર્મળ છે. નિંદા કરતાં હોત તો હૃદય મેલું હોત, હૃદયમાં કૈકેયી પર દ્વેષ હોત.

**કોઇની પણ નિંદા એના પરના દ્વેષથી ને જાતના અભિમાનથી થાય છે.** દ્વેષથી હૈયું કાળું બને છે.

આ કેવી મૂર્ખાઇ ! પરની નિંદા કરીને પોતાનું જ હૈયું કાળું કરવાનું ? આપણા હૈયાને કાળું કરનારી એ નિંદા કેવી ગોઝારી ગણાય ? એ કાળાશ જાલિમ





છે. એમાં નીચગોત્ર, અપયશ, અશાતા તિર્યંચગતિ, વગેરેનાં કેટલાંય પાપકર્મો બંધાય છે ! ભવાંતરે એ કર્મો દુઃખદ ફળ આપે ! ત્યાં પછી જીવ નિરાધાર, એ દુઃખદ ફળ નિવારવા એનો કોઇ આધાર નહિ, બેલી નહિ.

નિંદા એટલે બીજાનું ઘસાતું બોલવું, બીજાની હલકાઇ ગાવી. આ મોઢેથી ન પણ બોલો કિન્તુ મનમાં ય લાવો તોય ખતરનાક છે. પીઠ-મહાપીઠ સાધુ આચાર્યની જરાક હલકાઇ મનમાં લાવ્યા કે 'આચાર્ય બાહુ-સુબાહુ મુનિની પ્રશંસા કરે છે, અમારી નહિ, એમાં કારણ પક્ષપાત છે. કરે એનું ગાય, બાહુ-સુબાહુ ભક્તિ વૈયાવચ્ચ કરે છે એટલે એને વખાણે છે, અમે બીજી આરાધના કરીએ છીએ એ વિસાતમાં નહિ.' આમ આચાર્યની હલકાઇ બીજાની આગળ ગાઇ નહિ, પણ માત્ર મનમાં લાવ્યા. એમાં સ્ત્રીવેદ કર્મ બાંધ્યું. તેના પ્રતાપે પછી સ્ત્રીપણે બ્રાહ્મી-સુંદરીનો અવતાર પામ્યા.

બીજાની હલકાઇ ચિંતવવામાં એના પર દ્વેષ આવે છે. **સુંદરીના જીવે વળી વધારે પડતો દ્વેષ કર્યો હશે, તે એને બ્રાહ્મીની હારોહાર ચારિત્ર લેવાની ઉત્કટ ભાવના છતાં ૬૦ હજાર વર્ષનો ચારિત્ર લેવા આડે અંતરાય નડ્યો ! આચાર્યની હલકાઇ ચિંતવવાનું કેવું કટુ ફળ !**

**બીજાની હલકાઇ માત્ર ચિંતવવાનું જો કટુ ફળ, તો બીજાની આગળ ગાવાનું એટલે નિંદા કરવાનું કેટલું ભયંકર કટુ ફળ ?**

બીજાની નિંદા અર્થાત્ હલકાઇ ગાવા-વિચારવા પાછળના દ્વેષની ભયંકરતા સમજો છો ? પીઠ મહાપીઠે આચાર્યની હલકાઇ ચિંતવવામાં આચાર્ય પ્રત્યેના દ્વેષથી સ્ત્રીવેદકર્મ બાંધ્યું. સ્ત્રીવેદકર્મ ક્યાં બંધાય ? પહેલા કે બીજા ગુણઠાણે. એમાં બીજા ગુણઠાણાનો કાળ વધુમાં વધુ ૬ આવલિકા. એક આવલિકા એટલે એક સેકન્ડનો ૫૦૦૦ મો ભાગ !

એક આવલિકા એટલે કેટલો ઝીણો કાળ છે ! એક સેકન્ડમાં ૫૦૦૦ ઉપર આવલિકા પસાર થાય, ત્યાં ૬ આવલિકા એટલે સેકન્ડનો લગભગ હજારમો ભાગ થાય એટલામાં તો બીજું ગુણઠાણું પૂરું થઇ જાય ને પહેલું ગુણઠાણું આવે. બીજાની આચાર્યની હલકાઇનો વિચાર કર્યા એમાં જો એક સેકન્ડ લાગી હોય તોય પહેલું ગુણઠાણું સહજે ગયું હોય અને સ્ત્રીવેદકર્મ બાંધ્યું હોય.

આ સૂચવે છે, કે બીજાની હલકાઇ ગાવા-ચિંતવવામાં જે દ્વેષ આવે એ મિથ્યાત્વ પમાડનારો અનંતાનુબંધી કષાયના ઘરનો બની જાય છે ! ત્યાં જીવે શો

સાર કાઢ્યો ?

**બીજાની હલકાઇ ગાઇ-ચિંતવીને પોતાનામાં મિથ્યાત્વ જેવી કાળાશ અપનાવવાનું થાય.**

નિંદાની ભયંકરતા સમજાય છે ? તમે સાધુપણાના છઠ્ઠા ગુણસ્થાને હો, તો એ નિંદા તમને ત્યાંથી ભ્રષ્ટ કરીને પહેલા મિથ્યાત્વના ગુણસ્થાને ઉતારી દે ! નિંદાની કેવી ખતરનાકતા ! નિંદા કરનાર આત્માની કેવી મહામૂખર્તા કે પરચિંતા કરીને જાતમાં આવી કાળી મલિનતા નોતરે !

બહુ બોલવાની ને વાતો કરવાની કુટેવ હોય એને પણ બહુ બોલબોલ કરવામાં કોઇની નિંદા આવી જવા બહુ સંભવ. એમ બહુ વાતોના રસમાં નિંદાનો રસ પેસે છે, અને નિંદા પૂર્વે કહ્યું તેમ આત્મા માટે ભયંકર દુર્ગુણ છે. માટે બોલવાનું ઓછું રાખો.

**બોલવાનું ઓછું રાખવાથી આત્માનો અને સારાસારનો વિચાર કરવાને જગા રહે છે.**

મૌન પાળનારને પૂછો, તમારો શો અનુભવ છે ? તો આ કહેશે: 'બોલવાનું લગભગ બહારનું હોય છે. એટલે એવું બોલાય એમાં ચિત્ત બહારમાં જ રહેવાનું. તેથી નહિ બોલે ત્યારે પણ એના અભ્યાસે ચિત્ત બહારમાં ભટકશે. એટલે વાતો કરવાનો ને સાંભળવાનો રસ, વિચાર કરો તો સમજાશે કે, જાતમાં કેટલી બધી ખરાબી લઇ આવે ?'

❀ ❀ ❀ ❀ ❀ ❀

સામાન્ય રીતે જોતાં માણસને બહુ વાતો કરવામાં જાત-પ્રશંસા અને પરનિંદા આવે છે. કવિ કહે છે, **''કરત પ્રશંસા સબ મિલ અપની, પરનિંદા અધિકેરી, ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી''.**

લોકોને વાતો કરવાનો રસ છે એટલે બધા એક બીજાને ભેગા થાય છે ત્યારે પોતપોતાની વડાઇ ગાય છે, 'મેં આમ કર્યું, ને મેં તેમ કર્યું.' 'આપણે તો ભાઇ ! જરા લાગણીવાળા, તે ફલાણા ભાઇએ આવીને પોતાની કપરી સ્થિતિ કહી એટલે આપણે તો ઝટ એમને સો રૂપીઆ આપી દીધા.' બીજો કહેશે 'આપણે તો ભાઇ ચોખ્ખા બોલા. તે ફલાણાને સ્પષ્ટ સંભળાવી દીધું.' આવી જાતની પ્રશંસામાં લાગી ગયા છે. અને વળી એનું સમર્થન કરવા માટે જાતને ઊંચી દેખાડવા માટે





બીજાની નિંદા કરશે, હલકાઇ ગાશે. એનું ઘસાતું બોલશે. એમાં જાતનું ગાવાનું તો બહુ મળે નહિ, કેમકે જાતમાં એટલું બધું સારું હોય નહિ, તેમ સામાને એ બહુ સાંભળવાનો રસ પણ હોતો નથી, એટલે પછી સારી રીતે કલાકભર વાતો કરવી છે તો શી વાત કરવાની ? આ જ, પર-નિંદાની વાતો, કેમકે લોકોને નિંદા કરવાનો રસ, એમ નિંદા સાંભળવાનો પણ રસ ભારે, એટલે પરનિંદાની વાતો અધિકેરી સારી રીતે અધિક થાય છે.

કવિ સમજે છેઃ 'આવા જગતનો ચેપ લાગે છે એટલે પ્રભુને કહે છેઃ ક્યું કર ભક્તિ કરું પ્રભુ તેરી ? પ્રભુ ! તારી ભક્તિ શી રીતે કરું ? શી રીતે ભક્તિમાં ચિત્ત લગાવું ? ચારે બાજુ સ્વપ્રશંસા અને પરનિંદાનું જ વાતાવરણ જોવા મળે ત્યાં અનાદિનું બાહ્ય પ્રિય મન સહેજે એમાં તણાઇ જાય, એટલે એ પ્રભુ ભક્તિમાં શી રીતે વળે ?'

વાત આ છે કે બહુ બોલવાનો ને વાતો કરવાનો રસ હોય ત્યાં પરનિંદા સહેજે આવી જાય, એટલે જો નિંદાની પહેલાં કહી તેવી ભયંકરતા સમજાતી હોય અને એનાથી બચવું હોય એણે પહેલાં તો પાયામાં બહુ બોલવાનો અને વાતો કરવાનો રસ જ ઓછો કરી નાખવો જોઇએ, એ રસ કાઢી જ નાખવો જોઇએ.

**વાતોનો રસ કેમ ઘટે ?**

પ્ર. બહુ વાતોનો રસ અનંતકાળનો છે તે શી રીતે છૂટે ? શી રીતે ઓછો થાય ?

ઉ. વાતોનો રસ ઘટાડવા પહેલો ઉપાય આ, કે મન મારીને પણ વાતોમાં પડવું નહિ. મનને રસ છે એટલે વાતોમાં પડવા લલચાશે, પરંતુ આપણે મન મારીને વાતો જતી કરવાની, નહિતર એમ તો રસથી વાતોમાં તણાવાનું ચાલુ રાખીએ તો તો એનો રસ ઘટે જ નહિ.

**વાતોનો રસ એ એક જાતનું વ્યસન છે.**

દા.ત. જુઓ કે બીડીનું વ્યસન હોય એ બીડીઓ પીયા જ કરે તો બીડીનો રસ શી રીતે ઓછો થાય ! એ તો બીડીની તલપ લાગી છે, પણ મન મારીને એ વખતે બીડી પીવાનું ન જ કરે, એમ વળી બહુ ન રહેવાયું ત્યારે અમુક સમય બીડી વિના પસાર કરીને પછી માનો ને બીડી પી લીધી, પણ પછી પાછો મનની તલપ ઊઠે તો એને દાબે, ન પીયે, બીડી પીવાનું રોકે, એવું ફરીથી રોકે, એમ અનેકવાર રોકતાં રોકતાં બીડીનો રસ ઓછો થાય.

આ જ વસ્તુ વાતોનો રસ ઘટાડવામાં અજમાવવાની છે. વાતોમાં પડવાની વૃત્તિ ઊભી થઇ ત્યાં જ મન મારીને એને અમલી નહિ કરવાની. વળી પાછા ક્યારેક વાતોમાં પડ્યા, ફિકર નહિ, પાછો ત્યાં જ નિર્ધાર કરી દેવાનો કે હવે હું વાતોમાં પડું જ નહિ, ને વાતોનો મોકો આવે ત્યાં મન મારીને એનાથી મારે આઘા જ રહેવાનું, એમ અનેકાનેકવાર વાતોનો ત્યાગ કરતા ચાલીએ, એટલે વાતોનો રસ ઘટે.

કૂટેવોના રસને ઘટાડવા માટે મન મારીને પણ કુટેવના અમલને ઘટાડ્યા વિના છૂટકો જ નથી.

મનને સદા છૂટો દોર હોય કે એ ધારે એમ આપણી પાસે કરાવ્યા જ કરે, કરાવ્યા જ કરે, તો તો કોઇ દિ' ઊંચે આવવાનું થાય જ નહિ. અનંત અનંત કાળનું ખોટા રસવાળું-ખરાબ રસવાળું મન એમ શી રીતે સુધરવાનું હતું ? શી રીતે એના રસ બંધ પડવાના હતા ? ખોટા રસ છે, ને ખોટી પ્રવૃત્તિ કરાવ્યે જાય છે. એટલે જ એ પ્રવૃત્તિથી ઊલટું એ ખોટા રસ પોષાતા જ રહેવાના, દ્રઢ જ રહેવાના. એ તો-

**ખોટી પ્રવૃત્તિ પર કાબૂ મૂકો તો મનની ખોટી વૃત્તિ, ખોટા રસ ઓછા થતા આવે.**

**વાતોનો રસ દારૂના રસ જેવો.**

પિકચરનું મન થયું ને પિકચર જોઇ આવ્યા, ફરી મન થયું ને ફરીથી જોઇ આવ્યા, એમ ચાલુ રાખે તો પિકચરનો રસ શાનો ઓછો થાય ? એમ અભક્ષ્યનું મન થયું ને અભક્ષ્ય ખાઇ આવ્યા, ફરીથી મન થયું, ફરીથી ખાઇ આવ્યા, એમાં એનો રસ શાનો ઘટે ?

દારૂ પીનારને શું થાય છે ? આ જ, જ્યારે જ્યારે મન થાય ત્યારે ત્યારે દારૂ પી લે છે, એટલે એનો રસ ઘટતો જ નથી. એવું વાતોમાં છે. એના રસવાળાને વાતોમાં પડ્યા કરવાનું થવાથી વાતોનો રસ ઘટતો જ નથી. એમ બોલબોલ કરવાનો રસ બોલબોલ કર્યે જવાથી ઘટતો નથી. પછી અંતરાત્મામાં ચિત્ત જાય જ શાનું ? અને એમ બોલબોલ કરતાં લાખેણી માનવ જિંદગી બરબાદ થાય છે.

સીતાજી બહુ ઉમદા હતાં અને સ્વસ્થ રહેતાં તેથી માની શકાય કે એ બહુ વાતોડિયા નહોતાં. એટલે કૈકેયી જેવીની પણ નિંદા કરતાં નહિ. સદ્‌ગુણો અને ધર્મ આરાધનાથી સુસંસ્કારો વધે છે, એમ ધર્મકથાના શ્રવણથી સારા સંસ્કાર મળે છે. એ નિંદા-કુથલી વગેરે દુષ્કૃતોથી બચાવે છે.





ચોવીસ જિનેશ્વર ભગવંતોના મુખથી નીકળેલી કથાઓ દીર્ઘ કાળના સંચિત કરેલાં પાપોનો નાશ કરે છે. શાથી ? એટલા જ માટે કે પાપો એકત્રિત થયેલા અશુભ ભાવોના લીધે. અશુભ ભાવો ક્યા ક્યા ? ઇન્દ્રિય-વિષયોના, રાગ-દ્વેષના ભાવો, કામવાસનાના ભાવો, ક્રોધાદિ કષાયના ભાવો, હિંસા-જૂઠ-ચોરી-પરિગ્રહના ભાવો, દેવગુરુ-ધર્મની આશાતનાના ભાવો, મિથ્યાત્વના ભાવ...વગેરે વગેરે ભાવો એ અશુભભાવો છે. એ અશુભ ભાવ પૂર્વ જન્મમાં જીવે ઢગલાબંધ કરેલા કહો, જીવનનાં જીવન લાગલગાટ અશુભ ભાવોમાં પસાર થયેલાં ! એથી રકમબંધ પાપો જ પાપો બાંધ્યે રાખેલાં. એથી તો હજી સુધી સંસારમાં ભટકતા છીએ, અનેકાનેક પૂર્વ પાપોનાં ફળરૂપે અનિષ્ટો ભોગવીએ છીએ.

**અહીં બહુ અણગમતા કેમ મળ્યા ? પૂર્વના બહુ અશુભ ભાવોથી**

વિચારો તો દેખાશે કે જીવનમાં ઇષ્ટ-ગમતું કેટલું મળ્યું છે, ને અનિષ્ટ-અણગમતું કેટલું મળ્યું છે ? ગમતા કરતાં અણગમતું ઘણુ ઘણું. દા.ત. સારું કપડું ગમતું મળ્યું. પણ એ બીજા સારા જેવું નહિ. એ અણગમતું. વળી એ જલદી મેલું થાય છે એ અણગમતું. એને ધોવરાવવા કરવાનો ખરચ લાગે છે એ અણગમતું. ધોતાં ઘસારો થાય છે એ અણગમતું. એક ગમતા પાછળ અણગમતાં કેટકેટલાં ? છોકરો સારું કમાય છે એ ગમતું, પણ કહ્યું નથી માનતો એ અણગમતું. એ અભિમાની છે અવસરે અપમાન કરી નાખે છે, એ અણગમતું. એ કૃપણ છે યા ખરચ બહુ કરી નાખે છે, મોજશોખ ઉડાવે છે, રાતે મોડો આવે છે. એની વહુ મિજાજી છે...વગેરે વગેરે કેટલાં અણગમતાં ? ગમતા પણ પદાર્થ સંયોગાદિ ફરતાં અણગમતા થતાં વાર નહિ. શાથી આ અનિષ્ટ-અણગમતાની ફોજની ફોજ ? કહો, પૂર્વ જન્મોમાં દીર્ઘકાળ સુધી અશુભ ભાવો દ્વારા ભેગાં કર્યે રાખેલાં પાપોની ફોજથી.

આ અશુભ ભાવોની સામે જો શુભ ભાવ ઊભા કરાય, તો સ્વાભાવિક છે કે પાપકર્મો નાશ પામતાં આવે. ઠંડા પવનથી શરદી લાગી હોય છે એ ગરમ વાયુથી ઊડે છે. અપમાનથી કોઇનું મન દુભાયું હોય તો એનું સન્માન કરવાથી દુભામણ ઓછી થાય છે. વહુના સામા જવાબ દેવાથી સાસુ એને નાલાયક ગણે છે. તો એ જ વહુ સમજી જઇ સાસુનો ખૂબ સુંદર વિનય જાળવવા માંડે તો સાસુ એને દેવી જેવી ગણે છે.

**વહુ સુધર્યા પર સાસુ સુધર્યાનો પ્રસંગ**

વર્તમાનકાળમાં એક ભાઇ એક ગામમાં ગયા. સ્નેહીને ત્યાં ઊતર્યા. કામ

પતાવી એ હવે પાછા જાય છે. જ્યાં ઘરમાંથી બહાર નીકળવા જાય છે ત્યાં સ્નેહીના છોકરાની વહુ અંદરથી દોડતી આવી, આ ભાઇને કહે 'ભાઇજી ! તમે જાઓ છો પણ જરા મારી સાસુને શિખામણ આપતા જાઓ. હું ઘરનું કેટકેટલું વૈતરું કરું છું છતાં એ મને ટોણાં મારે, મેણાં મારે, મારી સામે ડોળા કાઢી મને ઉતારી પાડે ! આવું આવું કરે છે. તમે જરાક કાંઇક એમને કહેતા જાઓ તો મારે ત્રાસ ઓછો થાય.'

માનતા નહિ કે સાસુ જ એવી હતી, વહુ પણ આખાબોલી હતી, એ ય સાસુને અવગણાતી તુચ્છકારથી સામા જવાબ દેતી. હવે લોઢું ને લાવર બેય સરખા ત્યાં આ ભાઇ શું કરે ? એકલી સાસુને કહેવા જાય તો ઝટ સાસુ કહેઃ 'આ તમે વહુનું ઉપરાણું લો છો પણ એ દેવતા જેવીને ઓળખો છો ? ઓળખવી હોય તો બેસો, એની ઓળખ પાડું.'

ભાઇ હોશિયાર હતા. સમજતા હતા કે બે હાથ વિના તાળી પડે નહિ. એટલે વહુનું ઉપરાણું લઇ સાસુને શિખામણ દેવી નકામી હતી, તેમ બંનેને બેસાડીને ભાંજગડ કરવામાં સાર નીકળવાનો સંભવ ઓછો, કેમ કે સ્ત્રીસ્વભાવ તુચ્છ હોય છે, એટલે હિતૈષીની સારી શિખામણ ઝીલવાની ઉદારતા નહિ, ઉમદા દિલ નહિ એ તો પોતાના દોષને દોષ તરીકે ન દેખતાં એને વાજબી તરીકે લેખાવશે ! આમે ય સામાન્ય રીતે મનુષ્યનો સ્વભાવ સ્વમાનપ્રિય હોય છે, તેથી પોતાની જ ભૂલ કબૂલી સ્વમાન-હાનિ વહોરે નહી', એમાં સ્ત્રી જાત એટલે શું પૂછવાનું ? આમ સાસુ વહુ બંને પોતાનો નહિ, પણ સામાનો જ વાંક કાઢ્યા કરે ત્યાં ભાંજગડિયાની મહેનત માથે જ પડે. એટલે જ ભાંજગડમાં પડતાં પહેલાં આ સમજી રાખવા જેવું છે કે 'માનવ-સ્વભાવ સ્વદોષ નહિ પણ પરદોષ દેખવાનો હોય ત્યાં ભાંજગડમાંથી શો સાર નીકળવાનો હતો ?'

આ ભાઇ સામાજિક કાર્યકર એટલે સામાની નાડ પરખનારા. તે આ સમજે છે. તેમાં ભાંજગડ કરવા જેટલો સમય પણ એમની પાસે હતો નહિ. ભલે વહુએ કહ્યું પણ ભાંજગડમાં એ પડવા માગતા નહોતા.

તો શું વહુને એમ કહી દેવું કે 'હું તમારી ભાંજગડમાં પડવા માગતો નથી ?' ના, ભાઇ હતા પરગજુ. એમણે આ હિસાબ માંડ્યો કે-

**વસ્તુની ખોટી અસર વસ્તુના પ્રતિપક્ષથી ભૂંસાય -**

'વહુના અવિનયની સાસુ પર પડેલી ખોટી અસર વહુના વિનયથી ભૂંસાય'





માટે ભાઇએ વિચાર્યું કે 'વહુને સહાનુભૂતિ બતાવી એને વિનય પકડાવી દેવા દે, જેથી એનું સારું ફળ આવે.' એટલે ભાઇએ શું કર્યું ?

ભાઇ વહુને કહે 'અરે બાઇ ! તને આટલો બધો ત્રાસ છે ? ઓહો ! તો તેં મને પહેલાં કેમ ન કહ્યું ? તારી સાસુ તો મારું સારું માને છે, એને હું સમજાવી દેત ને ? આટલા બધા સાસુના ત્રાસમાં કેમ જીવાય ? ખેર, મારે ૧-૨ મહિનામાં અહીં પાછું આવવાનું છે ત્યારે જરૂર આનો નિવેડો લાવીશ. પણ બાઇ ! ત્યાં સુધીમાં તું એક કામ કરીશ ? તો મારું કામ સરળ થઇ જાય.'

વહુ કહેઃ ''ભાઇજી ! જરૂર કરું, તમે મારા માટે આટલી બધી લાગણી રાખો છો, તો તમે બતાવેલ કામ ન કરું ? કહો, મારે શું કરવાનું છે ?'

ભાઇ કહે 'બેન ! તું એટલું કરજે કે તારી સાસુ તને જ્યારે જ્યારે ટોણો મેણો મારે ત્યારે ત્યારે તારે બીજો કશો જવાબ ન દેતાં હાથ જોડી આટલું જ કહેવાનું કે **'બાઇજી ! હું જેવી છું તેવી છું, જિંદગીભર તમારે જ નભાવવાની છે,'** બસ, તારે એમના ટોણાં પર આટલું જ કહેવાનું, બીજું કશું બોલીશ નહિ. તું આટલું કરીશ એટલે મહિને બે મહિને હું આવીશ ત્યારે મારું કામ સરળ થઇ જશે. તારી સાસુની સાન ઠેકાણે લાવી દઇશ.'

વહુ હાથ જોડી કહેઃ 'ભલે ભાઇજી ! હું બરાબર એમ કરીશ. તમે જરાય ફિકર ન કરશો. તમે મારું આટલું સાંભળ્યું ને મારું કામ કરી આપવા માથે લીધું, તે હું તમારો બહુ ઉપકાર માનું છું. લ્યો આવજો.'

બસ પત્યું. ભાઇ ગયા. વહુએ એમના કહેલાનો અમલ કરવા માંડ્યો. જ્યાં સાસુ ચડભડી, વહુને ટોણો માર્યો, કે તરત વહુ હાથ જોડી કહેઃ બાઇજી ! હું જેવી છું તેવી છું, તમારે જ નભાવવાની છે !' તોય સાસુ એના સ્વભાવ મુજબ કહેઃ 'હા હા, નભાવવાની ? અંગારા જેવીને નભાવવાની ?'

પણ વહુને હવે હાથ જોડી જવાબ એક જ હતો કે 'બાઇજી ! જેવી છું તેવી છું, તમારે જ નભાવવાની છે.' હવે સાસુ શું બોલે ? વળી ફરીથી વહુનો કાંક વાંક દેખ્યો એટલે સાસુ ચડભડી, તોય વહુનો તો હવે છાપેલો, એક જ જવાબ હતો. વળી ત્રીજો પ્રસંગ આવ્યો, ઝટ સાસુ તાડૂકી, પણ વહુએ નક્કી કર્યું હતું કે ભાઇજીએ કહ્યું છે એટલું જ બોલવાનું. મનને આશા હતી ભાઇજી હોશિયાર છે. મહિને બે મહિને આવશે મારી સાસુની સાન ઠેકાણે લાવી દેશે. ત્યારે મહિનો બે મહિના આમ નીકળી જશે, પણ પછી જિંદગીભરનો ત્રાસ તો જશે ! માટે મારે એમના કહ્યા

પ્રમાણે એટલું જ બોલવાનું.

## મોક્ષની આશા રખાય તો દેવ-ગુરુ-ધર્મની ગુલામી સહેલી

આશા શું નથી કરાવતી ? 'શેઠ મને ઊંચો લાવશે' એની આશામાં ને આશામાં નોકર શેઠની ગુલામી વર્ષો સુધી કેવી કરે છે ! ત્યારે સમકિતી આત્માને પોતાની શ્રદ્ધા અને દેવગુરુની ભક્તિ પર શાસ્ત્ર તરફથી મોક્ષની આશા મળતી હોવાથી દેવગુરુની ભારે ગુલામી ઉઠાવે એમાં શી નવાઇ ? મોક્ષની હૃદયથી આશા રાખવી જોઇએ, પછી ભારે ગુલામી પણ સહેલી. તવંગર થવાની આશા રાખીને માણસ કેવી તનતોડ મનમોડ મહેનત કરે છે ! એમ મોક્ષની આશા રાખી તો પછી દેવ-ગુરુ-ધર્મની સાધના-ઉપાસના કરવામાં તનતોડ-મનમોડ મહેનત સહેલી થઇ પડશે.

## મનમોડ એટલે ?

મનમોડ સમજો છો ને ? મનને મોડી નાખવાનું, મરડી નાખવાનું, મનની સુખશીલતા, સ્વમાનપ્રિયતા, આપમતિ, વગેરેને ફગાવી દેવાની, બળાત્કારે મનને ન પસંદ પણ કરવાનું, ને પસંદ પણ છોડવાનું, એનું નામ મન મોડ્યું કહેવાય. પછી એમાં અપમાને ય સહી લેવાય, કાયકલેશે ય ઉપાડી લેવાય, સુંવાળાશે ય જતી કરાય, અને પોતાના ધોરણ-હિસાબ-લેખાંય પડતાં મૂકવાં પડે.

એમ તનતોડ-મનમોડ મહેનત હોય તો દુન્યવી સુખની આશા ફળે છે તો પછી શું મોક્ષની આશા ન ફળે ? માત્ર મોક્ષની સાચી આશા ઊભી કરવી જોઇએ.

પેલી વહુને આશા હતી કે 'ભાઇજી મહિને બે મહિને આવશે એટલે મારી સાસુની સાન ઠેકાણે લાવશે.' એટલે હવે ભાઇજીનું કહેવું કરી રહી છે. સાસુનાં બધાં ટોણાં મેણાં સહી લઇ માત્ર એટલું જ કહે છે, ''બાઇજી ! જેવી છું તેવી છું, તમારે જ નભાવવાની છે.'' એની આશા ફળી.

## સાસુમાં પલટો

લીલામમાં જેમ વન-ટુ-થ્રીમાં કામ પતે, એમ અહીં એક બે ને ત્રણ દિવસમાં જ સાસુ નરમ પડતી ગઇ. સાસુ એના સ્વભાવ મુજબ દિવસમાં કેટલીય વાર વહુને ટોક ટોક કરે ને વહુ હવે તો એક જ વાક્ય 'જેવી છું તેવી છું, તમારે નભાવવાની છે !' કહેતી, ને તે પણ હાથ જોડીને અને નરમાશથી, એટલે સાસુ હવે વિચારમાં પડતી કે 'આ આમ કેમ બોલે છે ?' ક્રમશઃ એને લાગતું ગયું કે 'હા, કાંઇ માયાથી





નથી બોલતી,' ને ત્રણ દિવસમાં તો એને સચોટ લાગી ગયું કે 'આ તો ખૂબ જ વિનયી બની ગઇ છે, ને હું નકામી તાડૂકું છું. આવી ઉત્તમ વહુને ગોદા મરાય ?' બસ, સાસુએ ટકટકારો બંધ કરી દીધો.

વહુને સાસુ કહે 'બાઇ ! તારામાં આટલો બધો ફરક શી રીતે પડ્યો ? વિનય શી રીતે આવી ગયો ?'

વહુએ જોયું કે સાસુ નરમ પડી ગયાં છે, હવે ટોકતાં નથી, ટોણાંમેણાં મારતાં નથી, તેથી વહુ કહેઃ 'મા ! અત્યાર સુધી હું ભૂલી પડેલી હતી એટલે ઉદ્ધતાઇથી તમને ગમે તેવા ઉદ્ધત અને આકરા જવાબ દેતી, તમને ત્રાસ આપતી હતી, પણ હવે મારી સાન ઠેકાણે આવી છે. મને લાગ્યું કે હું બહુ પાપ કરી રહી છું. હાય ! મારું પરલોકમાં શું થશે ?..' એમ બોલતાં બોલતાં વહુ રડી પડી, આંખમાંથી પાણી પાડતી કહે છેઃ 'બાઇજી ! મને માફ કરજો, મારા વાંક બધા ભૂલી જજો, હું તમારા પગે પડીને કહું છું' એમ કહેતાં જ સાસુના પગમાં માથું મૂકીને કહેઃ હવેથી હું કદી તમને ત્રાસ નહિ આપું. મારી ભૂલ થાય તો ખુશીથી તમે મને ટોકજો.'

સાસુની મજાલ છે કે એ હવે રોયા વિના રહી શકે ? સાસુય રડવા લાગી. રોતાં રોતાં કહેઃ 'બાઇ ! તું શું મને ત્રાસ આપનારી ? ત્રાસ તો મેં તને ઘણો ય આપ્યો છે. તું હવે એ બધાં મારા ટોણાં-ટપકાં ભૂલી જજે. તું તો અમારા ઘરમાં દેવી આવી છે.'

## વહુની પ્રશંસા

પત્યું ? હવે તો સાસુ આડોશમાં પડોશમાં સગામાં વહાલામાં બધે કહેતી ફરે છે કે 'મારે તો વહુ ઘરમાં એક દેવી છે. શો એનો વિનય ! શી એની મર્યાદા ! કેવી કેવી એની સેવા !'

પેલા ભાઇ જ્યારે મહિને બે મહિને આવ્યા ત્યારે સાસુ જ એમને પૂછે છે ''ભાઇ ! તે દિવસે તમે અહીંથી જતા હતા ત્યારે મારી વહુ એકદમ તમને મળવા બહાર આવેલી ત્યારે તમે એને શું કાંક કહેલું ? બસ, તમારા ગયા પછી તો વહુ મારી દેવી જેવી બની ગઇ છે. તમે ગયા ત્યારથી જ્યારે જ્યારે હું ટકોર કરું, હું ટોણો મારું, ત્યારે ત્યારે આ તો કહે 'બાઇજી ! જેવી છું તેવી છું, તમારે જ નભાવવાની છે,' તો આ તમે શો જાદુ કરી ગયેલા ?''

ભાઇ સમજી ગયા કે પાસો પોબાર થયો લાગે છે, પણ કહેવું નથી કે 'આ મેં જ શિખવાડેલું' કેમ ? જશ લેવાનું મન ન થાય કે મેં તમારી વહુને સુધારી દીધી ? ના, ભાઇએ માત્ર કોઇનું આપણા હાથે ભલું થતું હોય તો કરી લેવું, એટલી જ ઇચ્છાથી આ કરેલું, તેથી એના પર જશ શો કમાઇ લેવો ?

પ્ર. પણ હવે જશ તો મફતમાં મળે છે ને ? તે ન લઇ લેવાય ? સુકૃત તો શુદ્ધ ઇચ્છાથી કરેલું, હવે જશ લેવામાં શો વાંધો ?

ઉ. વાંધો એ છે કે સુકૃતના ફળના ટકા કપાઇ જાય. સુકૃત કર્યા પર મનને એમ થાય કે 'ચાલો આપણા હાથે કામ સારું થઇ ગયું તો આપણે વાહ વાહ લઇ લઇએ.' આ ભાવનામાં ગર્ભિત આ છે કે 'સારા કામના ફળમાં વાહવાહ મળે એ સારું છે.' એમ આ જશનું ફળ મળ્યું એટલે સુકૃતના પરલોકના ફળ પર કાપ પડે. કોઇને તમે રકમ ધીરી, પછી આગળ જતાં એમાંથી અમુક રકમ માગી લો, તો સ્વાભાવિક છે કે પછીથી સમય આવ્યે ધીરેલી રકમ પણ ઓછી મળે ને વ્યાજ પણ ઓછું મળે.

સાવધાની આ જ રાખવાની છે કે-

**જો સુકૃતનું પરલોકમાં પૂર્ણ ફળ જોઇતું હોય, તો અહીં સુકૃતના કોઇ જ ફળની ઇચ્છા નહિ રાખવી.**

આપણે સુકૃત કરીને, કોઇ પણ સારી ધર્મારાધના કરીને, એના પર બીજા આગળ જશ લેવાની નકામી ઉતાવળ કરીએ છીએ. એમાં સુકૃતનું પરલોકનું ફળ તો કપાય છે, પણ વધારામાં માનાકાંક્ષાને પોષીએ છીએ. મંદિર-ઉપાશ્રયમાં પૈસા આપ્યા, ઝટ તકતી ચડાવવાનું મન થાય છે.

પ્ર.- તકતી હોય તો આપણા વારસદાર અનુમોદના કરે ને કે અહો ! અમારા પૂર્વજે કેવું સુંદર સુકૃત કર્યું ?

ઉ.- વારસદાર થશે કે નહિ, એ શંકા છે. થશે તો કદાચ એ ધર્મી જીવ હશે કે નહિ એય શંકાસ્પદ છે. એ કદાચ ધર્મ-વિરોધી હશે તો અનુમોદનાને બદલે નિંદા કરશે કે 'અમારા પૂર્વજ કેવા ગાંડા કે આમાં પૈસા વેડફી નાંખ્યા !' આ નિંદામાં અને પાપ બાંધવામાં તમારી તકતી નિમિત્ત થશે. ખેર, પણ ખરી રીતે તો હૃદયને એ પૂછો કે 'તારે માન જોઇએ છે માટે તકતી લગાડી ? કે બીજાને સુકૃતાનુમોદના માટે લગાડી ?' સુકૃત અનુમોદના કરાવવી હોય તો તો તકતી એમ લગાડી શકાય કે 'અમુક ભાગ્યશાળીએ સુકૃત અર્થે આમાં રકમ આપી.'





કેમ આવી તકતી નથી લગાડતો ? ખબર છે કે 'એમાં તો સુકૃતની વાહ વાહ થાય, પણ મારી વાહ વાહ ન થાય તો ?' એટલે કહો, મનને માન જોઇએ છે, માનની આકાંક્ષા છે.

**આ માનાકાંક્ષા એ ઝેર છે. એ ભગવાનને માન આપવાની સદ્‌બુદ્ધિને મારી નાખે.**

**માનાકાંક્ષામાં ઘણું અજુગતું આચરણ.**

સુકૃત કર્યું એ ભગવાનના પ્રતાપે કર્યું, ભગવાને ધર્મ શીખવ્યો ત્યારે જ સુકૃતની બુદ્ધિ થઇ. હવે સુકૃત કર્યાનું માન ભગવાનને નથી આપવું, જાતને આપવું છે. એવી ઇચ્છા એ પેલી સારી ઇચ્છાને મારનારી બની, માટે એ ઝેર ગણાય. માનાકાંક્ષા એ સચ્ચેતનાનો નાશ કરનારી છે. માનાકાંક્ષામાં માણસ ઘણું ઘણું અજુગતું કરી નાખે છે. પોતાને માન લેવા માટે, પોતાનું માન સાચવવા માટે જરૂર પડ્યે દીકરો સગા બાપનું, અને શિષ્ય પરમ ઉપકારી પોતાના ગુરુનું ઘસાતું બોલશે ! આવી માનની આકાંક્ષા એ ઝેર નથી ? એ ભાવ-મૃત્યુ કરી નાખે છે, શુભભાવોનું મોત નિપજાવે છે. માનાકાંક્ષામાં મરવાનું છે.

પેલા ભાઇને માન જોઇતું નહોતું એટલે પેલી સાસુના 'તમે કાંઇક વહુ પર જાદુ કરી ગયા લાગો છો ?' એવા પ્રશ્ન ઉપર જાત માટે જશ ન લીધો કે 'હા, હા, મેં જ એને એ વાક્ય શિખવાડેલું' એ તો કહેઃ 'મારી પાસે વળી જાદુ જ ક્યાં છે ? એ તો તમારી વહુ જાતે સમજી ગઇ હશે એટલે દેવી જેવી બની ગઇ. ચાલો સારું થયું. ધન્યવાદ એને !'

વાત આ હતી કે-

**વસ્તુની ખોટી અસર વસ્તુના પ્રતિપક્ષીથી ભૂંસાય છે.**

વહુએ સાચું અને ઉદ્ધત બોલવાનો પ્રતિપક્ષ વિનયભાવ-નમ્રભાવ આદર્યો, 'જેવી છું તેવી છું, તમારે નભાવવાની છે,' એવો નમ્ર બોલ જ કાઢવા માંડ્યો, તો સાસુ ઉપર એની ઉદ્ધત અને અભિમાની તરીકે પડતી અસર ભૂંસાઇ ગઇ.

એમ અનંતાકાળ સેવેલા અશુભભાવોની ખરાબ અસરો શુભભાવોથી ભૂંસાતી આવે એ સહજ છે. ધર્મકથાઓ દિલમાં આ શુભભાવો જગાવે છે, અને એ અશુભ અનુબંધોને તોડે છે. બીજા બીજા મહા-મહાપુરુષોની પણ કથા આ કામ કરે, તો તીર્થંકર ભગવાનનાં ચરિત્ર કેટલું કામ કરે ? કેવા ભારી પણ અશુભ સંસ્કારો અને અશુભાનુબંધોને તોડે ? માટે કહ્યું -

'ચિર સંચિય પાવપણાસણીઇ...' ચોવીસ ભગવાનના મુખથી નીકળેલી ધર્મકથાઓ પાપોનો નાશ કરે છે, અને લાખો ભવોનું મથન કરે છે, ભવો ઓછા કરી આપે છે. માટે શ્રાવક ભાવના કરે છે કે 'મારા દિવસો આ ધર્મકથાઓમાં પસાર થાઓ.'

**ધર્મકથાથી શુભભાવ, અને શુભ ભાવોથી પૂર્વના અશુભભાવોની અસર ભૂંસાય.**

**છટ્ઠા ભવે અપરાજિત-અનંતવીર્ય -**

એટલે આપણે સોળમા તીર્થંકર શ્રી શાન્તિનાથ ભગવાનના ભવોનું ચરિત્ર ચલાવ્યું છે. એમાં ચોથા ભવમાં એ અમિતતેજ અને ગણધરજીવ શ્રીવિજય અંતે સંયમ અને અનશનથી પાંચમા ભવે દશમા દેવલોકે દેવ થયા. હવે છટ્ઠા ભવે શાન્તિનાથ પ્રભુનો જીવ બળદેવ અપરાજિત, અને ગણધરનો જીવ વાસુદેવ અનંતવીર્ય થાય છે. આ ભવ જોવાનો છે. આમાં પણ અવનવા પ્રસંગ આવવાથી સારો બોધ મળે એવો છે, ને સારા શુભ ભાવ મનમાં રમતા થવાને અવકાશ રહેવાનો છે. કથા આ પ્રમાણે ચાલે છે-

આ જંબૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં શુભા નામની નગરી છે, ને ત્યાં સ્તિમિતસાગર નામે રાજા છે. એને બે રાણીઓ છે, (૧) વસુંધરા અને (૨) અનુદ્ધરા એમનાં નામ છે. એમાં વસુંધરા રાણી એક વાર રાત્રિના ૧૪ મહાસ્વપ્નોમાંના ચાર મહાસ્વપ્ન જુએ છે, અને જાગીને પતિને સ્વપ્નો કહી પછી ધર્મ ધ્યાન કરે છે. કેટલોક કાળ ગયે એને પુત્ર થાય છે તે આપણા શાન્તિનાથ ભગવાનનો ૬ટ્ઠા ભવે જીવ અપરાજિત બળદેવ. એવું બીજી રાણી અનુદ્ધરાને પછીથી એકવાર સાત મહા સ્વપ્ન આવે છે, અને એનાથી સૂચવાતા વાસુદેવ-પુત્રને એ જન્મ આપે છે. તે ગણધરનો જીવ અહીં અનંતવીર્ય.

**બળદેવ-વાસુદેવનો ગાઢ પ્રેમ**

અપરાજિત બળદેવ બનવાના છે. ને અનંતવીર્ય વાસુદેવ થનાર છે. બળદેવ અને વાસુદેવ બંને ઓરમાયા ભાઇ છતાં બંનેને ગાઢ પ્રેમ હોય છે એ કુદરતની લીલા છે. એટલે તો રામ બળદેવ અને લક્ષ્મણ વાસુદેવના પ્રેમ અંગે ઇન્દ્રે પોતાની દેવસભામાં કહ્યું હતું ને કે 'રામ-લક્ષ્મણના ગાઢ પ્રેમના લીધે રામ એવા મોહમૂઢ બન્યા છે કે હનુમાનજીએ એકાએક મહારાજ્ય સમૃદ્ધિ અને વિષય વિલાસો છોડી દીક્ષા લીધી,' એ સમાચાર જાણવા પર હસે છે ! ને હનુમાનને મૂરખ કહે છે ! કેમકે





લક્ષ્મણ પરના અથાગ મોહને લીધે એમ સમજે છે કે 'આવાં મોહપાત્રો અતિશય આનંદ માટે જેને નથી મળ્યાં, એ તો બિચારા સોસાય, સીદાય, પણ જેને એ મળ્યા છે એણે શા સારુ સીદાવું ? દીક્ષામાં મહા આનંદ કરાવનારાં એ પાત્રો મળ્યા છતાં છોડી દેવાં પડે છે ને સીદાવું પડે છે. તો હાથે કરીને સીદાવાનો ધંધો થાય એવી દીક્ષા લેવી એ ગાંડપણ છે.'

ઇન્દ્ર દેવોને કહે છેઃ 'જુઓ રામચંદ્રજી ચરમશરીરી છે છતાં એમને પણ મોહ કેવો સતાવે છે કે અનંત કલ્યાણ સાધી આપનારી દીક્ષા લેવામાં ગાંડપણ સમજાવે છે.'

**અહો ! મોહ દુષ્ત્યાજ્ય છે, તેમજ જીવને બુદ્ધિમાનમાંથી નિર્બુદ્ધિ જેવો બનાવે છે !**

**બુદ્ધિનું દેવાળું ક્યાં ?**

નિર્બુદ્ધિપણું એ કે એ આત્માને મોહના પરલોકે આવતા દારુણવિપાક તરફ દ્રષ્ટિ જ ન દેવા દે. ત્યારે અહીં આમ રામચંદ્રજી બુદ્ધિમાન છતાં એવા મોહમાં પડી જાય ને દીક્ષા લેવાને ગાંડપણ કહે તો એમાં બુદ્ધિમત્તા ક્યાં રહી ? પરલોક તરફ દ્રષ્ટિ ક્યાં ગઇ ?

છતી બુદ્ધિએ બુદ્ધિનું દેવાળું આનું નામ કે 'માત્ર આ લોકની સુખ-સંપત્તિ-સગવડ-સન્માન તરફ જ જોવું ને પરલોકને ખ્યાલમાં જ ન લેવો.' પામર જીવ સંસારમાં આ બુદ્ધિના દેવાળાથી જ ભટકે છે. આશ્ચર્ય તો એ છે કે અનાર્ય મનુષ્યો અને આર્ય દેશમાં જન્મેલા પણ નાસ્તિક જીવો તો પરલોક તરફ આંખ મીંચતા હોય, પરંતુ આસ્તિક ગણાતા આર્ય મનુષ્યો ય કેટલાય પરલોક નજર સામે રાખતા નથી ! નહિતર એ વિષસમા વિષયોને અમૃત જેવા જુએ ? વાતવાતમાં કષાય કરે ? ફજુલ વાતોચીતો-કૂથલી-નિંદા-નાટક વગેરે અનર્થ દંડની પ્રવૃત્તિમાં ટેસથી પડી મહાકલ્યાણકારી સત્સંગ ભગવદ્જાપ શાસ્ત્રસ્વાધ્યાય આદિ ગુમાવે ? પરંતુ કેમ આ ચાલી પડ્યું છે ? પરલોક નજર સામે નથી, પરલોકમાં એ વિષય-કષાય-પ્રમાદનાં ભયંકર દુઃખદ વિપાક તરફ દ્રષ્ટિ નથી. વિશિષ્ટ માનવ બુદ્ધિશક્તિ મળી છતાં આમાં બુદ્ધિનું દેવાળું છે.

'રામ-લક્ષ્મણના આવા ગાઢ પ્રેમ ઉપર રામને હનુમાનની દીક્ષા સાંભળી મશ્કરી સૂઝી,' એમ ઇન્દ્ર કહે છે એના ઉપર જ દેવતા પ્રેમની પરીક્ષા કરવા ઉતર્યા, ને લક્ષ્મણની આગળ બનાવટી અંતઃપુર રોતું વિકુર્વ્યું. લક્ષ્મણ પૂછે 'અલીઓ ! શું

છે ? કેમ રુઓ છો ?' પેલી કહે: 'ખબર નથી ? રામચંદ્રજી મરી ગયા.' બસ, એટલું સાંભળતાં જ લક્ષ્મણને ત્યાં જ હૃદયઘાત થતાં મૃત્યુ થયું. દેવતા તો બિચારો ડઘાઇ જ ગયો, એને પોતે મહાન આત્માનો નાશ થવામાં નિમિત્ત થવાથી ભારે ખેદ થયો ! ને ત્યાંથી જ વિકુર્વણા સંકેલી લઇ રવાના થઇ ગયો.

દુન્યવી પ્રેમની મોંકાણ

ગાઢ પ્રેમ શું કામ કરે છે !

(૧) લક્ષ્મણનું મોત થયું ! ને-

(૨) રામ એને મરેલો માનવા તૈયાર નથી તે એની પાછળ પાગલ થઇ ગયા ! આ પ્રેમની-રાગની મોંકાણ કે એકને મૃત્યુ ! બીજાને પાગલતા ! માટે જ જ્ઞાનીઓ કહે છેઃ 'કોઇશું રાગ કરશો નહિ, માત્ર વીતરાગશું રાગ કરજો, જે દુન્યવી રાગના ફુરચા ઉડાવશે. પૂછો-

પ્ર. વીતરાગ પરનો ય રાગ મોક્ષ ન અટકાવે ?

ઉ. ના, વીતરાગ પર વધતો રાગ વીતરાગ સાથે અભેદભાવની પરાકાષ્ઠાએ પહોંચાડી વીતરાગ બનાવે છે. વીતરાગ અતિશય વહાલા કર્યા એટલે પોતાની જાત અને વીતરાગ એકરૂપ લાગે છે, વીતરાગનું સ્વરૂપ પોતાનું થઇ જાય છે.

અપરાજિત-અનંતવીર્ય બંનેને ગાઢ પ્રેમ છે. પ્રેમ કેવો ? એમના પિતા અનંતવીર્યને રાજ્યગાદીએ બેસાડે છે, છતાં મોટાભાઇ અપરાજિત એ વાતને આનંદથી વધાવી લે છે ! પ્રેમ ન હોત તો તો પોતે રાજ્યગાદીનો હક કરત.

એમના પિતા સ્તિમિતસાગર રાજાને રાજ્યગાદી અનંતવીર્ય પુત્રને સોંપી દેવાનું કેમ બન્યું ? કારણ, રાજા એકવાર અશ્વક્રીડા માટે નગર બહાર ઉદ્યાનમાં ગયા છે ત્યાં અશ્વક્રીડા કરીને હવે થાક્યા છે, એટલે ઉદ્યાનમાં જરા લટાર મારવા નીકળે છે. ત્યાં કોઇ કલ્પના નથી ને સ્વયંપ્રભ મુનિવરનાં દર્શન થાય છે. 'ભાગ્યશાળીને ભૂત રળે' એમ કહેવત છે ને ? એટલે ? ભાગ્ય જોર કરતું હોય તો કલ્પના ન હોય ને એ ભાગ્યવાનના ગુણો પર તુષ્ટમાન કોઇ ભૂત જ એને રળાવી આપે.

## 'ભાગ્યશાળીને ભૂત રળે'નો દાખલો

એક શેઠે દેરાસર બંધાવેલું ને પછી અવરનવર એમાં ભવ્ય આંગીઓ, પૂજા, ભાવના...વગેરેથી ભગવાનની ભક્તિ કરતા. નગરમાં નવા ગવૈયા આવ્યા છે તો રાખો એમનો ભક્તિ-સંગીતનો તથા પ્રભુજીને ભવ્ય અંગરચના, મંદિર શણગાર





વગેરેનો કાર્યક્રમ. મંદિરની આજે શિલાસ્થાપન-તિથિ છે, તો ભક્તિ પ્રસંગ, સાલગીરી છે તો એ, પોતાની સાલગીરી છે, બાબાની છે, બાબાની બાની સાલગીરી છે તો ભક્તિ કાર્યક્રમ, મહાન પર્વ દિવસ છે તો ય એ ભક્તિ-કાર્યક્રમ, આ બધા ભક્તિ-પ્રસંગ પાછા સાધર્મિક-ભક્તિ અને અનુકંપાદાન સાથે. શેઠ સમજતા હતા કે-

**'ધન ભગવાને આપ્યું છે, તો એ ભગવાનના ખોળે જ જાય એટલું સારું.'**

'વળી આવા અનંત ઉપકારી અનંતગુણ સંપન્ન અરિહંત ભગવાન મળે ક્યાંથી ? દુનિયાની સેવાભક્તિ બહુ કરી, બૈરાની કરી, છોકરાની કરી, પંડની કરી, પણ ભગવાનની ભક્તિ ક્યાં કરી છે ? પહેલું તો આવા ભગવાન જ નહોતા મળ્યા, ને હવે એ જો અહીં મહાભાગ્યોદયે મળી ગયા છે તો એમની ભક્તિમાં જ જીવન જાઓ, જીવનભર એમની ભક્તિ કરું. બૈરા-છોકરાની જીવનભર ભક્તિ થાય છે તો ભગવાનની ન થાય ?' શેઠ જેમ જેમ પ્રભુ-ભક્તિ કર્યે જાય છે, તેમ તેમ ભક્તિનો રંગ વધે છે.

હવે શેઠના છોકરાઓ શેઠની આ પ્રભુ-ભક્તિમાં બહુ ખર્ચ થતો જોઇ શેઠ પર ખિજાઇ કહે છે-

'શું માંડ્યું છે આ ? કેમ આટલા બધા ખરચ કરો છો ?'

શેઠ સમજાવે છે કે 'બધું પ્રભુનું આપેલું છે, એમાંથી થોડું પ્રભુની ભક્તિમાં જાય એમાં શો વાંધો ?'

સમજાવવા છતાં છોકરા સમજતા નથી. ઊલટું કહે છેઃ 'આ ઘરમાં આ નહિ ચાલે.'

પ્રભુભક્તિથી સત્ત્વશાળી બનેલા શેઠ આ શાનું સાંભળી શકે ? કહે છેઃ ''અલ્યા ! 'આ ઘર' એટલે તમારું ઘર ? રાખો તમે, મારું ઘર બીજે કરી લઇશ.''

## શેઠની સાત્ત્વિકતા

શેઠ-શેઠાણી અંતે ઘરની બહાર નીકળી જાય છે, નગરના બીજે છેડે જઇ ભાડે ઘરમાં રહે છે, અને ગોળ-મસાલાનો થેલો ફેરવી ગુજારો ઊભો કરી લે છે. પણ પોતાની રોજની પ્રભુ-ભક્તિ-સામાયિક-પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયા ચાલુ !

એમાં એક ભૂત-વ્યંતરદેવ આમને જોઇ આકર્ષિત થઇ જાય છે, તે આમનો ઉદ્ધાર કરવા વિચારે છે. એમાં એકવાર એવું બન્યું કે-

એક મહાકૃપણ વણઝારો પોઠો લઇ નગરની બહાર આવ્યો છે. એ ઘણું કમાય છે, પણ કૃપણ એવો કે ગરીબને, ભૂખે મરતા ભિખારીને એક પૈસો ય આપવાની વાત નહિ. ને ધન બહુ કમાઇ કમાઇ હીરા, માણેક, મોતીનો થેલો ભર્યો છે. તે થેલો પોતાની પાસે જ રાખે છે, રાતના સૂઇ રહે તો એના પર માથું મૂકી સૂઇ રહે છે.

ભૂતે જોયું કે 'આની પાસે આ ધનનો કોઇ અર્થ નથી, કોઇ ઉપયોગ નથી, જાત-ભોગમાં ય એ વાપરતો નથી, તેથી આને લાયક તો પેલા શેઠ છે, એમને જ આ દઇ દઉં'. તે રાતના શેઠનો મસાલાનો થેલો ભૂત ઉપાડી લાવી આ વણઝારાના માથા નીચેનો થેલો લઇ જઇને એની જગાએ મસાલાનો થેલો મૂકી દે છે. વણઝારો એ દિવસે બહુ થાકેલો. તે ઘોર ઊંઘમાં હતો, એને આ કશી ખબર પડી નહિ.

ભૂતે હીરા-માણેક-મોતી-સોનૈયાનો થેલો શેઠને ત્યાં મૂકી દીધો ! સવારે શેઠ જાગી સામાયિક-સ્વાધ્યાય-પ્રતિક્રમણાદિ ક્રિયા પતાવી મધ્યાહ્ન પ્રભુપૂજા પછી જમી કરી ફેરીએ જવા જ્યાં થેલો સંભાળે છે ત્યાં ફેરફાર જોયો. ખોલીને જોતાં ચમક્યા કે 'અરે ! આ શું ? આટલું બધું ધન કોનું અહીં આવ્યું ?'

શ્રાવિકાને કહેઃ 'આ આપણું નહિ, આપણે રાજાને સોંપી દઇએ, આના ધણીની તપાસ કરાવી એ આના ધણીને આ સોંપી દે. આપણાથી આપણી માલિકીનો નહિ એવો માલ રખાય નહિ.'

નેકી ક્યાં વસેલી છે ? ગરીબ પાસે ? કે ધનવાન પાસે ? ક્યાંય નહિ.

**ધર્મની લેશ્યાવાળા અને પાપના તીવ્ર ભયવાળા પાસે નેકી વસેલી છે.**

પછી ચાહ્ય એ ગરીબ હોય, કે તવંગર પણ હોય, પાપના ભયવાળા પાસે નેકી હોય. આ શેઠ ગરીબ થયેલા છતાં નેકીવાળા છે, કેમકે એ ધર્મની ભારોભાર લેશ્યા અને પાપના તીવ્ર ભયવાળા છે. એટલે એ આ ધન રાખી લેવા ઇચ્છતા નથી.

ત્યારે શ્રાવિકા પણ એવાં મળ્યાં છે, તે શેઠના સૂરમાં સૂર પુરાવે છેઃ 'બરાબર છે, આપણાથી એ રખાય નહિ.'

**ભૂતની અદ્રશ્ય વાણી**

ત્યાં ભૂત અદ્રશ્યપણે બોલે છેઃ 'શેઠ ! ધીરા પડો, આ ધન તમારું જ છે. તમારા ભાગ્યે આવ્યું છે. એનાથી ખૂબ ખૂબ પ્રભુ-ભક્તિ અને પુણ્યનાં કાર્ય કરો. બાકી જો રાજ-દરબારે સોંપવા લઇ જશો, તો તમારા પર જ ચોરીનો આરોપ





આવશે. ને જેલ ભેગા થશો, અને ત્યાં બધી ધર્મસાધના ગુમાવશો ને દુઃખી થશો ! તેમ શ્રાવિકા રખડી પડશે ! વળી નગરમાં ધર્મની નિંદા થશે એ જુદું ! માટે ડાહ્યા થઇ કશો બીજો વિચાર કરો નહિ. સુખેથી આ રાખી લો, ને સારાં કામ કરતા રહો !'

શેઠ અદ્રશ્યવાણી પર ગભરાયા, 'હાય ! ધર્મની નિંદા થાય ? ખેર, દૈવીવાણી છે, તો એ મુજબ ચાલવા દો.' બસ, પછી તો શેઠ પહેલાંની સુખી અવસ્થામાં કરતા એના કરતાં જોરદાર ધર્મ-પ્રભાવક સુકૃતો કરવા લાગ્યા ! તે છોકરાઓ પણ ધર્મનો ને ભાગ્યનો પ્રભાવ જોઇ ઠેકાણે આવી ગયા, માબાપને પગે પડી માફી માગીને ઘરે લઇ ગયા, ને બાપની પાછળ છોકરા પણ ધર્મિષ્ઠ અને પ્રભુ-ભક્ત બની ગયા.

**પોતે ધર્મમાં પાકી સ્થિરતા કષ્ટ વેઠીને પણ રાખે, તો બીજાને પણ ધર્મ પમાડી દે.**

ભાગ્યશાળીને ભૂત રળે, એમ અહીં આ રાજા સ્તિમિતસાગરની પોતાની કોઇ મહેનત નહિ, કોઇ ઇચ્છા નહિ, કે વિચાર પણ નહિ, ને ઉદ્યાનમાં અચાનક મહાન મુનિ સ્વયંપ્રભ મહારાજનાં દર્શન થયાં ! તે માને છે કે 'આ તો ભાગ્યશાળીને ભૂત રળી આપે એમ મને આ મુનિ દર્શન મળ્યું !'

તમને કદાચ લાગશે કે આમાં રાજા શું બહુ મોટું રળ્યો તે અહીં 'ભાગ્યશાળીને ભૂત રળે'ની કહેવત લગાવો છો ? પરંતુ આ દર્શન પર પરિણામ જોશો એટલે સમજાશે કે રાજા શું બહુ મોટું રળ્યો ? પરંતુ પહેલી વાત તો આ છે કે-

**'આ જગતમાં જિનદર્શન અને મુનિદર્શન બહુ દુર્લભ ! અને જગતની સંપત્તિઓ કરતાં બહુમૂલ્ય છે !' એ વાત દિલમાં બેસે તો જ સમ્યગ્દર્શન છે.**

મુનિ-દર્શન એ સંપત્તિ કરતાં કેમ વધુ કિંમતી ? આ વસ્તુનો ખ્યાલ નથી એટલે મનને એમ લાગે છે કે 'મુનિદર્શન મળ્યું એમાં શું બહુ રળ્યા ?' માટે પહેલું તો દિલમાં આ ઠસાવો કે-

(૧) જગતની સંપત્તિઓ દિલને શાન્તિ-ટાઢક-સ્વસ્થતા નથી આપી શકતી, જ્યારે જિનદર્શન અને મુનિદર્શને એ મલે છે.

**જિનદર્શને મહાન ઉદયના દાખલાઃ શય્યંભવ-આર્દ્રકુમાર.**

(૧) જુઓ શય્યંભવ બ્રાહ્મણને યજ્ઞ કરાવતાં યજ્ઞસ્તંભની નીચેથી જિન-

પ્રતિમા મળી, જિનદર્શન થયું, એના પર એને કોઇ અનેરો આનંદ થયો ! અનેરો પ્રકાશ મળ્યો ! યજ્ઞાદિ મિથ્યા કરણીઓ કૂચા લાગી, અને આ પરમાત્માનું તત્ત્વ સારભૂત લાગ્યું. તે પરમાત્મા તત્ત્વમાં શું ભરેલું છે, એની તીવ્ર જિજ્ઞાસામાં એ તરત મુનિઓને શોધવા નીકળ્યા, ને ક્રમે કરીને શય્યંભવમુનિ બની મહાવીર પ્રભુના પટ્ટધર શ્રી સુધર્મા ગણધરના પટ્ટધર શ્રી જંબુસ્વામીના પટ્ટધર શ્રી પ્રભવસ્વામીના પટ્ટધર ચૌદપૂર્વધર શ્રુત કેવલી શ્રી શય્યંભવસૂરિ થયા !

**જિનદર્શને જે અહીં સુધી પહોંચાડ્યા એ દુન્યવી સંપત્તિ શું પહોંચાડી શકે ?**

(૧) જિનદર્શને અનાર્ય દેશના રાજકુમાર આર્દ્રકુમાર જાગ્યા, ને રાજાશાહી વૈભવ તથા ભાવી રાજાપણું મૂકી ભાગ્યા, તે આવ્યા આર્ય દેશમાં, ને ક્રમે કરીને અવધિજ્ઞાની આર્દ્રકુમાર મહર્ષિ બન્યા !

### (૩) દેવપાલને જિનદર્શને ઉત્કૃષ્ટ લાભો

ઢોરો ચરાવનારો નોકર જંગલમાં ભેખડમાં પ્રગટ થયેલી જિનપ્રતિમાનું દર્શન પામ્યો, એને પારાવાર હર્ષ થયો, 'રોજ આનાં દર્શન-પૂજન વિના અન્નપાણી ન લઉં,' એ અભિગ્રહનું એને જોમ આવ્યું. સાત દિવસ વરસાદની હેલીમાં દર્શન ન મળતાં દર્શનની ધૂનમાં ઉપવાસ કર્યા. આઠમે દિવસે જિનદર્શન મળ્યું તો નાચ્યો ! રોતાં રોતાં પ્રભુને કહેઃ 'નાથ ! મારા દહાડા તારાં દર્શન વિના વાંઝિયા ગયા, આ રાંકને આવડી મોટી સજા ? પ્રભુ ! બીજી ગમે તે સજા કરજે, પણ તારા દર્શન, તારી ભક્તિ, ન મળવાની સજા ન કરીશ.'

ત્યાં ચક્રેશ્વરી દેવી પ્રગટ થઇ. જિન-ભક્તિના બદલામાં ગમે તે માગી લેવા આગ્રહ કરે છે ત્યારે આ જિનદર્શન-જિનભક્તિનાં બહુમૂલ્ય આંકનારો કહે છે, 'મને શું લલચાવી રહી છે ? ઐરાવણ હાથી વેચીને ગધેડો ખરીદવાનું કહી રહી છે ? મારી જિનભક્તિ એ ઐરાવણ હાથી સમાન છે, ને તું મોટાં રાજ્યપાટ ને ખજાના વગેરે આપે એ ગધેડા સમાન છે. મારે એવી ઐરાવણ વેચી ગધેડો ખરીદવાની મૂર્ખાઇ નથી કરવી. જિનભક્તિના બદલામાં તું આપી શક્તી હોય તો જિનભક્તિ એવી આપ કે કદી આ મારે સાત દિવસના ખાડા પડ્યા એ ન પડે, ને ભક્તિ વધતાં વધતાં હું પ્રભુમય થઇ જાઉં.'

બોલો, જિનદર્શન કેવું બહુમૂલ્યવાળું ! આ એમાં ક્રમે કરીને દેવપાલ (૧) એ જ નગરનો રાજા, (૨) પૂર્વ રાજાની કુંવરીનો પતિ, (૩) લોકમાં જિનભક્તિને





પ્રસરાવનારો, અને (૪) તીર્થંકર નામકર્મના પુણ્યનો ભાગી થયો ! આમ જંગલમાં મળેલું જિનદર્શન (૫) હવે એને મહાવિદેહમાં તીર્થંકર બનાવશે !

જિનદર્શનના આ પ્રભાવ આગળ જગતની સંપત્તિઓ શી વિસાતમાં ? એ શો પ્રભાવ બતાવી શકે ? જગતની સંપત્તિઓના મોહ ને એની સેવામાં પડેલા અને જિનદર્શન-ભક્તિ ગુમાવનારા બિચારા મૂર્ખ અને મૂઢ છે. એથી વધુ મૂર્ખ અને મૂઢ જિનમૂર્તિ નહિ માનનારા, નહિ પૂજનારા છે. શું ?

**સંપત્તિના મોહમાં જિનભક્તિ ગુમાવનાર મૂર્ખ ને મૂઢ છે. પણ મૂર્તિ નહિ માનનારા વધારે મૂર્ખ અને મૂઢ છે.**

### મૂર્તિ કેમ માન્ય-પૂજ્ય ?

કારણ, પેલા સંપત્તિ-લીન કે મિથ્યામાર્ગ મગ્નને બિચારાને જિનેશ્વરદેવ આરાધ્ય તરીકે મળ્યા જ નથી. એટલે સંપત્તિઓમાં કે મિથ્યાદેવમાં ભૂલા પડેલા છે, ત્યારે આને જિનેશ્વરદેવ આરાધ્ય તરીકે મળેલા છતાં એમની મૂર્તિ પર દ્વેષ કરવા જોઇએ છે. છે કોઇ અજ્ઞાનતાની હદ ?

(૧) શું આર્દ્રકુમાર, શય્યંભવ, હરિભદ્ર, દેવપાલ, વગેરેનાં જિનમૂર્તિ-દર્શન અને એના પ્રભાવની કથાઓ જોડકણાં છે, કે જિનમૂર્તિ દર્શનથી ઉન્નતિ પામેલાની બનેલી હકીકત છે ? જો સાચી બનેલ હકીકત હોય તો મૂર્તિ માન્ય-પૂજ્ય ન કરાય ?

(૨) શું હજારો લાખો વરસ જૂની પ્રતિમાઓ તીર્થો અને મંદિરો એમ જ મોજશોખ માટે જ બનાવેલી વસ્તુ છે ? કે હૃદયના સાચા શુભ ભાવથી બનાવેલી અને એનાં દર્શન-પૂજનાદિથી થતા ભવ્યોના ઉદ્ધાર અર્થે બનાવેલી વસ્તુ છે ?

(૩) શું સ્ત્રીની નગ્ન મૂર્તિ રાગ કરાવે, ને વીતરાગની મૂર્તિ વૈરાગ્ય ન કરાવે ?

(૪) શું પોતાના ગુરુના ફોટાને કોઇ પગે પડે, હાથ જોડે, હાર ચડાવે તો એ સારો માણસ ? ને જિનમૂર્તિને પગે પડનાર હાર ચડાવનાર ખોટો ?

(૫) શું નકશાથી અમેરિકા કેવો, ક્યાં આવ્યો, વગેરે આબેહૂબ નજર સામે આવે, ને જિનેશ્વર ભગવાનની મૂર્તિથી ભગવાન કેવા એ ખ્યાલમાં ન આવે ? બોલો, બોલો, આનો ઇન્કાર કરો ને ?

(૬) શું આજે પણ શંખેશ્વર ભગવાન વગેરેની મૂર્તિને માનનારા, પૂજનારા, આપત્તિમાં ગેબી સહાય પામે છે, અચિંત્ય સંપત્તિ મેળવે છે, એ બધું બોગસ ?

(૭) શું જિનદર્શને ને જિનભક્તિએ ભાવિકોને શુભ અધ્યવસાયો જાગે છે, ત્યાગ, સંયમ, દયા, વગેરેના પરિણામ વધે છે, એ નજરે દેખાય છે, એ બધું ખોટું ?

(૮) શું જિનનો નામનિક્ષેપો પૂજ્ય ? અને સ્થાપના-નિક્ષેપો પૂજ્ય નહિ ? શું જિનનું નામ રટાય એ ધર્મ ? ને જિનની મૂર્તિ ભજાય એ ધર્મ નહિ ? મૂર્તિ જો જડ પાષાણરૂપ કહો છો, તો નામ એ જડશબ્દ રૂપ નથી ?

(૯) સમવસરણમાં એક જ બાજુ જિનેશ્વર ભગવાન બેસે ને બાકીની ત્રણ દિશામાં દેવતાઓ જિનેન્દ્ર ભગવાનના આબેહૂબ બિંબ સ્થાપે, ત્રણે દિશામાંથી આવનાર એ બિંબને હાથ જોડે પ્રાર્થના કરે, શું એ બધાજ મૂરખા ?

ભૂલા પડશો નહિ. જિનમૂર્તિની અવગણના-દ્વેષ અરુચિ કરશો નહિ. જિનદર્શનને જિનભક્તિની કિંમત જરાય ઓછી આંકશો નહિ ભૂલા પડતા નહિ. કદાચ પૂછો-

પ્ર.- પણ મૂર્તિ બનાવવામાં અને પાણીથી અભિષેક કરવામાં તેમ જ પુષ્પથી પૂજવામાં હિંસા થાય છે એનું કેમ ? એવી હિંસા કરીને કરાય એ ધર્મ કહેવાય ?

ઉ.-એ હિંસા એ સ્વરૂપ હિંસા છે. સ્વરૂપમાં દેખાવમાં હિંસા ખરી, પણ એટલા પૂજાના સમય પૂરતું એ ઘર-દુકાનના મહાઆરંભ અને વિષય વિલાસોથી બચાવનાર છે, તેમ જ પરિણામે વીતરાગની માયા વધારી મહા અહિંસામાં લઇ જનાર છે. આવા મહાન લાભ આગળ એ પૃથ્વી-પાણી-વનસ્પતિની હિંસા શી વિસાતમાં ? શું ત્યારે બીજી ધર્મપ્રવૃત્તિમાં હિંસા નથી થતી ? જુઓ-

**હિંસાવાળી પણ પ્રવૃત્તિ ધર્મરૂપ હોવાના દાખલા અનેક.**

(૧) એમ તો મુનિને વહોરાવવા તપેલી ખોલે તો એમાંથી નીકળતી બાફથી વાયુકાય જીવોની હિંસા થાય છે, છતાં એ કરીને કરાતાં સુપાત્ર-દાનને ધર્મ કહીએ છીએ-પાપ નહિ.





(૨) વરસાદમાં ઘરેથી મુનિ પાસે વંદના કરવા જિનવાણી સાંભળવા જતાં પાણીની હિંસા થાય છે, છતાં એવી હિંસા કરીને પણ કરાતું મુનિવંદન-જિનવાણીશ્રવણ એ ધર્મ કર્યો કહેવાય છે, પાપ કર્યું નથી કહેવાતું.

(૩) ભૂખે મરવા પડેલી ગાયને લીલું ઘાસ ખાવા આપો કે તરસે મરતા જીવને પાણી પાઓ એમાં વનસ્પતિની અને અપ્કાય જીવની હિંસા થાય છે, છતાં હિંસા કરીને કરાતી અનુકંપા એ ધર્મ કહેવાય છે, પાપ નહિ.

(૪) લોકોને ધર્મ કરવા ધર્મસ્થાન બનાવાય એમાં ષટ્કાય જીવોની હિંસા થાય છે, તો એવી હિંસા કરીને ધર્મસ્થાન બનાવો તે ધર્મ કર્યો કહેવાય છે, પાપ કર્યું નથી કહેવાતું.

(૫) લાંબા ઉપવાસ કરાય એમાં શરીરની અંદરના કૃમિ ખોરાક વિના મરી જાય છે. છતાં એવી હિંસાવાળા ઉપવાસને ધર્મ જ કહેવાય છે. પાપ નહિ.

(૬) સાધુ વિહારમાં નદી-નાળું લાંઘે એમાં પાણીની હિંસા થાય છે, તો એવી હિંસા કરીને નદી ઊતરે છતાં એ સાધુએ ધર્મ કર્યો કહેવાય છે, પાપ નહિ. મુનિનો એ વિહાર પાપક્રિયા નથી ગણાતી.

(૭) સાધુ કદાચ કોઇક પાણીમાં પડી ગયા, કિનારે રહેલો શ્રાવક જો એમને પાણીમાંથી ઊંચકી લેવા જાય તો પાણીના અસંખ્ય જીવ મરે છે, છતાં એવી હિંસા કરીને પણ સાધુને બચાવવા એ ધર્મ ગણાય છે, પાપ નહિ.

જો આ બધે હિંસા થવા છતાં એ (૧) સુપાત્રદાન, (૨) જિનવાણી શ્રવણ (૩) સાધુવંદનાર્થે ગમન (૪) ધર્મસ્થાનનિર્માણ. (૫) તપસ્યા (૬) સાધ્વાચાર પાલન અને (૭) સાધુ રક્ષા એ ધર્મ છે, તો પછી જિનમૂર્તિ પૂજન એ ધર્મ કેમ નહિ ? એમાં પાપ કઇ જીભે બોલાય ?

**જિનમૂર્તિ એ સ્થાપનાથી જિન જ છે. માટે એનાં દર્શન એ જિનદર્શન છે. જિનદર્શન એ મહામંગળ છે. એનો પ્રભાવ અલૌકિક છે. એની આગળ દુન્યવી મહાસંપત્તિ અને ચિંતામણિ-રત્ન પણ વિસાતમાં નથી.**

**જે મહાલાભ ચિંતામણિ અને સંપત્તિઓ ન આપી શકે, એ જિનદર્શનાદિ આપે છે.**

**મુનિદર્શન પણ પ્રભાવવંતુ :**

સદ્ગતિ અને સદ્ગતિ દ્વારા થતા લાભો કોણ આપે છે ? જિનદર્શન આદિ જ આપી શકે છે, ચિંતામણિ આદિ નહિ.

એમ મુનિદર્શન પણ મહા પ્રભાવવંતુ છે. મુનિનાં દર્શન, મુનિ ધર્મમય હોવાથી ધર્મ તરફ દ્રષ્ટિ જાય છે, ને એથી મુનિ પર બહુમાન સ્ફુરે છે. પછી વંદન કરો એટલે મહાન લાભ, એમની ઉપાસના કરો, એમની વાણી સાંભળો એમાં ઓર મહાલાભ ! આ બધા લાભને પણ દુન્યવી સંપત્તિ ન આપી શકે. પૂર્વના અનેકાનેક દાખલા મળશે જેમાં મુનિદર્શને એમના ઉદ્ધાર થઇ ગયા.

એટલે જ દુન્યવી મહાસંપત્તિઓ કરતાં પણ અતિ કિંમતી ગણાય એવું મુનિદર્શન મલતાં ચમકારો સંભ્રમ કેમ ન થાય ? એ મુનિદર્શન જો અચાનક મળી જાય તો એમાં 'ભાગ્યશાળીને ભૂત રળે' એ ન્યાય કેમ લાગુ ન પડે ?

રાજા સ્તિમિતસાગર અશ્વક્રીડાએ ગયેલા, ને ઉદ્યાનની શોભા જોવા નીકળી પડેલા. મુનિદર્શનની કશી ઇચ્છા કે કલ્પના નહોતી ને અચાનક ત્યાં સ્વયંપ્રભુ મુનિનાં દર્શન થયાં ! એ માટેની કશી મહેનત નહિ, ને એ મળી ગયા ! રાજાને ખૂબ આનંદ થયો, હૈયું હરખથી વિકસ્વર થયું, પાસે જઇને મુનિને વંદન કરે છે, ને મુનિની સામે વિનયથી બેસે છે. મુનિ એને યોગ્ય આત્મા જાણી ઉપદેશ કરે છે.

**રાજાને મુનિનો ઉપદેશ :**

''હે મહાનુભાવ ! **આપણો જીવ ઠેઠ એકેન્દ્રિયપણામાંથી યુગના યુગો વીત્યે ઊંચે ચડતો ચડતો આવા અતિ દુર્લભ આર્યમાનવ અવતારે આવ્યો છે. એ હવે પાછો એકેન્દ્રિયપણા આદિમાં જઇ પડવા માટે નહિ, એ ન ભૂલશો.** ઇન્દ્રિયોના વિષયો, હિંસાદિ પાપો અને ક્રોધાદિ કષાયો સારા પણ જીવને નીચે ઠેઠ એકેન્દ્રિયપણામાં સીધા જ પટકી દે છે. જો એ વિષય-કષાયો તથા પાપો ઊંચે ચડાવનારા અને તારનારા હોય તો તો સઘળાય જીવો ઊંચે ચડીને આ વિરાટ ભવસાગર તરી ગયા હોત. પણ એવું નથી. એટલે એ રમત તો ઠેઠ નીચે એકેન્દ્રિયપણા સુધીની યોનિમાં પાડનારી જ છે, માટે આ ઉચ્ચ જીવનમાં એનો ત્યાગ કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરી લેવી એ જ હિતાવહ છે, એ જ ઉચ્ચ જીવનને યોગ્ય ઉચ્ચ કર્તવ્ય છે.''





રાજા અશ્વક્રીડાની મોજ માટે આવેલો, ને ક્રીડા કરી આનંદિત થયેલો. એ આ સાંભળીને વિચારમાં પડી ગયો, એના મનને થયું-

**રાજાની વૈરાગ્ય ભાવના :-**

અરે ! ક્યાં મારી આ તુચ્છ આનંદની ક્રીડામાં અટવાઇ જવું ? ને ક્યાં મુનિના ઉપદેશાનુસાર મારા આત્માનું ઠેઠ એકેન્દ્રિયપણામાંથી અથડાતાં કૂટાતાં ઊંચે ચડવામાં યુગો વીત્યે અહીં આવવું ? અશ્વક્રીડાનો આનંદ શું, કે બીજાનો આનંદ શું, એ આ ટૂંકાશા જીવનમાં પણ જીવનભરનો આનંદ નહિ, તો પરલોક માટે તો એ શાનો ય હોય ? એની રમતમાં હું આ કટોકટીના જનમને હોડમાં મૂકી રહ્યો છું ? તુચ્છ વિષય વિલાસના આનંદમાં જનમ તો જોતજોતામાં પૂરો થઇ જશે. બાળપણું-કુમારપણું-યુવાનપણું વીતી જતાં શી વાર લાગી ? જોતજોતામાં વીતી ગયા, તો આ પ્રૌઢપણું અને શેષ જન્મ પસાર થઇ જતાં શી વાર લાગવાની હતી ? તો આ ઉચ્ચ જનમને જ યોગ્ય જે ઉચ્ચ કર્તવ્ય છે, તે ક્યારે કરીશ ? ઊઠ, ભાઇ ! ઊઠ, કરવા યોગ્ય સાધી લે.'

**અમિતતેજની સંયમ માટે તૈયારી :-**

મુનિને રાજા કહે છે, 'ભગવંત ! આપે ખરેખરો ઉપદેશ આપ્યો ! વિષયોમાં અંધ બનેલા મારી આંખો ખોલી નાખી ! સારું થયું. આપ અહીં પધાર્યા, આપે મારા જેવા અભાગિયાને આપના દર્શન અને ઉપદેશથી સૌભાગી બનાવ્યો. આપના ઉપદેશાનુસાર હવે હું વિષય-વિલાસાદિ પાપથી ભરેલા આ સંસારનો ત્યાગ કરી દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના કરી લેવા ઇચ્છું છું. આપ જરા અહીં રોકાઓ, રાજ્ય-વ્યવસ્થા પુત્રોને ભળાવી દઇ જિનેન્દ્રભક્તિ-મહોત્સવ તથા મહાદાન વગેરે ઉચિત કરણી કરીને આપનાં ચરણોમાં ચારિત્ર લેવા આવું છું.'

**મુનિની દેશના કેમ હૃદયના અંતસ્તલે નથી પહોંચતી ?**

મુનિના ઉપદેશના એક જ વારના શ્રવણમાં રાજા સ્તિમિતસાગરમાં આટલો મોટો પલટો ? હા, એનું કારણ છે, મુનિની વાણીને હૃદયના ઠેઠ અંતસ્તલ સુધી ઉતારી દીધી. આપણને સમસમતી અને ધમધમતી પણ ધર્મદેશના એવી અસર ન કરતી હોય, ને બેઠા ત્યાંથી ઊભા ન કરી દેતી હોય, તો એનું

કારણ આ છે કે વાણી હૃદયના અંતસ્તલ સુધી પહોંચતી નથી. નહિતર એ આપણને ઊભા કરી દીધા વિના રહે ?

પ્ર.-આવી સારી પણ વાણી કેમ હૈયાના અંતસ્તલ સુધી નહિ પહોંચતી હોય?

ઉ.-એનું કારણ કે હૈયાના અંતસ્તલ સુધી વિષય રાગ એવો પહોંચીને જામ થઇ બેઠો છે કે ત્યાં ધર્મ-વાણી-તત્ત્વવાણીને ઊતરવા જગા જ નથી. ત્યારે પૂછો-

પ્ર.-શું રાજાને વિષયરાગ અંતસ્તલમાં નહોતો ભરાઇ બેઠો ? તો એમને કેમ વાણી ત્યાં ઊતરી ગઇ ?

ઉ.-વાત સાચી. રાજાને હૈયાના અંતસ્તલમાં વિષયરાગ બેઠો હતો, પરંતુ એવો જામ થઇ ગયેલો નહિ કે બીજું સારું જાણવા સાંભળવા મળે તો એ વિષયરાગ એને અંતરમાં પેસવા જ ન દે, એ વિષયરાગ હચમચવા જ તૈયાર નહિ. તમારે તો વિષયરાગ એવો દૃઢ રાખવાનો નિર્ધાર છે કે સામે ગમે તેવું ધર્મશ્રવણ આવો, કે વિષયોની અતિ ભયંકરતાનાં દર્શન આવો, તો પણ એ વિષયરાગ નહિ છોડવાની જાણે પ્રતિજ્ઞા છે !

**વિષયરાગ નહિ છોડવાનો નિર્ધાર હોય, એને ઉપદેશ અસર ન કરેઃ**

'મહારાજ તો આવો જ ઉપદેશ આપે, એ તો કહે બધું છોડો, એ કહેવાનો એમનો ધર્મ છે, પણ આપણે બધું જોવું જોઇએ. એમ કાંઇ સાહસ ન કરાય !' આ તમારી મનોવૃત્તિ શું સૂચવે છે ? વિષય રાગનું જામપણું. 'કાળ ભલે જીવન પૂરું કરાવી નાખે, ને ભલે એ આ જનમ ને વિષયો છોડાવી દે, પણ આપણાથી જાતે વિષયો ન છોડાય'-કેવી કરુણ દશા ! કેવું મહા અજ્ઞાન ! **આશ્ચર્ય છે કે અજ્ઞાનીને જનમ એકાએક પૂરો થઇ જાય એ સાહસ નથી લાગતું પણ વિષયોનો એકાએક ત્યાગ કરવો એ સાહસ લાગે છે !**

**એકાએક મૃત્યુ એ સાહસ નહિ, ને એકાએક ત્યાગ એ સાહસ ?**

તો જ્યાં સુધી હૃદયના અંતસ્તલમાં વિષયરાગની આ જામ દશા બેઠી હોય. ત્યાં સુધી સારામાં સારો પણ ઉપદેશ અંતસ્તલમાં ઊતરી એને હચમચાવી ન મૂકે એટલે હવે સમજાશે કે ઉપદેશ એક વારનો નહિ પણ વર્ષોના વર્ષો સાંભળવા છતાં





કેમ આ રાજા સ્તિમિતસાગર જેવી આંખ ખૂલતી નથી ? હૃદયની તળસપાટી પર વિષયરાગ જામ બેઠો છે, એટલે ઉપદેશ ઉપર ઉપરથી આવીને ચાલ્યો જાય છે, જીવને બેઠો ત્યાંથી ઊભો નથી કરી દેતો.

વિચારવું તો આ જોઇએ છે કે-

'વિષયો ને પૈસા પરિવાર, સુખસામગ્રીને ઠેઠ મૃત્યુ સુધી સાચવવાનું તો અનંતા જન્મારા કર્યું, છતાં તે એમ સાચવીને જાતે એ ન છોડ્યા તો મૃત્યુએ એ છોડાવ્યા ! તો 'હું તો એમ સાહસ આંધળિયા કરીને વિષયો ન મૂકું,' એમાં મારી હોશિયારી ક્યાં રહી ? એ તો-

**મૃત્યુએ વિષયો મુકાવવામાં વિલંબ કર્યો તો જ મારાથી એ સાચવી રખાયા, એટલે હોશિયારી મૃત્યુની થઇ, મારી નહિ.**

નહિતર, નથી ને જો એકાએક મૃત્યુ આવી ગયું તો સાચવવાની હોશિયારી ધૂળમાં મળે છે ને ? તો શા સારુ અહીં પકડ રાખીને બેઠો છે કે 'મહારાજ તો છોડવાનું કહે, એમનો ધર્મ છે, પણ આપણે બધું જોવું જોઇએ, જોઇ વિચારી પગલું માંડવું જોઇએ ?'

બધું જોવાની તારી શી ગુંજાયશ છે ?

જોઇ વિચારી પગલું માંડવાનું ક્યું તારા હાથમાં છે ?

**ધર્મ ન કરવા એની સામે ગમે તેટલું જોતો વિચારતો બેસે, પણ કર્મની એક લપડાક બસ છે.**

**કર્મોદય બધું તારું જોયું વિચાર્યું હતું ન હતું કરી નાખે !**

વાત આ છે-પૂર્વના મોટા રાજાઓને પણ હૈયાના અંતસ્તલ સુધી વિષયરાગ તો હતા પરંતુ રાગની એવી પકડ નહોતી કે 'મહારાજ તો ઉપદેશ દે, પણ આપણે આ કાંઇ છોડવાનું સાહસ કરવાનું નહિ,' આવી પકડ નહોતી એટલે અવસરે યોગ્ય ઉપદેશ મળી જતાં એ સંસારમાંથી ઊભા થઇ જતા.

અરે ! ઉપદેશ શું, એ ન ય મળ્યો હોય તો પણ કોઇ એવી અકસ્માત ઘટના જોવા મળે તો ય તે ઊભા થઇ જતા ! કેમકે વિષયરાગની પકડ નહોતી.

દા.ત.

**દા.ત. વિષયરાગની પકડ નહિ માટે અકસ્માત ઘટના જોતાં થયેલ**

**વિવિધ વૈરાગ્ય ભાવોના દાખલા :**

**(૧) સમરાદિત્ય** કેવલીનો જીવ. પહેલા ભવમાં રાજા ગુણસેન એકવાર ઝરૂખે કોઇની સ્મશાનયાત્રા જુએ છે, ને એ જોતાં વિચારે છે કે-

**''અહો ! આ જમરાજની વિજય યાત્રા કેવી મોટા સુરેન્દ્રો ઉપર પણ પ્રવર્તે છે ! તો હું શું જોઇને ભરોસે બેઠો છું ? જમરાજની યાત્રા કોને ખબર મારા પર ક્યારે વિજય નહિ જમાવે ? એ પહેલાં જિનવચન આરાધી લઉં. કેમકે અપાર સંસારસાગરમાં જિનવચન પામવું અતિ દુર્લભ, તે અહીં મળી ગયું છે, પરંતુ મૃત્યુ થતાં એ ખોવાઇ જશે.''**

બસ, આટલા વિચારે કોઇની સ્મશાનયાત્રાની ઘટના જોતાં બેઠા ત્યાંથી ઊભા થઇ ગયા ! ત્યારે-

**(૨) હનુમાનજી** મેરુ પરના ચૈત્યની યાત્રા કરી નીચે સપાટાબંધ ઊતરતાં સૂર્યની મધ્યાહ્‌ન, અપરાહ્‌ન, અસ્ત વગેરે અવસ્થાઓના એકાએક પલટા જોતાં વિચારે છે કે-

''અહો ! આવા મહા પ્રતાપી સૂર્યના પણ પ્રકાશની આવી ઝટપટ પલટાતી અવસ્થાઓ છે. તો મારા જીવનમાં પણ પલટા લેતી વયની અવસ્થાઓમાં મૃત્યુ અવસ્થા આવતાં શી વાર ? તો હું શું જોઇને આ જીવનમાં જ સાધી શકાય એવી ચારિત્ર સાધના વિના જીવન વિષયોની ધૂળમાં ઢોળી રહ્યો છું ?''

બસ, સૂર્યપ્રકાશની પલટાતી ઘટના જોવા પર હનુમાનજી તરત ઊઠ્યા ને ચારિત્ર લઇ લીધું !

**(૩) લવણ અને અંકુશ,** રામચંદ્રજીના બે પુત્રો કાકા લક્ષ્મણનું એકાએક મૃત્યુ અને પિતા રામચંદ્રજીનું એના પર એકાએક ગાંડપણ, એ અકસ્માત ઘટના જોતાં વિચારે છે કે-

''અહો ! કશું ધારેલું નહિ, સ્વપ્નામાં ય કલ્પના નહિ, ને કાકા એકાએક ગુજરી ગયા, પિતાજી એવા પાગલ થઇ ગયા છે કે સામાન્ય માણસ પણ કાકાને મરેલા સમજે છે, ને આ મહાબુદ્ધિનિધાન પિતાજી ભાઇનું મૃત્યુ થયું માનવા તૈયાર નથી !! તે મૃત્યુ થયેલું કહેનાર મોટા વૈદ્યોને પણ ધમકાવે છે. 'જો આવું બધું અકલ્પ્ય અણચિંત્યુ ને ન માન્યામાં આવે એવું એકાએક બની આવે તો અમારી શી દશા ? અમારા આત્માને પણ ક્યારે શું થાય શું કહેવાય ? ને એવું કાંઇક આવી પડે, તો શું અમારે ચારિત્ર વિના મરવું ? ના, ચેતો, ઊઠો, છોડો સંસાર.''





બાહ્ય ઘટના જોવા માત્ર પર એ બેઠા ત્યાંથી ઊઠ્યા, ને ચાલ્યા ચારિત્ર લેવા ! રામ-લક્ષ્મણની પછી લવણ-અંકુશના માથે આવી પડેલી મોટા રાજ્યને સંભાળવાની જવાબદારી ય એમણે ન ઉપાડી ! ને મોટા રાજા થવાનો લોભે ય ન કર્યો !

**(૪) સુકોશલ રાજા** મહેલના ઝરૂખેથી એકવાર જુએ છે કે એક મુનિને સિપાઇઓ નગરના દરવાજામાંથી બહાર કાઢે છે. કુમારને એ જોઇને એમ થાય છે કે 'મુનિને તો અંદર લાવવાના ને આદર બતાવવાનો હોય ? કે બહાર ધકેલવાનું કરાય ? કે અપમાન કરાય ? એ પછી રાતી ધાવમાતા પાસેથી આનો ખુલાસો સાંભળી જુએ છે કે-

'આ તો માતાનો પેંતરો છે. પિતા-મુનિ અહીં આવે તો કદાચ હું પ્રતિબોધ પામી એમની સાથે ચાલ્યો જાઉં તો ? એ ડરથી સાધુ સંન્યાસી માત્રને નગરમાં ન પેસવા દેવા એવી માતાએ ગોઠવણ કરી છે. એટલે આ સિપાઇઓ આવી રીતે મારા પિતા મુનિને જ બહાર ધકેલી રહ્યા છે ! તો આ સંસારની માયા કેટલી ખતરનાક કે જ્યાં પત્ની પુત્રના મોહમાં પોતાના પતિને જ ધકેલે-ધૂત્કારે ! ધિક્કાર છે આવી સંસાર માયાને ! ઊઠ જીવ ઊઠ, છોડ આ ગોઝારી સંસારમાયા.'

બસ, સુકોશલ માતાથી કરાતી પિતાની આ અવહેલનાની ઘટના જોવા પર જાતે ઊભા થઇ ગયા ! અને બહાર જઇ પિતા મુનિ પાસે દીક્ષા લઇ ચાલ્યા એમની સાથે !

**(૫) બાહુબલજી** ભરત સામે બધી લડાઇમાં જીતેલા, છતાં ભરતે અન્યાયી યુદ્ધ કરી ચક્ર છોડયું. અલબત બાહુબલને પહેલાં તો ગુસ્સો આવ્યો, ને મુઠ્ઠી ઉપાડી ભરતને મારવા દોડ્યા, પણ અધરસ્તે વિચાર આવ્યો કે,

'હું ભગવાન ઋષભદેવનો દીકરો ને રાજ્યના ટુકડા ખાતર મોટા ભાઇની હત્યા કરનારો બનું ? ને સંસાર કેવો ગોઝારો છે, એ ભરતના દાખલાથી દેખાઇ આવે છે, કે એને ચક્રવર્તીપણાના સંસારના લોભમાં ચક્રથી મારું ગળું છેદી નાખવાનું મન થયું ! ધિક્કાર હો આવા સંસારને ! મારે એનો ત્યાગ અને સંયમનો સ્વીકાર હો !'

આમ ભરતના દાખલાથી પોતે વૈરાગ્ય પામી ગયા ! ભરતે અન્યાયી પગલું ન લીધું ત્યાં સુધી બાહુબલજીમાં કોઇ સંસાર-ત્યાગની તૈયારી નહોતી, પણ ભરતની આ અકસ્માત ઘટના જોતાં જ બાહુબલજીને વૈરાગ્ય ઝગમગી ઊઠ્યો ! તે એટલે

સુધી કે ત્યાં ને ત્યાં જ યુદ્ધભૂમિ પર ચારિત્ર તરત લઇ લીધું !!!

(૬) **પ્રભવચોર** જંબુકુમારને ત્યાં ચોરી કરવા ગયેલ, ને ત્યાં જંબુકુમાર આઠ નવોઢા પત્નીઓને પ્રતિબોધી પોતાની સાથે દીક્ષા લેવા તૈયાર કરી દેતાં જોઇ વિચારે છે-

'અહો ! આ હું અહીં થોડી રકમની લાલચે ચોરી કરવા આવ્યો છું, ને આ જંબુકુમાર નવાણું ક્રોડ સોનૈયાને લાત મારી સંસાર-ત્યાગ કરવા ઇચ્છે છે ! તો એને કેટકેટલો ધન્યવાદ છે ! ક્યાં આવી મહાસંપત્તિના ત્યાગની શૂરવીરતા ? ને ક્યાં મારી તુચ્છ રકમની લંપટતા કરવાની કાયરતા ? આ વળી સાથે દેવાંગનાસમી રમણીઓનો ય ત્યાગ કરવા સજ્જ થાય છે, ત્યારે મને કઇ એવી એક પણ દેવાંગનાશી મળી છે, કે હું વિષય-લંપટ બન્યો રહ્યો છું ? કેવી આની પ્રાજ્ઞતા ! ને કેવી મારી મૂઢતા-મૂર્ખતા !'

બસ, આ પ્રભવ જંબુકુમારના ત્યાગની ઘટના જોતાં બૂઝી ગયો ને જંબુકુમારની હારોહાર પોતાના પાંચસો સાગ્રીતોની સાથે ચારિત્ર લેવા તૈયાર થઇ ગયો !

(૭) **કાર્તિક શેઠ-થાવચ્ચાપુત્ર...વગેરેના મહાત્યાગ જોઇ સાથે એકેકે હજારને વૈરાગ્ય :** આવા બીજા તો અનેક દાખલા, કે જ્યાં એમાં મહાશ્રીમંત શેઠ-શાહુકાર અને રાજા મહારાજાના મહાવૈભવના ત્યાગ જોઇ એ ઘટના પર કેટલાય ભવ્યાત્માઓ પ્રતિબોધ પામી ગયા ! કોઇકની મહાત્યાગની ઘટના નહોતી જોઇ ત્યાં સુધી કશી સંસાર-ત્યાગની ભાવાના નહિ ને એ ઘટના જોતાં જ ભવ્યજીવો બેઠા ત્યાંથી ઊભા થઇ ગયા ! કાર્તિકશેઠ થાવચ્ચાપુત્ર, શાંતિનાથ-કુથુંનાથ અરનાથ-ચક્રવર્તી વગેરેના મહાત્યાગ જોઇ એકેક હજાર માણસો ચારિત્ર લેવા તૈયાર થઇ ગયા !

(૮) **વાલીરાજા** લડવા આવેલા અભિમાની રાવણરાજાને જીતી લીધા પછી રાવણને શિખામણ દે છે,-'મહાનુભાવ ! આ તું તારા બળ અને ચંદ્રહાસ ખડ્ગના પુણ્યના ભરોસે લડવા દોડ્યો, પણ એ પુણ્યે તને કેવો દગો દીધો ! પુણ્યના ભરોસે ન રહ્યો હોત ને સ્વામી થવા લડવા ન આવ્યો હોત, અને મિત્રાચારીના સંબંધથી સંતોષ માન્યો હોત, તો તારી આ નાલેશી ન થાત. આટલા બધા તારા આજ્ઞાંકિત વિદ્યાધર ને બીજા રાજાઓ તથા આવડું મોટું તારું લશ્કર, એમની સમક્ષમાં આ તારો પરાજય એ ઓછી નાલેશી છે ? વિશ્વાસઘાતક પુણ્યનો ભરોસો રાખી ચાલવાનું આ ફળ છે.'





**વિજેતા વાલીરાજાની ભવ્ય વૈરાગ્ય-ભાવના :-**

રાવણને વાલીએ શિખામણ તો દીધી, પરંતુ પછી એ રાવણની એ પરાજયની ઘટના પર પોતે સજાગ થઇ જાય છે, વિચારે છે કે-

'અહો ! આ સંસાર કેવો દુઃખદ છે કે જીવોને આમ પુણ્યના ભરોસે રાખી ઠગે છે ! પાપારંભોમાં મશગૂલ રાખી એકાએક મોંઘેરી માનવ-જિંદગી કશી આત્મહિતની સાધના કર્યા વિના એકાએક પૂરી કરાવી દે છે ! હું પુણ્યથી રાવણના ઠગાવાને શું રોઉં ? હું પણ ક્યાં પુણ્યના ભરોસે નથી બેઠો ? તે હું નહિ ઠગાઉં ? રાજ્ય-સંપત્તિ-બળ અને આયુષ્યના પુણ્યના ભરોસે બેસી રહેલો હું કેવો મૂર્ખ છું ! આ પુણ્યના ભરોસે મારા આત્મહિતની સાધના કેમ વિસારી રહ્યો છું ? ઊઠ, જીવ ! ઉઠ. મારે આજે જ સંસારનો ત્યાગ.'

રાવણની હારની ઘટના પર વિજેતા વાલીનો કેવો એકાએક મહાવૈરાગ્ય ! અને સંસાર-ત્યાગ !

વાત આ છે કે અલબત્ત, એ ભવ્યાત્માએ બહારમાં બીજાનાં જીવનમાં ઘટના બનતી જોવા ન મળી ત્યાં સુધી રાગમાં બેઠેલા હતા, પરંતુ એમને રાગની એવી પકડ નહોતી, એટલે એમને અકસ્માત અદ્ભુત ઘટના જોતાં રાગમાંથી ઊભા થઇ જતાં વાર ન લાગી એમ, ઉપદેશ સુણનારા પણ રાગની પકડવાલા નહિ તે ઉપદેશ સાંભળી ઝટ ઊભા થઇ ગયા.

રાજા સ્તિમિતસાગર સ્વયંપ્રભ મુનિનો ઉપદેશ સાંભળીને વિરક્ત બની ચારિત્ર લેવા સજ્જ બની ગયા. એ ચાહીને ધર્મભાવના લઇને ગયા નહોતા, કે ચાહીને મુનિનું સાંભળવા ગયા નહોતા. એ તો આનંદ-મોજ માટે ઘોડો ખેલાવવા ગયા હતા, છતાં અચાનક ત્યાં મુનિ-દર્શન પામ્યા, મુનિની દેશના મળી, અને બેઠા ત્યાંથી ઊભા થઇ ગયા, ચારિત્ર લેવા તૈયાર થઇ ગયા ! મુનિદર્શન કેવુંક કામ કરે છે !

**સાધુસમાગમનું મહત્ત્વ :**

'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' નામના શાસ્ત્રમાં સાધુના સમાગમનું આ ફળ બતાવ્યું છે કે **'ઉપદેશઃ શુભો નિત્યં, દર્શન, ધર્મચારિણામ્'** અર્થાત્ સાધુ-સમાગમ કરો તો શુભ આત્મહિતકારી ઉપદેશ મળે, અને ધર્મમય જીવન જીવનારનાં પાવન દર્શન મળે. સાધુના સત્સંગમાં આવો, દુન્યવી માણસોના ગમે તેટલા સમાગમ કરો, આ ન મળે ત્યારે માનવ જીવનમાં પોતાના આત્માને હિતકારી ઉપદેશની

કેટલી બધી જરૂર છે ! દુનિયાના માણસ દુનિયાની વાતો કરે. દુન્યવી પદાર્થનું સંભળાવ્યા કરે, પણ એ બધું દેહને લગતું, એટલે માત્ર આ જીવનને ઉપયોગી. કિન્તુ એમાં આત્માનું શું સાધે ? પરલોક ઉપયોગી શું મળે ? એ તો સાધુ-સમાગમમાં મળે. આજના વિકસી ઊઠેલા જડવાદના યુગમાં સાધુ-સમાગમ બહુ જ જરૂરી છે. કેમકે એ સિવાય તો જ્યાં જાઓ ત્યાં એકલી જડની જ વાતો મળે છે. કોઇ આત્માને સંભારતું જ નથી કે આત્માના હિતની, પરલોક હિતની વાત જ નથી કરતું !

**ચારે કોરના જડની વાતોના વાતાવરણથી માનસિક સ્થિતિ જુઓ તો આ જ દેખાશે કે મનમાં જડના જ વિચારો પ્રસરી રહેલા છે.**

**ફરિયાદ કરાય છે કે-**

પ્ર. એક માત્ર પ્રભુનાં દર્શન વખતે પણ કેમ ચિત્ત ચોંટતું નથી ? કેમ બીજા-ત્રીજા વિચાર આવે છે ?

ઉ. પણ કેમ ન આવે ? પ્રભુનાં દર્શન સિવાય આખો દિવસ કાન પર શું અથડાયા કરે છે ? ભૌતિક જ વાતો ને ? નિકટમાં નિકટનાં સગાં પણ આ જ સંભળાવે છે ને ? દા.ત. જમતાં કોણ કહે છે કે 'જરા સંભાળજો, ખાનપાન પર બહુ રાગ ન થઇ જાય.' કોઇ જ નહિ. એ તો એમ સાંભળવા મળે કે 'જુઓ, આ વસ્તુ બહુ સારી બનાવી છે, જરા શાંતિથી જમો, શરીરને સારો ગુણ થાય.' તો સાધુ પાસે જાઓ તો સાંભળવા મલે કે 'સારાં ખાનપાનના રાગ અનંતકાળ કર્યા, ને પરિણામે કીડાકીડી કે વનસ્પતિ જેવા ભવોમાં ભટકી એક જ કામ રાખ્યું-'સારું ખાઉં !' જેવા ભાવ તેવો ભવ મળે. માટે અહીં હવે આવો સારો અવતાર મળ્યો છે તો ખાનપાનના રાગને દબાવો, જેથી પરલોક ન બગડે, ને અહીં પણ ધર્મ-અવસરેય ધર્મને બદલે ખાનપાન મુખ્ય ન થઇ જાય.

દા.ત. જુઓ પૂજા અને જમણનો પ્રસંગ રાખ્યો હોય તો પૂજામાં રસ કેટલો ? ને જમણમાં રસ કેટલો ? વાતો ટેસથી શાની ચાલે ? પૂજાના ભાવની ? કે જમણના પદાર્થોની ? પૂજામાં માણસો કેટલા ? કેમ ડિંડવાણું ચાલે છે ?

માનસિક સૃષ્ટિમાં ભૌતિકતા વ્યાપી ગઇ છે ને એનું કારણ ચારેકોર જડની જ વાતો મળે છે. એટલે

**ખોટા વિચારોથી બચવા માનસક્ષેત્રમાંથી ભૌતિકતા કાઢી નાખો, એ**





**માટે જડની વાતોના વાતાવરણથી દૂર રહો, ને સાધુસમાગમ બહુ સાધો.**

બચાવનાર આત્મિક વાતો ને આત્મહિતની વાતો કરનાર સાધુ-સમાગમ છે. એ જેને નથી ખપતો, એમના જીવનમાં જુઓ, સરિયામ આ જીવનની જ અને જડ જડ ને જડની જ વાતો વ્યાપી ગયેલી દેખાશે. આત્માનો, પરલોકનો, પુણ્ય-પાપનો ને પરમાત્માનો કશો વિચાર જ નહિ, કશી વાત જ નહિ !

ત્યારે પૂર્વે ભવ્યાત્માઓ ઊંચે આવ્યા, પુરુષમાંથી મહાપુરુષ બન્યા, એની પાછળ પ્રભાવ જુઓ તો મોટા ભાગે સાધુ-સમાગમનો જ પ્રભાવ દેખાશે.

**સંતસમાગમે પુરુષમાંથી મહાપુરુષ બનાય.**

(૧) રોહિણિયા ચોરને દેશના દેતા મહાવીર ભગવાનની નિકટમાંથી જવા જેટલો અને પ્રભુનાં ત્રણ જ વચન સાંભળવા જેટલો સંતસમાગમ મળ્યો તો, છતાં એના પર અવસર આવ્યે એ ચોર મટી માત્ર શાહુકાર નહિ કિન્તુ સંસારત્યાગી સાધુ બની ગયો !

(૨) મોગલ સમ્રાટ્ અકબર જગદ્ગુરુ શ્રી હીરસૂરિજી મહારાજના સમાગમથી ક્રૂર, ઘાતકી ને નિર્દય મટી મહાદયાળુ ને પોતાના મહા સામ્રાજ્યમાં વર્ષમાં છ મહિના અમારિને-અર્થાત્ અહિંસાને પ્રવર્તાવનારો બની ગયો.

(૩) ઘોર હત્યાના પાપથી ખિન્ન થઇ આપઘાત કરવા જતા એ દ્રઢ પ્રહારીને રસ્તામાં સાધુ-સમાગમ થઇ ગયો, તો એમના ઉપદેશથી મહાતપસ્વી ઘોર અભિગ્રહધારી મહાત્મા દ્રઢ પ્રહારી બની ગયો.

(૪) યજ્ઞ-યાગ વગેરે મિથ્યા ધર્મની ક્રિયા કરાવતા ઇન્દ્રભૂતિ ગૌતમ સર્વજ્ઞપણાના અભિમાનમાં ચડેલા હતા, પણ પરમમુનિ મહાવીર પ્રભુનો, ભલે વાદ કરવાના નિમિત્તે પણ સમાગમ મળ્યો તો દ્વાદશાંગીના રચયિતા ગણધર ભગવાન ગૌતમસ્વામીજી બની ગયા !

આજે પણ હજારો આત્માઓ સાધુ-સમાગમ પામીને જીવન સુધારનારા બની ગયા છે, પુરુષમાંથી મહાપુરુષ બનેલા છે.

રાજા સ્તિમિતસાગરને ય અશ્વક્રીડા બાદ અચાનક સાધુ-સમાગમ મળી ગયો, તો હવે એ સંસારત્યાગ કરી સંયમ લેવા તૈયાર થઇ ગયા છે. મુનિદર્શન શું કામ કરે છે ! રાજા નગરમાં જઇ પુત્રો અપરાજિત અને અનંતવીર્ય વગેરે કુટુંબને પોતાની ભાવના અને નિર્ણય જણાવી કહે છે કે 'વત્સ, હવે તમે રાજ્યભાર સંભાળી લો એટલે હું ચારિત્ર લઇ લઉં.'

## પિતા-પુત્રોનો ચારિત્ર લેવા ન લેવા અંગે સંવાદ

દીકરા ક્યાં એવા રાજ્યના લોભિયા હતા ? કે જવાબમાં કહે, 'ભલે બાપુજી તમને સુખ ઉપજે એમ કરો !' એ તો કહે છેઃ 'પિતાજી ! આ શું ! હમણાં તો આપણે અશ્વક્રીડાએ ગયેલા, ને એટલામાં સંસાર ત્યાગની વાત ?'

રાજા કહેઃ 'ભાઇ ! ભૂલેલાને માર્ગદર્શન મળે પછી રસ્તો પલટતાં કેટલી વાર ? ઊંઘતાને જગાડનાર મળે પછી જાગતાંને નિદ્રાને ફગાવી દેતાં કેટલી વાર ! મહાત્મા મુનિનો યોગ કેવો મળ્યો ! એમણે મને જગાડ્યો, માર્ગ ભૂલ્યાનું ભાન કરાવ્યું, એટલે હવે મોહની નિદ્રા છોડી ધર્મજાગૃતિમાં આવવું છે, આત્મહિતનો ભુલાયેલો માર્ગ પકડવો છે.'

છોકરા કહેઃ 'પણ બાપુ ! એકદમ જ સંસાર ત્યાગ ? હજી સંસારમાં રહી ધીમે ધીમે ધર્મમાં આગળ વધો. પછી અવસર આવ્યે ચારિત્રનો મહાધર્મ લેવાશે.'

રાજા કહેઃ ''દીકરાઓ ! આયુષ્યનો શો ભરોસો છે ? ભરોસે બેઠા આયુષ્ય એકાએક પૂરું થઇ ગયું તો ચારિત્ર વિના મરવાનું થાય. વળી જ્યારે આત્માનું હિત જ સાધવું છે તો સાથે સંસારનાં પાપ શા માટે ઊભાં રાખવાં ? બજારમાં ચોખ્ખો માલ મળતો હોય તો કોણ નાણાંવાળો ભેળસેળિયો માલ લે છે ? અત્યારે ચારિત્ર પાળવાની મારી તાકાત છે, તેથી હવે તો સર્વ પાપ ત્યાગ કરી એ જ કરવું છે. ઘરવાસમાં રહીને ધર્મ આટામાં લૂણ જેટલો થાય ને પાપ આટા જેટલાં ઊભાં રહે ! આ તો વાસનાવશ હું ભૂલો પડેલો છું, નહિતર આ મનુષ્ય જન્મ તો એટલો બધો ઉચ્ચ અને યોગ્ય છે કે એ ચારિત્ર માટે જ છે. એમાં તો આઠ વરસની ઉંમરે જ ચારિત્ર લેવું જોઇએ. ખેર ! પણ 'જાગ્યા ત્યાંથી સવાર' માની કામે લાગી જવું જોઇએ. ભૂલ્યા ત્યાંથી આગળ વધવાને બદલે હવે તો પાછા વળી જવું જોઇએ.''

પુત્રો કહે છે, 'પણ બાપુ ! તમારા વિના અમારે આધાર કોણ ? મોટું રાજ્ય સંભાળવા માટે અમારો અનુભવ શો ? ને લાયકાત કે ગજું શું ?'

રાજા કહે છે, 'દીકરા ! તમે તૈયાર થઇ ગયેલા છો. એમ તો મને ય મારા પિતાજીએ રાજ્ય સોંપ્યું ત્યારે મારામાં એમના જેવો કેટલો અનુભવ હતો ? પણ કામ કામને શીખવે છે. તમે તો મારા કરતાં સવાયી શક્તિ ને આવડતવાળા છો.'

'પણ અમારા માથે છાયા તો જોઇએ ને ?'

રાજા કહે, ''છાયા અરિહંત ભગવાનની માનો. એમના પ્રતાપે જ તમે ને





હું આધારવાળા છીએ. આપણા સૌનો આધાર એક અરિહંત પરમાત્મા છે. એ માથે રાખીએ, એમને હૈયામાં રાખીએ પછી આપણને કોઇ જ ભય નહિ. એટલે હવે બીજો કાંઇ વિચાર કરશો નહિ, રાજ્ય સંભાળી લો મારો ચારિત્ર લેવાનો અડગ નિર્ધાર છે.''

બસ, રાજાનો નિર્ધાર દેખી પુત્રોને મૌન સેવવું પડ્યું. પુત્રોની માતાથી તો કાંઇ બોલાય જ નહિ. કેમકે સમજે છે કે 'સુખમાં એમની સાથે રહ્યા. તો હવે ધર્મમાં પણ સાથે જ રહેવું જોઇએ. ચારિત્ર ધર્મની તાકાત ન હોય તો ઘરમાં બેસીને પણ ચારિત્ર જેવું જીવન ગાળવું જોઇએ.

રાજાએ નગરમાં જિનેન્દ્રભક્તિ-મહોત્સવ માંડ્યો, મહાદાન દીધાં, અનંતવીર્યને રાજ્યગાદી સોંપી, રાજા બનાવ્યો, અને પોતે મહાવૈભવ પરિવારાદિ છોડી ચારિત્ર માર્ગે પ્રયાણ આદર્યું.

જોવાની ખૂબી છે કે અપરાજિત મોટો પુત્ર છે એને રાજા નથી બનાવતા, છતાં એના મનમાં લેશ પણ ખોટું નથી લાગતું, કારણ-

(૧) પિતા પ્રત્યેનો વિનય,

(૨) નાના ભાઇ પર અથાગ પ્રેમ, અને

(૩) નાના ભાઇની વિશેષ શક્તિ-પુણ્યાઇની કદર.

આ ત્રણ તત્ત્વ રાજ્યનો હક નહિ કરવામાં અને પિતા સામે વિરોધ નહિ કરવામાં કામ કરી રહ્યા છે. એમાં જ માનવતા છે. એ વિનય વગેરે ન હોય તો, માનવપણું શું ? એમ તો જનાવર પણ વિનય સમજતું નથી, એને નાનાઓ પ્રત્યે વાત્સલ્ય જેવું હોતું નથી, તેમ બીજાની શક્તિ-પુણ્યાઇની કદર હોતી નથી, તો પછી જનાવર અને માનવમાં શો ફરક પડ્યો ? શું ખોળિયાનો ફરક એ ફરક ગણાય ? બુદ્ધિનો ફરક કહીએ તો મનુષ્યની વિશિષ્ટ બુદ્ધિએ શું કરવાનું ? જનાવર કરે એ કરવાનું હોય, તો એથી જનાવરથી જુદી માનવતા ન રહી. માટે કહો-

**માનવતા શું માગે છે ?**

(૧) વડીલનો વિનય,

(૨) નાના પ્રત્યે વાત્સલ્ય, ને

(૩) બીજાની શક્તિ-પુણ્યાઇની કદર.

જનાવરને આ નહિ આવડે, માણસને વિશિષ્ટ બુદ્ધિની બક્ષિસ છે. એટલે

એ બુદ્ધિથી આનું મહત્ત્વ સમજી શકે છે, ને એને અમલમાં ઉતારી શકે છે. બાકી છતી બુદ્ધિએ દેવાળું કાઢે, બુદ્ધિનો દુરુપયોગ કરે, ત્યાં શી માણસાઇ ? શી માનવતા ? આજે શિક્ષણમાં આના પાઠ નથી, આ ભણાવાતું નથી, આને જ મહત્ત્વ દેવાતું નથી, એટલે એ શિક્ષણ માણસને બી.એ.-બી.કોમ. વગેરે બનાવી શકે છે, પણ માનવ નહિ. તેથી જ આજે વડીલોની સામે તથા ખુદ ઉપકારી શિક્ષકો, શિક્ષણ સંસ્થાઓ ને એના સંચાલકની સામે અવિનય-ઉદ્ધતાઇ-હુલ્લડ વગેરે પ્રવર્તતાં દેખાય છે. વડીલોથી પણ જો જુદાઇ લેવાય, તો નાનાઓ પ્રત્યે વાત્સલ્યને બદલે જુદાઇ કરાય એમાં નવાઇ નથી. ત્યારે બીજાની પુણ્યાઇ સામે ઇર્ષ્યા ભારે વ્યાપી ગઇ છે, ત્યાં એની કદર કરવાની વાત ક્યાં રહી ?

છોકરા-છોકરીઓને શું ભણાવો છો ? આવુ કાંઇક ભણાવો છો ખરા ? ભલે સ્કૂલ-કોલેજવાળા આ ન ભણાવતા હોય પણ તમે ઘરે તો ભણાવી શકો ને ? આ ભણાવો છો ખરા ? જો ના, તો તમે એમનો વિશ્વાસઘાત નથી કરી રહ્યા ? એ પરલોકમાંથી અહીં સારા કુળમાં તમારા આશ્રયે આવી પડ્યા છે, એ તમારાથી સારું શીખવા માટે નહિ ?

**આશ્રયે આવેલાના હિતની કાળજી ન કરે એ વિશ્વાસઘાતક છે.**

શું જાણતા નથી કે વડીલોનો અવિનય, નાનાઓ પ્રત્યે ખટરાગ અને બીજાની પુણ્યાઇની ઇર્ષ્યા એમાં જીવનું ભારે અહિત છે ? જન્મીને ઊભા થતા સંતાનને એની ગમ નથી તેથી હિતૈષી મા-બાપની એ ફરજ છે કે એને એ હિત-અહિતનું ભાન કરાવે, શિક્ષણ આપે.

જ્યાં આ વિનય-વાત્સલ્ય-કદર છે એની બલિહારી છે. માનતા નહિ કે 'એમાં તો લૂંટાઇ જવાનું જ થાય !' રામચંદ્રજીએ પિતા પ્રત્યેના વિનયને સાચવી વનવાસ સ્વીકારી લીધો, તો કશા લૂંટાઇ ગયા નહિ. ઇતિહાસમાં અમર થઇ ગયા. હજારો-લાખો-કરોડો માણસોને એ આદર્શરૂપ બની ગયા.

## વિનય તો ધર્મનું મૂળ છે, ગુણોનો પાયો છે.

## ગૌતમસ્વામીજીના વિનયના પ્રસંગોઃ

મોટા ગણધર ગૌતમસ્વામીજી શી રીતે ઊંચે આવ્યા ?

(૧) પોતે મિથ્યા સર્વજ્ઞ છતાં સાચા સર્વજ્ઞ મહાવીર પ્રભુ સાથે વાદ કરી પ્રભુને હરાવવા આવ્યા હતા. પરંતુ જ્યાં પ્રભુએ એમના દિલનો આત્માના અસ્તિત્વ





અંગેનો વર્ષોનો ગુપ્ત સંશય કહી બતાવ્યો એટલે પ્રભુને મોટા વડીલ માની વિનયથી હવે વાદવિવાદ કરવાને બદલે પ્રભુ પાસેથી તત્ત્વ સમજવા બેસી ગયા ! આ એમનો વિનય. વળી-

(૨) જ્યાં સંશય ભાંગ્યો, આત્મતત્ત્વ સમજાયું, ત્યાં જ વિનયથી પ્રભુનું શિષ્યપણું સ્વેચ્છાથી સ્વીકારી લીધું ! પ્રભુએ કોઇ શરત નહોતી મૂકી કે 'જો શિષ્ય થાઓ તો સંશય કહી આપું ને સંશયનું નિરાકરણ પણ કરી આપું'. એ તો ગૌતમ મહારાજે પ્રભુને ઓળખી લીધા કે 'આવો મારો ગુપ્ત સંશય કહી આપે એ મારા વડીલ થાય તે જ યોગ્ય છે. આવા વડીલ મળે ક્યાંથી ? મારા મહા અહોભાગ્ય કે આ મને મળી ગયા ! તો હવે એમની જ નિશ્રા પકડી લેવી.' આ એમનો વિનય.

(૩) ગૌતમ મહારાજનો પ્રભુ પ્રત્યે વિનય ક્યાં સુધી ચક્યો ? પ્રભુના ચરણે તો બેસી ગયા, પરંતુ હવે જુએ છે કે મિથ્યાદર્શનમાં ફસાયેલો હું અગડં બગડં ભણેલો, હવે જો સાચા સર્વજ્ઞ મળી ગયા છે, તો એ અતત્ત્વના કચરા કાઢી આમની પાસેથી તત્ત્વ સમજી લેવાં છે. એટલે પ્રભુને ત્રણ વાર 'ભગવન્ ! તત્ત્વ શું ?' એમ પૂછે છે. આ ય એમનો વિનય. પછી.

(૪) પ્રભુના ઉત્તરોથી વિનયભાવના પ્રતાપે એમને દ્વાદશાંગીના પદાર્થોનો પ્રકાશ સ્ફુરી ઊઠે છે ! ને એના પર ત્યાં ને ત્યાં દ્વાદશાંગી સૂત્રોની રચના કરી દે છે ! વિનયભાવના લીધે પ્રભુના વચન પર શ્રદ્ધા કે 'આ ખોટું બોલે નહિ, તેથી મને જ એની ગેડ ગોઠવવા દે.' એ ગોઠવવામાં શ્રુતસાગરનો પ્રકાશ પામી ગયા ! આ એમનો વિનય.

(૫) પછી પણ એમનો વિનય કેવો કે **'જાણંતોવિ તમત્થં વિમ્હિય હિયઓ સુણઇ સવ્વં'** અર્થાત્ પ્રભુ જે દેશના આપે છે, તેનો અર્થભાવ પોતે પ્રભુના સમજાવવા પહેલાં જાણે છે છતાં 'એ બધું પ્રભુથી કહેવાતું જાણે નથી જાણતા અને નવું જ જાણવા મળ્યું !' એમ વિસ્મિત હૃદયથી બધું સાંભળે છે ! વિનય વિના આમ ક્યાંથી સંભળાય ? વિનય ન હોય તો ઝટ મનને થાય કે 'ગુરુએ આમાં નવું શું કહ્યું ? આ તો હું જાણું જ છું,' પણ એમને એમ થતું નથી, એ એમનો વિનયભાવ હતો.

(૧) ગૌતમ મહારાજનો વિનય કેવો ચક્યો ! ખુદ દ્વાદશાંગીના રચયિતા, ૧૪ પૂર્વોના પ્રણેતા અને ચાર જ્ઞાનના ધણી છતાં જુદા ન વિચર્યા. પણ પ્રભુ જીવ્યા ત્યાં સુધી પ્રભુની સાથે ને સાથે વિચર્યા ! જગતને ઉપદેશ કરવાને બદલે એમણે

પોતે પ્રભુનો ઉપદેશ સાંભળ્યા કર્યો !

(૭) એમનો વિનય કેવો ચક્યો ! જ્યારે જ્યારે પ્રભુએ જે આદેશ કર્યો તેને આનંદપૂર્વક શિરસાવંદ્ય કરી લીધો. પછી ભલે શ્રાવક જેવા એક નાના આત્મા આનંદ શ્રાવકને મિચ્છામિદુક્કડં દેવાનું પ્રભુએ કહ્યું તો એ તરત પહોંચ્યા આનંદ શ્રાવક પાસે ને મિચ્છામિ દુક્કડં દીધો ! કહ્યું 'હે આનંદ શ્રાવક ! પ્રભુ કહે છે કે શ્રાવકને એટલું અવધિજ્ઞાન થાય. મેં તમને પૂર્વે એનો ઇન્કાર કર્યો એ મારી ભૂલ હતી એનો મિચ્છામી દુક્કડં.' જ્ઞાનપંચમીના દેવવંદનમાં બોલીએ છીએ-

**'અવધિજ્ઞાની આણંદને દીએ રે...મિચ્છામિ દુક્કડં ગોયમ સ્વામ રે...**

**પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયા રે...**

કોટિ કોટિ નમસ્કાર ગૌતમસ્વામીજી મહારાજના વિનયભાવને !

(૮) વિનયથી પ્રભુના આદેશ પર આપમતિનો વિચાર નહિ કરવાનો, આદેશનો અમલ જ કરવાનો, ને અમલમાં જુદું દેખવા મળે તો ય પ્રભુના કથન ઉપર દોઢ ડહાપણું નહિ કરવાનું, હાંસી નહિ કરવાની કે 'પ્રભુએ શું જોઇને આવો આદેશ કર્યો !'

દા.ત. પ્રભુએ ગૌતમ મહારાજને ખેડૂતને પ્રતિબોધ કરવા મોકલ્યા. પ્રતિબોધીને લઇ પણ આવ્યા, છતાં ખેડૂત મુનિ બનેલો સમવસરણ પાસે આવતાં પ્રભુને જોઇ ચારિત્ર મૂકીને ભાગ્યો, તો ગૌતમ મહારાજને મનમાં એમ ન થયું કે 'પ્રભુએ શું જોઇને આવા અભાગિયાને પ્રતિબોધ કરવા મને મોકલ્યો ?' આવું વિચારવામાં પ્રભુની આજ્ઞાની ને પ્રભુની હાંસી છે, અવગણના છે, સૂગ છે. એ પ્રભુની આશાતના છે. ત્યાં ગૌતમ મહારાજને ખેડૂતની દયા આવી, નિરાશા થઇ કે 'અરેરે ! આ બિચારો આટલે સુધી આવીને પડ્યો !' ત્યારે પ્રભુ કહે છેઃ

'ગૌતમ ! નિરાશ ન થશો. ખેડૂત પામી ગયો. એનામાં બોધિબીજ પડી ગયું. તમે ન પ્રતિબોધ્યો હોત તો એના આરંભ-વિષય-પરિગ્રહમય પાપજીવનમાં એ બોધિબીજ ન પામત.'

(૯) પ્રભુનો ગમે ત્યારે ગમે તે આદેશ, પણ ગૌતમ મહારાજ વિનયભાવને લઇને વગર વિચાર્યે એને ઝીલી લેતા. દા.ત. પ્રભુએ અંત સમયે એમને દેવશર્માને પ્રતિબોધ કરવા મોકલ્યા તો એ તરત ઊઠ્યા ને પહોંચ્યા અને ત્યાં, એને ઉપદેશ કર્યો, છતાં એ ન બૂઝ્યો તો મનમાં ઓછું ન લાવ્યા કે 'હું દ્વાદશાંગીનો રચયિતા





ઉપદેશ કરું છતાં આ નથી બૂઝતો ?' તેમ વિનયથી મનમાં પ્રભુની હાંસી ન લાવ્યા કે 'પ્રભુએ શું જોઇને આવા પથરાને બૂઝવવા મને મોકલ્યો ?' એ તો એમણે માત્ર એની દયા જ વિચારી કે મોટા તીર્થંકર ભગવાન જેવા આને પ્રતિબોધ કરવા મોકલે છે, છતાં આ બિચારો ભારેકર્મી બૂઝતો નથી ! કેવો દયાપાત્ર !'

(૧૦) ત્યાંથી પાછા વળતાં રસ્તામાં જ ગૌતમ મહારાજે પ્રભુનું નિર્વાણ થયાનું સાંભળ્યું તોય તેમનો વિનયભાવ કેવો કે એમણે એ ન વિચાર્યું કે 'ક્યાં હું પ્રભુનો વિનય સાચવવા રહ્યો ? ને જોયું નહિ કે અત્યારે પ્રભુ કેમ દેવશર્માને બૂઝવવા જવાનું કહે છે ?'

**પોતાના વિનયભાવનું જે સુકૃત એનો પશ્ચાત્તાપ નહિ, એ પણ વિનય છે, ને પ્રભુ પ્રત્યે અરુચિ નહિ એ પણ વિનય છે.**

(૧૧) આ વિનયભાવની પરાકાષ્ઠાએ ગૌતમસ્વામી ત્યાં જ કેવળજ્ઞાન પામ્યા છે ! કેમકે પ્રભુના વિરહનો શોક કરતાં કરતાં વિનયભાવથી પ્રભુનાં વચનને મહત્ત્વ આપ્યું, 'પ્રભુ વીતરાગ અને આપણને પણ રાગ તોડવાનું ને વીતરાગ થવાનું કહે છે, તો શા સારુ રાગમાં ફસાયા રહેવું ?' એ લાઇન પર એ ગયા.

**વિનય, વાત્સલ્ય અને પુણ્યાઇની કદર, એ ત્રણ માનવતાનાં લક્ષણ છે.**

એના પર અપરાજિત પોતાના નાના ભાઇ અનંતવીર્યને પિતા રાજગાદીએ બેસાડે છે એના પર નારાજ નહિ, ખુશી થાય છે.

મોટા ગણધર ભગવાન ગૌતમસ્વામીજી મહારાજનો આ વિનય, તો નાના આપણે માતા-પિતાનો અને ગુરુનો વિનય કેવો સાચવવો જોઇએ ? શેઠ નોકરોને લાયકાત કરતાં વધારે પગાર અને બોનસ આપતા હોય તો શેઠનો વિનય કેવો સચવાય છે ! કપરા કાળમાં સારો જીવનનિર્વાહ થાય એથી ય વધુ આપતા હોય તો શેઠ કેવા ઉપકારી મનાય છે ! ને હોંશે હોંશે બધી વાતે શેઠનો વિનય કેવો કરાય છે ! તો પછી માતાપિતાના ઉપકારો જો વિચારાય, તો સમજાય કે આપણે ગર્ભમાં અને જન્મ્યા પછી સાવ નાના હતા તે આપણો કપરો કાળ હતો. એ કાળમાં ગમે તેવી મોટી પગારદાર નોકરડી ન સાચવે એટલી બધી સારી રીતે માતા-પિતાએ સાચવ્યા-ઉછેર્યા, મોટા કર્યા, એ એમનો ઉપકાર કેટલો બધો ! તો એવા મહાન

ઉપકારી માતા-પિતાનો વિનય કેવો, કેવી રીતે અને કેટલીવાર સાચવવો જોઇએ ?

**વિનય એ કૃતજ્ઞતા અને સુકૃત માટે કર્તવ્ય**

એટલું ધ્યાનમાં રહે કે વિનય સાચવવાનો તે ઉપકારીના ઉપકારના માત્ર બદલા માટે નહિ. કિન્તુ જીવનમાં વિનયધર્મની સાધના માટે પણ કરવાનો છે. માતા-પિતા એ સેવ્ય છે, સન્માન્ય છે, ને જીવનમાં આપણે સેવ્યની સેવા કરીએ, સન્માન્યનું સન્માન કરીએ. એ જીવનસુકૃત છે. સુકૃત-કમાઇ એ પરલોકની મૂડી છે. દાન-શીલ-તપ અને ભાવના એ ચાર ધર્મ એ સુકૃત ખરા ને ? તો-

**વિનયમાં દાન, શીલ ને તપધર્મની આરાધના છે.**

**બચ્ચાને શી રીતે ધર્મ સમજાવાય ?**

વિનય કરાય એ સન્માન કર્યું, સન્માનનું દાન કર્યું ગણાય, તેમ જ વિનય એ એક સારો આચાર છે એટલે શીલધર્મ અને આભ્યંતર તપ છે તેથી તપ ધર્મ આરાધ્યો ગણાય.

નાના બચ્ચાને એમ સમજાવાય કે તારે 'પુણ્ય જોઇએ છે ને ?' કેવી રીતે બોલાય ? 'તારે પેંડો જોઇએ છે ને ?' એ જેમ મોં રાજી રાજી દેખાડી બોલાય છે, એમ આ પણ મોં રાજી ખુશી હસતું દેખાડી કહો કે 'તારે પુણ્ય જોઇએ છે ને ?' તો ભલે બાળક પુણ્યમાં કાંઇ સમજતું નથી, પરંતુ મોંના હાવભાવ જોઇ કહેશે 'હા, મારે પુણ્ય જોઇએ છે.' આમ કહે એટલે એને આશ્ચર્ય દેખાડી કહેવાય કે 'જો ત્યારે, ધર્મ કરીએ તો બહુ પુણ્ય મળે. એમાં ભગવાનનાં દર્શન-પૂજા, સાધુને વંદના, એ બધું ધર્મ કહેવાય. તેમ માતાપિતાનો વિનય કરીએ એ પણ ધર્મ, એનાથી બહુ પુણ્ય મળે.' આમ કહીને વિનય શી શી રીતે કરાય એ એની બાળ ભાષામાં સમજાવાય. આમ નાનપણથી જો વિનય ભણાવતા રહેવાય તો એ મોટા થયે સારા વિનયી સહેજે બન્યા રહે.

**મોટા વિનય કેમ શીખે ?**

ત્યારે આ ધ્યાનમાં રહે કે મોટાઓએ વિનય સાચવવા આ સમજવાનું છે કે 'વિનયમાં સન્માનનું દાન અને શુભાચારનું શીલ એમ બે ધર્મની આરાધના છે, તેમ આભ્યંતર તપધર્મની પણ આ આરાધના છે, અને આ જનમ ધર્મની આરાધના માટે જ છે, કેમકે અહીંથી ઊઠીને ચાલ્યા પછી પરલોકે અહીંનો ધર્મ જ ઓથ-શરણ-રક્ષણ આપવાનો છે. આ જો ધ્યાનમાં રહે તો વિનય સાચવવા માટે સદા તત્પર



''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨૭ • અંક-૩૨ • તા. ૨૧-૪-૭૯

રહેવાય. તે એમ સમજીને કે 'હું આ વિનય સાચવું, તે કોઇ વડીલને સારું મનાવવા માટે નહિ, પણ મારે જીવનમાં ધર્મની આરાધના કમાઇ લેવી છે માટે સાચવું. વિનય મારી સુકૃત-કમાઇ છે માટે વિનય સાચવું છું.

**મારે વિનય કરવા યોગ્ય વડીલ છે તો જ મને વિનય સુકૃત કમાવાનું મળે છે. માટે મારે વિનય કમાવવામાં આ વડીલ ઉપકારી છે.'**

આ ધ્યાનમાં રહે તો વડીલનો વિનય કરી વડીલ પર ઉપકાર કર્યાનું ન લાગે, અથવા વડીલને સારું મનાવવાની અપેક્ષા ન રહે.

વિનયની જેમ સેવા કરવામાં પણ આ ધ્યાન રાખવાનું છે કે 'જો સેવ્ય મળ્યા છે તો જ સેવાનું સુકૃત કમાવા મળે છે, એટલે હું સેવા કરું એ મારે સુકૃત-કમાઇ છે, ને એ કમાઇ કરવામાં આ સેવ્ય મારા ઉપકારી બને છે.' આ જો ધ્યાનમાં રહે તો સેવા કરીને કદી સેવ્ય ઉપર પાડ ચડાવ્યાનું મનમાં ય ન આવે કે વાણીથી ન બોલાય કે 'હું તમારી આટ આટલી સેવા કરું છું એની તમને કદર નથી ?' આવા બોલમાં જાતે સેવ્ય ઉપર જાણે ઉપકાર કર્યો એવો ભાવ સમાયેલો છે. એમ સેવાના બદલામાં સેવ્યની પાસેથી કશું લેવાની જો ગણતરી રખાય તો એમાં પણ સેવા એટલે સેવ્ય ઉપર ઉપકાર કર્યાનો ભાવ આવે છે. માટે તો બદલો ઇચ્છાય છે. આ ભાવ સેવાનું સ્વરૂપ જ નષ્ટ કરે છે માટે આ ગોખી રાખોઃ

**સેવ્ય પાસેથી સેવાનો કશો બદલો ઇચ્છવો એમાં સેવા એ સેવ્ય પર ઉપકાર કર્યાનો ભાવ છે. એ સેવાનું ધર્મ-સ્વરૂપ નષ્ટ કરે છે.**

એ સેવાને એક સોદો બનાવી દે છે. વેપારી ઘરાક સાથે સોદો કરે છે 'હું તને માલ આપું, તું મને પૈસા આપ.' ત્યાં વેપારી માલ આપે એ કાંઇ દાન નથી કર્યું ગણાતું, એમ ઘરાક પૈસા આપે એ પણ દાનધર્મ કર્યો નથી કહેવાતો. એ તો માત્ર સોદાબાજી છે. એમ અહીં સેવ્ય પાસેથી સેવાનો બદલો ઇચ્છવો એ પણ સોદો છે, સોદાબાજી છે, ધર્મ નથી બસ, સેવા અને વિનય કરતાં આ જ ધ્યાનમાં રાખવાનું કે-

**'સેવા અને વિનય મારા માટે છે, સામા માટે નહિ-કેમકે સેવા અને વિનય કરી મારા આત્માનું ભલું કરવું છે.**

**વિનયથી ચારેય ધર્મની કમાઇ છે.**

મારે ધર્મ કમાવો છે, સુકૃત કમાવું છે, એ ધર્મ સુકૃત વિનય અને સેવાથી જેટલું કમાઉં એટલી મારે પરલોકની મૂડી ભેગી થઇ. સેવ્ય અને વડીલ પાસેથી મારે

એના બદલામાં કશું જોઇતું નથી...' આમ વિનયમાં, (૧) સન્માન-દાનથી દાનધર્મ, (૨) શુભ આચાર-પાલનથી શીલધર્મ અને (૩) વિનય નામના તપ ધર્મની આરાધના તથા (૪) શુભ ભાવનાથી ભાવના ધર્મ, એમ ચારેય ધર્મની કમાઇ છે. આટલું સમજી રાખીએ એટલે વધુ ને વધુ વિનયનો ઉલ્લાસ રહે.

જુઓ, મોટોભાઇ અપરાજિત પિતા પ્રત્યેના વિનયને ઉલ્લાસથી સાચવે છે, ને પિતા નાનાભાઇને રાજ્યગાદી સોંપે છે, એ વાત વિનયથી વધાવી લે છે.

પિતાની વાત વધાવી લેવામાં બીજું કારણ નાના ભાઇ પ્રત્યે અથાગ પ્રેમ છે, વાત્સલ્ય છે.

**નિઃસ્વાર્થ પ્રેમમાં માણસ ભારે ભોગ આપવા તૈયાર રહે છે.**

ભારે ભોગ આપવાની તૈયારી એ પ્રેમનું લક્ષણ છે. પત્ની પાછળ પતિ અને પતિ પાછળ પત્ની કેટલો બધો ભોગ આપે છે ! કેમ વારુ ? પરસ્પર પ્રેમ છે માટે. નાના પ્રત્યે પ્રેમ રાખવો છે, વાત્સલ્ય રાખવું છે, તો એની ખાતર ભોગ આપવાની તૈયારી રાખવી જોઇએ, પ્રેમ ખાતર સ્વાર્થને સંકુચિત કરવો જોઇએ. નહિતર,

**જ્યાં સ્વાર્થ પહોળો ત્યાં બીજા પ્રત્યે પ્રેમ સાંકડો, જ્યાં પ્રેમ પહોળો-વિશાળ ત્યાં સ્વાર્થ સાંકડો.**

પ્રેમ અને સ્વાર્થ બેય વિશાળ રહી શકે નહિ. એકની વિશાળતામાં બીજાને સાંકડા-સંકુચિત થવું જ પડે. મહાવીર પ્રભુને ચંડકોશિયા સર્પ પર વાત્સલ્ય ઊભરાયું, એનો ઉદ્ધાર કરવાની તમન્ના જાગી, તો આ ભયંકર ઝેરી સાપ પોતાને ન કરડે એ ભૌતિક સ્વાર્થ પ્રભુએ જતો કર્યો.

શ્રીયકને નંદરાજા મંત્રીમુદ્રિકા સ્વીકારી લેવાનું કહે છે, પણ એને કોશાવેશ્યાને ત્યાં પડી રહેનારા પણ મોટાભાઇ સ્થૂલભદ્ર પર પ્રેમ છે, ને એ પ્રેમ ખાતર પોતે મંત્રી બની બેસવાનો સ્વાર્થ જતો કરે છે, ને રાજાને કહે છેઃ 'મારાથી મંત્રીમુદ્રિકા ન લેવાય. મારા મોટાભાઇ સ્થૂલભદ્ર માથે બેઠા છે. આપ એમને એ સોંપો...'

ત્યારે ભરતને સંપૂર્ણ ચક્રવર્તીપણાનો સ્વાર્થ પહોળો થયો તો એમાં નાના અઠ્ઠાણું ભાઇ પ્રત્યેનો પ્રેમ સાંકડો થઇ ગયો. તે એમને આજ્ઞામાં આવી જવા, નહિતર યુદ્ધ માટે તૈયાર રહેવા આહ્‌વાન કરે છે.

તમને નાનાઓ પ્રત્યે પ્રેમ છે ? કેવો અને કેટલો પ્રેમ છે ? પણ તમને





એમ લાગે છે કે 'ગાંઠનું ખોઇને નાના પ્રત્યે પ્રેમ સાચવવો ?' આવું કેમ લાગે છે ? સ્વાર્થની વિશાળતા છે. સ્વાર્થ થોડો જતો કરવો નથી એટલે પ્રેમ સંકુચિત થઇ જાય છે. માટે ધર્મ પ્રત્યે પણ અને દેવાધિદેવ અરિહંત ભગવાન પ્રત્યે પણ, આમ જ સ્વાર્થ પહોળાશના લીધે, પ્રેમ સાંકડો બની રહે છે. નહિતર,

પ્રેમની વિશાળતામાં સ્વાર્થ ન-ગણ્ય ચીજ છે.

તો એ વિચારવા જેવું છે કે-

**'આવા ઉચ્ચ માનવ અવતારે કમાવાની ચીજ સ્વાર્થસિદ્ધિ જ છે ? કે પ્રેમની વિશાળતા છે ?'**

જોજો આ પ્રેમ ઊંડે ઊંડે પણ પોતાના સ્વાર્થ માટેનો નથી સમજવાનો. એમ તો તમે દાવો રાખશો કે 'અમેય પત્ની પર, પુત્ર પર બહુ પ્રેમ રાખીએ જ છીએ અને એમની પાછળ ભોગ પણ આપીએ છીએ,' પરંતુ એમાં સ્વાર્થ ભળેલો છે. 'પત્ની મને સુખ આપે, મારું ઘર ચલાવે', માટે પ્રેમ કરાય છે. એમ 'પુત્ર રમાડવા કામ લાગે, મોટો થયે મને પાળે-પોષે, મારી સેવા કરે,' માટે પ્રેમ કરાય છે. એવા એવા બધા સ્વાર્થ પ્રેમમાં ભળેલા છે. માટે તો એમાં વાંધા-વચકા પડતાં પ્રેમ ઘટે છે, પ્રેમ ઊડી પણ જાય છે. માટે જ આવા પ્રેમ તો સોદારૂપ છે, ગુણરૂપ નહિ.

**શુદ્ધ પ્રેમમાં સ્વાર્થનો કાંઇ જ વિચાર ન હોય.**

પ્ર.- તો એમ તો ભગવાન આપણો પરલોક સુધારે, આપણને મોક્ષ આપે, એમના પર પ્રેમ કરીએ, એય પ્રેમ શું અશુદ્ધ ? શું સોદાગીરી છે ?

ઉ.- અહીં સ્વાર્થની વાત કરીએ છીએ એ પૌદ્‌ગલિક સ્વાર્થ, ભૌતિક સ્વાર્થ, દુન્યવી સ્વાર્થ. એવા સ્વાર્થથી પ્રેમ કરાય તે દુન્યવી સ્વાર્થ માટેનો નકલી પ્રેમ છે. ખરેખર તો એ સોદાગીરી છે. બાકી-

**આત્મકલ્યાણ અર્થે પ્રેમ કરીએ એ અશુદ્ધ પ્રેમ નથી, સોદાગીરી નથી. કારણ પ્રેમનું પ્રયોજન ન સરે તોય આ પ્રેમ અખંડ રહે છે.**

કેમકે આ પ્રેમ કરવા છતાં ધાર્યું આત્મકલ્યાણ થતું ન દેખાય તોય પ્રેમ તૂટતો નથી. દા.ત. વિષય-વાસના મારવી છે માટે વીતરાગ ભગવાન પર પ્રેમ કર્યો, પણ વાસના મરતી ન દેખાઇ, એ આત્મકલ્યાણ ન થયું લાગે, પરંતુ ત્યાં ભગવાનને છેહ નથી દેવાતો, એમના પર પ્રેમ બંધ નથી કરાતો. ત્યાં તો મન સમજે છે કે 'હજી વીતરાગ પ્રભુ પર મારો જોઇએ તેવો પ્રેમ નથી જામ્યો, માટે એવો પ્રેમ વધારું કે એમની ભક્તિમાં મારા પ્રિય ધન આદિ વિષયોનો સારો ભોગ

આપું, જેથી વીતરાગ આગળ વિષયો તુચ્છ લાગે.'

**વીતરાગ ખરેખર ગમ્યા પછી વિષયો શાના ગમે ?**

એટલે પ્રેમ વધારવાનું કરાય છે. શું આવ્યું ? આત્મિક સ્વાર્થ ન સધાયો ત્યાં પ્રભુ પરથી પ્રેમ ઊડી ન ગયો કિન્તુ સવાયો કરાય છે. દુન્યવી પ્રેમમાં તો સ્વાર્થ ન સર્યો તો પ્રેમ બંધ થઇ જાય છે.

**વાસના-વિષયો ઝેરરૂપ લાગે એ એનું જોર કમી થયું ગણાયઃ એની ભાવના કેવી ?**

બીજી એક મહત્ત્વની સમજ આ છે કે વીતરાગ સાથે પ્રેમ માંડ્યો પણ ભલે વાસના તૂટી નહિ એમ દેખાય, છતાં ત્યાં વાસના ને વિષયો ઝેરરૂપ જરૂર લાગે છે. વીતરાગ પર પ્રેમ નહોતો માંડ્યો ત્યાં સુધી એ નહોતું લાગતું, ત્યારે તો વાસના-વિષયો અમૃત જેવા લાગતા હતા. પણ હવે ઝેરરૂપ લાગે છે એ વાસના વિષયોનું જોર કમી જ થયું છે. આ વસ્તુ તત્ત્વથી સિદ્ધ છે. દેખો, પહેલાં વિષયરાગ અનંતાનુબંધી કષાયરૂપ હતો. હવે એ ઝેરરૂપ લાગે છે એમાં વિષય મોળો પડ્યો. વિષયરાગ પકડ વિનાનો બન્યો, કંપવાળો બન્યો, એટલે અનંતાનુબંધી કોટિનો મટી એ રાગ અપ્રત્યાખ્યાનીય કષાય સ્વરૂપ બન્યો છે. એટલે મનને આશ્વાસન રહે કે 'અલબત વાસના નથી તૂટતી દેખાતી પરંતુ વીતરાગ પર પ્રેમ કરતાં આટલે આવ્યો છું કે એ ઝેરરૂપ લાગી છે, તો ફિકર નહિ, હજી પણ વીતરાગ પર પ્રેમ વધારું તો એને દાબવા વ્રત-નિયમમાં અવાશે, એટલે કે અપ્રત્યાખ્યાનાવરણ રૂપ બનશે. એમ વાસના પર દેશથી, કાપ આવશે.'

આમ,

**આત્મિક સ્વાર્થમાં સ્વાર્થ ન સરતાં પ્રેમ કાંઇ ઊડી જતો નથી, પણ વધારાય છે. જ્યારે, ભૌતિક સ્વાર્થમાં તો એ સ્વાર્થ ન સરતાં પ્રેમ પલાયન થઇ જાય છે !**

પ્રેમ ત્યાં વધવાની શી વાત ? માટે આત્મિક સ્વાર્થથી પ્રભુ પર પ્રેમ કરીએ. ગુરુ પર, સાધર્મિક પર પ્રેમ કરીએ, એ સોદાગીરી નથી, પણ શુદ્ધ પ્રેમ છે. માટે આવો પ્રેમ તો આત્મકલ્યાણના સ્વાર્થ માટે ખાસ કર્તવ્ય છે.

**દેવ-ગુરુ-સંઘ-તીર્થ-શાસ્ત્ર પ્રત્યે પ્રેમ વધારતાં આત્મકલ્યાણના સ્વાર્થ સધાતા આવે છે.**





આત્મકલ્યાણ ક્યા ક્યા ? આ,

વિષયો પ્રત્યે ઘૃણા એ આત્મકલ્યાણ,

લક્ષ્મીની મૂર્છા પર કાપ એ આત્મકલ્યાણ.

પરિવારની આત્મચિંતા એ આપણું ય આત્મકલ્યાણ.

કામ-ક્રોધ-લોભ, માન-મદ-માયા, વૈર-ઇર્ષ્યા અસૂયા, વગેરે આત્મરોગોમાં ઘટાડો એ આત્મકલ્યાણ.

ક્ષમાદિ ગુણોનો વિકાસ, વગેરે વગેરે એ આત્મકલ્યાણ છે.

આવા આત્મકલ્યાણનો સ્વાર્થ તો હોવો જ જોઇએ. એ દોષરૂપ નહિ પણ ગુણરૂપ છે, ને એ દેવ-ગુરુ વગેરે પર પ્રેમ વધારવાથી સધે છે. અને એ માટે જ પ્રેમ કરીએ-વધારીએ એ ગેરવાજબી નહિ પણ વાજબી જ છે, ખાસ કર્તવ્ય છે. માત્ર એ પ્રેમ કરતાં આવડવો જોઇએ. આવડવાનું શું ? દિલથી કરવો જોઇએ.

**દેવ-ગુરુ પર દિલથી પ્રેમ કરાય-વધારાય તો લક્ષ્મીનો પ્રેમ વગેરે આત્મરોગોના ફુરચા ઊડે.**

શાલિભદ્રે મહાવીર ભગવાન પર પ્રેમ એવો રાખ્યો કે પહેલાં તો આજની નવાણું દેવતાઇ પેટીનો માલ કાલે સંઘરી રાખવાની વાત નહિ ! કેમ ? 'મારા પ્રભુએ એવી ધનમૂર્ચ્છા કરવાની ના પાડી છે, તો પ્રભુના પ્રેમ ખાતર નકામો માલ ફેંકી દેવાનો' આ હિસાબ હતો, પછી 'શ્રેણિક માથે માલિક છે' એ ખબર પડતાં પ્રભુ પર પ્રેમ ઊછળ્યો તે દેવાંગનાશી ૩૨ સ્ત્રીઓ ને વહાલસોયી માતા સહિત સમસ્ત સંસારનો રાગ ઉરાડ્યો ! સાધુ થયા પછી પણ 'મારા પ્રભુએ ૧૨।। વરસમાં ૧૧।। વરસ જેટલા ઉપવાસ કરેલા, તો હું ખાવકલો રહું ? હું ય તપસ્યા લગાઉં,' એમ પ્રભુ પર પ્રેમ વધારી કાયાની માયા ય તોડી, ને તપમાં કાયા સૂકાવી નાખી ! વીતરાગ પ્રભુ પર અને ગુરુ પર દિલથી પ્રેમ કરીએ, વધારીએ, તો આત્મિક રોગો-ખરાબીઓ મરતી આવે, અને એના ફુરચા ઊડે, પૂછો-

**દેવ ગુરુ પ્રેમથી આત્માની ખરાબીઓ કેમ ઊડે ? પ્રેમનો વિચાર રાખવાથી.**

આનું કારણ સ્પષ્ટ છે. દેવાધિદેવ અરિહંત ભગવાન સર્વ દોષોથી મુક્ત છે, અને ગુરુ પંચમહાવ્રતધારી સાધુ, એમણે ઘણા ઘણા દોષો મૂકી દીધા છે, તથા બાકીના દોષો કાઢવાની સાધનામાં છે. આવા દેવ-ગુરુ પર અંતરનો પ્રેમ હોય એ પ્રેમ એટલા માટે જ કર્યો છે કે એમના આલંબને આપણા દોષો રવાના થાય. એટલે

એ પ્રેમ રાખતાં મનને થાય કે

''મારા તારણહારે જો કપરા સંયોગોમાં પણ કામ-ક્રોધ-લોભાદિ દોષોને પણ મચક નથી આપી, તો એમના એક સાચા સેવક તરીકે એ સાચા અનુયાયી તરીકે મારે પણ દોષોને દબાવવા જ જોઇએ. મારા મહાવીર ભગવાને વિના-કારણ ભયંકર જુલ્મ કરનાર સંગમ દેવતા પર પણ પ્રેમ-ક્ષમા અને કરુણા વરસાવેલ, પરંતુ લેશમાત્ર પણ એના પર ગુસ્સો-દ્વેષ કે અભાવ નહિ કરેલ, તો મારે કમમાં કમ મારું સામાન્ય બગાડનાર પર તો ક્રોધ ન જ કરવો જોઇએ. એ પ્રભુએ ઘોર તપસ્યાઓ કરી, તો મારે છેવટે સામાન્ય પણ તપ અને ત્યાગ તો કરતા જ રહેવું પડે.''

આમ પ્રભુ પ્રત્યેના પ્રેમને વશ થઇને આહાર ગૃદ્ધિ, રસ-ગૃદ્ધિ, ગુસ્સો, તિરસ્કાર વગેરે દોષોને દબાવવાની વૃત્તિ થાય, જોમ આવે. આમ દેવ-ગુરુ પરનો હૈયાનો પ્રેમ આત્મ-ખરાબીઓ ઓછી કરે છે.

પ્રેમાળ પત્ની શું કરે છે ? પતિ અમુક સ્વાદિષ્ટ વસ્તુ નથી ખાતા, તો પોતે પણ એમના પરના પ્રેમમાં ઘેલી એ ખાવાનું છોડી દે છે. અંતરનો પ્રેમ ચીજ જ એવી છે, ત્યાગને સરળ બનાવી દે છે. પતિની આર્થિક સ્થિતિ બરાબર નથી, તો પ્રેમાળ પત્ની સારાં સારાં કપડાં-દાગીના વિના આનંદથી ચલાવી લે છે. પ્રેમ આગળ મોજશોખ ગૌણ થઇ જાય છે. એક દુન્યવી માણસ આ કરી શકે, તો વીતરાગદેવ અને ત્યાગી ગુરુ પરના પ્રેમ આગળ આપણને મોજશોખ-રોફ-ગુસ્સો વગેરે ગૌણ કરતાં ન આવડે ? અરે ! ગૌણ શું પ્રેમ પાછળ મોજશોખ વગેરેની આપણે મન કિંમત જ ન રહે. કરવાનું આ છે-

**વીતરાગ પ્રભુ પર પ્રેમ વધારતા ચાલો, ને એને દોષત્યાગથી સક્રિય કરો.**

**પ્રેમથી ચિરસ્થાયી શાંતિ મળે, સ્વાર્થ સિદ્ધિથી નહિઃ-**

નાનાઓ પ્રત્યે પ્રેમની વાત હતી. જરૂર પડ્યે આપણા સ્વાર્થનો ભોગ આપીને પણ એ પ્રેમ અખંડિત રાખીએ. એમ કહેતા નહિ કેઃ-

પ્ર.- નાનાએ આપણો સ્વાર્થ બગાડ્યો તે સહી લઇને આપણે એના પર પ્રેમ તો જાળવ્યો, પણ એમાં આપણું શું વળ્યું ? આપણે તો લૂંટાઇ જ જઇએ ને ?

ઉ.- પ્રેમથી આપણને દીર્ઘકાળની શાંતિ મળે છે એવી શાન્તિ પ્રેમ તોડીને સ્વાર્થ સાચવવાથી નથી મળતી, કેમકે સ્વાર્થની વસ્તુ તો પૌદ્ગલિક છે, ને એ





ચિરસ્થાયી નથી તેથી એમાં વાંધા-વચકા ઊભા થયા જ કરે છે, એટલે આપણી શાન્તિ પ્રસન્નતા તૂટે છે. ત્યારે સ્વાર્થ જતો કરી પ્રેમ રાખ્યો એટલે મન આશ્વાસન લે છેઃ 'કાંઇ નહિ, મારો ભાઇ છે ને ? એની પાસે છે એ મારી પાસે જ છે. ભલે એ ભોગવે ને ખુશી થાય. મારે તો એ ખુશી એટલે હું ખુશ' બસ આ ભાવથી દિલ ફોરું રહે છે. ને પ્રેમથી શાન્તિ-પ્રસન્નતા હંમેશા જળવાઇ રહે છે.

અપરાજિત એટલે જ પિતાએ નાનાભાઇ અનંતવીર્યને રાજ્ય આપ્યું એમાં ખુશખુશાલ હતા. નાના ભાઇ પરના પ્રેમમાં એમના મનને ખૂબ શાન્તિ-પ્રસન્નતા રહેતી. અસ્તુ.

**(૩) બીજાના પુણ્યની કદરથી માનવતા**

માનવતા ઉપસાવવી હોય તો જેમ વડીલનો વિનય અને નાના ઉપર પ્રેમ-હેત-વાત્સલ્ય, આ બે ગુણ જરૂરી જોયા, એમ ત્રીજો ગુણ બીજાના પુણ્યની કદર, એ પણ કેવો જરૂરી ગુણ છે, એ હવે જોઇએ.

☙ ☙ ☙ ☙ ☙ ☙

બીજાના પુણ્યની કદર એટલે બીજાને સારું મળ્યું એના પર ખાર-ઇર્ષ્યા-અસૂયા ન થાય કે 'મને નહિ, ને આને કેમ સારું મળ્યું ?' પરંતુ એના પુણ્યને ગણતરીમાં લેવાય કે 'મારો પુણ્યોદય તેવો નહિ એટલે મને સારું ન મળ્યું ને એનો પુણ્યોદય સારો એટલે એને સારું મળ્યું. પુણ્યે સારું મળે એ સ્વાભાવિક છે. મને મારા પુણ્ય જેટલું મળ્યું છે, હવે મારી પુણ્ય પ્રાપ્તિને લઇને બીજો કોઇ મારા પર ઇર્ષ્યા કરે તેથી કોઇ મારી પ્રાપ્તિમાં વાંધો નથી આવતો, એમ હું બીજાની સારી પ્રાપ્તિ પર ઇર્ષ્યા કરું એમાં એને શો વાંધો આવવાનો છે ? કશો જ નહિ, તો ફોગટ મારે ઇર્ષ્યાથી મારું હૈયું શા માટે બગાડવું ? વળી મારા પર બીજો ઇર્ષ્યા કરે અને હું ખોટો-ખરાબ ગણું છું. તો હું પણ બીજા પર ઇર્ષ્યા કરું તો હું ય તેવો ખરાબ કરું છું. એનાં પુણ્યે એને સારું મળ્યું. એમાં પુણ્યની મહાસત્તાને કારણભૂત ગણવી જોઇએ. એ નહિ ગણતાં નકામી ઇર્ષ્યા કરી મારે ખોટા-ખરાબ શા માટે થવું ?'

આમ, આપણી પ્રત્યે બીજાની ઇર્ષ્યા આપણને નથી ગમતી. એ વિચારી બીજા પ્રત્યે આપણને થતી ઇર્ષ્યા અટકાવી શકાય.

**દોષ, પાપ અટકાવવાની ચાવી :-**

શું ઇર્ષ્યા કે શું બીજા ક્રોધાદિ દોષ યા હિંસાદિ પાપ, એને અટકાવવા આ

ચાવી, કે 'આપણી પ્રત્યે કોઇ ઇર્ષ્યા-ક્રોધાદિ દોષ યા હિંસાદિ પાપ કરે એ આપણને ગેરવાજબી લાગે છે, તો આપણે એ કરીએ એ ક્યાં વાજબી છે ?' આ વિચારવું.

આપણને કોઇ મારે આપણી પ્રત્યે કોઇ જૂઠ બોલે, આપણી કોઇ ચોરી કરે, આપણી સ્ત્રી પ્રત્યે કોઇ ખરાબ નજર યા ચેષ્ટા કરે, એ આપણને નથી ગમતું, ગેરવાજબી લાગે છે, તો પછી આપણે બીજાને મારીએ, બીજા પ્રત્યે અસત્ય વગેરે આચરીએ એ પણ ખરાબ છે, ગેરવાજબી છે. એમ આપણી કોઇ નિંદા કરે ઇર્ષ્યા કરે. એને આપણે તદ્દન અનુચિત લેખીએ છીએ તો આપણે બીજાની નિંદા-ઇર્ષ્યા કરીએ એ પણ શું તદ્દન અનુચિત નથી ? આપણી સામે કોઇ ક્રોધ કરે રોફ બજાવે, એ ખરાબ, તો શું આપણે બીજા પર ક્રોધ કરીએ, રોફ બજાવીએ એ સારું ? એ વાજબી ?'

**જેવો જાત પ્રત્યે એવો બીજા પ્રત્યેનો વિચાર કરીએ તો દોષો-પાપો કરતાં થંભી જવાય.**

બીજાની ઇર્ષ્યા કરવા જતાં વિચારાય કે 'મારી કોઇ ઇર્ષ્યા કરે એ ખોટું કરતો લાગે છે, તો પછી મારે એવું ખોટું કેમ કરાય ? શું કામ મારે બીજાની ઇર્ષ્યા કરવી ? એનું પુણ્ય છે એટલે એને સારું મળ્યું છે. પછી મારે બળવું શા માટે ? ને બળવાથી વળે પણ શું ? જગતમાં પુણ્યની મહાસત્તા એવી છે કે જીવના કશા સંયોગ-લાયકાત કે પુરુષાર્થ જોયા વિના એને સારું આપી દે છે ! ત્યાં સામે બીજાના ધમપછાડા પણ એ ગણાતી નથી.

શ્રીપાળકુમારનો પુણ્યોદય હતો તે દેવતાઇ વિદ્યા મેળવવા માટે કશો પુરુષાર્થ નહિ ને માત્ર વિદ્યાધરને એની વિદ્યા યાદ કરાવવાનો ઉપકાર કર્યો હતો. છતાં વિદ્યાધરે એને બે વિદ્યા મંત્રિત એવી જડીબુટ્ટી પરાણે એના હાથે બાંધી દીધી કે જેથી શ્રીપાળ પર કોઇનું શસ્ત્ર ન ચાલે અને દરિયામાં કોઇ જલચર પશુ એને ઉપદ્રવ ન કરે. આમાં શ્રીપાળ પર પુણ્યની મહાસત્તા તૂઠી. હવે સામે ધવલશેઠે ઘણાય ધમપછાડા કર્યા. પોતાના સુભટો અને રાજાના સુભટોને શ્રીપાલને પકડી લાવવા મોકલ્યા, લડાઇ કરાવી. પરંતુ પેલી પુણ્યની મહાસત્તા શાની મચક આપે ? શ્રીપાળના પુણ્યે શ્રીપાળ સામે સુભટોનાં જીવલેણ શસ્ત્રો પણ ફેઇલ કર્યા, નકામા કર્યાં, ને શ્રીપાળના સામાન્ય શસ્ત્ર પ્રયોગ એવા કામિયાબ કર્યા કે સુભટોને ભાગી જવું પડ્યું !

**પુણ્યની મહાસત્તા આગળ ભલભલા પાણી ભરે.**





એમ શ્રીપાળની સામે ધવલશેઠે ઇર્ષ્યાથી ઘણા ધમપછાડા કર્યા. યાવત્ પ્રપંચ કરી શ્રીપાળને દરિયામાં ધકેલ્યા. પરંતુ શ્રીપાળના પુણ્યે મગરમચ્છ તરાપા જેવો થઇ ને આવ્યો ને શ્રીપાળને દરિયામાં ડૂબતાં પહેલાં પોતાની પીઠ પર ઝીલી દીધા, અને આગળ ચાલી થાણા બંદરે ક્ષેમકુશળ ઉતારી દીધા ! તો ત્યાં શ્રીપાળને ઉપરથી થાણાના રાજાની કુંવરી પરણવા મળી. પુણ્યની મહાસત્તા સામે ઇર્ષ્યાળુના, દ્વેષીના ગમે તેટલા ધમપછાડા પણ નકામા છે.

ભરત પાસે ગમે તેટલું મોટા ચક્રવર્તી બનવાનું પુણ્ય, પણ બળનું પુણ્ય બાહુબલજી પાસે હતું એવું એની પાસે નહોતું, તો બાહુબલ સાથે ભરતે ગમે તેટલા ધમપછાડા કર્યા, બન્નેનું લશ્કર સામસામે ભેટ્યું. અને બાહુબલના વફાદાર મગરૂબ સૈનિકોને હરાવી ન શક્યા. ત્યારે દેવોએ વચમાં પડીને માત્ર ભરત અને બાહુબલ લડે એમ કરાવ્યું, અને ચાર યુદ્ધ નક્કી કર્યાં. દ્રષ્ટિ યુદ્ધ-વાગ્યુદ્ધ-હસ્તવાલનયુદ્ધ અને દંડયુદ્ધ. આ ચારે લડાઇમાં ભરત હાર્યા. કારણ ? બાહુબલના બળની પુણ્યની મહાસત્તા.

**પુણ્યની મહાસત્તા સામે મોટા ધુરંધરનું કાંઇ ચાલે નહિ.**

**દુનિયા પર પ્રભુત્વ એ કર્મની વેઠ :-**

બાહુબલે આ બળ કોઇ અખાડામાં પુરુષાર્થ કરીને નહોતું મેળવ્યું, એ તો પુણ્યની મહાસત્તાએ એમને એ આપી દીધેલું. અહીં એક પ્રશ્ન થાય કે-

પ્ર.- બાહુબલ પાસે આટલું બળ છતાં કેમ એમણે છ ખંડ સાધી લેવાનું ન કર્યું ?

ઉ.- તેમની પાસે ભોગનું એવું પુણ્ય નહોતું કે જે એમને છ ખંડની સમૃદ્ધિ ભોગવવાની મતિ કરાવે. એવી બુદ્ધિ જ ન થાય. પછી શું કામ એવી વેઠ કરવા નીકળે ? ત્યારે પૂછોઃ

પ્ર.- તો શું ભરતે છ ખંડ સાધ્યા, એ વેઠ કરી ? એમાં તો એમને ૩૨૦૦૦ દેશના રાજાઓ પર પ્રભુત્વ મળ્યું હતું !

ઉ.- રાજાઓનું પ્રભુત્વ મળ્યું પરંતુ કર્મની વેઠ, કર્મની ગુલામી કરી ! ચારિત્ર માટે જ યોગ્ય એવા આ ઊંચા માનવ-જનમમાં ચારિત્રની સાધના કરવાને બદલે અંતે નાશવંત એવી રાજ્ય-સંપત્તિમાં જીવન હોમવું પડે એ નિકાચિત કર્મની વેઠ છે, નિકાચિત ભોગાવલિ કર્મની મહાસત્તા એ કરાવે છે.

**મહાસંપત્તિ આદિમાં કર્મની વેઠ સમજે એને સંસારમાં ચેન ન હોય.**

માટે જ 'ભરતજી મનહી મેં વૈરાગી' રહેતા. સમજતા કે આમાં પૂર્વ પુણ્યનો પ્રભાવ છે. મારા પુરુષાર્થનો નહિ. પુરુષાર્થ તો મારો વેડફાઇ રહ્યો છે એ તો સંયમ સાધનામાં જ સફળ થાય, અહીંનું બધું તો પુણ્યાધીન છે. શ્રીપાળને સમાચાર મળે છે કે ત્રૈલોક્ય સુંદરી રાજકુમારી એને વીણાવાદનમાં જીતે એને જ વરવાની છે. પરંતુ એ નગર ૧૦૦ યોજન દૂર છે. ત્યાં કેમ પહોંચાય ? ત્યાં તો વિમલેશ્વરદેવ હાજર થાય છે, ને હાર ભેટ આપી કહે છે, 'જાઓ આ હારના પ્રભાવે ગમે તેટલું દૂર પળમાં જઇ શકશો અને ધાર્યું રૂપ કરી શકશો.' બોલો આ પ્રાપ્તિમાં શ્રીપાળનો શો પુરુષાર્થ હતો ? ક્યાં અત્યારે વિમલેશ્વર દેવની આરાધના કરી હતી ? કે પહેલાં પણ આરાધના કરી મૂકી હતી ? આરાધના સિદ્ધચક્રની કરેલી, વિમલેશ્વરદેવની નહિ. પણ એ સિદ્ધચક્રની આરાધના એવી જોરદાર શ્રદ્ધાભરી અને ભક્તિભાવભરી હતી કે એમાંથી જે પુણ્યની મહાસત્તા ઊભી થયેલી એ વિમલેશ્વરદેવને ખેંચી લાવે છે. શું ?

**પ્રભુનો ભક્તદેવ પ્રભુના આરાધકની ભક્તિ કરે છે:**

આજે માણસો ભૂલા પડીને પારસનાથ ભગવાનને બાજુએ રાખીને પદ્માવતી દેવીની જોરદાર આરાધનામાં લાગી જાય છે ! પણ એને ખબર નથી કે પદ્માવતીને જો દેખાયું કે 'આ મારો ભગત થવા નીકળેલો મારા પ્રાણતુલ્ય પારસનાથ ભગવાનને લેખામાં ગણતો નથી, તો એવા અવિવેકી માણસના શા ભરોસા કે આવતી કાલે બીજે સારો લાભ ચાટવા મળવાનું દેખાયું તો મનેય વિસાતમાં નહિ લેખે ?' તો દેવી નક્કી કરશે કે 'આવા નિર્વિવેકી અને સ્વાર્થ લંપટ માણસની ભક્તની કિંમત નહિ આંકવી.' એટલે પાર્શ્વપ્રભુને ઉવેખીને પદ્માવતી દેવીને પકડી બેસનારા બિચારા વરસોના વરસો દેવીની આરાધના કરતાં રહેશે પણ લુખ્ખા બાકસ જેવા હશે ! પૂછો-

પ્ર. તો પારસનાથ ભગવાનને જ આરાધીએ એમાં પદ્માવતી રીઝે ?

ઉ. જુઓ સિદ્ધચક્ર સ્તવનમાં શું લખ્યું છે ? **'વિમલેશ્વર યક્ષ સાંનિધ્ય કરે એહની, ઉત્તમ જેહ આરાધેજી'** અર્થાત્ જે માણસો સિદ્ધચક્ર-નવપદને ઉત્તમ રીતે આરાધે છે એમનું સાન્નિધ્ય વિમલેશ્વરદેવ કરે છે. આરાધના કોની ? સિદ્ધચક્રની અને તુષ્ટમાન કોણ થાય ? વિમલેશ્વરદેવ. કારણ આ, કે એ તો વિમલેશ્વર સિદ્ધચક્રનો ભક્ત છે તેથી સિદ્ધચક્રની ભક્તિ કરનાર પર રીઝે એ સ્વાભાવિક છે. બીજું કારણ એ કે આ આરાધના એવું પુણ્ય ઊભું કરે છે કે એ પુણ્ય પેલા દેવને આકર્ષે છે. 'વેયાવચ્ચગરાણં' સૂત્રની ટીકામાં આ લખ્યું છે. પ્રશ્ન થાય કે-





**દેવ નિમિત્તનો કાયોત્સર્ગ દેવનો ઉપયોગ ન હોય તો કેમ ફળે ?**

પ્ર.- વૈયાવચ્ચ કરનાર દેવનો ખ્યાલ ન હોય ત્યાં એના નિમિત્ત 'વેયાવચ્ચગરાણં' સૂત્ર બોલીને કાયોત્સર્ગ કરવાથી શો લાભ ?

ઉ.- ટીકામાં આનું સમાધાન આપ્યું છે કે જ્ઞાનીઓએ આ કાયોત્સર્ગ કરવાનું વિધાન કર્યું છે, ને જ્ઞાનીઓ નિષ્ફળ પ્રવૃત્તિ કરવાનું કહે નહિ, તેથી આ વિધાન સૂચવે છે કે આ કાયોત્સર્ગ કરનારને કાયોત્સર્ગથી એક એવું શુભ ઊભું થાય છે કે ઇષ્ટ સિદ્ધિ કરે છે.

આનો અર્થ એ, કે કાયોત્સર્ગ કરનારને એવું શુભ પુણ્ય ને શુભ એવો લાભાન્તરાયનો ક્ષયોપશમ ઊભો થાય છે કે જે વૈયાવચ્ચ કરનાર દેવતાને વૈયાવચ્ચની પ્રેરણા જગાડે છે. કહેતા નહિ-

પ્ર. આપણું કર્મ આપણને અસર કરે ? કે બીજાને ?

ઉ. પુણ્યમાં ને લાભાન્તરાયના ક્ષયોપશમમાં આ તાકાત છે કે એના વિષયને એ સક્રિય કરે.

જુઓ, દા.ત. યશ નામકર્મનું પુણ્ય ઉદયમાં આવ્યું તો એ શું કરે છે ? એનો વિષય છે, 'યશ ગાતા લોકો.' તો લોકોને આ રીતે સક્રિય કરે છે કે 'એ લોકો આ પુણ્યવાળાના ગુણ ગાવા માંડે, એની પ્રશંસા કરવા માંડે.' એવું આ કાયોત્સર્ગથી ઊભું થનારું પુણ્ય પેલા વૈયાવચ્ચ કરનાર દેવને સક્રિય કરે અર્થાત્ વૈયાવચ્ચમાં પ્રવર્તમાન કરે એ સહજ છે.

પુણ્યની મહાસત્તા અજબ કામ કરે છે. જેમ એ પુણ્યવાનના પુરુષાર્થ બહારનાં કામ કરે છે, એમ પુણ્યવાનની લાયકાત પણ ન હોય એવી વસ્તુ ઊભી કરી દે છે. તેથી તો દેખાય છે ને કે મહાકૃપણ માણસ ને પુણ્યોદય હોય તો મહાસંપત્તિ મળી જાય છે. એવી સંપત્તિ મળવાની એની શી લાયકાત છે ? છતાં પુણ્ય એ મેળવી આપે છે. મમ્મણશેઠ પાસે કેટલી સંપત્તિ ! એની શી લાયકાત ? પુણ્ય એ જોતું નથી. લાયક માણસોની ગમે તેટલી યોગ્યતા હોય, પુરુષાર્થેય હોય પણ જો પુણ્યની ખફામરજી છે તો એને કશું ન મળે. આજે દેખાય છે ને, કેટલાક ગુણિયલ ને લાયક માણસો પાસે એવી સંપત્તિ નથી ! ને નાલાયકને ત્યાં ધનના ઢગલા થાય છે ! કેમ એવું અઘટતું ! અઘટતું નથી, કારણ આ જ, કે-

**પુણ્યની મહાસત્તાને અહીનો નાલાયક માણસ પૂર્વભવે લાયકાત પર ઊભી કરી લાવ્યો છે.**

ને અહીંના લાયક માણસે પૂર્વભવે એ ઊભી કરી નથી. બસ, જેની પાસે પુણ્યની મહાસત્તા છે એને અદ્ભુત અવનવી પ્રાપ્તિ થાય છે. પછી ભલે એનામાં એવી હોશિયારી કે લાયકાત ન પણ હોય.

હવે ત્યારે પુણ્યની મહાસત્તા આ કામ કરે છે, તો પછી પુણ્યવાનને થતી પ્રાપ્તિ પર આપણે બળવું ને એની ઇર્ષ્યા કરવી, એ કેટલું વાજબી છે ? કેટલું ડહાપણ ભર્યું છે ? મૂર્ખાઇ છે. ડહાપણ તો એ, કે એના પુણ્યની કદર કરવી. મનને એમ થાય. કે

'ભાઇ ! એના પુણ્યે એને મળ્યું છે. પુણ્યની મહાસત્તા અજબ ગજબનાં કામ કરે છે. એની આગળ મારી આવડત-હોશિયારી ને લાયકી બધાંય નિષ્ક્રિય છે. એણે પૂર્વભવે સુકૃત-શુભભાવ કરીને પુણ્યસત્તા ઊભી કરી છે. તો હવે તો એના પુણ્ય પર બળવું એ સુકૃત-શુભભાવ પ્રત્યેનો બળાપો ગણાય. સુકૃત પર બળાપો એ મૂર્ખાઇ નહિ તો ડહાપણ છે ?

પુણ્યની કદર એટલે પુણ્યને માન આપવું, એની ગણના રાખવી, એની પાછળના સુકૃતને ધ્યાનમાં લેવું. પુણ્યથી પ્રાપ્તિ થઇ હોય એના માટે આ હિસાબ માંડવો કે ધન્ય છે એના પૂર્વના સુકૃતને કે જેણે આવી પ્રાપ્તિ થવાનું પુણ્ય આપ્યું ! આમ કરવામાં પુણ્યની કદર કરતાં સુકૃતની અનુમોદનાનો લાભ મળે.

**ઇર્ષ્યામાં આ સુકૃતાનુમોદન ગુમાવવાનું થાય અને દુષ્કૃતની લોથ ઊભી કરવાનું થાય.**

અપરાજિત નાનાભાઇ અનંતવીર્યના પુણ્યની કદર કરે છે. એટલે ઇર્ષ્યા ન કરતાં એના પુણ્યે એને રાજ્ય અપાવ્યું તો એની પ્રત્યે ખુશ રહે છે. પુણ્યની કદર આ કે પુણ્યવાન પ્રત્યે, પુણ્યનો માલ ભોગવનાર પ્રત્યે ખુશ રહો. નાનોભાઇ અનંતવીર્ય રાજા એટલે મુખ્ય, અને એમાં મોટોભાઇ અપરાજિત ખુશ ! તો ખૂબી એવી છે કે અનંતવીર્ય વાતવાતમાં મોટાભાઇને જ આગળ કરે છે.

**સ્તિમિતસાગર રાજા દીક્ષા લે છે :-**

સ્તિમિતસાગર રાજાએ સ્વયંપ્રભ મુનિની દેશના સાંભળી અનંતવીર્યને રાજ્યગાદીએ બેસાડી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ અને મહાદાન પૂર્વક સંસાર-ત્યાગ કર્યો, ચારિત્ર લીધું અને તપ-સ્વાધ્યાયાદિ સાથે સુંદર સંયમ પાલન કરી રહ્યા છે એમાં ક્યાંક સંયમમાં જરા વિરાધના થઇ. ને એ વિરાધનાનું આલોચના-પ્રાયશ્ચિત્ત ન થયું તો અલબત્ત, અનશન કરી દેવલોકે ગયા, પણ ત્યાંથી વૈમાનિક દેવલોકે





નહિ પણ ભવનપતિ દેવલોકે ગયા ! સાધના ભારે હતી તેથી સામાન્ય દેવતા નહિ પણ ઇન્દ્ર-ચમરેન્દ્ર થયા.

કર્મસત્તા કેવી સૂક્ષ્મતાવાળી છે ! સાધના સારી કરો છો ? સારું ફળ લો. સાધના જોરદાર કરો છો ? જોરદાર ફળ લો. પરંતુ સાથે ધર્મની વિરાધના કરી છે, ને તેને આલોચના-પ્રાયશ્ચિત્તથી શુદ્ધ નથી કરી ? તો એનુંય ફળ લેતા જાઓ. વિરાધના ભલે વરસો પહેલાં કરી છે, છતાં જો એની શુદ્ધિ નથી કરી, તો આત્મામાં એક પ્રકારની ક્ષતિ બેઠેલી છે. પછી બીજી આરાધના જોરદાર છે પણ કર્મસત્તાને ત્યાં એ વિરાધના નોંધ બહાર નથી.

**કાળજૂની પણ વિરાધનાનીય કર્મને ત્યાં નોંધ ઊભી.**

મલ્લિનાથ ભગવાને પૂર્વભવમાં આરાધના જોરદાર કરેલ, જેનાં જોરદાર ફળ તરીકે અનુત્તર દેવલોકનું ને તીર્થંકર નામકર્મનું પુણ્ય ઊભું થયું પરંતુ મનમાં સહેજ માયા આવેલી, મિત્ર રાજા-મુનિઓ ન જાણે એમ અધિક તપ કરું.' આ માયાભાવ એ વિરાધના છે. એના યોગે સ્ત્રીવેદ કર્મ બાધ્યું ને એ અંતિમ તીર્થંકરના ભવે નડ્યું ! એ કર્મે એમને પુરુષ તીર્થંકર ન થવા દીધા, સ્ત્રી તીર્થંકર બનાવ્યા.

આરાધના જોરદાર હતી તો આયુષ્ય પૂર્ણ કરી સૌથી ઊંચેના અનુત્તર વિમાન સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા, પરંતુ વિરાધનાની કર્મ સત્તાને ત્યાં નોંધ અકબંધ રહેલી, તે પછીથી એમને સ્ત્રીપણાનો અવતાર આપ્યો.

**આરાધના ગમે તેટલી, પણ એથી વિરાધનાને બચાવ નથી મળતો. વિરાધનાની તો શુદ્ધિ કરવી જ જોઇએ, નહિતર કર્મસત્તાને ત્યાં નોંધ ઊભી રહે.**

**પ્રતિક્રમણનું-પ્રાયશ્ચિત્તનું કેમ મહત્ત્વ છે ? એ વિરાધનાઓની-દોષોની શુદ્ધિ કરી આપે છે, કર્મસત્તાને ત્યાંની નોંધ ભૂંસી નાખે છે.**

શ્રાવક ઘરવાસમાં રહી દાનાદિ ઘણો ધર્મ કરતો હોય, પણ એનાથી કાંઇ ઘરવાસનાં પાપોને માફી મળતી નથી. પાપોની શુદ્ધિ કરવા માટે તો પ્રતિક્રમણની અને આલોચના-પ્રાયશ્ચિત્તની ખાસ જરૂર રહે છે, નાનાં નાનાં પાપોની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય, મોટાં પાપોની શુદ્ધિ ગુરુ કરી આપે. ગુરુ આગળ પાપોની આલોચના યાને પાપોનું યથાસ્થિત પ્રકાશન કરી, ગુરુ આપે તે પ્રાયશ્ચિત્ત વહન કરવાથી શુદ્ધિ થાય.

પ્ર. - પ્રતિક્રમણ ન કરીએ અને વરસે વરસે ગુરુ પાસે ભવ આલોચના કરીએ તો શુદ્ધિ થાય કે નહિ ?

ઉ.- નહિ થાય, કેમકે રોજિંદાં નાનાં પાપો એટલાં બધાં થાય છે કે એ બધો જુમલો વરસ દહાડે વિગતવાર યાદેય ક્યાં આવવાનો ? ને એનું વિગતવાર આલોચન-પ્રકાશન ક્યાં થવાનું ! એ તો રોજની, તે પણ સવારની અને સાંજની પ્રતિક્રમણ-ક્રિયા એવી છે કે એમાં દિવસનાં ને રાતનાં નાનાં નાનાં પાપ યાદ આવી જાય, અને પ્રતિક્રમણ પશ્ચાત્તાપથી એની શુદ્ધિ થાય. દિવસનાં કે રાતનાં પાપ ત્યાં જ દિવસના કે રાતના અંતે સહેજે યાદ આવી જતાં પ્રતિક્રમણમાં એની નિંદા-ગર્હા-સંતાપથી શુદ્ધિ થઇ શકે.

**પ્રતિક્રમણ પૂર્વે કર્તવ્ય :-**

આ વસ્તુ એ પણ સૂચવે છે કે દિવસે કે રાતે પાપ થાય ત્યાં જ એને પાપ રૂપે સમજી જો દિલમાં એનો ડંખ રાખે તો જ સાંજે કે સવારે પ્રતિક્રમણ વખતે એ યાદ આવી શકે. જો દિલને એમ લાગતું જ નથી કે આ મેં પાપ કર્યું, ને જિંદગી એમ જ ડફડાવ્યે જવાય છે, જો વિના સંકોચ પાપ થયે જાય છે તો તો પછી પ્રતિક્રમણમાં પાપ તરીકે એ યાદ જ ક્યાંથી આવવાનાં કે મેં આ પાપ કર્યાં ? પાપ થઇ જતાં આત્મા ચોંકી ઊઠતો હોય કે 'આ હું શું કરી રહ્યો છું ? આવા ઊંચા જન્મે આવાં પાપ ?' તો તો દિલમાં એ પાપનો ડંખ ઊભો થાય ને ડંખ હોવાથી તરતમાં સવારે કે સાંજે પ્રતિક્રમણમાં એ યાદ આવે, ને પ્રતિક્રમણથી શુદ્ધિ થાય.

**પાપ ભયંકર છે પણ પાપ કરતાં પાપનો ડંખ ન હોય એ વધુ ભયંકર છે.**

પાપનો ડંખ નહિ, સંતાપ-પશ્ચાત્તાપ નહિ એટલે પાપ ન કરવાનું ક્યારેય પણ લાગે જ શાનું ? ઊલટું પાપો હોંશે હોંશે કરતા રહેવાનું બને. પછી ગુરુ વ્યાખ્યાનમાં કે અંગત રીતે ઘરવાસમાં કેવાં કેવાં રકમબંધ પાપો થાય છે ને એથી કેવાં કેવાં કર્મ બંધાય છે એ સમજાવે તો ત્યાંય મન બચાવ કરી લેશે કે ઘર લઇને બેઠા એટલે પૈસા વિના ચાલે છે ? ધંધા વેપાર વિના ચાલે ? ચૂલા ઓલા વિના ચાલે ? તો શું બધે જ પાપ, પાપ, પાપ ? એ તો ગૃહસ્થનાં કર્તવ્ય છે. આમ મન બચાવ કરે એનો અર્થ શું થયો ? પાપ તો કરવાંજ છે, પણ એને પાપરૂપ માનવાં નથી, એનો ડંખ-સંતાપ પણ નથી રાખવો તો પાપના ડંખ વિના કયા જન્મારે આ પાપનો ત્યાગ આવી શકે ?

**પાપનાં પુનરાવર્તન જ ચાલ્યા કરવાનાં. જે પાપનો સંતાપ નહિ એ**





**પાપ જલ્દી ન છૂટે. જે પાપની સજા નથી લેવી એનું પુનરાવર્તન થયા કરે.**

પ્રતિક્રમણનું આ મહત્ત્વ છે કે નાનાં પાપની એ સજા છે, દંડ છે એથી પાપની શુદ્ધિ પણ થાય. અને ફરીથી એ પાપ કરવા પર કાપ પડવાને અવકાશ મળે, ત્યારે કહેશો-

પ્ર.-પ્રતિક્રમણ કરવા છતાં ઘરવાસનાં એનાં એ પાપ તો થયા જ કરે છે, તો એમાં ક્યાં ફરક પડ્યો ?

ઉ.-ફરક એ પડે છે કે જો ખરેખર પાપના પશ્ચાત્તાપ પૂર્વક પ્રતિક્રમણ કર્યું હોય તો પ્રતિક્રમણ પહેલાં પાપ જે દુષ્ટ ભાવે કરેલાં તેવા દુષ્ટ ભાવથી પાપ ફરીથી નહિ થાય.

**આમ પ્રતિક્રમણથી હવે પછીથી પાપાચરણના ભાવમાં ફરક પડે એ મહત્ત્વનો ફરક છે.**

કેમકે એમ જ ભાવમાં ફરક પડતો જવાથી પાપાચરણમાં દુષ્ટ ભાવ મંદ પડતા આવે. ત્યારે એક દિવસ એવો આવીને ઊભો રહે છે કે જ્યારે દુષ્ટભાવ નામશેષ થઇ જાય છે. તેથી પાપાચરણ જ બંધ પડી જાય છે. ને દુષ્ટભાવના સ્થાને નિર્મલ ભાવ આવવાથી પાપાચરણને બદલે કેવલ સુકૃતાચરણ જ ઊભાં થાય છે.

શાસ્ત્ર આ જ કહે છે કે **'ઉત્સર્ગ' માર્ગ આ, કે પાપ કરીએ નહિ, એ જ પ્રતિક્રમણ'** માટે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે કહ્યું-

**'પ્રથમ પદે પડિક્કમણું ભાખ્યું, પાપતણું અણ કરવું.'**

પ્રથમ પદ એટલે ઉત્સર્ગ માર્ગ. દ્વિતીય પદ એટલે અપવાદ માર્ગ. ઉત્સર્ગ માર્ગે પ્રતિક્રમણ શું ? આ જ કે પાપનું આચરણ જ નહિ. ત્યારે-

અપવાદ માર્ગે પ્રતિક્રમણ આ, કે

(૧) થઇ ગયેલ પાપાચરણનો હૃદયથી સંતાપ. અને

(૨) પાપમાં અત્યન્ત અકર્તવ્ય બુદ્ધિ, સાથે

(૩) પાપકારી પોતાના આત્માની પાકી ઘૃણા. બીજા શબ્દમાં કહીએ તો પાપકારી પોતાના આત્માને વોસિરાવવો.

આ રીતે પ્રતિક્રમણ કરે એ પછીથી સંયોગવશ કર્મવશ પાપ કદાચ કરે તો પણ એમાં પૂર્વના જેટલો જ મલિન ભાવ ન હોય. આ ઓછો ફરક છે ? આમ જ મલિન ભાવ ઘસાતા આવે, એ સરવાળે આત્માને મલિન ભાવ વિનાનો કરી મૂકે.

**મૂળ, પાપનો સંતાપ, પાપમાં અકર્તવ્ય બુદ્ધિ અને પાપકારી આત્માની ઘૃણા પ્રતિક્રમણમાં જોઇએ.**

વાત આ છે કે ધર્મ ગમે તેટલો કરો, પણ સાથે પાપ-દોષ-વિરાધનાનું પ્રતિક્રમણ અને ગુરુ આગળ આલોચના-પ્રાયશ્ચિત્ત ગ્રહણથી શુદ્ધિ કરણ કરવું જ જોઇએ, એ વિના ધર્મમાત્રથી પાપ ધોવાય નહિ. ધર્મનાં ફળ સાથે વણધોયા પાપનું ફળ પણ ભોગવવું જ પડે. અથવા-

પાપવિરાધના ધર્મના ફળ પર કાપ મૂકી દે છે. સ્તિમિતસાગર રાજર્ષિને સંયમધર્મનું પાલન ઉત્તમ, પણ વિરાધના થઇ એનું શુદ્ધીકરણ ન કર્યું. તો એણે ધર્મના ફળ પર કાપ મૂક્યો. તે મરીને ઊંચે વૈમાનિક સ્વર્ગે નહિ પણ નીચે ભવનપતિમાં એમને ચમરેન્દ્ર બનાવ્યા.

**વિદ્યાધર પાસેથી મહાવિદ્યા**

હવે મોટાભાઇ અપરાજિત સાથે અનંતવીર્ય રાજ્ય સંભાળી રહેલ છે. એ પ્રસંગે એક વિદ્યાધર મળે છે. એની સાથે સ્નેહ-મૈત્રી થઇ જાય છે, એટલે એ વિદ્યાધર ત્યાંથી જવાનો અવસર આવતાં એમને મહાવિદ્યા આપી કહે છે કે 'આની સાધના કરજો એટલે એ તમને સિદ્ધ થતાં ખૂબ ઉપકારક બનશે.'

**બીજાને આપેલો સ્નેહ પ્રેમ નિષ્ફળ નથી જતો.**

એમ સામે ખેલદિલ માણસ મળ્યો હોય, સારો ખાનદાન ઉદાર માણસ મળ્યો હોય, તો પ્રેમના વળતરમાં અવનવો લાભ કરી આપે ! અહીં જોવા મળશે કે આ મહાવિદ્યા કેવો ભારે લાભ કરી આપે છે.

ત્યારે જીવનમાં એવા ખેલદિલ માણસનો સંપર્ક હાલતાં ને ચાલતાં નથી મળતો, ક્યારેક મળી જાય છે, એ જાણો છે ને ? તો પછી એથીય ઉંચા ખેલદિલ દેવાધિદેવ સદ્ગુરુ અને જૈનધર્મનો સંપર્ક હાલતાં ચાલતાં મળી જાય એવો સુલભ છે ? કે પેલા કરતાંય વધારે દુર્લભ ? અહીં મળી ગયો છે એટલે તમને એમ લાગે છે કે 'ધર્મ તો છે, છે ને છે. દેવ ગુરુ તો મળ્યા જ કરે.' આવું કાંઇક લાગે છે માટે જ મહાખેલદિલ દેવ-ગુરુ-ધર્મને હૈયાનો તેવો પ્રેમ આપવાનું મન નથી થતું ! કહેતા નહિ-

પ્ર. દેવ-ગુરુ-ધર્મને પ્રેમ આપીને મળે શું ?

ઉ. બધે મેળવવાની લૂંટવાની જ વાત ? આ ભુખાળવાપણું ક્યારે મટવાનું ? 'કશું ચાટવા મળે તો જ અમે ઘસાઇએ' આ જ જીવન સિદ્ધાન્ત ને ? જીવનમાં





આનાથી કાંઇ વધારે હોય ? જુઓ, અપરાજિત અને અનંતવીર્યે પેલા વિદ્યાધરને પ્રેમ આપેલો તે કશું ચાટવા મળે એ કારણે નહિ, પરંતુ 'વિદ્યાધર એક અચ્છા માણસ છે, સજ્જન છે, સજ્જનનો યોગ આ બહુધા દુર્જનભર્યા જગતમાં ક્યાંથી મળે ? ને જો એ મળ્યો છે તો એના પર હેત-પ્રેમ-સ્નેહ વરસાવવો એ જીવનનો એક લહાવો છે' આ સમજ હોવાના કારણે વિદ્યાધરને પ્રેમ આપેલો.

**જીવનનો લહાવો જ લેવાની સમજ હોય ત્યાં બદલામાં કશી પૌદ્ગલિક સ્વાર્થ પૂરવાની ગણતરી જ ન હોય.**

'પ્રેમયોગ્ય સજ્જન પર આપણા હૈયામાં પ્રેમ વહેતો કરવાનો લહાવો લેવો. જનાવરના કે અનાર્ય મનુષ્યના અવતારે ક્યાં આ યોગ અને આ લહાવો લેવાનું સ્વપ્નું ય હતું ? માનવ જીવનમાં વિશિષ્ટ લહાવા લેવાના હોય છે, એમાંનો આ એક લહાવો છે.'

બસ, આ સમજ પર દેવાધિદેવ-ગુરુ અને ધર્મ પર આપણા હૃદયમાં પ્રેમ ભરપૂર વહેતો રાખવાનો. આ જીવનનો એક મહાન લહાવો સમજીએ તો બદલામાં કશું મળવા પર દ્રષ્ટિ જ ન જાય. તો પછી સમજી રાખજો કે એ પ્રેમ અચિંત્ય-અમાપ વળતર આપ્યા વિના નહિ રહે.

અપરાજિત અને અનંતવીર્યે વિદ્યાધર પર નિઃસ્વાર્થ બુદ્ધિએ ભારે સ્નેહ વરસાવેલો છે, તો પેલો જતાં જતાં એમને મહાવિદ્યા આપી જાય છે. કેવું વળતર !

**નારદજીનું આગમન અને અ-સ્વાગત.**

હવે એક વાર એવું બને છે, કે અપરાજિત અને અનંતવીર્ય રાજ્ય-સભા ભરીને બેઠા છે ને ત્યાં નારદજી આકાશમાંથી ઊતરી આવે છે. નારદજી બ્રહ્મચારી હોય છે ને એ ઘરવાસ જેવું કાંઇ રાખતા નથી. ગગનગામિની વિદ્યાના બળે તીર્થો વગેરેમાં ઘૂમે છે. ઘરવાસ જેવું નહિ એટલે એવા આરંભ-સમારંભ પરિગ્રહ નહિ. તે પવિત્ર બ્રહ્મચારી એટલે એ દેવર્ષિદેવોના ઋષિ ગણાય છે. એ અહી ઊતરી તો આવ્યા, પણ એ બંને ભાઇનું ધ્યાન ગયું નહિ એટલે ઊઠીને નમન-સન્માન-આવકાર કરવા જોઇએ તે કાંઇ કર્યું નહિ. નારદજી આ સાંખી શકે ?

**બંને ભાઇ નૃત્ય જોવામાં લીન :-**

બંને ભાઇઓનું ધ્યાન કેમ ગયું નહીં ? એનું કારણ આ હતું કે એમની પાસે કિરાતી અને બર્બરી નામે બે દાસી હતી એ નૃત્યકળામાં બહુ પ્રવીણ હતી, તેથી બંને ભાઇઓ અવરનવર એનું નૃત્ય જોતા હતા. તે અત્યારે નૃત્ય જોવામાં

લીન હતા, એટલે નારદજી તરફ ધ્યાન ગયું નહિ. ને એથી એમનો ઉચિત સત્કાર કર્યો નહિ. નારદજી આ કેમ સાંખી શકે ? એ ગુસ્સે થઇ ગયા, એમને વિચાર આવ્યો કે 'આ બે ભાઇ આવા મૂઢ કે નોકરડીના નૃત્ય જોવામાં લટ્ટુ તે મને આવકારતા નથી ? એમને મન મારા કરતાં નોકરડી વધી ગઇ ? ઠીક છે, હવે એમના આ અવિનયનું અને આ હલકી જાતના નૃત્યમાં લીનતાનું ફળ બતાવું છું કે એમનો આ રસ હવે કેટલો ટકે છે !

**ઇન્દ્રિયોની વિષય પર ચોંટ સત્કર્તવ્યો ભુલાવે છે.**

બંને ભાઇ નૃત્ય જોવાના રસમાં નારદજીના ખોફનો વિષય બની ગયા. નૃત્ય એ ચક્ષુનો વિષય છે. ઇન્દ્રિયો અને એના વિષય કેવા ભયંકર છે. એ આ પરથી સમજાશે. આંખ એના વિષયમાં એવી ચોંટે છે કે ક્યારેક જેમ અહીં સન્માનનીય નારદજીનું સન્માન ભૂલ્યા એમ બીજાં પણ યોગ્ય કર્તવ્યો-સત્કર્તવ્યો ભુલાવે છે.

દેખાય છે ને કે વીતરાગ પરમાત્માના મંદિરમાં પણ આવેલા, અને પરમાત્માનાં દર્શન સ્તુતિ ચૈત્યવંદન કરતા હોય છતાં, જો ત્યાં કોઇ ઉદ્‌ભટ વેશવાળી બાઇ આવી ગઇ, તો ચક્ષુ ભગવાનને મૂકી એને જોવામાં લાગી જાય છે ! આમાં શું કર્યું આંખે ? પરમાત્માને જોવાનું પડતું મૂક્યું !

**ક્યાં મોટા ઇન્દ્રોને પણ સન્માનનીય અનંત ઉપકારી પરમાત્મા ને ક્યાં વિષયરાગ કામરાગથી સળગી રહેલી એક સ્ત્રી ?**

**પ્રભુ પર આંખ ક્યારે ચોંટી રહે ?**

કોને મૂકીને કોણ જોવા લાયક ? પરમાત્મા તો એવા જોવા લાયક છે કે 'પ્રથમ જિનેશ્વર પ્રણમીએ' ના સ્તવનમાં બોલો છો ને કે 'કલ્પવૃક્ષ પરે તાસ ઇંદ્રાણી નયન જે ભૃંગ પરે લપટાય'' અર્થાત્ જેમ કલ્પવૃક્ષ પર ભમરા લપટાઇ એના પર ચોંટી જાય એમ ઇંદ્રાણીની આંખો ભગવાન પર લપટાઇ જઇ ભગવાન પર ચોંટી જાય છે. 'આ તે પરમાત્મા છે કે જેમના રૂપ પર મોટી ઇંદ્રાણીઓ, ઇંદ્રના રૂપ પર જેવી નથી લપટાતી, એવી ઓવારી જાય છે !'

મોટી ઇંદ્રાણી લોભાઇ જાય એ શું માત્ર ચામડાનાં રૂપ પર ? ના, પ્રભુનું અદભુત રુપ, પ્રભુના અદ્‌ભુત ગુણો, અને પ્રભુના અદ્‌ભુત ઉપકાર ખ્યાલમાં આવે છે માટે લોભાઇ જાય છે. આપણે પણ દેવાધિદેવ અને ગુરુનાં દર્શન વખતે એમના અદ્‌ભુત ગુણો અને અદ્‌ભુત ઉપકાર જો મન પર લાવીએ, તો આપણી પણ આંખ એ દેવ-ગુરુ પર ચોંટી જાય. પછી ત્યાં બીજી બધી જડ માયા યાદ ન આવે. એટલે





સમજાશે કે-

**પ્રભુનાં દર્શનમાં પ્રભુના ગુણ-ઉપકારનું સ્મરણ ભળેલું હોય તો મન દર્શનમાં સ્થિર રહે.**

**દર્શનાદિ વખતે બીજા વિચાર કેમ અટકે ?**

પ્ર.- પ્રભુદર્શન આદિ વખતે બીજા-ત્રીજા વિચાર કેમ આવે છે ?

ઉ.- આનું સમાધાન એ છે કે એ વખતે પ્રભુના અદ્‌ભુત ગુણો અને અદ્‌ભુત ઉપકારો યાદ આવતા નથી માટે. પ્રભુનું ખાલી ખાલી રૂપ જોવામાં આંખ કેટલી ચોંટે ? મન કેટલું જામે ? તેથી બીજા ત્રીજા વિચારોમાં મન ચડી જાય છે. નહિતર જો પ્રભુના ગુણો અને ઉપકારો એટલા બધા છે કે એને યાદ કર્યે જ જઇએ, કર્યે જ જઇએ, તોય પાર ન આવે. આંખ અને મન પ્રભુ પર ચોંટ્યા રહે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ સ્તવનમાં કહે છે.

**'મેરે સાહેબ તુમ હી હો, જીવન આધાર.**
**પાર ન આવે સમરતાં. તુમ ગુણ ઉપકાર.'**

અર્થાત્ 'હે મારા સાહેબ ! તું જ મારે જીવનનો આધાર છે, કેમકે મારે જીવન ગુણમય જોઇએ છે અને એવું જીવન બનાવવા માટે અલબત્ત જોઇએ તો તું જ મારે આલંબન છે. તેમજ તેં ભવ્યાત્માઓને ગુણસંપન્ન કરવા અથાગ ઉપકાર કર્યા છે. તારા ગુણો અને ઉપકાર તો એટલા બધા છે કે એને યાદ કરતાં પાર ન આવે. એટલે કે એ યાદ કર્યે જ જઇએ. કર્યે જ જઇએ, ને એ ખૂટે જ નહિ. પ્રભુ ! આવા તારા વિના મારે બીજો કોણ આધાર બની શકે ? મારે તું જ જીવન-આધાર છે. તારા અચિંત્ય ઉપકારે જ હું ગુણમય બનીશ.' શું ? પ્રભુને વારંવાર આ પ્રાર્થના કે-

**'પ્રભુ ! ગુણમય તને ધ્યાનમાં રાખીને જ મારામાં ગુણો આવશે, ને ખીલશે.'**

પ્ર.- પ્રભુ તો વીતરાગ અને કર્મમુક્ત બની મોક્ષમાં જઇ બેઠા, એ શી રીતે આપણને ગુણમય કરી શકે ? અને એમ જો દૂર મોક્ષમાં બેઠા કરી શકે તો તો બધાય જીવોને ગુણમય કેમ ન કરી દે ?

ઉ.- આપણને ગુણમય કરવા માટે પ્રભુએ મોક્ષમાંથી નીચે ઊતરવાની કે મહાવિદેહ ક્ષેત્રમાંથી અહીં આવવાની જરૂર નથી. તેમજ પ્રભુએ ત્યાં બેઠા પણ કશું કરવાની જરૂર નથી. જરૂર માત્ર એટલી છે, કે.

**આપણે આપણા દિલમાં પ્રભુને વસાવવાની જરૂર છે.**

'પ્રભુ એવા વીતરાગતા નિર્વિકારતા આદિ ગુણોથી સંપન્ન છે અને સેવકોને તેવા ગુણોથી સંપન્ન કરવાના અચિંત્ય પ્રભાવવાળા છે.' એવી સચોટ શ્રદ્ધા સાથે પ્રભુનું સ્મરણ કરીએ એ આપણા દિલમાં પ્રભુ વસાવ્યા કહેવાય. પ્રભુનાં એવાં વારંવારનાં સ્મરણથી આપણે ગુણ સંપન્ન બનતા જઇએ છીએ, એમાં કામ કોણે કર્યું ? આપણા દિલમાં વસેલા પ્રભુએ જ કર્યું. માટે આ કહેવાય કે-

**દિલમાં વસેલા વીતરાગતાદિ ગુણમય અરિહંત પ્રભુ આપણને ગુણ સંપન્ન બનાવે છે.**

સ્તુતિ-દાન-સન્માનાદિમાં વિશેષતા એ ક્રિયાની નહિ, ક્રિયાના વિષયની છે. એમ કહેતા નહિ કે-

પ્ર.- આપણે ગુણસંપન્ન બનવામાં કામ તો આપણા સ્મરણે કર્યું ને ? કામ પ્રભુએ કર્યું કેમ કહેવાય ?

ઉ.- આપણે સ્મરણ બીજા-ત્રીજાનું કરીએ તો એની તાકાત નથી કે આપણને ગુણમય બનાવી શકે, પણ જો સ્મરણ અરિહંત પ્રભુનું કરીએ તો એ કામ નીપજે છે. એટલે એમાં મુખ્યતા સ્મરણક્રિયાની નહિ, પણ સ્મરણના વિષયભૂત અરિહંત પ્રભુની છે. સ્મરણ તો બંને ઠેકાણે છે, પણ જે સ્મરણમાં અરિહંત પ્રભુ છે એ જ સ્મરણ કામ કરે છે, એ જ આપણને ગુણમય બનાવે છે. તેથી વડાઇ અરિહંત પ્રભુની થઇ કે એમનું જ સ્મરણ કામ કરે, બીજાનું નહિ. અર્થાત્ સ્મરણમાં આવેલા અરિહંત પ્રભુ જ કામ કરે છે.

**મંત્રની જેમ અરિહંતની કાર્યકારિતા ને મુખ્યતા :-**

મંત્રમાં જુઓ શું થાય છે. માંત્રિક સાપનું ઝેર ઉતારવાનો મંત્ર યાદ કરે છે, અને સાપનું ઝેર ઊતરી જાય છે. હવે વિચારોઃ અહીં ઝેર ઉતારનાર કોણ ગણાય છે ? ઝેર ઉતારનાર મંત્ર છે ? કે મંત્રનું સ્મરણ ઝેર ઉતારનાર ? મંત્ર જ વિષહર કહેવાય છે. એમ બોલાય છે કે 'આ મંત્ર સાપનું ઝેર ઉતારવાનો મંત્ર છે, ને આ મંત્ર આધાશીશી ઉતારવાનો છે.' ત્યાં 'ના, મંત્ર ઝેર ઉતારનાર નહિ, મંત્રનું સ્મરણ ઝેર ઉતારનાર છે' એમ નથી કહેવાતું.

મંત્ર પ્રભાવક છે તો જ એ દિલમાં આવ્યે કામ કરે છે. એમ અરિહંત પ્રભાવક તો જ એ દિલમાં આવ્યે કામ કરે છે.

ભળતો મંત્ર દિલમાં ગમે તેટલો લાવો, કાંઇ કામ ન કરે. એમ ભળતા





દેવને દિલમાં ગમે તેટલા લાવો એ કામ નહિ કરે, એ તો અરિહંતનો જ પ્રભાવ છે તે કામ કરે છે. વળી જેમ મંત્રની અચિંત્ય તાકાત છે એવી સચોટ શ્રદ્ધા ન હોય, કે શંકા હોય કે 'કોને ખબર, મંત્ર કામ કરે કે ન કરે ?' ને એવી અશ્રદ્ધા કે શંકાથી એનું ગમે તેટલું સ્મરણ કરો તોય કામ ન થાય, એમ 'અરિહંત યા નવકારમંત્ર પ્રભાવક છે, અચૂક કામ કરે છે'. એવી સચોટ શ્રદ્ધા જ ન હોય યા પ્રભાવમાં શંકા હોય, તો પણ એનું સ્મરણ ગમે તેટલું કરો તોય કામ ન થાય. આ શું બતાવે છે ? સ્મરણની વડાઇ નહિ, પણ અરિહંતની વડાઇ. એટલે જેમ 'મંત્રમાં મંત્રની શ્રદ્ધા-સ્મરણ એ પ્રભાવક. પણ મંત્ર પ્રભાવક નહિ ' એમ નથી કહેવાતું, કિન્તુ મંત્ર જ પ્રભાવક કહેવાય છે, એમ અરિહંતમાં સમજવું.

**હકીકતમાં મંત્ર પ્રભાવવંતો છે તો જ એની શ્રદ્ધા અને સ્મરણ કામ કરે છે. એ રીતે અરિહંત પ્રભુ અને નવકારમંત્ર હકીકતમાં પ્રભાવવંતા છે તો જ એના પર પાકી શ્રદ્ધા સાથે એનું કરાતું સ્મરણ કામ કરે છે.**

**પ્રભાવ અચિંત્ય બે રીતે-**

'એ શી રીતે પ્રભાવ બતાવતા હશે ?' એ આપણી કલ્પનામાં ચિંતનમાં ન આવી શકે માટે એમનો પ્રભાવ અચિંત્ય કહેવાય છે, તેમજ એમના પ્રભાવથી ન ચિંતવેલી-ન ધારેલી સિદ્ધિ થાય છે, તેથી પણ અરિહંતનો અને નવકારનો અચિંત્ય પ્રભાવ ગણાય છે.

એટલે કરવાનું આ છે કે દિલમાં વીતરાગતા-નિર્વિકારતા-અચિંત્ય પ્રભાવ વગેરે ગુણો સહિત અરિહંતને વસાવીએ.

**પ્રગતિ માટે બે જરૂરી (૧) અરિહંત પ્રભાવની શ્રદ્ધા- ને (૨) શ્રદ્ધાની પ્રક્રિયા-**

અહીં અરિહંતનો પ્રભાવ છે એ ખાલી પ્રશંસા વચન નથી, પરંતુ હકીકતમાં એ સાચું છે, એમ જાણ્યા પછી પણ, મૂંઝવણ રહે છે કે-

પ્ર.-'અમેય અરિહંતને દિલમાં તો લાવીએ છીએ પરંતુ અમને કોઇ પ્રભાવનો અનુભવ નથી થતો, કોઇ પ્રગતિ નથી દેખાતી. તો ક્યાં અટકે છે ?'

ઉ.- આ મૂંઝવણ ટાળવા બે વાત જરૂરી છે, એક શ્રદ્ધા ને બીજી પ્રક્રિયા. આમાં પહેલું, અરિહંતના અચિંત્ય પ્રભાવથી અરિહંતની અચિંત્ય તાકાતની ભરપૂર શ્રદ્ધા જોઇએ. અંદરથી હૃદયનો પોકાર નીકળે કે-'મારા પ્રભુનો ખરેખર અચિંત્ય પ્રભાવ છે ને એથી જ અનંતા આત્મા કલ્યાણ સાધી ગયા છે.'

**ઘોર હત્યારા ચંડકોશિક પર અરિહંત પ્રભાવ -**

ઘોર હત્યારો ચંડકોશિક સર્પ મરીને આઠમા દેવલોકે શી રીતે ગયો ? અરિહંતના પ્રભાવે જ ગયો, કેમકે એણે હત્યાઓ કરી ત્યાં સુધી કરી, એમાં છેલ્લે મહાવીર ભગવાનને પણ મારી નાખવાની બુદ્ધિએ દંશ માર્યા ! પરંતુ પછીથી જ્યાં 'બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા' એવા પ્રભુના કરુણાભર્યા બોલ સાંભળ્યા કે પૂર્વ જન્મના સ્મરણથી ક્રોધથી પાછો વળી ગયો. અને બિલમાં મોં ઘાલીને એણે મહાવીર ભગવાનને દિલમાં ધારણ કર્યા, પ્રભુની અનુમોદના કરવા લાગ્યો કે-

'પ્રભુ ! તમારી કેટલી ગજબની ક્ષમા અને કરુણા ! તમને જાનથી મારી નાખવાના મારા પ્રયત્નની સામે તમે મારા પર ક્ષમાનો ધોધ વરસાવ્યો ! મારા પર અપરંપાર કરુણા રેલાવી ! કેવી તમારી જબરદસ્ત સહિષ્ણુતા !' એમ પ્રભુને દિલમાં નજર સામે રાખીને પ્રભુની વિશેષતાઓ વિચારતો રહ્યો, અને શાન્તિ ઉપશમ અનુભવતો રહ્યો. તો શું એ બનવામાં દિલમાં વસાવેલા મહાવીર પ્રભુનો પ્રભાવ નહિ ?

એમાં વળી એના શરીર પર ગોવાલણોએ 'સાપ ડાહ્યો થઇ ગયો' એના મંગળ વધામણાં રૂપે ઘી-દૂધના છાંટણા નાખ્યા છે એટલે બેસુમાર કીડીઓ એના શરીરને વીંટળાઇ વળીને એને કોચી રહી છે ! ને કોચતી કોચતી એના શરીરની અંદર પેસી અંદરમાં તીક્ષ્ણ ચટકા ભરી રહી છે ! આવી જાલિમ વેદના વખતે પણ ચંડકોશિક દિલમાં અલૌકિક સહિષ્ણુતા, ક્ષમા, ઉપશમ અને કરુણાભર્યા ભગવાન વીરપ્રભુને જ નજર સામે રાખી એ સહિષ્ણુતાદિનું બળ મેળવી રહ્યો છે ! ને અદ્ભુત શાન્તિ અને ક્ષમા રાખી રહ્યો છે. તો શું આમાં દિલમાં વસાવેલા ભગવાનનો પ્રભાવ નહિ ? દિલમાં આવા અરિહંત પ્રભુને ન વસાવ્યા હોત, તો એવા પ્રભુનાં આલંબન વિના એ શું એવી અદ્ભુત સહિષ્ણુતા-શાન્તિ અને ક્ષમા ઘોર વેદના વખતે જાળવી શકત ? શું એ જાળવવાનું બળ મેળવી શક્યો હોત ? કહો,

**ચંડકોશિકને દિલમાં વસેલા અરિહંત પ્રભુએ જ ભયંકર સહવાનું બળ અને મહા શાન્તિનો ભવ્ય પુરુષાર્થ આપ્યો, માટે પ્રભાવ અરિહંતનો.**

**પ્રસન્નચંદ્ર રાજર્ષિ પર અરિહંતનો પ્રભાવ**

પ્રસન્નચંદ્ર રાજર્ષિ તપતપતા સૂર્યના ધૂમતાપમાં ધ્યાનમાં રહેલા એમણે રસ્તે જતા માણસના એવા બોલ સાંભળ્યા કે 'આ તો ઢોંગી સાધુ. આણે નાના છોકરાને બિચારાને દીવાનના પલ્લે મૂક્યો તો દીવાન વિશ્વાસઘાત કરી એનું રાજ્ય





પડાવી લેવાની કોશિશમાં છે.' આ સાંભળતાં જ રાજર્ષિ ક્રોધમાં ચડ્યા. ધ્યાનસ્થ મુદ્રામાં જ રહીને મનોમન દિવાન સાથે લડ્યા ! જેમાં પરાકાષ્ઠાએ દીવાનની છાતીમાં મુગટ મારવા હાથ મુગટ લેવા પોતાના માથા પર લઇ જાય છે.

આ વખતે રાજર્ષિ અતિ તીવ્ર સંકલેશમાં હોઇ સાતમી નરકનાં કર્મ બાંધી રહ્યા છે. પરંતુ જ્યાં માથે મુગટને બદલે લોચવાળું માથું જોયું ત્યાં જ ચોંક્યા ! અને દિલમાં ભગવાનને લાવી વિચારે છે-

**પ્રસન્નચંદ્રની પશ્ચાત્તાપની ભાવના :-**

'પ્રભુ ! પ્રભુ ! હું ક્યાં ચાલ્યો ? હું તો સર્વ સંગનો ત્યાગી સાધુ મારે છોકરો શેનો ? રાજ્ય શેનું ? દીવાન શાનો ? આ મેં શી ધાંધલ માંડી ? પ્રભુ ! આપે સર્વસંગ ત્યાગ કરાવવાનો, અને સર્વ પાપોથી મુક્તિ અપાવવાનો કેટલો બધો ગજબનો ઉપકાર કર્યો ! ક્યાં આપનો એ અદ્ભુત ઉપકાર ! અદ્ભુત કરુણા ! ને ક્યાં મારી સંગમાં પડવાની તથા ક્રોધ હિંસાદિ પાપમાં પડવાની ઘોર અધમતા ! પ્રભુ ! પ્રભુ ! હું પાપી છું. તમારો અપરાધી છું. મને પામરને ક્ષમા કરો, ભયંકર દેવતાઇ જુલ્મોમાં આપે ક્ષમા ન છોડી કાયાની પણ મમતા ન ધરી, અને હું પાપાત્મા દુર્જનના બોલ પર ક્રોધાદિ પાપમાં તણાયો ! આપ સરખાને પામીને પણ મારા આત્માની આટલી બધી નીચતા કે મેં એવા ચંડાળ ક્રોધને ને સંહારક સંગને આવકાર્યા ! ધિક્કાર છે મારા આત્માને ! બસ, બસ પ્રભુ ! હવે મારે સર્યું એ સંગ અને પાપથી ! મારી કાયા અને મારા અહંત્વ પર પણ હવે મારે કોઇ સંગ-આસક્તિ-મમતા નથી.'

આમ મહાવીર પ્રભુને દિલમાં વસાવી રાજર્ષિ દુષ્કૃતની ભારે ગર્હા, સંતાપ અને પ્રભુનું શરણ કરતા રહ્યા તો અંતે અનાસંગ યોગમાં ચડી કેવળજ્ઞાન પામ્યા ! આમાં ખાસ કોણે કામ કર્યું ? દિલમાં વસાવેલા અરિહંત પ્રભુએ.

**જો દિલમાં વસાવવા આવા પ્રભુ જ ન હોત તો શી રીતે પ્રભુને સંબોધીને આવો પશ્ચાત્તાપ કરી શકત ? માટે પ્રભાવ પ્રભુનો.**

એટલે આ સચોટ શ્રદ્ધા જોઇએ કે-

**અરિહંતનો અચિંત્ય પ્રભાવ છે કે એ દિલમાં વસાવેલા થકા અદ્ભુત કામ કરી આપે.**

અરિહંત પર શ્રદ્ધા છે, પણ એમના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા છે ?

આપણે ભગવાન પર શ્રદ્ધા કરીએ છીએ પરંતુ ભગવાનના અચિંત્ય પ્રભાવ

પર શ્રદ્ધા કરીએ છીએ ખરા ? એ વિચારી જોજો. વિચારજો કે આપણું દિલ કબૂલે છે ખરું કે-'પ્રભુના પ્રભાવે અજબ ગજબનાં કામ થાય. એ થવામાં આપણી ગમે તેટલી હોશિયારી, આપણી શક્તિ અને આપણા પુરુષાર્થ હોય પણ એ ગૌણ છે મુખ્ય તો અરિહંતનો અચિંત્ય પ્રભાવ જ કારણ છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

આ શ્રદ્ધા હોય તો મનમાં લેશ પણ અહંત્વ ન આવે 'કે મારી હોશિયારીથી આ કામ કર્યું, સારું ભણ્યો, સારો તપ કર્યો મારી હોશિયારીથી સારાં વ્યાખ્યાન કર્યાં લોકોને બુઝવ્યા.' આવું કશુ મનમાં ન આવે. એક જ ગુંજન ચાલે કે 'વાહ મારા અરિહંત પ્રભુ ! તમારો કેવો ને કેટલો બધો અચિંત્ય પ્રભાવ કે આ ન ધારી સિદ્ધિઓ સરજી આપી ! ધન્ય પ્રભુ ! ધન્ય ઉપકારી ! આપના પ્રભાવ વિના મારું શું ગજું કે આ સરજી શકું ?

**વારેવારે મનમાં જો અરિહંતના અચિંત્ય પ્રભાવની ને ભારોભાર કૃતજ્ઞતાની રટણા ચાલે, ગુંજન ચાલે, તો અભિમાન ઓગળી જાય. અને પ્રભુ પ્રત્યે ગજબભક્તિભાવ વધી જાય, ને ભક્તિનાં વિવિધ કાર્ય વધી જાય.**

અરિહંતનો અચિંત્ય અનુપમ પ્રભાવ અને ઉપકાર માનવાનું આ ફળ છે કે પછી ભારે ભોગ આપીને વારે વારે પ્રભુની અનેક રીતે ભક્તિનાં કાર્ય કર્યા કરાય.

આ બધામાં જો ખામી હોય, (૧) અભિમાન ભુલાતું ન હોય, (૨) પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વધતો ન હોય, (૩) અરિહંતનાં અનેક રીતે ભક્તિનાં કાર્ય ભોગ આપીને વારેવારે કરાતાં ન હોય, ને (૪) એના બદલે માત્ર જાતની ને કુટુંબની અનેક રીતે પૂજા થતી હોય, તો સમજી રાખો કે મૂળમાં અરિહંતના અચિંત્ય પ્રભાવની જોરદાર શ્રદ્ધા નથી, તેમજ એમનો સાક્ષાત્ ઉપકાર હૈયે બહુ બેસતો નથી.

હવે એ વિચારીએ કે શ્રદ્ધાની સાથે આપણે અરિહંતને દિલમાં વસાવી શી રીતની વિચારણા કરવી કે જેથી ગુણમય પ્રભુના આલંબને આપણામાં ગુણોની ભરતી ચડે.

**અંતરમાં અરિહંતની ધારણા કેમ કરવી :-**

આપણા અંતરમાં પ્રભુને ધારવાના એમાંય (૧) રત્નમય સિંહાસન પર બિરાજમાન અને છત્ર-ચામર-ભામંડળ વગેરે પ્રાતિહાર્ય સહિત ધારવાના, પ્રાતિહાર્ય સહિત હોય તે અરિહંત-અવસ્થા કહેવાય, નહિતર તે વિના સિદ્ધઅવસ્થા ગણાય. આપણે અરિહંતદેવને હૃદયમાં ધારવા છે, તેથી પ્રાતિહાર્યની શોભા સહિત ધારવાના.





(૨) એ ધાર્યા પછી અંતરમાં અરિહંત પ્રભુને બરાબર સ્થિર કરવાના, એટલે કે સ્થિર દ્રષ્ટિથી એમને જોયા કરવાના, પ્રભુને ત્યાં અનંત કરુણાના સાગર, જગઉદ્ધારક, ઇંદ્રોના ય પૂજ્ય તરીકે દેખવાના 'અનંત કરુણાના સાગર' એટલે પોતે અનંતજીવો પરની દયાવાળા, તેમજ જગતને અનંતજીવોની દયા શીખવનારા, જગદુદ્ધારક એટલે જગતના ઉદ્ધાર કરે એવી તત્ત્વવાણી પ્રકાશનારા, ને એવું આલંબન આપનારા, અને ઇન્દ્રોના પૂજ્ય એટલે પ્રભુના ચરણે ઇન્દ્રો નમેલા દેખાય.

(૩) આ રીતે સ્થિરતાથી પ્રભુને જોતા રહ્યા પછી હવે આપણી દ્રષ્ટિ પ્રભુની ચક્ષુ પર ઠહેરાવવાની છે, ને એ ચક્ષુમાં ૧. વીતરાગતા, ૨. નિર્વિકારતા, અને ૩. અનંત પ્રભાવ જોવાનો છે. ૧ વીતરાગતા જોવામાં એ દેખાય, કે પ્રભુ પર જુલ્મ કરનાર પ્રત્યે પ્રભુને દ્વેષ નથી થતો, અને પ્રભુના સત્કાર-સન્માન કરનાર પ્રત્યે પ્રભુને રાગ નથી થતો.

**મહાવીર પ્રભુને ગોશાળો જેમ તેમ બોલે છે -**

'ગોશાળો એ સાચો જિન-સર્વજ્ઞ નથી, પરંતુ અમારો એક વખતનો બની બેઠેલો શિષ્ય મંખલી પુત્ર ગોશાળક છે, ને નિમિત્ત શાસ્ત્રોના આધારે સાચી ભવિષ્યવાણી કહી, પોતાને સર્વજ્ઞ તરીકે ઓળખાવે છે,' આ પ્રમાણે ભગવાન મહાવીર પ્રભુએ, ગણધર ગૌતમ સ્વામીના પ્રશ્ન પર ખુલાસો કર્યો એ વાત બહાર ફેલાઇ. એટલે ગોશાળો ક્રોધથી ધમધમતો પ્રભુ પાસે આવી જૂઠ હાંકે છે કે, 'તે તમારો ગોશાળો તો મરી ગયો. પણ એનું શરીર તપયોગને સહનારું હોવાથી, હું એક યોગી તે મેં યોગશક્તિથી ગ્રહણ કર્યું છે. તો કેમ તમે મારી નિન્દા કરો છે ?'

ગોશાળાના આ બોલ પર પ્રભુએ કહ્યું કે 'તું જ ગોશાળક છે, શા માટે તારી જાતને છુપાવે છે ? પ્રભુના આ કહેલા પર ગોશાળો જેમતેમ લવારો કરે છે, અને પ્રભુને બાળી નાખવા પ્રભુ પર તેજોલેશ્યા છોડે છે ! કેવો દુષ્ટ !

**પ્રભુને ગોશાળા પર દ્વેષ હોત તો ?**

અહીં જોવાનું છે કે 'પ્રભુએ ખુલાસો કર્યો એમાં એમને ગોશાળા પર દ્વેષ થયેલો ? ના, એ તો ગૌતમ મહારાજે પ્રશ્ન કરેલો, તેથી અને બીજી બાજુ ગોશાળો અસત્યના પાયા પર બહાર અનર્થ ફેલાવતો હતો. એકલા નિયતિવાદનો કુમાર્ગ ફેલાવતો હતો તેથી, પ્રભુએ વસ્તુ સ્થિતિનો ખુલાસો કરેલો કે 'આ જિન નથી, સર્વજ્ઞ નથી.' આમાં જો પ્રભુને દ્વેષ હોત તો તો પ્રભુની સેવામાં એક ક્રોડ દેવતાઓ હાજર હતા. એકને કહ્યું હોત કે 'આને જરા સખણો કર' તો દેવતાઇ શક્તિ આગળ

ગોશાળાની શી ગુંજાયશ હતી કે પ્રભુને કાંઇ કરી શકે ? પણ ના, પ્રભુને લેશ માત્ર દ્વેષ નહિ થયેલો. પ્રભુ સર્વજ્ઞ છે તેથી પહેલેથી જાણે છે કે 'આ તેજો લેશ્યા છોડવાનો', છતાં પ્રભુએ એને રોકવા દેવતાને ઇસારોય નહિ કરેલો, એ બતાવે છે કે પ્રભુને એના પર દ્વેષ નહોતો.

**પ્રભુને સ્વકાયા પર રાગ નહિ :-**

તેમ પ્રભુને ભક્ત પર શું, પોતાના શરીર પર પણ રાગ નહોતો, એટલે તો સર્વજ્ઞ પ્રભુ 'ગોશાળો આવીને તેજોલેશ્યા મૂકવા જશે' એમ જાણવા છતાં એથી પોતાના શરીરને બચાવી લેવા કશી જોગવાઇ પ્રભુએ પહેલેથી ન કરી. કારણ, શરીર પર રાગ નહોતો એમ રક્ષા-સત્કાર-સન્માન કરનાર ભક્ત પર પણ પ્રભુને રાગ નહિ, એટલે સાધના કાળમાં પણ ઇન્દ્રે કુંભારના ઘણના ઘાથી પ્રભુને બચાવ્યા. તો પણ પ્રભુએ એવું માન્યું નહિ, કે ઇન્દ્રે આ ખરા અવસરે સારું કર્યું.

પગે ડંસ દેનાર ચંડકોશિક પર અને પગમાં પડીને નમન કરનાર ઇંદ્ર પર પ્રભુ સમાન વૃત્તિવાળા હતા, પણ નહિ કે એકના પર દ્વેષ અને બીજાના ઉપર રાગવાળા.

**(૨) પ્રભુની ચક્ષુમાં નિર્વિકારતા :-**

પ્રભુની ચક્ષુમાં આપણે આવી વીતરાગતા જોવાની છે. એમ નિર્વિકારતા જોવી છે એટલે કે ગમે તેવા અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગોમાં પ્રભુને હર્ષનો કે ખેદનો વિકાર નથી. સંગમ દેવતા છ મહિના જુલ્મ વરસાવવા મંડ્યો, પણ પ્રભુને ખેદ નહિ, તેમ એ સંગમ જ્યારે કંટાળીને જાય છે, ત્યારે હવે તેના ઉપદ્રવથી બચ્યાનો પ્રભુને હરખ નથી.

**હર્ષ અને ખેદ એ ચિત્તના વિકાર છે.**

હર્ષ-ખેદ એ મનના બિગાડા છે, મનની સ્વસ્થતા નથી. એ રોગ છે. માટે એની પાછળ પીડા આવી પડે છે. પૈસા મળ્યા, ને હરખ થયો, તો પછી એ પૈસા ખાતર કેટલીય ચિંતાઓ ઊભી થાય છે. એમાં આઘું પાછું થતાં કે એના અંગે ધાર્યું ન બનતાં, ખેદ-ઉદ્વેગ થયા કરે છે, મનને દુઃખ લાગે છે. એમ દીકરો થયો ને હરખ થયો, તો એની પાછળ વાતવાતમાં ચિંતા-સંતાપ ખેદ આવીને ઊભા રહે છે, ને નથી, ને જો એ મર્યો, તો શોકનો પાર નથી રહેતો. આ પહેલાં થયેલા હરખ પર જ થાય છે. હરખ ન હોત તો આ પાછળના ખેદ-શોક ન હોત.

**હરખ-ખેદ અટકાવવા તત્ત્વ-સમજ :**





**સમૃદ્ધિ આત્માને કશો ગુણ કરનારી નહિ -**

સમજીને પૈસા કે દીકરો મળ્યા પર હરખ નથી, સ્વસ્થતા છે, ઉદાસીન ભાવ છે. સમજે છે ''આ બધુ તો કર્મની લીલા છે, અંતે એ નાશવંત છે, અને એ રહે ત્યાં સુધી પણ મારા આત્માને કશો ગુણ કરનારું નહિ,'' તો એ તત્ત્વ સમજથી એના પ્રત્યે મધ્યસ્થ ભાવ રહે. પછી એના અંગે કશી ચિંતા-સંતાપ-ખેદ નહિ, કેમકે મન સમજે છે કે આ તો કર્મની લીલા, એટલે કર્મના ઉદય જેવા જેવા, તેવા તેવા એમાં સમુદ્રમાં તરંગોની જેમ સારા-નરસાપણાના પર્યાયો આવે. પવનના યોગે સમુદ્રમાં તરંગો આવે ને જાય એમાં સમુદ્રે શું કમાવ્યું કે ગુમાવ્યું ? સમુદ્રે શું રાજી કે નારાજ થવાનું ?'' આવી તત્ત્વ સમજથી મનને કશો હરખ નહિ કે દુભામણ નહિ. મન સ્વસ્થ શાંત-પ્રશાંત રહે એ મનની નીરોગિતા છે. પ્રભુની ચક્ષુમાં નિર્વિકારતા જોવાની. પ્રભુને દેવોનાં સન્માન મળે કોઇ હરખ નથી, જુલ્મ મળે કોઇ ખેદ નથી.

**(૩) પ્રભનો અનંત પ્રભાવ :-** પ્રભુ સાથે વાત કરવાની પ્રભુની ચક્ષુમાં એવી વીતરાગતા-નિર્વિકારતા જોયા પછી હવે પ્રભુની સાથે વાત કરવાની છે કે 'પ્રભુ ! તમારા આલંબનથી મોટા મોટા પાપીઓ-પાપાત્માઓ પણ મહાત્માઓ બની ગયા છે તો પ્રભુ ! મારામાં કેમ સુધારો નહિ ? પણ પ્રભુ ! મને વિશ્વાસ છે કે તમે પાપીઓને સુધારનારા છો તો મને પણ સુધારશો. ચંડકોશિયાએ અને પ્રસન્નચંદ્ર રાજર્ષિએ શું કરેલું કે તે પાપમુક્ત બન્યા ? તમને દિલમાં વસાવી તમારો ઉપદેશ અને તમારી અલૌકિક ક્ષમા-મૈત્રી-પ્રેમ-કરુણા નિર્વિકારતા જોઇ, એ જોવાના બળ ઉપર જ એ એવા ક્ષમાશીલ, મૈત્રી-પ્રેમવાળા કરુણાવાળા બનતા ગયા, પ્રભુ ! એ તમારો જ પ્રભાવ. હું પણ પ્રભુ ! તમારા ગુણો નજર સામે રાખી તમને નજર સામે રાખી પ્રયત્ન કરીશ અને મને વિશ્વાસ છે કે તમારા જ પ્રભાવે મારામાં સુધારો થતો આવશે. બસ પ્રભુ ! મારા પર દયા રાખજો.'

આવી આવી પ્રાર્થના દિલમાં ઉતારવા પ્રભુને કર્યા કરવાની, આપણને જે દોષ નડતા દેખાય, એની એની સામે 'પ્રભુમાં કેવા કેવા અતિ ઉચ્ચ કોટીના ગુણ !' એ ધ્યાનમાં લાવવાનું. વિચારવાનું કે પ્રભુ ! તમે આવા આવા ગુણવાન, ને તમારો સેવક ગણાતો હું દોષ ભરેલો ! મને ધિક્કાર છે, મારા માટે શરમજનક છે. કેવા મહા વૈભવ-સન્માનમાં ય તમે પ્રભુ ! વિરક્ત. જ્વલંત વૈરાગ્યવાળા ! ને હું એની અપેક્ષાએ ઠીકરા જેવા વૈભવ સન્માનમાં કેવો છકેલો ! કેટલી બધી મારી પામરતા !

પાગલતા ! તમારી આગળ દેવાંગનાઓ ટહેલ્યા કરનારી, છતાં પ્રભુ ! તમે મહા બ્રહ્મચારી ! ને હું એવા સંયોગ વિના પણ વાસનાનો ગુલામ...!

આમ આંતર મંથન ચાલ્યા કરતું હોય, એટલે પોતાના રાગ-દ્વેષ, આહારાદિ સંજ્ઞાઓ, ને ક્રોધાદિ કષાયો પર ઘા પડ્યા કરવાના, એના પ્રત્યે નફરત જાગ્યા કરવાની. એમ એનું જોર ઓછું થતું આવે, ને એનો ત્યાગ સરળ બનતો જાય, આ બધું અંતરમાં વસાવેલા અરિહંત પ્રભુના પ્રતાપે છે. તેથી આપણા સુધારામાં અને પુરુષાર્થમાં-પુણ્યાઇમાં તથા ઉન્નતિમાં પ્રભાવ અરિહંત પ્રભુનો ગણાય.

### (૫) કાલ્પનિક ઉપદ્રવમાં કાલ્પનિક ક્ષમાનો અનુભવ

હવે એક મહત્વની વિશેષ કરવા જેવી પાંચમી પ્રક્રિયા આ છે, કે જ્યારે પ્રભુને અંતરમાં લાવીએ ત્યારે આપણને નડતા ક્રોધાદિ દોષો-દુષ્કૃત્યોની સામે એના પ્રતિપક્ષી ક્ષમાદિ ગુણો પ્રભુએ પોતાના જીવનમાં પ્રસંગે પ્રસંગે જે અપનાવ્યા અને સિદ્ધ કર્યા, અને વિકટ સંયોગોમાં પણ એ ગુણોને છોડ્યા નથી. એનો પ્રભુના આલંબને કાલ્પનિક જાત અનુભવ કરવાનો.

દા.ત. મહાવીર પ્રભુએ ક્ષમાગુણ અપનાવ્યો ને આત્મસાત્ કર્યો, સિદ્ધ કર્યો, ને કાનમાં ખીલા ઠોકાવાના વિકટ સંયોગમાં પણ એ ક્ષમા છોડી નહિ. ખીલા ઠોકનાર ગોવાળિયા ઉપર લેશમાત્ર ક્રોધ કર્યો નહિ, તો પ્રભુના આલંબને ક્ષમાનો આપણે કાલ્પનિક જાત અનુભવ કરવાનો. 'કાલ્પનિક' એટલે કલ્પનાથી 'જાણે આપણને કોઇ' ખીલા ઠોકવા જેવો ઉપદ્રવ કરી રહ્યો છે, ને આપણે અંતરમાં ક્ષમામૂર્તિ મહાવીર ભગવાનને રાખી એમની ક્ષમા સામે જોતાં આપણે જાણે એ ઉપદ્રવ કરનાર પ્રત્યે લેશ પણ ક્રોધ ન કરતાં ક્ષમા રાખી રહ્યા છીએ !' પ્રભુને સંબોધીએ 'પ્રભુ ! તમે ક્ષમા રાખી તો મારે પણ ક્ષમા હો, શું જાય છે મારું ? ચામડાં તૂટે છે ? તૂટવા દે. એ તૂટે એમ મારાં કર્મ તૂટે છે. તૂટ તૂટ ચામડાં ! તૂટ. તું તૂંટે એમ મારાં કર્મ તૂટે છે ! કેમકે ચામડાં તૂટવામાં મારાં અશાતા વેદનીય કર્મ ભોગવાઇ રહ્યાં છે, ને એ ભોગવાઇને એ કર્મ તૂટી રહ્યાં છે. તો આવી ચામડાં તૂટવાની ભયંકર અશાતા ભોગવ્યા વિના એનું કર્મ જાય નહિ, ને ભોગવાઇને જરૂર જાય. એવાં કર્મ તૂટવામાં આ ખીલા ઠોકનારો તો મને સહાયક થઇ રહ્યો છે ! ઉપકાર માનું એનો. એ મારો મિત્ર છે, એના પર મૈત્રીભાવ વાત્સલ્ય હૈયાનું હેત વરસાવું. લેશ પણ દ્વેષ નહિ. એના પર ક્ષમા જ ક્ષમા હો. આ સામે મારા પ્રભુએ ક્ષમા રાખી એ દેખાય છે. તો મારે પણ ક્ષમા !''





એમ ક્ષમાને કલ્પનામાં અનુભવવાની છે. સાથે કલ્પનામાં વેદના પણ અનુભવાય તે છતાં આપણે ક્રોધ નથી કરતા, ક્ષમા રાખી રહ્યા છીએ, એવો કલ્પનામાં અનુભવ કરવાનો.

વારેવારે આવો કાલ્પનિક અનુભવ કર્યા કરીએ એટલે શો લાભ ?

લાભ આ, કે પછીથી આપણા પર ખરેખર વસ્તુસ્થિતિએ જ્યાં નાનો ઉપદ્રવ આવ્યો ત્યાં આપણે ક્ષમા રાખી શકીએ. કેમકે પેલા કાલ્પનિક ક્ષમાના અનુભવથી એના સંસ્કાર પડેલા છે, એ સંસ્કાર આપણને ઉપયોગી થાય છે.

આ મુખ્યતયા દિલમાં વસાવેલા પ્રભુનાં આલંબને થયું માટે એવા આપણા ક્ષમાના અનુભવમાં અરિહંત પ્રભુનો ઉપકાર છે. પ્રભુનો પ્રભાવ છે કે એ પ્રભાવથી જ આપણે ક્ષમાનો અનુભવ કરી શકીએ છીએ.

### કલ્પનાથી બ્રહ્મચર્યનું બળ મળે -

એમ, દા.ત. બ્રહ્મચર્ય ગુણનો અનુભવ કરવો છે, તો સામે પ્રભુને રાખી આ રીતે કહીએ છીએ ''પ્રભુ ! આપ સાધના-કાળમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા હતા ત્યારે કામાંધ સ્ત્રીઓએ આપના રૂપમાં લુબ્ધ થઇ આપને ભોગની પ્રાર્થના કરી, ઉદ્ભટ વેશ દેખાડ્યા, હાવભાવ કર્યા, અંગ અડાડયાં, છતાં આપે અખંડ બ્રહ્મચર્ય રાખ્યું ! લેશ પણ કામની ખણજ જ ન ઊઠવા દીધી ! એક જ વિચાર્યું આ ખણજ એ મારા આત્માના શુદ્ધ સ્વરૂપમાં છે જ નહિ, ત્યાં તો પરમ તૃપ્તિ છે કોઇ વિષય વિકાર નહિ. વિકાર એ તો પુદ્ગલના ખેલ હું ચેતન આત્મા. મારે વિકાર સાથે શું લાગે વળગે ?' એમ કરી પ્રભુ ! ભલે સામે વિકારી સંયોગ છે છતાં મારે પૂર્ણ બ્રહ્મચર્ય છે.'' આ બધું કાલ્પનિક, અર્થાત્ કલ્પનાથી બ્રહ્મચર્ય અનુભવવાનું એ બ્રહ્મચર્ય અનુભવાતું અંતરમાં લાવેલા પ્રભુનાં આલંબને જ બને, માટે એમનો ઉપકાર. પ્રભુનો પ્રભાવ, પ્રભુનું અચિંત્ય સામર્થ્ય કે એમને દિલમાં વસાવ્યાથી આપણને બ્રહ્મચર્યનું બળ મળે.'

બસ, આવી આવી રીતે અંતરમાં પ્રભુને વસાવી સંબોધન કરતા રહીએ, સ્તુતિ-પ્રાર્થના કરતા રહીએ, ગુણના કાલ્પનિક અનુભવ કરતા રહીએ, તેમ તેમ આપણા આત્મા પર એની સુંદર અસર પડ્યા કરે છે, એના સંસ્કાર પડ્યા કરે છે ને એ આપણા આત્મામાં સુધારો લાવ્યા કરે છે. એમાં મુખ્ય અસાધારણ કારણ અરિહંત પ્રભુનો અચિંત્ય પ્રભાવ જ છે. એટલે મારા અરિહંત પ્રભુનો અચિંત્ય પ્રભાવ છે કે

એથી બધું સારું સિદ્ધ થાય' એવી એ પ્રભાવની ભારે શ્રદ્ધા રાખી આ અમલ કરતા જવાનો.

**અરિહંતના પ્રભાવની શ્રદ્ધાનો લાભ :-**

શ્રદ્ધા માત્ર અરિહંતની શ્રદ્ધા નહિ, પણ એમના અચિંત્ય પ્રભાવની શ્રદ્ધા કરીએ એટલે...

(૧) એક તો આપણો મદ ઓગળી જાય, કે 'હું કોણ માત્ર ? મારી શી ગુંજાયશ ? શી હોશિયારી ? શી બહાદુરી ? બધું મારા પ્રભુના અચિંત્ય પ્રભાવની તાકાતથી થાય છે. હું તો પામર જીવ છું. અનંતા કર્માએ કચડાયેલ છું, મૂઢ છું, પાપી છું. મારામાં સારું કરનારા મારા પ્રભુ છે. મારી પાસે સારું કરાવનાર મારા અરિહંત ભગવાન છે.'

(૨) બીજું પ્રભુનો એવો પારાવાર ઉપકાર જોઇને પ્રભુની પારાવાર ભક્તિ કરવાના નિરંતર ઉછરંગ રહે એ ભક્તિમાં તન-મન-ધન અને માનવ-સમય લગાવી દેવાના કોડ રહે, મનોરથ થયા કરે 'જાણે કેમ મારું બધું પ્રભુના ચરણે સમર્પી દઉં ?' એમ લગની રહ્યા કરે, ભારે કૃતજ્ઞભાવ સદા કરવાનું અહર્નિશ મન રહે.

(૩) આવો કૃતજ્ઞભાવ રહ્યા કરે એટલે અનંત ઉપકારી અરિહંત પ્રભુની ભક્તિ સિવાય બીજે ખરચાતા આપણા તન-મન-ધન અને માનવ સમય વેડફાઇ જતા લાગે, આગમાં ઘી હોમી નુકસાન ઊભા કરવા જેવા લાગે, અને એનો ભારે બળાપો નિરંતર રહે કે 'અરેરે ! આ મારું બધું મારા અનંત ઉપકારી નાથને મૂકી આગમાં હોમાઇ રહ્યું છે !'

(૪) સવારથી જાગ્યા ત્યારથી તે રાતે જંપીએ ત્યાં સુધી અનંત ઉપકારી અરિહંત પ્રભુની તનથી બને તે તનથી, મનથી બને તે મનથી, અને ધનથી બને તે ધનથી ભક્તિ કરતા રહેવાય. યાવત્ પરાકાષ્ઠાએ સર્વ પાપ અને સર્વસંગનો ત્યાગ કરી અત્યંત પ્રભાવવંતા પ્રભુના ચરણે બેસીને પ્રભુમાં લીન થઇ જવાય.

અરિહંતના અચિંત્ય પ્રભાવને ધ્યાનમાં રાખીને જ કવિઓ પ્રભુને સ્તવે છે !

**ભારે કર્મી પણ જો તેં તાર્યા, ભવજલધિથી ઉગાર્યા,**
**મુજ સરિખા કિમ નવિ સંભાર્યા, ચિત્તથી કેમ ઉતાર્યા**
**હો ! સ્વામી મોરા ! તુમ દરિસણ સુખકાર.**
**પાપી અધમ પણ તુમ સુપસાયે, પામ્યા ગુણ સમુદાય...'**





અર્થાત્ હે અરિહંત પ્રભુ ! આપનો અચિંત્ય પ્રભાવ છે, તો ભારે કર્મી જીવો પણ તર્યા છે. એનો અર્થ એ કે પ્રભુ ! તમે જ એવા જીવોને ય તાર્યા છે. ભવસાગરમાં ડૂબતા બચાવ્યા છે, તો પછી હે મારા સ્વામી ! મારા જેવા જીવને કેમ યાદ નહિ કર્યો ? કેમ મને ચિત્તથી ઉતારી દીધો ? પ્રભુ ! તમારું દર્શન સુખકારક છે, તો મને તમારા દર્શનથી આ ભવસમુદ્રથી તરી જવાનું સુખ મળવું જોઇએ. હે પ્રભુ ! તમારા સુપ્રસાદથી અર્થાત્ પ્રભાવથી પાપી અને અધમ જીવો પણ ગુણનો સમુદાય પામ્યા છે.'

સ્તોત્ર-સ્તુતિ-સ્તવનોમાં કવિઓ પ્રભુ સાથે આ રીતે જે વાત કરે છે, એ 'પ્રભુ પોતાના અચિંત્ય પ્રભાવથી તારનારા, સુખ આપનારા, દુઃખ કાપનારા, પાપથી મુક્ત કરનારા, ગુણ સમુહ પમાડનારા વગેરે છે' એ હકીકતમાં સાચું છે. એ જ વસ્તુ સ્થિતિ છે. એમ સમજીને આ સ્તુતિ કરે છે.

**પ્રાર્થના ફળવાનું કારણ શું ?**

**આશંસાથી સંસ્કાર અને પક્ષપાત :-**

ત્યારે આપણે આ કરવાનું છે કે આપણા અંતરમાં વીતરાગ પ્રભુને સ્થાપીને આવાં બધાં સંબોધનો કરીએ. અંતરમાં જ પ્રભુની સાથે વાત કરીએ એ વાત કરતાં આપણા મનને પાકી શ્રદ્ધા હોય કે 'આ પ્રભુથી જ ઠેઠ વીતરાગતા સુધીની નિર્મળતા અને ઉન્નતિ મળવાની છે' એ શ્રદ્ધાથી પ્રાર્થના કરીએ એમાં આપણને વારંવાર આપણાથી એ મંગાતી વસ્તુઓ જેવી કે પાપનાશ, ગુણ સમૂહ, કષાયશમન વગેરે, એની તીવ્ર આશંસા ઊભી થાય છે કેમકે આપણા મનમાં એની જોરદાર આશંસા અપેક્ષા છે માટે તો પ્રભુ આગળ એ માગીએ છીએ. વારંવાર એવી પ્રાર્થનાથી વારંવાર મનમાં એની અપેક્ષા આશંસા અભિલાષા રહ્યા કરે ને તેથી એના સંસ્કાર જામતા જાય, ઉપરાંત ચિત્તમાં એ માગેલી વસ્તુનો પક્ષપાત બંધાતો જાય.

દા.ત. જુઓ ''અંતરમાં વીતરાગ પ્રભુને વસાવી એમની ચક્ષુ પર મન લગાવીએ ને ચક્ષુમાં વીતરાગતા અને અનંત પ્રભાવ જોતા રહી પ્રાર્થના કરીએ કે 'પ્રભુ તું વીતરાગ મને મળ્યો છતાં મારામાં મોહની વાસના કેમ જોર કરે છે ? એ નષ્ટ થઇ જ જવી જોઇએ. તારા અચિંત્ય અનંત પ્રભાવ પર મને વિશ્વાસ છે કે એથી મારો મોહ, મોહની વાસના નષ્ટ થઇ જ જશે.'

આ પ્રાર્થનાની પાછળ આપણા મનમાં મોહના નાશની આશંસા બને છે,

અભિલાષા બેઠી છે. મનને થાય છે કે 'આ મોહ અને કામની વાસના ખતરનાક છે, જીવને ભારે વિટંબણા કરે છે અને નિઃસત્વ બનાવી દે છે. બધું આત્મભાન ભુલાવે છે. જનાવરના અવતારોમાં સમજ જ નહોતી એટલે આ ચલાવ્યું, પણ અહીં બુદ્ધિમત્તાના જનમમાં એ કેમ ચલાવી લેવાય ?

**અહીં જો મોહ અને વાસના ન માર્યા અને એ પોષાતા રહ્યા તો તો પછી આગળના અવતારમાં એ ફાલવા ફુલવાના.**

એથી જીવની દુર્દશાનો પાર નહિ ! માટે અહીં મરતાં પહેલાં મોહ તથા વાસનાને માર્યે જ છૂટકો છે, અને આ કાર્ય પણ જેમણે પોતાના મોહ અને વાસનાનો નિર્મૂળ નાશ કરી વીતરાગતા પ્રગટ કરી છે એવા અચિંત્ય પ્રભાવી અરિહંત ભગવાનના આલંબનથી જરૂર થશે, એમની કરુણાથી જ થશે. માટે પ્રભુ ! મારા મોહ અને વાસનાનો નાશ કરી દે.'

આવી પ્રાર્થનામાં મોહ અને વાસના પ્રત્યે તીવ્ર અણગમો-અરુચિ-અભાવ બેઠો છે, ને એના નાશની ભારે આશંસા બેઠી છે.

વારંવાર આવી અરુચિ અને આશંસાથી એના સંસ્કાર પડતા જાય છે, તેમજ ચિત્તમાં મોહ અને વાસનાના નાશનો પક્ષ-પક્ષપાત ઊભો થાય છે.

**દોષનાશની આશંસાથી દોષ પ્રત્યે અરુચિ :-**

એમ વારંવાર પ્રભુને કહેતાં કહેતાં મોહ અને વાસના પ્રત્યે અણગમો-અરુચિ વધતા જાય છે. અલબત્ત પ્રાર્થના કરતાં કરતાં વીતરાગ અરિહંત પ્રભુ પ્રત્યે માયા મમતા વધારતા જવાનું છે, તો જ પ્રતિપક્ષી મોહ અને વાસના પ્રત્યેની મમતાને ઘસાતા રહેવું પડે, ને એના પ્રત્યે અરુચિ-અણગમો વધતા રહે.

**(૬) પ્રભુ મળ્યા પર અહોભાવ :-**

હવે છઠ્ઠી મહાન વસ્તુ આ કરવાની છે કે અરિહંત પ્રભુ પર વારંવાર અહોભાવ લાવવાનો. મનને થાય કે 'અહો !' આ જગત જ્યાં પાપથી ને મોહ વાસનાથી ખદખદે છે ત્યાં આવા વીતરાગ અરિહંત પ્રભુ ક્યાં જોવા મળે ? એ જો મને અહીં મળી ગયા છે, તો એમાં તો મારા ભાગ્યની અવધિ નથી. અહો ! કેવો હું સદ્ભાગી કે મને આ પ્રભુ મળી ગયા !'

આમ વીતરાગ પ્રભુ મળ્યા પર વારેવારે અહોભાવ થયા કરે, એટલે ચિત્તમાં વીતરાગતાનો અને મોહના નાશનો પક્ષ, પક્ષપાત રહ્યા કરે, તેમજ મોહ પર ને





વાસના પર ઘૃણા થયા કરે.

**અરિહંત પ્રભુ પર અહોભાવ અને મોહ પર ઘૃણા એ મોહના નાશના અવ્વલ ઉપાય છે.**

**મોહમાં સત્ત્વનાશ છે, પ્રભુ પર અહોભાગ્યથી મમતા વધે :-**

અહોભાવથી વીતરાગ અને વીતરાગતા પ્રત્યે મમતા વધે છે, ને એ સત્ત્વ ખીલવે છે. સત્ત્વ વધે એટલે ઘૃણાસ્પદ મોહનો નાશ કરવાનું સરળ થઇ પડે છે. સત્ત્વ નથી એટલે જ મોહ તગડેબાજ રહે છે. સમજી રાખવાનું કે મોહ અને વાસનાની પ્રવૃત્તિ સત્ત્વને હણે છે, નિઃસત્ત્વતામાંથી ઊભી થાય છે.

તો હવે કહો-પ્રભુ પર એવી મમતા કેમ જામતી નથી ? કારણ આ જ કે પ્રભુ પામ્યાનો મનનાં એવો અહોભાવ આવતો નથી કે 'અહો ! મને તો વીતરાગ પ્રભુ મળ્યા ! અહોભાગ્ય મારાં ?' જીવની રાંક દશા કેવી છે કે સારી સંપત્તિ મળી, સારો પરિવાર મળ્યો, રૂડું ખાવાપીવાનું ને રૂડાં માન-સન્માન મળ્યાં, તો અહોભાવ થાય છે કે 'અહો ! મને આ કેવું સારું મળ્યું !' આવો તુચ્છ વસ્તુનો અહોભાવ હોય ત્યાં વીતરાગ અરિહંત પરમાત્મા મળ્યાનો અહોભાવ ક્યાંથી થાય ? વારંવારના પેલા અહોભાવથી તે તે વસ્તુની મમતા જ્યાં પોષાતી રહેતી હોય, ત્યાં વીતરાગ પ્રભુ પ્રત્યે વારંવાર અહોભાવ ક્યાંથી થાય, ને પ્રભુ પર મમતા શી રીતે જામે ? શી રીતે પોષાતી વધતી રહે ? માટે લખી રાખો-

**જીવનમાં સદ્વસ્તુ મળ્યાનો અહોભાવ માનવો એ વારંવારનું કર્તવ્ય છે.**

**આ અહોભાવથી મમતા અને સત્ત્વ વધેઃ**

અહોભાવની સદ્વસ્તુમાં આવું આવું આવે-

**(૧) પ્રભુ મળ્યાનો અહોભાવ અને (૨) પ્રભુની ભક્તિ, (૩) જિનવચન તથા**
**(૪) દાનાદિ ધર્મ મળ્યાનો ય અહોભાવ કરતા રહેવાનું. એમ સદ્વસ્તુમાં,**
**(૫) અરિહંતનાં શાસ્ત્ર, (૬) અરિહંતનાં તીર્થ-મંદિર, (૭) અરિહંતનાં અનુષ્ઠાન,**
**(૮) અરિહંતે ફરમાવેલ રત્નત્રયી સમ્યગદર્શન જ્ઞાન-ચારિત્ર, તેમજ**
**(૯) અરિહંત શાસનમાંના પૂર્વના મહાન પુરુષોનો ઇતિહાસ યાને જીવન ચરિત્રો આવે.**

એ બધું મળ્યાનો અહોભાવ લાવ્યા કરવો જોઇએ, એથી મમતા અને સત્ત્વ વધતા જાય. સત્ત્વ વધવાનું કારણ એ છે કે અહોભાવથી પોતાની જડની ગુલામી

કરવાની નિઃસત્ત્વતાનો ખ્યાલ આવે છે, ને એ કાઢવાનું મન થાય છે.

દિલમાં અરિહંત લાવી એમની સામે પ્રાર્થના કરતાં આ અહોભાવ સરળ બને છે. એમના પ્રત્યે મમતા વધે છે, સત્ત્વ વિકસે છે. માટે એ બધું થવામાં દિલમાં લાવેલા અરિહંત જ મુખ્ય કારણ છે. એમનો અચિંત્ય પ્રભાવ એ અસાધારણ કારણ છે. ફરી ફરી આ ઘુંટવાનું કારણ એ છે કે અરિહંતનો ઉપકાર મનમાં નથી આવતો ને જડ ચેતનના ઉપકાર ઝટ દિલમાં બેસે છે.

**પ્રભુ પર અહોભાવ વધ્યા પછી દુન્યવી ચીજોની પ્રાપ્તિમાં કશી વિસાત ન લાગે.**

**પ્રભુ પર મમતા રાગ વધારેલા એવી ચીજ છે કે બીજી બાજુ દુન્યવી જડ ચેતન પદાર્થોની મમતા મહત્ત્વ ઘટાડી નાખે.**

પેલા અપરાજિત અને અનંતવીર્યને બે નાટકણીનાં નૃત્ય જોવાને રાગ એવો જામી પડ્યો છે. કે બીજી બાજુ ધ્યાન જ જતું નથી એટલે નારદજી આકાશથી ઊતરી આવ્યા પરંતુ એ તરફ લક્ષ જ ગયું નહિ, તેથી એમનો આદર સત્કાર કર્યો નહિ, નારદજી ખીજાયા 'હેં ? આ મૂરખાઓ તુચ્છ નારીઓ પર આટલા બધા લુબ્ધ કે એક ઋષિનો આદર સત્કાર ભૂલે છે ? તો હવે બતાવી આપું. એમની નટીઓનું ઉઠાંતરું જ થાય એવું કરું. પછી બચ્ચા શી રીતે આવા નૃત્ય ઘેલા થવાના ?'

**ક્રોધિત નારદ શું કરે છે ?**

બસ નારદજી ગુસ્સો લાવી ત્યાં રોકાયા નહિ, તરત આકાશ માર્ગે વૈતાઢ્ય પર્વત પર ઉપડી જઇ, પહોંચ્યા પ્રતિ વાસુદેવ દમિતારી નામના વિદ્યાધર સમ્રાટ રાજા પાસે, જેથી એના દ્વારા નટીઓ ઉપડાવી શકાય.

સન્માનની ભૂખ અને એ ન પોષાય તો થતી અસૂયા-અસહિષ્ણુતા કેવા ખતરનાક છે એ આ પરથી જોવા મળે છે ! કહેતા નહિ કે નારદ જેવા ત્યાગી બ્રહ્મચારી અને પ્રભુ ભક્તને આવી સન્માન ભૂખ અને અસૂયા ? હા, કારણ એ છે કે-

**કર્મની અને મોહની ગતિ વિચિત્ર છે.**

**(૧) કર્મની વિચિત્રતા કેવી ?**

એક બાજુ અમુક સારાં કર્મ ઉદયમાં હોય એટલે જાહોજલાલી દેખાડે અને બીજી બાજું નરસાં કર્મ સોનાની થાળીએ લોખંડની મેખની સમાન વિટંબણા દેખાડે.





એ કર્મની વિચિત્રતાથી જીવ સારા નરસા મિશ્રિત કર્મના ઉદય ભોગવે છે.

(૧) શુભ કર્મે રૂપ સારું બાંધ્યું હોય, પણ અશુભ દુઃસ્વર કર્મે, સૂર જો ભૈસાસૂર પકડાવ્યો હોય તો એ બોલે કે ગાય ત્યારે ભેંસ બાઘોડવા જેવો અવાજ નીકળે ! એમ,

(૨) પુણ્યે પૈસા સારા આપ્યા હોય, પણ પાપોદયે વાંઝિયાપણું હોય તે રોયા જ કરે. એથી ઊલ્ટું છોકરા ચાર આવી મળ્યા, પણ લાભાંતરાય પાપે પૈસાના વાખા હોય. એમ,

(૩) સુસ્વર નામકર્મે અવાજ ઘંટડીના રણકાર જેવો મીઠો આપ્યો હોય, પણ અનાદેય નામ કર્મના પાપે એનું કહેલું કોઇ માનતું ન હોય, કે દૌર્ભાગ્ય કર્મના પાપે બીજાઓને એનાં પગલાં ન ગમતાં હોય !

(૪) શાતાવેદનીય પુણ્યે શરીરે શાતા સારી રહેતી હોય પણ અપયશ નામ કર્મે જ્યાં ને ત્યાં અપજસ ગવાતો હોય.

આ બધી કર્મની વિચિત્રતા છે.

**આમ સંસાર છે ત્યાં સુધી જીવને કર્મની કઢંગી ગુલામી છે, માટે જ સંસાર અસાર છે.**

**સુજ્ઞ જન કર્મવશતામાં નાલેશી સમજે :-**

કર્મોની કઇ પ્રકારની વિચિત્રતાઓ છે, જ્યાં જીવનું કશું ચાલતું નથી. એ કઢંગી વિચિત્રતા ઉપાડ્યે જ છૂટકો ! જીવમાં જો ખરેખરી સુજ્ઞતા હોય તો આમાં પોતાની કશી શાબાશી નહિ માને, પણ નાલેશી સમજે. ભલેને શ્રીમંતાઇ મળી પરંતુ શ્રીમંતાઇ કર્માધીન છે એટલે કર્મ વાંકા થતાં શ્રીમંતાઇ રવાના થાય છે. ત્યારે જો શ્રીમંતાઇમાં જીવ કર્માધીન છે, તો કર્મવશતામાં શાબાશી કે નાલેશી ? શ્રીમંતાઇ છતાં પાછું બીજી કેટલીય વાતે કર્મે કૂડું આપ્યું છે તે એ જોતાં લક્ષ્મી પર શી શાબાશી લેવાનું મન થાય ? પત્ની એના બાપને ત્યાંથી સારા પૈસા લાવી હોય, પણ પતિ પર મિજાજ કરતી હોય, પતિનું અપમાન કરતી હોય, પતિ પાસે પગચંપી કરાવતી હોય, ત્યાં જો પતિ શાબાશી લે, 'હું કેવો શ્રીમંત !' તો એ કેવો ભૂંડો લાગે ? કહેનાર કહે 'બેસ ને હવે, સસરાના પૈસા પર હોશિયારી માનવા નીકળ્યો છે તે જોયો તને ? બાયડીનું કેટલું સહન કરે છે ? કેટલી ગુલામી કરે છે ? સગલીનો નચાવ્યો કેવો નાચે છે !' આ તો સસરાના પૈસા અંગે. ત્યારે જાત કમાઇના પૈસા અંગે ય શું છે ! કર્મરૂપી પત્નીના એ પૈસા અને કર્મરૂપી પત્નીનું બીજું કેટલું

સહવાનું ? કેટલી ગુલામી ! કર્મના નચાવ્યા કેવા નાચવાનું ? સમજો તો લાગશે કે,

**શ્રીમંતાઇ એ કર્મરૂપી પત્નીના પૈસે શ્રીમંતાઇ છે.**
**પૈસા એ ભિખારી જેવા જીવને કર્મે ફેંકેલા ટૂકડા છે.**
**મહાશ્રીમંતોએ કઇ ભાવના પર ત્યાગ કર્યો ?**

આ સમજ આવતાં, મોટામોટા શેઠ શાહુકારોએ પણ જોયું કે 'આવી ભિખારી જેવી જીવની દશા તો, સંસાર છે ત્યાં સુધી, લમણે લખાયેલી છે. માટે સંસાર જોઇએ જ નહિ.'

જૈન શાસન અને વીતરાગ પરમાત્મા મળ્યા છે, તો હવે એવા ભિખારી બન્યા રહેવાની જરૂર નથી કર્મ ટૂકડા ફેંકે તો જ મળે ! પાછું એ અણધાર્યા ખૂંચવી ય લે ! જીવને લાચાર બનાવી દે ! તો મૂક આ કર્મની ગુલામી, ને મૂકી દે ભિખારી જેવી કંગાલ દશા. ભગવાનના અને ગુરુનાં ચરણે બેસી જવા દે, જેથી આવું વિષયોનું ભિખારડાપણું રહે નહિ, ને એ કર્મોની હંમેશની ગુલામીનો અંત લાવી શકાય.'

જંબુકુમાર જેવાને નવાણું ક્રોડ સોનૈયાની મહાસંપત્તિ એકદમ કેમ છૂટી હશે ? આવી જ કોઇ વિચારણા પરસ્તો.

**સંસારમાં ગમે તેવી મોટી સંપત્તિ, મોટી સત્તા, કે મોટાં સન્માન મળે, પણ એ જીવભિખારીને કર્મ-શેઠિયાએ ફેંકેલા ટૂકડા જ છે.**

કર્મ શેઠિયો જીવને જેટલા ટૂકડા ફેંકે એટલું ચાટતા રહેવું એમાં જીવની શાબાશી છે ? કે કર્મ તોડીને આત્મ-સંપત્તિ મળે એમાં શાબાશી ? શુભકર્મો આપેલું લઇ ખુશી થવામાં તો ખબર નથી કે 'કર્મોની વિચિત્રતા જબરી છે ! ક્યારેક કર્મોના કોથળામાંથી કેવાં કેવાંય બેહુદાં કર્મ-બિલાડાં અણધાર્યા જ બહાર પડે ! ને એ આજે દુનિયામાં અને ભારતમાં જે જે અનિષ્ટ બની રહ્યાં છે, એ ક્યાં કલ્પનામાં ય હતું ? કર્મોની વિચિત્રતા સાફ સાફ દેખાઇ રહી છે. એના તમારે કેવા કેવા ભોગ બનવું પડે છે ! એ અનુભવ બહાર નથી. એક વિચિત્રતા કર્મોની જોઇ.

**(૨) બીજી વિચિત્રતા મોહની છે :-**

હવે મોહની વિચિત્રતા જુઓ, મોહ એવો વિચિત્ર છે કે એક બાજુ એક પ્રકારના મોહને દબાવ્યો એટલે ગુણ પ્રગટ થાય ખરો, પરંતુ બીજી બાજુ બીજા પ્રકારનો મોહ નિર્લજ્જ થઇને જીવને નચાવતો હોય છે.





દા.ત. ખાનપાનનો મોહ દબાવ્યો એટલે તપ ગુણ પ્રગટ થયો. એ સારી સારી તપસ્યા કરાવે પણ બીજી બાજુ લક્ષ્મીનો મોહ એવો ભૂતના વળગાડ જેવો વળગ્યો હોય, કે લક્ષ્મી સારા ક્ષેત્રમાં ખરચવાની વાત આવે ત્યારે ન દેવા માટે બેહુદા બોલ બોલાવે ! ને એક પૈસો ન ખરચવા દે ! અથવા પૈસાનો મોહ જરા ઊતર્યો હોય તો દાન-બાન તો કરવા દે, પણ ખાનપાનનો મોહ એ તપસ્યા ન કરવા દે ! ખાનપાનનો લંપટ બનાવે.

એમ ક્રોધ-મોહનીય કર્મ દબાવ્યું હોય તો ક્ષમા ગુણ પ્રગટ થયો હોય, પરંતુ બીજી બાજુ અભિમાન મોહ કામ કરતો હોય તે બીજા ક્રોધીની નિંદા કરાવે, ને વાતવાતમાં જાતે જ પોતાની ક્ષમાની વડાઇ ગવરાવે ! ત્યારે,

માન મોહનીય દબાવ્યું હોય એટલે નમ્રતા લઘુતા ગુણ સારા રાખ્યા હોય. પરંતુ વેદ મોહનીય કર્મ એવું નડતું હોય કે એ વાસના-વિવશ રાખ્યા જ કરે.

મોહની વિચિત્રતા એવી કે કોઇ ભરોસો નહિ કે કોને કેવું મોહનીય કર્મ નડે ! રામચંદ્રજી કેવા ગુણિયલ ? પરંતુ જ્યાં લોકમાં પોતાની નિંદા સાંભળી કે આ રામ સ્ત્રીઘેલા છે કે પારકે ઘેર રહી આવેલી સીતાને ઘરમાં ઘાલી બેઠા છે ! આ સાંભળીને રામે શું કર્યું ?

**રામના મોહે લોકનિંદા પર શું ન વિચાર્યું ને શું વિચાર્યું ?**

એ ન વિચાર્યું કે ''લોક મૂઢ છે તે એ નથી જોતા કે પારકે ઘેર કેદ પૂરાયેલી અને ઘણી ઘણી મોટી લાલચો અને ભય એની સામે ભાવવા છતાં એણે વિશુદ્ધ શીલ અને સતીત્વ કેવું સુંદર સાચવેલું ! આટલું ન વિચારનાર એવા મૂઢ લોક ભલે નિંદા કરતા, પણ મારાથી મહાસતીને છેહ ન દેવાય, કાઢી ન મૂકાય.'' આવું રામે ન વિચાર્યું. એમણે તો એ વિચાર્યું કે ''હું તો નિષ્કલંક ઇશ્વાકુવંશનો રાજા, મારે વળી આવું કલંક શા માટે જોઇએ કે હું સ્ત્રી-ઘેલો ? એથી તો ઇશ્વાકુવંશને ય કલંક લાગે કે જુઓ કેવો કલંકિત વંશ કે એમાં આવા સ્ત્રી ઘેલા રાજા પાકે છે ! માટે ભલે સીતાજી મહાસતી છે ને મારે પ્રિય છે, પણ વંશની અખંડિત કીર્તિ ખાતર એમને હટાવવા જ જોઇએ.'' આ વિચારણા કોના ઘરની છે ? કહો મોહના ઘરની. જાતની અને વંશની માની લીધેલી નિષ્કલંકતાનો ખોટો મોહ લાગ્યો, ને એમાં મહાસતીને છેહ દેતાં એમની ગર્ભિણી અવસ્થામાં એકલા અટુલા જંગલમાં હકાલપટ્ટી કરતાં એમને આંચકો ન આવ્યો મોહની આ ઓછી વિચિત્રતા છે ?

## ચરમશરીરીને નડેલી મોહની વિચિત્રતા

પાર્શ્વનાથ ભગવાનના શાસનના ચાર મુનિઓ ચરમશરીરી હતા, સુંદર સંયમ પાળતા હતા, એમાં એમને કેવળજ્ઞાની ભગવાનનો યોગ મળ્યો અને એમની પાસેથી જાણવા મળ્યું કે અમે ચારેય ચરમશરીરી છીએ એટલે કે આ ભવના અંતે મોક્ષ પામનારા છીએ. આ અમારો છેલ્લો ભવ.'

બોલો, આ જાણીને એ મુનિઓના મનમાં શું થવું જોઇએ ? એવું જ કાંઇક કે 'અહો ! અમે ચરમ શરીરી ! આ અમારે છેલ્લો જ ભવ ? પછી મોક્ષ, એટલે તો શરીર જ નહિ. તો શરીર સાથે લાગેલી ખાનપાન માન-સન્માન જશ-અપયશ...વગેરેની કશી વિટંબણા જ નહિ. એ નહિ, તો એની પાછળના કશા કુવિકલ્પ આર્તધ્યાન અસમાધિ કશું જ નહિ ! તો તો પછી આ શરીર અને ખાનપાનાદિની વિટંબણા ફગાવી જ દઇએ, જેથી કર્મનો વહેલો અંત, ને વહેલો મોક્ષ થાય.'

ના, આવી કશી વિચારણા ન આવી, એમને તો એમ થયું કે 'ચાલો મોક્ષ આ ભવના અંતે થવાનો જ છે, તો તો પછી હમણાં આ તપસંયમના કષ્ટોમાં કુચે મરવાનું શું કામ છે ? ચાલો, હમણાં તો ઘેર જઇ લીલાલહેર કરી લઇએ. બસ, સંયમ જીવન મૂકી દીધું ઘરબારી થઇ ગયા.

કેમ આમ ? કહો મોહની વિચિત્રતાએ ચરમશરીરી જેવા પણ જબ્બર મોહનીય કર્મના એટલે કે મોહના સપાટામાં આવી ગયા.

આ તો સાધુ છતાંય મોહના સપાટામાં સપડાયા, ત્યારે નારદજી તો કાંઇ પંચમહાવ્રતધારી સાધુ નહિ, એટલે એમને મોહની વિચિત્રતા નડે એમાં શી નવાઇ ? અપરાજિત-અનંતવીર્ય બે ભાઇઓએ નારદજીનું સન્માન ન કર્યું એટલે સન્માનની આસક્તિમાં અસૂયા અસહિષ્ણુતા ઊઠી કે 'આ લોકો કેમ આ નટડીનું સુખ ભોગવે ? માટે આમની પાસેથી નટડીઓ ઉપડાવી દઉં.'

મોહની વિચિત્રતા છે કે આવા મોટા દેવર્ષિ ગણાતાને પણ એ નડી જાય છે ! એમાંથી બોધપાઠ લેવા જેવો છે કે-

### નારદની મોહ-પીડિતતા પર બોધપાઠ :-

'ત્યારે આ સંસારમાં વિચિત્ર મોહના નડતરને અવકાશ ઘણો, માટે હમણાંથી જ જાગ્રત થઇ મોહ ન નડે એવું સંયમ જ લેવા દે. ના લેવાય ત્યાં સુધી મોહથી અને મોહનાં નિમિત્તોથી સાવધાન રહેવા દો.'

આ જો બોધપાઠ લેવાય તો તો ઘણા ઘણા ફોગટિયા કષાયોથી બચવાનું





કરી શકાય. એનાં નિમિત્તોથી સાવધાન રહેવાય દા.ત. કોઇએ આપણને ભારે શબ્દ કહ્યો ત્યાં ઝટ સાવધાન થઇ જવાય. ને વિચારાય કે હું જો સામે ભારે શબ્દ કહીશ, તો મારા કષાયમોહને ફાવટ આવશે. ને સામાને પણ કષાય-મોહ વધી જશે. વિચિત્રને કુટિલ મોહને શા માટે તક આપવી ? ભારે શબ્દ ન બોલીએ તો કદાચ સામો, માનો ને, આપણા પર ચડી બેસે પરંતુ એ ઓછું નુકસાન છે. ને એના કરતાં મારા પર કષાય મોહ ચડી બેસે એ મોટું નુકસાન છે તેથી શાન્તિ જ રાખવા દે.'

**ક્ષમા રાખતાં આપણા પર સામા ચડી બેસે એ ઓછું નુકસાન-**
**ક્ષમા ન રાખતાં આપણા માથે ક્રોધ ચડી બેસે એ મોટું નુકસાન.**

કર્મ માને મોહની વિચિત્રતા દરેક પળે ધ્યાનમાં રાખવા જેવી છે. જેથી અભિમાન-દીનતા-નિંદા-અસૂયા-રોફ...વગેરેથી આઘા રહેવાય.

નારદજી વૈતાઢ્ય પરના વિદ્યાધર સમ્રાટ રાજા દમિતારિને ત્યાં ઊતરી પડ્યા. રાજાએ એમને આવતા જોઇ તરત સ્વાગત કર્યું હાથ જોડી કહે 'પધારો, પધારો, ધન્ય ભાગ્ય અમારાં કે આપ દેવર્ષિનાં પાવન પગલાં થયાં !' કહીને બેસવા આસન અપાવે છે. નારદજી એ લેતા નથી પણ પોતાના આસન પર બેસે છે.

મોટા રાજા પાસેથી આ સન્માન જોઇને નારદજીને શું થયું હશે ? એકલો રાજીપો નહિ, પણ તુલના, 'જોયું ? આ આવડો મોટો સમ્રાટ રાજા છે છતાં કેવું મારું સન્માન કરે છે ! ત્યારે પેલા બે જણ નાનકડું રાજ્ય છતાં તુચ્છ નટીઓનાં નૃત્ય જોવામાં લંપટ ! તે મારા સામે ય જોયું નહિ. કેવા ધિઠ્ઠા ને અભિમાની એ ?' હૃદયમાં પેલાઓ પ્રત્યે આગ સળગતી રહી. ત્યારે જુઓ હવે,

**હૃદયની આગ કોઇની પ્રશંસામાં ય બીજાની નિંદા-ઘૃણા ઘાલે છે.**

મનમાં દમિતારિએ કરેલ ઉચિત સ્વાગતની પ્રશંસા આવી, પણ સાથે તુલના કરવા જતાં પેલા બે અપરાજિત-અનંતવીર્યની નિન્દા આવી. 'આ દમિતારિ તો સારો પણ પેલાઓ કેવા ખરાબ કે મારું સ્વાગત ન કર્યું ?' એકનો ગુણ ગાવા જતાં સાથે બીજાની નિન્દા કરી.

કોઇ પૂછે 'અલ્યા ભાઇ ! કોઇના ગુણ ગાવા છે, તો ગા. સારું છે એ. પરંતુ એમાં બીજાનું હલકું શા માટે બોલે ?' પણ એ તો એમ સમજે છે કે 'બીજાનું ઘસાતું બોલીએ એટલે આમની પ્રશંસા સારી થાય !' પરંતુ આ ખોટી વાત છે. શું સારી પ્રશંસાનો લોભ છે માટે બીજાનું ઘસાતું બોલે છે ? ના, દિલમાં કષાયની આગ છે માટે બીજાનું ઘસાતું બોલે છે. આમાં એને ભાન નથી રહેતું કે 'ગુણની

નિંદા થાય છે. ગુણ પર દ્વેષ આવે છે !'

**ગુણની તુલના કરવા જતાં ઓછા ગુણની નિન્દાને અવકાશ મળે છે.**

દા.ત. કહેશે 'ફલાણા ભાઇની તપસ્યા બહુ સરસ ! એમ તો પેલા ભાઇ પણ તપસ્યા કરે છે. પણ એ તપસ્યા આમની તપસ્યાની હેઠ.' એમ કહીને તપસ્યા પર પણ સૂગ કરી, ઘૃણા દાખવી. કેવી મૂર્ખાઇ ! એકના તપગુણની પ્રશંસા કરવા જતાં બીજાના તપગુણની નિંદા કરીને સંતોષ માને છે !! તો હવે પૂછો-

**ઓછા તપની નિંદાથી બચવા શું વિચારવું ?**

ખરી રીતે ડહાપણ એ છે કે એમ બોલવું વિચારવું કે 'આ ભાઇનો તપ બહુ સરસ ! જીવનને એ ધન્ય કરી રહ્યા છે ! એય આવા મહાન તપના માર્ગે છે. આપણે ખાવકલા તે નાની ય તપસ્યા નથી કરતા. તો મોટા તપમાં તો ક્યારે પહોંચવાના ?'

આમ બોલવા-વિચારવામાં શું કર્યું ? નાના તપને પણ ન્યાય આપ્યો. એને ગુણ તરીકે લેખામાં લીધો. એના બદલે નાના તપવાળા પર સુગ લાવીને 'આ મોટા તપસ્વી આગળ બીજાના તપ હેઠ !' એમ બોલવામાં નાના તપ ગુણની કિંમત ન આંકી બલ્કે એના પર અરુચિ કરી, એટલે એક પ્રકારનો ગુણ પર દ્વેષ કર્યો. કોનો દ્વેષ ? ગુણનો !

**કેવી દુર્દશા ! કેવી કરૂણ દશા ! ગુણની પ્રશંસા કરવા જતાં ગુણ પર જ દ્વેષ ?**

**ગુણ પરના દ્વેષથી સહજ મળની વૃદ્ધિ :-**

ગુણવાનનો તથા ગુણનો દ્વેષ કેટલો ખતરનાક નીવડે ! એ સહજમળ નાશનાં લક્ષણ પરથી સમજાય એવું છે. યોગદ્રષ્ટિ-સમુચ્ચય' નામના શાસ્ત્રમાં કહ્યું છે કે 'જીવ જ્યારે ચરમાવર્ત કાળમાં આવે છે અર્થાત્ મોક્ષ પામવા પૂર્વના છેલ્લા પુદ્‌ગલ પરાવર્ત કાળમાં આવેલો હોય ત્યારે એને અનાદિના લાગેલા સહજમળમાં નોંધપાત્ર હ્રાસ થયો હોય છે.

અનાદિનો સહજમળ એટલે અનાદિ કાળથી જીવની સાથે સહેજે ચાલી આવતો મળ. આ મળ કચરો-ખરાબી બીજી કોઇ ચીજ નથી. રાગદ્વેષની નિબિડતા છે, જટિલતા છે. અર્થાત્ નિબિડ યાને અતિગાઢ રાગ-દ્વેષ એ સહજ મળ છે. અનાદિકાળથી સૂક્ષ્મ નિગોદ યાને અનંત વનસ્પતિકાયમાં છે તે અવ્યવહાર રાશિનો જીવ છે. અર્થાત્ એ જીવ કદી આ હવે બાદર નિગોદનો જીવ છે, આ હવે પૃથ્વીકાયનો જીવ બન્યો...આ હવે બેઇન્દ્રિય જીવ બન્યો...આ હવે ત્રીન્દ્રિય કે ચતુરિન્દ્રિય જીવ





બન્યો...' આવો વ્યવહાર જેના માટે હજી સુધી કદાપિ નથી થયો એ જીવ અવ્યવહાર જીવ કહેવાય. ત્યાં એકલી સૂક્ષ્મ નિગોદ અવસ્થામાં છે તે અનાદિ અનંતકાળથી છે. એનામાં પણ એ નિબિડ ઘન રાગ દ્વેષના પરિણામ છે. ભલેને ત્યાં રાગ દ્વેષને વ્યક્ત થવા માટે વ્યક્ત ચૈતન્ય, ત્રસપણું વિશદ કાયયોગ, વગેરે સામગ્રી નહિ હોવાથી એ વ્યક્ત ન દેખાય, છતાં પણ સર્વજ્ઞ ભગવાન એનામાં એ સહજમળ યાને નિબિડઘન રાગદ્વેષની પરિણતિ જોઇ રહ્યા છે. જીવ વ્યવહાર-રાશિમાં આવતાં એનામાં એ રાગદ્વેષ વ્યક્ત થાય છે.

**સહજમળનો ક્રમિક હ્રાસ નોંધપાત્ર હ્રાસ ચરમાવર્તે :-**

ભવ્યજીવનો આ અનાદિ સહજમળ પુદ્‌ગલ પરાવર્તોના કાળ પસાર થતાં થતાં હ્રાસ પામતો આવે છે, પરંતુ એ હ્રાસ મામૂલી, કિન્તુ નોંધપાત્ર નહિ. એટલે સહજમળ....હ્રાસનાં જે લક્ષણ ઊભા થવા જોઇએ એ એનામાં ઊભાં નથી થતાં. એટલે જ છેલ્લા પુદ્‌ગલ પરાવર્તકાળ યાને ચરમાવર્તકાળ પહેલાના જે અચરમાવર્તકાળ. એમાં આ નિબિડ સહજમળની યોગે ધર્મ તરીકે ધર્મ, યોગ, મોક્ષ વગેરે જીવના દિલમાં સ્થાન જ નથી પામતા. દિલમાં લાવવા કોઇ ખૂબ સમજાવે, દલીલો આપે તીર્થંકર ભગવાનના સમવસરણ જોવા મળે, ધર્મની જાહોજલાલી દેખાય. બધું છતાં દિલમાં ધર્મસ્વરૂપની કે મોક્ષની લેશ પણ શ્રદ્ધા નથી થતી. એને હમ્બગ-કલ્પિત-અવાસ્તવિક જ સમજે છે !

**અચરમાવર્તમાં મુદતિયા તાવ જેવી અસર**

આ મુદતિયા તાવ જેવું છે. તાવની મુદત નથી પાકી ત્યાં સુધી તાવના લીધે મોંમાં ખાવાની રુચિ જ ન થાય, ભલેને ભૂખ લગાડવાની ગમે તેટલી દવાઓ પણ ખાય, તો ય રુચિ ન જાગે. અંદરનો અપકવ તાવ ભૂખ લાગવા દે જ નહિ, મોંમાં ભોજન-યોગ્ય અમી છૂટે જ નહિ. બસ, એવું આ અ-ચરમાવર્ત કાળના સહજમળ અંગે છે ત્યાં એ અપક્વ છે.

એનો કાળ જ એને પકાવે છે. બધાજ અચરમાવર્તકાળ પસાર થઇ જાય ત્યારે જ એ પાકે. અભવી જીવને કદી ચરમાવર્તકાળ આવવાનો નહિ, એટલે એને અચરમાવર્ત કાળની સમાપ્તિ જ નથી. તેથી એનો સહજમળ પાકતો જ નથી, એમાં નોંધપાત્ર હ્રાસ થતો જ નથી. એ તો ભવ્ય જીવને જ ચરમાવર્ત કાળ આવી લાગે છે, ને ત્યાં એના સહજમળમાં નોંધપાત્ર હ્રાસ યાને ઘટાડો થયો હોય છે.

આ સહજમળ-હ્રાસનાં ૩ લક્ષણ છે-

(૧) દુ:ખિત જીવો પર દયા (૨) ગુણવાન પર અદ્વેષ (૩) ઔચિત્ય.

આમાં બીજું લક્ષણ શું આવ્યું ? 'ગુણવાન પર દ્વેષ નહિ'. એનો અર્થ એ કે સહજ મળનું જોર હતું ત્યારે ગુણવાન ઉપર સહેજે દ્વેષ થતો, કેમકે એને ગુણ તરીકે ગુણ ગમતો જ નહિ. એટલે ગુણ પરની અરુચિથી ગુણવાન પર અરુચિ થવી સહજ હતી. હવે જુઓ કે એકલા ગુણની પ્રશંસા જો એવી રીતે કરાય કે એમાં બીજા નાના ગુણવાળાનું ઘસાતું બોલાય તો એમાં ગુણવાન પર દ્વેષ થયો. એમાં ગર્ભિત ગુણ દ્વેષ પણ આવ્યો એ આત્માને કઇ સ્થિતિમાં મૂકે ? એની પાછળ એનામાં કેવા નિબિડ રાગ દ્વેષ ઊભા થયા હોય !

વાત આ છે, ગુણવાનના ગુણની પ્રશંસા અવશ્ય કરો, પરંતુ તુલના કરીને બીજા નાના ગુણવાળાને ઉતારી પાડો નહિ, એનું ઘસાતું ન બોલો.

**દમિતારિને નારદની ચડવણી :-**

નારદજી ભૂલા પડ્યા છે. દમિતારિ રાજા તરફથી સન્માન મળ્યું એટલે તુલના કરીને એમનું વૈયક્તિક સન્માન કરવું, ભૂલનારા અપરાજિત અને અનંતવીર્ય પર દ્વેષ ઉભરાય છે, અને હવે લાગ શોધે છે કે શી રીતે દમિતારિના દિલમાં પેલી નાટકણીને ઉતારી દેવી. જેથી એ મોટો સમ્રાટ હોઇને નટીઓને પડાવી લે. એમાં એમને તક મળી જાય છે. દમિતારિ પૂછે છે 'કેમ મહર્ષિ ! આપને કુશળ છે ?' નારદજી કહે 'તમારે પ્રજા પરિવાર સહિત કુશળને ? રાજા કહે, આપના પસાયે બધાને કુશળ છે પરંતુ આપ દેશદેશ ફરનારા તો એમાં કાંઇ આશ્ચર્યકારી જોયું હોય તો તે અમને કહો.'

અહીં નારદ આ પ્રશ્ન પર ખુશી થઇ ગયા કે 'હવે મારે તક મળી ગઇ. જે કાર્ય માટે આવ્યો છું, એ આ પ્રશ્નનો જવાબ કરી પેલી બે નાટકણીને રાજાના દિલમાં ઘાલવાનું કામ સરળ બની ગયું.'

**સંસારી જીવને કેટકેટલી તુચ્છ વાતોથી રાજીપો ?**

**પણ એ તામસ ભાવના ઘરનો છે.**

**તામસીને ક્ષુદ્રભોગમાં આનંદ :-**

સમરાદિત્ય ચરિત્ર-શાસ્ત્ર કહે છે 'તામસી પ્રકૃતિના જીવો ક્ષુદ્ર ભોગોમાં આનંદ પામનારા હોય છે.' નારદજીને અંતરમાં ખુશી થઇ પણ બહારમાં ઠાવકે મોઢે કહે છે. આશ્ચર્યકારી દ્રશ્ય ? અરે ! રાજન્ ! તમને શું કહું ! અનંતવીર્ય રાજાના દરબારમાં નૃત્ય કરતી બે નટીઓ એવી જોઇ કે મને લાગે છે કે મોટા





સૌધર્મ ઇન્દ્રના દરબારમાં અપ્સરાઓ પણ આવું ગજબ નાટક નૃત્ય કરનારી નહિ હોય ! હું તો માનું છું કે તમારી પાસે ભલે મોટા વૈભવ મોટા પરિવાર છે પરંતુ જો આ અદ્‌ભુત નૃત્ય કરનારી નટીઓ નથી તો બધું રાખ ને ધૂલ છે, અને મને એમ પણ લાગે છે કે તમે તો મોટા સમ્રાટ વિદ્યાધર, ને એવી દેવનેય દુર્લભ નૃત્ય કરનારી એ નટીઓ તો તમારા દરબારમાં શોભે ? કે પેલા નાનકડા રાજા અનંતવીર્યને ત્યાં શોભે ?'

બસ, નારદજીએ ધાર્યું તીર લગાવ્યું, ને દમિતારિ રાજાના દિલમાં બે નટીઓ વસી ગઇ. એને એમ થયું કે 'આવા મોટા ઋષિ જ્યારે કહે છે ત્યારે એ ખોટું હોય નહિ તો મારે અનંતવીર્ય પાસેથી એ મંગાવી જ લેવી જોઇએ. સ્વર્ગમાંય જોવા ન મળે એવાં નૃત્ય કરનારી જો આ હોય, તો તો એ મળતાં આનંદનો પાર નહિ રહે.'

❀ ❀ ❀ ❀ ❀ ❀

નારદજીના શબ્દોએ દમિતારિના દિલને ઊકળતું કરી મૂક્યું, 'ક્યારે પેલી નટીઓ મળે' એ ઝંખના ઊભી કરી દીધી. કેશિ ગણધર મહારાજાએ નાસ્તિક પ્રદેશી રાજાને એવા શબ્દ પીરસ્યા કે રાજાની નાસ્તિકતા વિષય-વિલાસ, વગેરે શાન્ત થઇ ગયા, અને ત્યાં જ એ પ્રભુભક્ત સમ્યગ્દર્શની અને વ્રતધારી શ્રાવક થઇ ગયો ! **'શબ્દો બાળે ને શબ્દો ઠારે !'** આપણામાં આવડત હોય, તો આ સૂત્ર પરથી અમૃત શિખામણ લેવાય.

**આપણે મનુષ્ય ગતિના પુણ્ય સાથે મહા કિંમતી વિશિષ્ટ વચન- લબ્ધિ મળી છે.**

ધારીએ તેવા શબ્દો બોલી શકીએ છીએ. પ્રિય લાગે તેવા મીઠા ય બોલ બોલી શકીએ, અથવા સામાને ઘા જેવા લાગે તેવા અપ્રિય-કર્કશ-કડવા બોલ પણ બોલી શકીએ. પૈસાનો ખરચ નહિ, ને આપણા હાથની વાત છે કેવા શબ્દ કાઢવા. શા સારુ આપણે પ્રિય મીઠા બોલ બોલી જશ નહિ લેવો ? સામાના દિલને શા માટે ઠારવું નહિ ? પ્રિય બોલવામાં આપણું ય દિલ ઠરે, દિલમાં કષાય ન જાગે. દિલમાં કષાય સળગે છે ત્યારે કડવા બોલ બોલાય છે. તો આપણે ય સળગીએ ને સામાને સળગાવીએ એ શું ? કે આપણે ય ઠરીએ ને સામાને ઠારીએ એ સારું ? શું સારું ?

**નટીઓ માટે દૂત :-**

નારદજીની વાત દમિતારિએ મંજૂર કરી, અને તરત પોતાના દૂતને અપરાજિત અને અનંતવીર્ય પાસે મોકલી આપવા કહેવરાવ્યું.

દૂતે આવીને બંને ભાઇઓને કહ્યું 'મોટા વિદ્યાધર સમ્રાટ રાજા દમિતારિ મહારાજાએ કહેવરાવ્યું છે કે 'તમારી પાસે જે બે નટીઓ છે એમને મારી પાસે મોકલી આપો.

હજી સુધી અનંતવીર્ય વાસુદેવ નથી બન્યા, હજી આ પૃથ્વી ઉપરના એક નાના રાજ્યના રાજા છે, છતાં એ કાંઇ ગભરાય એવા નથી. એટલે ભલે મોટા રાજાનો આદેશ છે છતાં એમને નટીઓ કાંઇ આપવી નથી. પરંતુ હમણાં તત્કાલ વિખવાદ ઊભો નથી કરવો. એનું કારણ આગળ સમજાશે. એટલે દૂતને કહે છે-

'મહારાજાનો એવો હુકમ છે તો ભલે તમે જાઓ, અને એમને કહેજો કે અમે વિચાર કરીને મોકલી આપીએ છીએ.'

દૂત આ જવાબથી કાર્યસિદ્ધ થઇ ગયું માની ખુશી થઇ ગયો, અને તરત પહોંચી ગયો દમિતારિ પાસે. તે કહે છે. 'મહારાજા ! કામ બહુ સરળતાથી પતી ગયું. એમણે કહ્યું છે' અમે વિચાર કરીને નટીઓને મોકલી આપીએ છીએ.' રાજા પણ આ સાંભળીને રાજી રાજી થઇ ગયો કે હવે મનમાની નટીઓ મળી જવાની !

**સુખ વસ્તુમાં નહિ, પણ મનની કલ્પનામાં શી રીતે :-**

શું અપરાજિત નટીઓ મોકલવાના છે ? ના, છતાં આ દમિતારિ આશામાં તણાયો ખુશી થઇ જાય છે. સંસારમાં જીવને ધન માલ વગેરેનો રાગ એટલો બધો છે કે એની પ્રાપ્તિ થવા પહેલેથી એની આશામાં તણાય છે. મળવાની આશા પર ખુશી માને છે. વસ્તુથી સુખ ? કે વસ્તુની આશાથી સુખ ? જો કે સુખ એકેયથી નથી. છતાં ભ્રમણા આશામાંય સુખ મનાવે છે. એટલે સુખ ક્યાં વસ્યું ? આશા એ મનની ચીજ છે, મનનો ધર્મ છે, એટલે સુખ મનની વસ્તુ પર, મનની વસ્તુમાં જઇ વસ્યું.

**ત્યાગી કેમ સુખી ? જડ વસ્તુ વિટંબણા રૂપ છે :-**

આ હિસાબ બતાવે છે કે સુખ જો બાહ્ય વસ્તુ પર નહિ કેમકે એ હજી મળી જ નથી, કિન્તુ સુખ માનસિક આશાની કલ્પના પર રહી શકે છે, તો પછી ત્યાગીઓ પોતાના મનને જ એવું બનાવી દે અને જડ વસ્તુને વિટંબણા રૂપ માની વસ્તુના ત્યાગના સંકલ્પ પર સુખ આનંદ માને કે 'મારે આ લપ વિટંબણા જોઇએ જ નહિ' એ કેમ ન બને ? એવા માનસિક નિર્ધાર પર સુખ માને એ કાંઇ અવાસ્તવિક નથી. વાસ્તવિક જ છે.

**સંસારીને જડની આશા પર સુખ, અને જડના ત્યાગીને ત્યાગના સંકલ્પ**





**પર સુખ.**

'કલ્પનાથી સુખ અને કલ્પનાથી દુઃખ'. એ જે કહેવાય છે તે ખોટું નથી. જીવનના વ્યવહારમાં ય એ અનુભવાય છે. દા.ત. પત્ની ગમે તેવી ખરેખર કુશળ હોવા છતાં જ્યાં સુધી પતિની કલ્પના છે કે આ તો મને બહુ વફાદાર અને મારા જ ઉપર પ્રેમવાળી, ત્યાં સુધી એને સુખ લાગે છે, જ્યારે પત્ની ગમે તેટલી વાસ્તવમાં સુશીલ છતાં જો પતિને કલ્પના થઇ કે આ દુઃશીલ છે, તો એ કલ્પના પર એને દુઃખ લાગે છે. આમ સુખ-દુઃખ વસ્તુસ્થિતિ પર નહિ, પણ કલ્પના પર આધારિત બને છે, અર્થાત્ કલ્પનાથી સુખ છે, અને કલ્પનાથી દુઃખ છે.

**સંસારમાં સુખની ચાવી :-**

માટે જ સમકિતી જીવ, દુન્યવી સંપત્તિ એવી ન મળી હોય છતાં ક્રોડોની સંપત્તિ કરતાં પણ કંઇ ગણા કિંમતી દેવાધિદેવ, ગુરુ, નવકારમંત્ર, શાસન, તીર્થો, શાસ્ત્રો, મહાપુરુષોનો ઇતિહાસ વગેરે મળ્યાની માનસિક ભારે હુંફ ઉપર સુખ માને છે, મસ્ત રહે છે, એ સ્વભાવિક છે, અને આજ સંસારમાં સુખી પ્રસન્ન આનંદિત રહેવાની ખરેખર ચાવી છે કે અમૂલ્ય દેવ ગુરુ આદિ મળ્યાની હુંફ અનુભવો, અહોભાવ અનુભવો-અહો ! હું અલ્પ-પુણ્યોદયવાળો, મને ને આ અણમોલ પ્રાપ્તિ ! ધન્ય ઘડી ધન્ય ભાગ્ય ! મારા ભાગ્યની અવધિ નથી ! આ જો નિરંતર મનમાં તરવરતું હોય તો પછી સાંસારિક કોઇ આપત્તિ વખતે મન દુઃખિત નહિ થાય પેલી અણમોલ પ્રાપ્તિની એને એટલી બધી માનસિક હુંફ છે કે આ કષ્ટ કશી વિસાતમાં નહિ લાગે. તેથી તો એ તપ કરીને, ત્યાગ કરીને, દાન કરીને મહાસુખ અનુભવે છે.

**આશાનું અને ત્યાગ-સંકલ્પનું સુખ સમાન નથી :-**

પ્ર. સંસારીને આશામાં સુખ, ત્યાગીને ત્યાગના સંકલ્પમાં સુખ. તો બંનેને સુખ તો સમાન જ થયું ને ?

ઉ. ના. આશાનું સુખ ક્ષણ ભંગુર છે ત્યાગના સંકલ્પનું સુખ ચિરસ્થાયી છે. જુઓ પેલો દમિતરિ નટીઓ મળવાની આશામાં સુખ માનતો રહ્યો. પણ નટીઓ તો આવી નહિ, એટલે આશા ખંડિત થઇ ગઇ. હવે ધૂંઆ પૂંઆ થઇ ગયો, આશા ન ફળતાં દુઃખી થઇ ગયો સુખ ક્યાં ટક્યું ? જ્યારે ત્યાગીને ત્યાગનો માનસિક નિર્ધાર ખંડિત થવાનો નથી. કેમકે ત્યાગના નિર્ધારના ફળમાં એમને કશું લૌકિક જોઇતુ નથી, બસ આ ફરકઃ

**આશાનું સુખ આશા ન ફળતાં પલાયન. ત્યાગના સંકલ્પનું સુખ ધાર્યુ**

**ન થવા છતાં સંકલ્પ અખંડિત તેથી, અખંડિત.**

અપરાજીત-અનંતવીર્યે નટીઓ કેમ મોકલી નહિ ? એમને મોકલવી જ નહોતી. અલબત્ એમણે આશા આપેલી પરંતુ પછીથી બંને જણ વિચાર કરે છે કે 'નટીઓ નહીં મોકલીએ એટલે દમિતારિ લડવા આવશે. એની પાસે બળ મોટું. બધી વિદ્યાઓનો એ સ્વામી છે. તેથી એનો મુકાબલો સહેલો નથી. માટે આપણે પેલા વિદ્યાધરે આપેલી મહાવિદ્યા દેવીની સાધના કરવા જઇએ. એ સિદ્ધ થઇ પછી તો પેલાને બરાબર પહોંચી વળીશું.'

અપરાજિત અને અનંતવીર્ય આમ જ્યાં મહાવિદ્યા સાધવા જવાનો વિચાર કરે છે ત્યાં મહાવિદ્યા દેવી પોતે જ એમની સામે આવી ખડી થાય છે, અને કહે છે. 'મહાનુભાવો ! તમારે વળી મારી સાધના કરવાની હોય ? તમે તો પૂર્વ જનમમાં મને સાધેલી જ છે. તેથી તમારી નવી સાધના વિના જ હું તમને સ્વયંસિદ્ધ છું.' બોલો પુણ્ય શું કામ કરે છે ?

**અનંતવીર્યને મહાવિદ્યા સાધ્યા વિના સામેથી આવી સિદ્ધ થાય છે.**

વિના મહેનતે આવી મળે એમાં હોશિયારી નહિ, પુણ્ય કામ કરે છે.

આ ચીજ મહેનતથી તૈયાર કરવાની ધારી હોય, ને વિના મહેનતે સામેથી આવી મળે એમાં પોતાની હોશિયારી શી કામે લાગી ગણાય ? જો હોશિયારી કામ લાગે એવી મળી હોય, તો તો મહેનત કરવાનું ધારે જ શાનો ? પણ વિના મહેનત મેળવી લેવાની હોશિયારી નથી માટે તો મહેનત કરવાનું ધારે છે. હવે ત્યાં વિના મહેનત વસ્તુ આવી મળે છે એની પાછળ કારણ છે પૂર્વનું પુણ્ય કર્મ, એ માનવું જ પડે.

અલબત એ પુણ્ય શી રીતે ઊભું થયેલું ? અને જવાબમાં કહેવું પડે કે પોતાની હોશિયારીથી કાંક સુકૃત કરેલું, શુભભાવ સેવેલા. આમ, અલબત સુકૃત શુભભાવ કરવામાં પોતાની હોશિયારી કામ લાગેલી, એ દ્રષ્ટિએ કહેવું હોય તો કહી શકાય કે અહીંની મન ગમતી પ્રાપ્તિમાં પુણ્ય દ્વારા પૂર્વની હોશિયારી કામ કરે છે. હોશિયારી સાક્ષાત્ નહિ, પણ પરંપરાએ કારણભૂત કહી શકાય, પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે એ

**પૂર્વની હોશિયારી વસ્તુ મેળવવાની હોશિયારી નહોતી, કિન્તુ સુકૃતની અર્થાત્ વસ્તુ છોડવાની હોશિયારી હતી.**

**વસ્તુ છોડવાની હોશિયારી વસ્તુ મેળવી આપે છે.**





પૂછો, આ શી રીતે ?

આ રીતે-અહીં વસ્તુ મેળવી આપનારું પુણ્ય પૂર્વે સુકૃત શુભભાવ કરવાની હોશિયારીથી ઊભું થયેલું પરંતુ એ વિચારો કે સુકૃતમાં શું કરેલું ? કોઇને આંચકી લેવાનું કરેલ ? કે કોઇને દેવાનું કરેલું ? અર્થાત્ સુકૃત કોને કહેવાય ? ધંધો, વેપાર, ચોરી આદિને ? કે દાન ત્યાગ આદિને ?

- સુકૃત કોને કહેવાય ? વિષયના આનંદ મેળવવાને ? કે ત્યાગ-વ્રત્ત નિયમને ?
- સુકૃત કોને કહેવાય ? ખાનપાનને ? કે ખાનપાન છોડી તપ કરાય એને ?
- સુકૃત કોને કહેવાય ? રોષ કે રોફને ? કે એ છોડી, મૈત્રી ક્ષમાદિ તપ કરાય એને ?

સુકૃત-પુણ્ય કાર્ય શું ? દાન, શીલ, તપ વગેરે ? કે ધંધો-ધાપો ચૂલો-ઓલો, વિષયરંગ, ખાનપાન, એ સુકૃત ? એ પુણ્ય કાર્ય ?

દાનાદિને જ સુકૃત સત્કાર્ય કહેવાં પડે, ને એમાં દુન્યવી વસ્તુ છોડવાની જ વાત આવે, મેળવવાની નહિ, ને એ સુકૃતથી પુણ્ય ઊભું થાય, એનાથી વસ્તુ મળે.

એટલે ખૂબી કેવી થઇ કે હોશિયારી તો પૂર્વભવે સુકૃતમાં લગાવી, અર્થાત્ વસ્તુ છોડવામાં લગાવી વસ્તુ મેળવવામાં નહિ, ને વસ્તુ છોડવાની પૂર્વ ભવની હોશિયારીએ અહીં વસ્તુ મેળવી આપી ! એટલે હવે સમજાશે કે અહીં અણધાર્યું મળી આવે એમાં મેળવવાની સાક્ષાત્ હોશિયારીએ કામ નથી કર્યું કે પરંપરાએ. પણ પૂર્વભવે મેળવવાની હોશિયારીએ કામ નથી કર્યું પરંતુ છોડવાની હોશિયારીએ કામ કર્યું છે. અર્થાત્ સુકૃત કરવાની હોશિયારીએ કામ કર્યું છે. એટલે કહેવું પડે કે

**વસ્તુ મેળવવા ભોગવવાની હોશિયારી, એ તો દુષ્કૃત, એથી પાપ મળે.**

**વસ્તુ છોડવાની હોશિયારી એ સુકૃત, એથી પુણ્ય મળે.**

તો વિચારવા જેવું છે કે 'અહીં જીવનમાં બહુધા શું ચાલી રહ્યું છે ? હોશિયારી શેમાં વપરાઇ રહી છે ? છોડવામાં કે મેળવવા-ભોગવવામાં ? ભૂલશો નહિ,

મેળવવામાં ખર્ચેલી હોશિયારીથી પાપ ઊભા થાય, એ આગળ પર મનગમતું મેળવવાનું બંધ કરી દે છે:

ત્યારે છોડવામાં ખરચેલી હોશિયારી પુણ્ય ઊભાં કરે છે, જે આગળ પર ન ધારેલું મેળવી આપે છે તો હોશિયારી ક્યાં ખરચશો ?

**જીવને મોહની એ ભારે વિટંબણા છે કે જીવને ઊંધા માર્ગે જ હોશિયારી**

**વાપરવામાં પાવરધો બનાવે છે.**

હોશિયારી વેપારમાં ? કે દાનમાં ?

હજી ક્યારેક દાન પણ કરશે, કિન્તુ એમાં મનને એમ નહિ થાય કે 'હોશિયારીથી દાન કરું, દાનમાં હોશિયાર બનું,' વેપારમાં નોકરીમાં કે બીજાનું પડાવવામાં હોશિયાર થવાનું મન થાય છે પણ દાન, શીલ, આદિ ધર્મમાં નહિ ! કેવી મોહ મૂઢતા ! કહેતા નહિ,

પ્ર.-તો શું અમે સારા માર્ગે પૈસા વાપરીએ એ હોશિયારીથી નથી વાપરતા ?

ઉ.-અંતરાત્માને પૂછો કે જેમ નોકરીમાં ધંધામાં મનને થાય છે કે 'આમાં હું વધુ ને વધુ હોશિયાર બનું, વધુ સારી હોશિયારીથી નોકરી કરું, જેથી શેઠ વધુ પ્રસન્ન થાય. વધુ સારી હોશિયારીથી વેપાર કરું જેથી વધુ પૈસા મળે,' એમ સારા માર્ગે પૈસા ખરચતાં એવું મનને થાય છે ખરું કે 'હું દાનમાં વધારે હોશિયાર બનું ? વધુ હોશિયારીથી સારું દાન દઉં ?' આવું થાય છે ખરું ? ના, સાધર્મિક વાત્સલ્ય કરશે તો એમાં ક્યાંય વધારે પડતો ખરચ ન થઇ જાય એની કાળજી રાખશો ! જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ કરશે તો એમાં 'ઓછે પતે એટલું સારું' એમ ચિંતામાં રહેશે ! ત્યાં મનને એમ નહિ થાય કે ભલે ખરચ ગમે તેટલો થાય, સારામાં સારું સાધર્મિક વાત્સલ્ય કરું ? સારામાં સારી જિન-ભક્તિ કરું !' આવું કેમ થતું નથી ? અવળી ગંગા વહી ચાલી છે. હોશિયારી સુકૃત વિષે બને તેટલા પૈસા બચાવવામાં વપરાઇ રહી છે ! પણ એટલું સુકૃત સારું કમાઇ લેવામાં નહિ ! વેપાર કરવા જશે ત્યાં ચિંતા વધુ નફો કરવાની પછી ભલે ગમે તેટલો, દુકાન ખર્ચ થાય, દલાલી ખર્ચ થાય, લાંચ રુશ્વત ખર્ચ થાય, વગેરે ખર્ચની ચિંતા નથી.

**જો વેપારમાં નફાની ચિંતા, પણ ખરચની કે કષ્ટની નહિ, એ હોશિયારી છે, તો સુકૃતમાં ખર્ચની, ને કષ્ટની ચિંતા, નફાની નહિ, શું એ મૂર્ખાઇ નથી ? સુકૃતમાં હોશિયારી આ, કે શુભ કમાવાની બહુ ચિંતા હોય, પણ તન ધન સમયના ભયની કે કષ્ટની ચિંતા નહિ.**

મોહની વિટંબણા પડતી મૂકાય તો સુકૃતમાં હોશિયારી આવે, શુભ કમાવા પર જ ચોંટ રહે, કષ્ટને વ્યય પર નહિ. આ તો નોકરી ધંધામાં ઘણીય ઊઠ બેસ કરશે, પણ પડિક્કમણામાં ઊઠ બેસમાં કષ્ટ લાગે છે ! તે બેઠાબેઠા જ પતાવશે ! ધર્મ કરવા ગયા છતાં મોહની વિટંબણા ભોગવે છે ! ભાન નથી કે સંસારમાં તો મોહની વિટંબણા છે જ, પણ ધર્મમાંય એ ઊભી રાખીશ તો પછી એ મોહ વિટંબણાને ક્યાં





દૂર કરીશ ? દૂર કરવાની જગા જ ક્યાં રહી ?

**એમ 'સાંસારિક કાર્યોમાં લાભની ચિંતા થાય, પણ કષ્ટની ને ખર્ચની ચિંતા નહિ, ને ધાર્મિક કાર્યમાં કષ્ટની ને ખર્ચની ચિંતા કરે છે, લાભની નહિ ?' આ તારી ધર્મમાં હોશિયારી છે ?**

દુનિયામાં કોઇ વેપારી લાભની નફાની ચિંતા ન કરતાં 'કષ્ટ બચાવું, ખરચ બચાવું' એમ કરવા જાય, ને મૂડી મોટી રોકી છતાં નફો નામનો હોય તો લોક એને હોશિયાર બુદ્ધિમાન વેપારી નહિ કહે બુધ્ધુ વેપારી કહે છે. તો પછી...

ધર્મમાં કષ્ટ અને ખર્ચની જ ચિંતા કરે, શુભના લાભની નહિ, એ બુધ્ધુ નહિ ?

આજના મોટા ભાગના ટ્રસ્ટીઓ મંદિરનો ઉપાશ્રયનો વહિવટ કરે છે એ મંદિર ઉપાશ્રયમાંની સગવડ શોભાથી લોકોમાં શુભ ભાવોનો લાભ કેટલો થાય એની ચિંતા ન કરતાં, એમાં ખરચ કેમ ઓછો થાય એની ચિંતા કરે છે ! એ બુદ્ધિમાન હોશિયાર કે બુધ્ધુ ? એમણે ધર્મ ખાતાનો વહીવટ શું હોશિયારીથી કર્યો ગણાય ?

મંદિર બાંધવું હોય, ઉપાશ્રય બાંધવો હોય ત્યારે હિસાબ માંડે છે કે 'ભાડુઆતને ખાલી કરાવવામાં ખર્ચ વધારે લાગે છે માટે કોરટથી લડી લો. પછી ભલે એમાં ખરચો લાગે પણ એમ કાંઇ ભાડુઆતને ખાલી કરાવવામાં રકમ વધારે ન દેવાય', હવે માનો ને કે કોરટે લડતાં પાંચ વરસે ઓછી રકમે પત્યું, લડ્યા વિના સીધે સીધા પંદર હજારે પતત તે પાંચે પત્યું, પરંતુ આમાં દ્રષ્ટિ ક્યાં રહી ? ખર્ચ બચાવવામાં પણ લાભ પર નહિ. પૂછો-

**થોડો ખર્ચ વધુ કરી જલ્દી મંદિર બાંધવામાં શો લાભ ?**

લાભ આ, કે જો તરતમાં પંદર હજાર આપી દઇને પણ ભાડુઆતને ખાલી કરાવી તરત મંદિર ઊભું કર્યું હોત, તો ત્યારથી લોકો મંદિરે દર્શન-પૂજા-ભક્તિ કરી કરી અપૂર્વ શુભ ભાવે-વૈરાગ્ય-સમ્યકત્વ વગેરે અણમોલા લાભ કમાત, જેના પરલોકના ફળમાં લાખે લેખા થાત.

આવા મહા લાભની દ્રષ્ટિ નહિ. ચિંતા નહિ ને ખર્ચની ચિંતા કરે તે પણ જ્યારે ૧।।-૨ લાખનું મંદિર ઊભું કરવું છે તો એમાં ભાડુઆતને દસ હજાર વધારે અપાઇ ગયા એ શી વિસાતમાં ? એની વિસાત ગણે, હિસાબ ગણે, એ મંદિર-વહીવટના ધર્મમાં હોશિયાર બુદ્ધિમાન ગણાય ? કે બુધ્ધુ ? દુનિયામાં જુઓ મોટી મારકિટમાં મોટા નફાની દ્રષ્ટિ રાખીને દુકાનની પાઘડીના લાખ, બે લાખ, ત્રણ

લાખ ખરચીને દુકાન લે છે.

વેપારની જેમ ધર્મમાં ખર્ચની ચિંતા કરવાની કે લાભની ?

હજીય દુકાન તો એવો લાભ કરાવશે કે નહિ એની સો ટકાની ખાતરી નહીં છતાં સાહસ કરે છે ત્યારે અહિં તો ૧૦ હજારનો વધુ ખર્ચ કરીને પણ ઊભું કરેલ જિનમંદિર કે ઉપાશ્રય નિશ્ચિત ભરપૂર લાભ કરાવનાર છે, એની સો ટકા ખાતરી છે. છતાં ધર્મમાં લાભની ચિંતા મૂકી ખર્ચની ચિંતા કરવી છે એ સરાસર મૂર્ખતા છે, મૂઢતા છે. એવું જ મંદિર ઉપાશ્રય અને સામૂહિક ધર્માનુષ્ઠાનના પ્રસંગોમાં છે. આત્મિક લાભને બદલે ખર્ચની ચિંતા એ મૂઢતા છે, બુદ્ધિહીનતા છે.

વાત આ હતી સુકૃત કરવામાં હોશિયાર ? કે નમ્રતા-લઘુતા દાખવવામાં ?

સુકૃતની જેમ શુભભાવ કરવામાં હોશિયારી રખાય છે ? કે અશુભ ભાવ કરવામાં ? હૈયામાં પ્રભુ ઉપર પ્રેમ-ભક્તિ-બહુમાન સારું કેળવવામાં હોશિયારી વપરાય છે ? કે પત્ની-પુત્રાદિ પર પ્રેમ વધારવામાં હોશિયારી વપરાય છે ?

**હોશિયારી શુભ ભાવ કરવામાં ? કે અશુભ ભાવ કરવામાં ?**

એટલું ખાસ નોંધી રાખો કે-

અહીં રોષ, રોફ, માયા, કાવાદાવા, લોભ, આસક્તિ, મમતા, ઇર્ષ્યા અસૂયા વગેરેના અશુભ ભાવ ગમે તેટલા કરો, પરંતુ પૈસા-પ્રતિષ્ઠા ને સત્તા-સન્માન મળવાનો આધાર પૂર્વ ભવે કરેલા દયા, ક્ષમા, નમ્રતા, નિર્લોભતા, દેવ-ગુરુ-પ્રેમભક્તિ, મૈત્રી-કરુણા, ત્યાગ, સંયમ, વગેરેના શુભ ભાવથી ઊભા થયેલા પુણ્ય પર જ છે.

**પૂર્વભવના દયા ભક્તિ-ક્ષમાદિથી ઊભા થયેલા પુણ્યના પ્રમાણમાં જ પૈસા પ્રતિષ્ઠા વગેરે મળશે. પણ રોફ, રોષ, કાવાદાવા, વગેરે કરવા જતાં અહીં શુભભાવ કમાવવાની તક ચાલી જશે ને અશુભ ભાવોના દીર્ઘકાળ પીડે એવા કુસંસ્કાર તથા પાપકર્મોના પોટલા માથે પડશે.**

હવે જીવન કેવું જીવવું છે, શુભભાવો ભર્યું ? કે અશુભ ભાવો ભર્યું ? આ પરથી પસંદ કરી લો.

અહીં સુકૃત અને શુભ ભાવ ભૂલી ગમે તેટલા ધમપછાડા દુષ્કૃતો અને અશુભ ભાવના કરાય, પરંતુ મળવાનું પૂર્વના સુકૃત-શુભભાવ-જનિત પુણ્ય પ્રમાણે જ. પુણ્ય નહિ હોય તો ગમે તેટલા દુષ્કૃત-દુર્ભાવોના ધમપછાડા છતાં મળવાનાં





ફાંફાં ! મળેલું ભોગવવાનાં ફાંફાં ! ત્યારે પુણ્ય હોય તો કશી મહેનત ધમપછાડા નહિ, ને સામેથી આવીને મનગમતું મળી જાય છે. જુઓ

**અનંતવીર્યને મહાવિદ્યા સ્વયંસિદ્ધઃ સારી સિદ્ધિના ઉત્સવ કરાય.**

પેલા અપરાજિત અને અનંતવીર્ય મહાવિદ્યા સાધવા જવાનો વિચાર કરે છે એટલામાં મહાવિદ્યા દેવી સામેથી આવીને ઊભી રહી કહે છે કે 'તમારે સાધવાની મહેનત કરવાની હોય ? એની કશી જરૂર નથી. પૂર્વભવે તમે મને સાધેલી છે, એટલે અત્યારે હું તમને સ્વયંસિદ્ધ છું. તમારે જે ઇચ્છા હોય તે કહો હું તેમ કરવા તૈયાર છું.' એમ કહી મહાવિદ્યા દેવી એમના અંગમાં પ્રવિષ્ટ થઇ ગઇ. બંને ભાઇઓએ આ મહાન સિદ્ધિની ખુશાલીમાં મહાવિદ્યાનો સત્કાર ઉત્સવ કર્યો. 'સારી સિદ્ધિના ઉત્સવ કરાય', એ ધ્યાનમાં હોય તો સુકૃત શુભભાવ સિદ્ધ કર્યા પછી કદરહીન ન બનાય. મોટો સંઘ કાઢીને આવ્યા પછી ઓચ્છવ કરાય છે.

હવે ત્યાં દમિતારિ ઉંચો નીચો થાય છે, 'હજી નાટકણીઓ કેમ ન આવી ? હજી કેમ ન આવી ?' એટલે હવે દૂતને બોલાવીને તાકિદ આપે છે કે 'પેલા હરામીઓએ હજી સુધી કેમ નટીઓ ન મોકલી ? નટીઓ મોકલી આપવામાં ગુલટિ મારી લાગે છે, તો જા, જલદી નટીઓને લઇ આવ.' વસ્તુની લગન-ઝંખના જંપીને બેસવા નથી દેતી, તરત એની પ્રગતિનો પુરુષાર્થ કરાવે છે.

**નવકાર જાપ અને પ્રભુ દર્શન-પૂજનથી કઇ વસ્તુ સિદ્ધ કરવાની લગન છે ?**

સારી લગન હોય તો એનો ભારે પુરુષાર્થ થાય.

પણ કહો, હજી મનમાં એજ વિચાર્યું નથી કે નવકારજાપ અને જિનદર્શન પૂજનથી શી વસ્તુ સિદ્ધ કરવી છે ?

કેવી કમનસીબી ! સાધના ચાલુ છે, ને સાધ્યનો વિચાર નથી ! કહેશો 'નવકાર-દેવદર્શન-પૂજનથી પુણ્ય સિદ્ધ કરવું છે, પછી સાધ્યનો વિચાર આવ્યો જ ને ?' પરંતુ પુણ્ય ક્યાં દેખાય છે કે એ કેવું સિદ્ધ થઇ રહ્યું છે ? કેટલું સિદ્ધ થઇ રહ્યું છે ? તે આ જો નથી દેખાતું તો સાધનામાં સુધારો કરવાનો, વધારો કરવાનો ને વધુ જોમ લાવવાનો...વગેરે વિચાર ક્યાંથી આવશે ? વળી પુણ્યને સાધ્ય બનાવ્યા પછી શું એ વિચાર્યું કે એ પુણ્યથી શું જોઇએ છે ? 'હા અહીં સારા પૈસા-ટકા-માલમેવા ને પરલોકે સારા સુખ', આ જો ઉદ્દેશ હોય તો નવકાર જાપ પ્રભુદર્શનાદિ

કરવાનો હેતુ આવી બધી જડની પ્રાપ્તિ કરવાનો થયો. જે પાછા અંતે નાશવંત, એ પતી જતાં જીવ એનો એ દરિદ્ર !

**દુન્યવી સુખ એ ઘાસઃ ભક્તિ એ ધાન્ય.**

**માટે જ એવા ઘાસતુલ્ય દુન્યવી ફળની લાલસા મૂકી ધાન્ય તુલ્ય પ્રભુભક્તિ-પ્રભુશરણ પ્રભુમાયારૂપી ફળની લાલસા ઊભી કરવી.**

ધાન્ય વાવે એને પહેલાં ઘાસ તો ઊગે જ છે, પરંતુ વાવનાર વાવણીના ફળ તરીકે ઘાસની ઇચ્છા નથી કરતો, એને તો ધાન્યનો પાક નીપજે એવી લાલસા હોય છે. એ રીતે અહીં પ્રભુદર્શનાદિ કરાય અને પુણ્ય ઊભું થવાથી એના દ્વારા દુન્યવી સુખ તો મળે જ છે. પરંતુ એ તો ઘાસતુલ્ય ફળ છે. એથી રીઝવાનું નથી. કેમકે એનાથી ભવની પીડા ન મટે, જનમ મરણની વિટંબણા ન અટકે...

ભવની પીડ મટે વીતરાગ બનવાથી. વીતરાગ બનવાનું એકલા વીતરાગની માયા લગાડવાથી. પછી ત્યાં પોતાની કાયાની ય માયા મમતા ન ઊભી રહે, કે કાયા ઇંદ્રિયોને મળતા વિષયોનાં સુખ અને વિષયોની ય માયા ન ઊભી રહે. એટલી જોરદાર વીતરાગની માયા લાગી જાય એટલે વિષયો નિમિત્તના રાગ-દ્વેષને હટાવી સ્વયં વીતરાગ બનવાની લગન લાગે. માટે પ્રભુદર્શનાદિનાં ફળ તરીકે આવી વીતરાગની માયા જ ઇચ્છવા જેવી.

**વીતરાગની માયા લાગવા માટે વીતરાગની ભક્તિ અને વીતરાગનું શરણ વધારતા રહેવું પડે.**

**સિદ્ધસેન દિવાકર મહારાજે શું માંગ્યું ?**

એટલે પ્રભુદર્શન-પૂજન આદિ કરીને શું જોઇએ છે ? તો કહીએ કે વીતરાગની માયા, એમની ભક્તિ અને એમનું શરણ જોઇએ છે. **'કલ્યાણમંદિર સ્તોત્ર'ની યદ્યસ્તિનાથ ! ભવદંઘ્રિસરોરુહાણાં ભક્તેઃ ફલં...!'** વાળી ગાથામાં આ કહ્યું કે ''હે નાથ ! તમારા અંઘ્રિસરોરુહ અર્થાત્ ચરકમળની સંતતિ-સંચિત ભક્તિનું'' એટલે કે વારંવારની ભક્તિથી એકત્રિત થયેલ ભક્તિ સમૂહનું કાંઇપણ ફળ હોય તો 'હે શરણ કરવા લાયક પ્રભુ ! મારે તારું જ શરણ હો. ભક્તિના ફળમાં એક તું જ શરણ રહો, એવું હું માગું છું. આ જગતમાં અહીં અને ભવાંતરે પણ તું જ મારો સ્વામી એવું હું માંગું છું.'





શ્રી સિદ્ધસેન દિવાકર જેવા મહા વિદ્વાન કવિ મહર્ષિએ પણ ભક્તિના ફળમાં શું માંગ્યું ? એક માત્ર પ્રભુનું જ શરણ અને એકમાત્ર પ્રભુ જ જન્મોજન્મ સ્વામી બન્યા રહો એ માગ્યું.

**દેવપાલે શું માગ્યું ?**

ત્રીજાભવે મહાવિદેહમાં તીર્થંકર થનાર દેવપાલે જંગલમાં ઢોરાં ચરાવતાં મળી ગયેલ શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાનાં દર્શન-વંદન-પૂજનાદિ ભક્તિ કરતાં, ચક્રેશ્વરીદેવી આવી કહે છે. 'દેવપાલ ! હું આ ઋષભદેવ ભગવાનની અધિષ્ઠાયિકા ચક્રેશ્વરી દેવી છું. તારી ભક્તિથી હું પ્રસન્ન થઇ છું તો માંગ, માંગ ભક્તિના બદલામાં જે જોઇએ એ માંગી લે. હું દેવા તૈયાર છું.'

**ત્યાં દેવપાલે શું માંગ્યું ?**

દેવપાલ કહે છે, 'પ્રભુભક્તિના બદલામાં મારે પ્રભુભક્તિ જોઇએ છે.'

કેમ વારુ ? એટલા જ માટે કે ભગવાનની ભક્તિ વધતી જાય એટલે દુન્યવી માયા સદંતર ભૂલી જવાય, ને એકમાત્ર ભક્તિ જ કાયમ થઇ જતાં પ્રભુ સાથે એકાકારતા અને પ્રભુમયતા બની આવે.

**ભક્તિના ઉત્કર્ષમાં પ્રભુની માયામયને પ્રભુમય બન્યા એટલે ભવના ફેરા ટળ્યા.**

આ બનવાનું, વધતી પ્રભુ ભક્તિથી-પ્રભુમાયાથી થાય.

**પ્રભુદર્શન કરીને શું જોઇએ છે ? આ, પ્રભુભક્તિ, પ્રભુમાયા, અને અંતે પ્રભુમયતા.**

આ જોઇતું હોય તો પ્રભુદર્શનમાં લગન કેવી લાગે ? પ્રભુદર્શનનો પુરુષાર્થ કેવો થાય ? દર્શનમાં કેવા ભાવ થાય ? દર્શન ન મળે ત્યાં કેવા આકુલવ્યાકુલ થવાય ?

**દમિતારિ દૂત પર ધમધમે છે. દૂત રવાના :-**

પેલા દમિતારિ રાજાને નાટકણીની લગન લાગી છે, તેથી એ ન મળતાં ધૂંઆપૂંઆ થઇ જાય છે, ઝટ દૂતને બોલાવી એને ધમધમાવે છે,-'અરે ! તું તો કહેતો હતો ને કે પેલા અપરાજિત અને અનંતવીર્ય નાટકણીને તરત મોકલી આપે છે ? તો કેમ એ હજી નથી આવી ? આવું ને આવું દૂતપણું કરે છે ?'

દૂત કહે 'મહારાજા ! એમણે તો વિચાર કરીને ચોક્કસ મોકલી આપીશ

કહેલું પણ હજી નથી મોકલી, તો આ હું ચાલ્યો, નાટકણીઓને લઇને આવું છું, આપ નિશ્ચિંત રહો.'

દૂત ઉપડ્યો ને પહોંચ્યો અપરાજિત-અનંતવીર્ય પાસે. એમને એ તડૂકીને કહે છે-'અરે મૂર્ખાઓ ! કેમ હજી નાટકણીઓને નથી મોકલી ? શું એક આ દાસીઓના મોહ ખાતર આખું રાજ્ય ખોઇ નાખવું છે ? ઓળખો છો વિદ્યાધર સમ્રાટ દમિતારિ મહારાજાને ? એ કોપાયમાન થશે તો એક પળમાં તમારું રાજ્ય ઝુંટવી લેશે. ને તમે રખડતા થઇ જશો માટે હવે જરાય વિલંબ ન કરો, નાટકણીઓ હમણાં જ મને સોંપી દો.'

અપરાજિત અને અનંતવીર્ય બે ભાઇઓ ગભરાય એવા નથી, દૂતને સણસણતો જવાબ દઇ શકે એવા છે, ધુત્કારીને કાઢી મૂકી શકે એમ છે કે જા, જા, એ વળી કોણ દમિતારિ છે કે અમારા પર આદેશ ફરમાવે ? નાટકણી જોઇએ તો આવી જાય લડાઇના મેદાનમાં,' આમ કહીને દૂતને ધુતકારી ધકેલી મૂકી શકે એવા છે, પણ એમને નાટકણી મોકલવાનું નાટક રચવું છે, તેથી ફેન્સી જવાબ દે છે,

**અનંતવીર્યનો દૂતને ફેન્સી જવાબ :-**

'અહો ! સમ્રાટ મહારાજા દમિતારિ તો મોટું મણિ-માણેક-સોનૈયા હાથી-ઘોડા વગેરેનું ભેટણું ઇચ્છતા હોય, એના બદલે એ જો માત્ર નૃત્યકુશળ બે દાસીઓથી સંતુષ્ટ છે, તો તો અમે હમણાં જ તમારી સાથે જ મોકલી આપીએ છીએ. તમે હમણાં જ આવ્યા છો તો સ્નાન-ભોજનાદિ કરી લો. નાટકણી દાંસીઓ તૈયાર જ છે.'

દૂતને આ સાંભળી ખૂબ આનંદ થયો કે 'ચાલો નાટકણીઓ મારી સાથે જ મોકલે છે બહુ સરસ કામ થઇ ગયું'. એને બિચારાને પહેલી તો એ ગમ ન પડી કે 'આ લોકોએ દમિતારિને વ્યંગમાં એવો હલકો ચિતર્યો કે આ તારો સ્વામી દાસી જેવી સાવ હલકી ચીજની લાલસાવાળો બન્યો છે, એ એની ક્ષુદ્રતા સૂચવે છે.' નહિતર-

**મહાન પુરુષની મહાનતા તો ઉમદા ચીજને ઝંખવામાં હોય, તુચ્છ ચીજને નહિ.**

**તુચ્છ ક્ષુદ્રને ઝંખનારો ક્ષુદ્ર દિલનો હોય.**

'જો એ દાસી જેવી ક્ષુદ્ર ચીજને ઝંખે છે તો એ ક્ષુદ્ર છે, મહાન નથી', એવું આ અપરાજિત-અનંતવીર્ય વ્યંગમાં કહે છે.

વાત સાચી છે, જીવ સમ્યક્ત્વની ય પહેલાં ભવાભિનંદી મટી મોક્ષાર્થી





મોક્ષરસિક બને છે ત્યારથી એ મહાત્મા ગણાય છે, મહાન આત્મા ગણાય છે કેમકે હવે એની અંતરની કામના ક્ષુદ્ર દુન્યવી વસ્તુઓને મૂકી મહાન આત્મ-સંપત્તિ સંબંધી ઝગમગવા માંડી. ભલે સમકિતી મોક્ષાર્થી જીવ જીવન-જરુરિયાતોના હિસાબે દુન્યવી વસ્તુઓની ઇચ્છા કરે ખરો, પરંતુ એમાં ય.

**મોક્ષાર્થી જીવ કેમ મહાન ?**

(૧) તુચ્છ ક્ષુદ્ર વસ્તુનાં ને ક્ષુદ્ર બાબતોનાં લેખાં ન માંડે, એને મહત્ત્વ ન આપે. તેમજ

(૨) કિંમતી પણ દુન્યવી વસ્તુની અંતરથી કામના ન રાખે.

સમકિતીને અંતરથી કામના તો એને મોક્ષની અને મોક્ષસાધક સાધનાની હોય માટે એ મહાન આત્મા છે.

આપણે આવા મહાન બનવું હોય તો બે વાત આવી.

(૧) ક્ષુદ્ર વસ્તુ ક્ષુદ્ર બાબતને મહત્વ ન આપો.

(૨) કિંમતી પણ દુન્યવી બાબતની અંતરથી કામના નહિ, અંતરથી કામના મોક્ષની.

**મગ્ગાણુસારિઆ એટલે ?**

માટે જ 'જયવીયરાય' સૂત્રના 'મગ્ગાણુસારિઆ' પદનો અર્થ હરિભદ્રસૂરિજી મહારાજે 'તત્ત્વાનુસારિતા' એવો કર્યો. તત્ત્વાનુસારિતા એટલે તાત્વિક વસ્તુ અનુસરવાપણું, અતાત્ત્વિક-ક્ષુદ્ર-તુચ્છ વસ્તુને નહિ અર્થાત્ તાત્ત્વિકને લેખામાં લે, તુચ્છને લેખામાં ન લે, તુચ્છ બાબતને મહત્ત્વ ન આપે, તાત્ત્વિકને જ મહત્ત્વ આપે. ભવનિર્વેદ આવે એટલે આ માર્ગાનુસારીતા તત્ત્વાનુસારિતા આવે. મહાન આત્મા મહાનચીજની કામનાવાળો હોય, ક્ષુદ્રની કામનાવાળો નહિ, એ સ્વાભાવિક છે. દમિતારિ તુચ્છ ચીજ દાસીની લાલસાવાળો બન્યો છે, એટલે એ મહાન નહિ, તુચ્છ છે. એમ વ્યંગમાં કહીને બંને ભાઇ દૂતને દાસીઓને એની સાથે જ આપી દેવાનું કહી સંતોષે છે. બિચારો દૂત દાસીના મળવાના આનંદમાં પેલા વ્યંગને સમજી શક્યો નહિ.

**દુન્યવી ચીજનો અતિ આનંદ એવો ભૂંડો કે બીજી ગતાગમ ભુલાવે.**

માટે તો માર્ગાનુસારીના ગુણોમાં એક ગુણ આંતર શત્રુનો વિજય કરવા કહ્યું. એમાં છ આંતર શત્રુ કામ-ક્રોધ-લોભ માન-મદ-હર્ષમાં અતિહર્ષ ન કરવાનું કહ્યું.

ખલાસી છાપરું સાંચતો હતો, ટપાલીએ આવી કહ્યું, 'તારે લોટરી લાગી, લાખ રુપિયાનું ઇનામ લાગ્યું'. એ સાંભળતાં જ ખલાસી અતિહર્ષમાં આવી ગયો તે પોતે છાપરાના કિનારે છે એ ભાન ભૂલ્યો, ને 'હેં ?' કહેતાંક ઊભો થઇ કૂદ્યો ને ધબાક પડ્યો નીચે ! મરી ગયો ! અતિ હરખે શું આપ્યું ?

પેલો દૂત અતિહરખમાં એક તો પોતાના રાજા પરનો કટાક્ષ જોવું ભૂલ્યો ને બીજું 'હું ન્હાવા-ખાવા જાઉં એમાં આ લોકો શું પ્રપંચ કરશે ?' એ વિચારવું ય ભૂલ્યો નહિતર તો કહેત કે 'મારે કાંઇ ન્હાવું-ખાવું નથી, તમે હમણાં જ દાસીઓ સોંપી દો, લઇને ચાલ્યો જાઉં.' પરંતુ એ કહ્યું નહિ, ન્હાવા-ખાવામાં પડ્યો ત્યારે જુઓ બંને ભાઇઓ કેવો પ્રપંચ કરે છે.

**બંને ભાઇ નાટકણીના વેશે દમિતારિના દરબારમાં :-**

બંને ભાઇઓએ અનંતવીર્યના પુત્રને રાજ્યગાદી સોંપી, મંત્રીઓને ખાનગીમાં સમજાવી દીધું કે 'અમે નાટકણીના વેશે જઇએ છીએ, તમે રાજ્ય બરાબર સંભાળજો બસ બંને ભાઇઓએ મહાવિદ્યાના પ્રતાપે અતિ રૂપવાન નાટકણીનો વેશ કર્યો ને દૂત પાસે પહોંચી જઇ કહે છે, 'લ્યો અમને અમારા રાજાએ દમિતારિ મહારાજાની સેવામાં મોકલી છે. તો અમને તમે લઇ ચાલો મહારાજા પાસે.'

દૂતે ક્યાં અસલી દાસી-નાટકણીઓને જોઇ હતી ? એટલે તો આમને સાચી નાટકણી માની લીધી, અને ખુશખુશ થઇ એમને લઇને ઉપડી ગયો, પહોંચ્યો દમિતારિના દરબારમાં. રાજાને કહે છે 'જુઓ મહારાજા ! હું અપરાજિત અને અનંતવીર્યને આપનો ડર દેખાડી આ સાથે જ લઇ આવ્યો છું તે નટીઓને ?'

પ્રથમદર્શને રુપાળી નાટકણી જોઇ દમિતારિ રાજા ખુશ ખુશ થયો, અને 'ભલે આવી તમે,' એમ આવકારી કહે છે 'કેમ તમારું અદ્‌ભુત નૃત્ય દેખાડશો ને ?'

આ બંને કહે 'જેવો આપનો આદેશ. અમારા મહારાજાએ આપની સેવામાં એટલા માટે તો મોકલી છે.'

કેવું ધતિંગ છે ? પણ ભોઠ દમિતારિને એની ગંધ પણ નથી આવતી. એ તો 'મારા આદેશનો ભંગ કરનાર કોણ જન્મ્યો છે ? ભંગ કોઇ કરી શકે જ નહિ.' એવા અભિમાનના તોરમાં એ જોવું ભૂલ્યો કે શેરના માથે સવાશેર હોય છે.' એટલે અભિમાનના તોરમાં માની લે છે કે 'સાચેસાચ અવ્વલ નાટકણીઓ મને મળી ગઇ !' આમાં કેવો ભયંકર અપાય અનર્થ સમાયેલ છે, એ આગળ સમજાશે. આ સંસારમાં પણ આવું છે. અતિ હરખ અને મિથ્યા અભિમાનના તોરમાં જીવ





ભ્રમણામાં પડ્યો સાચું માની લે છે. દા.ત. પત્ની કે પોતાનો માનેલો છોકરો પૂર્વ ભવનો દુશ્મનેય હોય. છતાં અહીં એને પોતાના ખાસ સ્નેહી તરીકે માની લે છે. પોતાને સાંસારિક સુખો મળવાનો બહુ આનંદ છે. એટલે પછી એ સગા ધર્મમાં અંતરાય કરે એવા કેવા સવાલમાં કરે છે. કેવા બોલ બોલે છે, કેવા વર્તાવ કરે છે, એ તરફ લક્ષ જ જતું નથી. પછી માતાપિતાની ભક્તિ ભૂલાવે. ભાઇબેન પ્રત્યે પ્રેમ ભૂલાવે, પાડોશી સાથે સારાસારી ભૂલાવે, એવા મોહક શબ્દ બોલશે ! એવી સુફિયાણી સલાહ આપશે ! પણ એ માન્ય કરી કહેવાય છે ! કારણ આ સગાઓ તરફથી સાંસારિક સુખો મળવાનો અતિ આનંદ છે પછી 'આ તો મારા અંતરનાં સગાં' એમ ભ્રમણામાં તણાય એમાં શી નવાઇ ?

**પત્નીનો માયાવી સવાસલો :-**

સગી પત્ની પણ સવાસલો કેવો કરે છે ? દા.ત. કહે છે 'તમે તમારા માતપિતાની ભક્તિ કરો, એમને બહુ વળગતા રહો, એમાં હું શું કામ આડે આવું ? પણ જે કરો તે તમારું હિત વિચારીને કરો. તમે એમને આટલા બધા વળગતા રહો છો, વાતે વાતે પૂછવાનું રાખો છો એ તમારી તો વડાઇ છે, પણ એ બહાર કેવી વાતો કરે છે એ તમને ખબર છે ? એ કહે છે, ભાઇ ! આજે તો સૌ સ્વાર્થમાં રમે છે, દીકરા ય માબાપને કેમ વળગતા રહે છે ? માબાપ પાસે દલ્લો હોય એની આશાયે. હમણાં જો માબાપ પાસે કાંઇ ન હોય તો કેટલા વળગ્યા રહે એ ખબર પડી જાય. અમારે દીકરો તો સારો છે પણ બિચારાને બૈરી તરફથી શાંતિ નથી લાગતી એટલે વાતવાતમાં અમારી પાસે આવે ને પૂછે-ગાછે.' આ તમારા માબાપની રીતિનીતિમાં તમે એમની ભક્તિ કરો, આમન્યા રાખો, એનો અર્થ કેવો વટાવાય છે ? એમાં તમારું શું સારું દેખાય છે ? મારે તો તમે દેવ જેવા છો, પણ તમારા માવતરને તમે કેવા લાગો છો, એ વિચારી જોજો એવું તો તમને કેટલું કહેવાય ?'

**માયાવીને બ્રહ્માય ન પહોંચે :-**

બોલો, આ સવાસલો કેવો સુફિયાણો છે ! એમાં કેટલુંય પાયા વિનાનું જ બોલાતું હોય, ખોટું ઉપજાવી કાઢેલું હોય, વળી તે રોજ ને રોજ કાન પર આવું આવું પડે, પછી પતિની શી મજાલ છે કે એ માતાપિતાને હિતૈષી સમજી રાખે ? સત્ત્વ ક્યાંથી ટકે કે આવું સાંભળ સાંભળ કર્યા પછી એ માતા-પિતાની ભક્તિ આમન્યા પૂર્વવત્ બરાબર ચાલુ રાખે ? એમાં પાછું જરૂર પડ્યે પત્નીને આંખમાં આંસુ લાવીને ય બોલતાં આવડે, ત્યાં પત્નીના સુખમાં અતિ આનંદ માનનારો

પતિ લહેવાઇ જાય, ગળગળો થઇ જાય, 'હશે તું રોઇશ ના, હવે હું બરાબર સમજી ગયો છું. તારે શો સ્વાર્થ છે ?' એમ કહી એનાં આંસુ લૂંછે એમાં નવાઇ નથી માયાથી ભળતું જ બોલે એને કોણ પહોંચે ? ભલભલા લહેવાઇ જાય. માત્ર માતા-પિતાને જ નહિ, પણ ભવોભવના ઉપકારી અને નિઃસ્વાર્થ ગુરુને માટે પણ ભ્રમણા ઊભી કરવાનું દુન્યવી સ્વાર્થી સગા સ્નેહીઓને આવડે. ગુરુએ તપની પ્રેરણા કરી હોય ત્યારે આ કહે 'પણ તમારું શરીર ક્યાં સારું ? બજારથી ઘરે આવો છો લોથ જેવા થઇ જાઓ છો, સાધુ મહારાજાને એ ક્યાં જોવું છે કે સામાનું શરીર કેવું છે ? તમારે કુટુંબ સંભાળવાનું છે. તપ કરો એમાં હું શું કામ આડે આવું ? પણ તમે આઘા જઇને પાછા ન પડો એ માટે મને તમારા પર લાગણી થઇ આવે છે' હિતકારી ગુરુ માટે પણ અને તપ માટે કેવી ભ્રમણા ઊભી કરે !

**અતિ હર્ષની મોકાણઃ પત્નીસુખના અતિ આનંદમાં ભારે ભ્રમણાઃ**

શું તપ કરનારા બધા આઘા જઇને પાછા પડે છે ? પતિને લોથ થઇ જનારા કહેનારી પોતાના સંસાર સુખ માટે અને સાંસારિક બીજી વેઠો માટે કેવા લોથ કરી નાખે છે ? પણ એનો વાંધો નહિ, વાંધો માત્ર હિતૈષી સદ્ગુરુના ઉપદેશથી પતિ ધર્મ કરવા તૈયાર થાય એનો ! તપ કરવા, વ્રત નિયમ કરવા, બે પૈસાનું દાન કરવા, ઉત્સાહિત થાય એનો એને વાંધો !

પણ આમાં એ કેમ ફાવી જાય છે ? કહો પતિને પત્ની તરફથી સાંસારિક સુખો મળતા રહેવાનો અતિ આનંદ છે એની આ મોંકાણ છે, કે એ પત્નીના બોલને સાચા અને નિઃસ્વાર્થ ભાવના માની લેવાની ભ્રમણામાં રહે છે.

અહીં રાજા દમિતારિનો દૂત નટીઓ મળી જવાના અતિ આનંદમાં પોતાના રાજા પરના કટાક્ષને સમજ્યો નહિ, અને હવે દમિતારિ પોતે પણ મનોહર નટીઓ મળી ગયાના અતિ આનંદમાં જુઓ કેવો પોતાના જ અનર્થમાં તણાય છે ! જ્યાં એણે નટીના રૂપ ને વેશમાં આવેલા અપરાજિત અને અનંતવીર્યને કહ્યું 'કેમ નૃત્ય દેખાડશો ?

ત્યાં આ કહે છે અવશ્ય, એટલા માટે તો અમને અમારા સ્વામીએ આપની સેવામાં મોકલી છે માત્ર અમને સારાં વાજિંત્રો સારા વાજિંત્રકારો અને સૂર પુરાવનારી હોશિયાર યુવાન ગાયિકાઓનો સાજ કરી આપો.'

રાજાએ તે પછી દિવાનને હુકમ કરી સાજ કરાવી આપ્યો.

**નવ રસનાં નૃત્ય :-**





હવે એ બધા સાજ સાથે નટીઓ નૃત્ય શરૂ કરે છે. અપરાજિત અને અનંતવીર્ય કળાઓ શીખેલા છે, વળી સાહિત્યના પણ સારા જાણકાર છે, અને મહાવિદ્યાની સહાય છે, એટલે નૃત્યમાં કાવ્યના નવે રસ વારા ફરતી ઊતારે છે. તે એવા ઊતારે છે કે શૃંગાર ઊતારે ત્યારે સભા અને રાજા વાસનાવિવશ બની જાય છે ! પણ પછી શાંતરસ વૈરાગ્યરસ ઊતારતાં એ બધા વાસનામુક્ત થઇ શાન્તરસમાં ઝીલતા બની જાય છે. વળી પાછા વીરરસના નૃત્ય-નાટક ચાલતાં, સૌ એવા શૂરાતનમાં આવી જાય છે કે જાણે જો હમણાં દુશ્મન સાથે લડવાનું હોય તો શિરસાટે લડી કાઢે ! પછી જ્યાં બિભત્સ રસનાં નૃત્ય ચાલ્યા, ત્યાં શરીર અને વિષયો પ્રત્યે ઘૃણાવાળા બની જાય છે ! ને કરુણ રસે તો કમાલ કરી ! એ ચાલ્યો ત્યાં આખી સભાને રોતી કરી દીધી ? ત્યાં અદ્ભુત રસ જ્યાં રેલાયો, ત્યાં રાજા અને સભા માથાં ડોલાવે છે, ને 'વાહ ! વાહ ! કમાલ !' વગેરે ઉદ્ગારો કાઢે છે ! ત્યારે રૌદ્રરસનાં નૃત્યે તો બધાને ગભરાટમાં જ મૂકી દીધા ! પણ પાછો હાસ્યરસ રેલાતાં સભા ખડખડાટ હસે છે.

સારાંશ એક જ વારના નૃત્યના કાર્યક્રમમાં નટીઓએ એવાં એવાં નૃત્ય કરી બતાવ્યાં કે રાજા દમિતારિ દિગ્મૂઢ થઇ ગયો કે 'અહો ! અહો ! આ હું શું જોઇ રહ્યો છું !' એને લાગ્યું કે નારદજી કહેતા હતા કે 'મોટા ઇન્દ્ર પાસે પણ આવી નાટકણીઓ નહિ.' તે સાચું છે. પ્રત્યક્ષ જોવા મળ્યું. ખરેખર જો આમને મેં ન મેળવી હોત, અને આવાં અભૂતપૂર્વ નૃત્ય ન જોવા મળ્યાં હોત, તો મારી બધી રાજ્યસંપત્તિ અને વિલાસો શોભા વિનાના રહેત ! એ જે નારદજીએ કહેલું તે હવે મને અનુભવથી સમજાય છે કે યથાર્થ જ કહેલું. વાહ ! નારદે આવીને મારું ભાગ્ય કેવું જાગ્રત કર્યું ! ધન્યવાદ એમને.'

દમિતારિ અતિ હર્ષિત હર્ષિત થઇ રહ્યો છે અને એમાં એ જાણે વિનાશનાં પગરણ માંડી રહ્યો છે. આ પ્રતિ વાસુદેવ છે, અનંતીવીર્ય વાસુદેવ થનાર છે. વાસુદેવ પ્રતિવાસુદેવનું મોત નિપજાવીને એણે સર કરેલા મહાસામ્રાજ્યનો એકી કલમે અધિપતિ બને છે. પ્રતિવાસુદેવે તો લડાઇઓ કરી મોટામોટા માંધાતા રાજાઓને પણ વશ કર્યા હોય, પોતાની હકુમત નીચે આણ્યા હોય, એમ પ્રતિવાસુદેવે બનાવેલા મોટા સામ્રાજ્યનો માલિક વાસુદેવ એકી કલમે થઇ જાય ! એટલે કે પ્રતિવાસુદેવ રાંધણું કરે, રસોઇ તૈયાર કરે, ને વાસુદેવ એ જમી જાય.

**પુણ્યની બલિહારી છે, એક મજૂરી કરીને ભેગું કરે, બીજો એની**

**મહેનત વિના જ પુણ્યોદયે, એનો માલિક બની જાય !**

આજે છે ને કેટલાય શેઠિયાઓ કે જે તનતોડ મહેનત અને કાવાદાવા, પ્રપંચ અને ઠમઠોક પાપો કરી પૈસા ભેગા કરે છે, પણ એમના પુત્ર એવી મહેનત અને પાપો, પ્રપંચો વિના જ એમને ત્યાં જનમવા માત્રથી લાખોપતિ, કરોડપતિ બની બેસે છે ! શી રીતે ? પોતાના પૂર્વના પુણ્યના ઉદયેસ્તો. છતાં એ છોકરાઓને પુણ્યોદય ધ્યાનમાં નથી આવતો ! કેવું આશ્ચર્ય !

કાળ કેવો વિચિત્ર ! કેવો દુઃખમય ! છોકરા ધરાર વિચારતા નથી, નહિતર

**શ્રીમંતના છોકરાઓએ તો વિચારવું જોઇએ કે-**

'બાપુજી કેટકેટલી જહેમત ઉઠાવીને શ્રીમંત બન્યા, ત્યારે હું વગર મહેનતે શ્રીમંત થાઉં છું ! બાપાજી કેટલી રકમના પાપ અને પ્રપંચો કરીને પૈસાવાળા બન્યા, ને હું એ વિના જ એમને ત્યાં જનમવામાત્રથી પૈસાવાળો બની ગયો છું ! આમાં અહીં મેં આમને ત્યાં જનમવામાત્રથી પૈસાવાળો બની ગયો છું ! આમાં અહીં મેં આમને ત્યાં જનમ લેવા સિવાય શી હોશિયારી કરી છે ? અને અહીં જનમ પણ ક્યાં મારી હોશિયારીથી થયો છે કે હું મારી જાતે પસંદ કરીને અહીં માતાના ઉદરમાં આવ્યો હોઉં ? એટલે કશી મહેનત હોશિયારી ને પાપ પ્રપંચો વિના જ મને જે તૈયાર ભાણે જમણ મળ્યું, એમાં તો માત્ર મારો પુણ્યોદય, અને પુણ્યોદય પાછળનો ધર્મ જ કામ કરી રહ્યો છે. તો હવે જે ધર્મે મારા પર આટલી બધી મહેર કરી. જે ધર્મે મને ભિખારીને મહાશ્રીમંત બનાવ્યો એ ઉપકારી ધર્મને ખૂબ સેવું, સારાં સારાં દાન કરું, પરોપકાર કરું. સારાં વ્રત-નિયમ-શીલ-સદાચાર આદરું, સારા ત્યાગ-તપ કરું, સામાયિક-પૌષધ-પ્રતિક્રમણ કરું, અરિહંત પરમાત્માની ખૂબખૂબ ભક્તિ કરું, મંદિર ઉપાશ્રય-નિર્માણ, યાત્રા-સંઘ ઉપધાનાદિ ધર્મ-સમારોહ વગેરે ખૂબ કરું. ગુરુઓની ઉપાસના, જિનવાણી-શ્રવણ શાસ્ત્રાભ્યાસ વગેરે સારી રીતે આચરું.

આવી આવી ભાવના-વિચારણા આજના કેટલા ગર્ભશ્રીમંત છોકરાઓને ? પુણ્યોદયનો વિચાર જ નહિ એટલે શાનું આ સૂઝે ? નહિતર શું સમજાય નહિ કે,

**'બાપની મહેનત અને પોતે શેઠ થવાનું પુણ્યોદય વિના શાનું બને ?**

વાસુદેવને એવો પુણ્યોદય છે એટલે પ્રતિવાસુદેવની મહેનત અને પોતે સહજમાં ત્રણ ખંડનો અધિપતિ બની જાય છે. અહીં પ્રતિવાસુદેવ દમિતારિએ મોટું સામ્રાજ્ય જમાવ્યું છે તે હવે આ અનંતવીર્ય એનો માલિક બની બેસવાનો છે, પણ





તે કાંઇ પ્રતિવાસુદેવના પુત્રપણાની રુએ નહિ, વાસુદેવને પ્રતિવાસુદેવ સાથે કોઇ જ સગાઇ સંબંધ નહિ, એ તો ઊલટું પ્રતિવાસુદેવ વાસુદેવ સાથે ઝગડવાનું કરે છે, ને એમાં વાસુદેવ એનું આંચકી લે છે. પુણ્યોદયનો પ્રભાવ આ સૂચવે છે.

**પાપકરણી ઓછી કરતાં રહી ધર્મ કરણી ખૂબ વધારતા રહેવામાં જ બુદ્ધિમત્તા છે.**

અહીં હમણાં તો દમિતારિ અંધારામાં છે તે નટીના વેશમાં આવેલ અનંતવીર્યની પેટ ભરીને પ્રશંસા કરે છે કે 'શું કમાલ છે નૃત્ય ! કેવી દેવતાને દુર્લભ નૃત્યકળાવાળી નટીઓ !' પોતે આ મળવામાં મહાન અહોભાગ્ય સમજે છે તે રાજીનો રેડ થઇ જાય છે. અતિ આનંદ કેવો ખતરનાક છે કે આ દમિતારિ એ આનંદના અંધાપામાં ભ્રમણામાં રહી પોતાની જાતે જ અજાણ્યે પોતાના અનર્થનું કારણ ઊભું કરે છે ! કેવી રીતે એ જુઓ. પણ સમજતા નહિ કે અતિઆનંદ જ ખતરનાક છે, અતિકામ અતિક્રોધ અતિલાભ અતિમાન, અતિમદ, વગેરે પણ એટલા જ ખતરનાક છે. માટે જીવન જીવવાનું તે આ દરેકે દરેક આંતરશત્રુને દબાવીને જીવવાનું. એકેકા આંતરશત્રુના અતિરેકે પૂર્વે કેઇને ખત્મ કર્યા છે, ને વર્તમાનમાં પણ કેઇને ખલાસ કરી નાખે છે.

દમિતારિ બહુ હરખમાં આવી જઇ નટીઓને કહે છેઃ 'આટલા સુંદર નૃત્ય મારા જીવનમાં જોયાં તો નથી પરંતુ સાંભળ્યાં પણ નથી. ગજબની તમારી કળા ! તો હવે તમે એક કામ કરો !'

નટીઓ કહે, 'જરુર કરીએ.'

રાજા કહે, 'મારી બહુ વહાલી પુત્રી છે કનકશ્રી એને તમે આ નૃત્યકળા ન શીખવો ?'

**મૂર્ખ રાજા નટીઓને કન્યા શિક્ષણાર્થે સોંપે છે !**

રાજા શું કરી રહ્યો છે ? બિલાડીને દૂધની રક્ષા કરવાનું ભળાવી રહ્યો છે કે બીજુ કંઇ ? બિલાડીને દૂધ સોંપી કહ્યું હોય કે 'તું આની રક્ષા કરજે તો એ રક્ષણ કરે કે ભક્ષણ ? એમ રાજા આમને કન્યા ભણાવવા સોંપવા તૈયાર થાય છે એ શું કરી રહ્યો છે ? મૂર્ખાઇ નહિ ? કહેતા નહિ-

પ્ર.- પણ રાજા ક્યાં આમને પુરુષ તરીકે જાણે છે ? એ તો સ્ત્રીઓ તરીકે જાણે છે તો કન્યાને સ્ત્રીઓ પાસે ભણવા મૂકે એમાં શો વાંધો ?

ઉ.- વાંધો એ જ કે નટીઓ ભલે સ્ત્રી તરીકે જાણી. પણ એ પરાયાની છે,

વળી હજી અજાણી છે. એ કન્યાને નૃત્ય ભણાવતાં બીજું કાંઇ અનિચ્છનિય નહિ ભણાવે એની શી ખાતરી ?

બહારની બાઇ માણસને પણ ઘરની કન્યા કે વહુ ભણવા ભળાવી હોય તો તે ભયનું સ્થાન છે. એનો એક પ્રસંગ જોવા જેવો છે.

**બાઇએ બાઇને ભોળવ્યાનો પ્રસંગઃ**

**જેના પર પ્રેમ કરવો છે એનું દિલ કબૂલે એ કબૂલવું જોઇએ-**

એક સુખી માણસને બે પુત્ર હતા. મોટો પુત્ર દેશમાં ભણી કરી પરદેશ ભણવા ગયો ત્યાં ભણતાં ભણતાં એક પરદેશની કન્યા સાથે પ્રેમ થઇ ગયો. કન્યા માંગણી કરે છે કે 'મારી સાથે લગ્ન કરો.'

આ કહે લગ્ન તો ન થાય. અમારો ધર્મ જુદો, તમારો જુદો. તેથી જીવનભરના મેળ ન જામે.

કન્યા કહે 'પણ હું તમારો ધર્મ સ્વીકારી લઇશ. પછી તો વાંધો નથી ને ?' ભાઇ કહેઃ 'પણ તમને કેમ ફાવશે ? જનમથી સ્વીકારેલો ધર્મ મૂકી દઇ બીજો ધર્મ સ્વીકારવા તમારું દિલ કેમ માનશે ?'

હવે કન્યાની લાયકાત જુઓ.

કન્યા કહે, 'એમાં શું છે ? તમારા પર જીવનભર પ્રેમ રાખવો છે તો તમારું દિલ કબૂલે એ મારે કબૂલ રાખવું જ જોઇએ. તમે અમારો ધર્મ સ્વીકારવા કબૂલ થાઓ છો ? ના, કેમકે તમને લાગ્યું છે કે-

**પ્રેમીનો પ્રેમ ન સચવાય તો કાંઇ નહિ, પણ મારો ધર્મ તો સચવાવો જ જોઇએ.**

**કારણ તમે માનો છો કે પ્રેમ ને લગ્ન એ તો માત્ર આ જનમની વસ્તુ છે, જ્યારે ધર્મ એ જનમ-જનમની વસ્તુ છે.**

આવી અહીંનું વહાલામાં વહાલું ગૌણ કરી ધર્મને વહાલો કરવાની તમારી વૃત્તિ તમારી મહાન લાયકાત સૂચવે છે. આવા તમે લાયક કે ધર્મ માનતા હશો. તે સમજીને જ માનતા હશો. તો પછી મારા લાયક પ્રિય જે માને તે મારે માનવામાં મારા દિલને આંચકો શો ? સંતોષ જ હોય.'

કન્યાના આ સચોટ ખુલાસા પર ભાઇ સ્તબ્ધ થઇ ગયો ! એને ખાતરી થઇ ગઇ કે આ જરૂર મારો ધર્મ સ્વીકારી લેશે અને જીવનભર તે પાળશે, અને આ રીતે જ્યારે મારા પરના પ્રેમ ખાતર અને મને લાયક સમજીને મારો ધર્મ માનવા તૈયાર





થાય છે, તો એ મને જીવનભર વફાદાર રહેશે. છેહ નહિ દે. તો પછી આમાં તો એક પંથ ને દો કાજ થાય છે. મને વફાદાર જીવનસાથી મળે છે, ને આ મારો ધર્મ અપનાવી લે છે. તો પછી ભલે પરદેશી તો પરદેશી, આવી લાયક કન્યા છોડી બીજી સારી ભારતીય કન્યા ક્યાં શોધવા જવું ?'

વિચારજો બંનેની માન્યતા

(૧) સામા પર પ્રેમ કરવો છે તો સામાનું દિલ કબૂલે એ પોતે કબૂલી લેવું, આ રીત જો પત્ની સમજી લે, પુત્ર સમજી લે, શિષ્ય સમજી લે, તો બંને વચ્ચે ઘર્ષણ થાય ?

(૨) એમ ધર્મ પહેલો, પ્રેમ પછી. આ જો આર્ય પ્રજા સમજી લે, તો ધર્મ વિસારે મૂકી આર્ય મનુષ્ય પ્રેમના ખેલ કરવા જાય ?

આ બંને વાત જીવનમાં વિચારવા જેવી છે.

પેલા ભાઇએ કન્યાને સ્વીકારી લીધી, એની સાથે લગ્ન કર્યાં, અને ભણતર પૂરું થયે બંને ભારતમાં આવી ગયાં.

માબાપને જરા આંચકો તો લાગ્યો કે 'આ દીકરો પરદેશી કન્યા પરણી લાવ્યો ?' પરંતુ જ્યાં આ પુત્રવધૂએ આપણો ધર્મ સ્વીકારી લીધો છે-એમ જાણ્યું, ને પુત્રે વહુને શિખવાડેલ ધર્મના આચાર વિનય-મર્યાદા પાળતા જોઇ, ત્યારે એમને બહુ સંતોષ થયો કે 'ચાલો આપણા ઘરમાં બીજા ધર્મવાળી નથી પેઠી.' પછી તો રોજ ને રોજ એનું ધર્માચારનું પાલન જોવા મળ્યું. દીકરાએ પણ વાત કરેલી કે કન્યાએ કેવી સમજથી આપણો ધર્મ સ્વીકાર્યો છે ! એટલે માબાપને સંતોષ વધતો રહ્યો.

કહો, બધું બરાબર ગોઠવાઇ ગયું ? પણ ના-આ કલિકાળ છે ને ? એટલે કલિકાલના જીવોમાં મોટા ભાગના પુણ્ય દૂબળાં.

અલબત્ત કાળ વક્ર જીવોનો છે તે એ અહીં દૂબળા પુણ્યને લઇને આવે છે, છતાં દોષ કાળને દેવાય છે કે 'કાળ બહુ ખરાબ. જુઓને, અમારું ધાર્યું બધું ધૂળ કર્યું !' અલ્યા ભાઇ ! કાળ બહુ ખરાબ છે ? કે તારાં કર્મ બહુ ખરાબ છે ? આવું કોણ વિચારે છે ? આ જો વિચારાય તો પોતાનાં અશુભ કર્મને દોષ દેવાય, ને એની પાછળ પોતાની પૂર્વ ભવની ધમહીનતા અને પાપ-રમતને દોષ દેવાય. આ જો સમજમાં આવે, તો તો પછી ખરાબ કાળમાં ધર્મ વધારે કરવાનું મન થાય.

**કાળ ખરાબ હોય ત્યાં પાપ પોષવાનાં ? કે ધર્મ પોષવાનો ?**

કાળ ખરાબ છે એ ખરેખર તો પોતાનાં કર્મ ખરાબ છે ને એની પાછળ પોતાના પૂર્વભવમાંની પોતાની વૃત્તિ-પ્રવૃત્તિ ખરાબ હતી એટલે. તો હવે એ સુધારી લેવી જોઇએ કે કાળના બહાના હેઠળ વૃત્તિ-પ્રવૃત્તિ ખરાબ કર્યે જવી જોઇએ ?

જોતાં આવડે તો દેખાય કે આપણા માટે કાળ સારો છે કે એમાં વીતરાગ અરિહંત દેવાધિદેવ મળ્યા છે, ને એમનું ધર્મશાસન મળ્યું છે, શાસનના તારક અંગો મળ્યાં છે.

દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. કાળને ખરાબ તરીકે જોવાની દ્રષ્ટિ છે એટલે પાપોની સૃષ્ટિ સર્જન થાય છે. કાળને સારા તરીકે જોવાની દ્રષ્ટિ હોય તો ધર્મની સૃષ્ટિ, ધર્મનાં સર્જન થાય.

પણ મૂળ વાત એ છે કે માનો, કાળ ખરાબ છે, તો એ વિચારવું જોઇએ કે કાળ કઇ અપેક્ષાએ ખરાબ છે ? જોઇએ તેવા મનગમતા વિષયો ચાટવાના નથી મળતા, ને મળેલાં ઝૂંટવાઇ જવાથી મનમાન્યું ચાટવાનું જતું રહે છે-માટે કાળ ખરાબ ? કે આત્માનાં જોઇએ તેવાં હિત સાધી શકાતાં નથી, ને હિતસાધક સંયોગો જોઇએ તેવા નથી મળતા, માટે કાળ ખરાબ ? કઇ દ્રષ્ટિએ કાળ ખરાબ લાગ્યો છે ? એ વિચારજો.

**વિષયવૃત્તિ વિષયોની કમીથી કાળને ખરાબ મનાવે છે, ને ધર્મવૃત્તિ ધર્મની કમી પર કાળને ખરાબ મનાવે છે.**

કાળ સારો કે ખરાબ કઇ દ્રષ્ટિએ લાગે છે-એનો આધાર દિલને દુઃખ કઇ વાત પર લાગે છે એના પર છે.

પૈસાના લોભીને પૈસા ઓછા મળવાનું દુઃખ રહે છે. તો એને પૈસા પૂરતા નહિ મળી શકવા ઉપર કાળ ખરાબ લાગે છે.

શરીરના પૂજારીને શરીર એવું તગડું ન રહેતું હોય તો એમ લાગે છે કે 'કાળ કેવો ખરાબ આવ્યો છે કે શરીર જ દૂબળાં મળે છે !'

ખાનપાનના રસિયાને એ મન માન્યા ન મળવાનું દુઃખ છે, તો એને એમ લાગે છે કે 'કાળ કેવો ખરાબ કે ચોખ્ખાં ઘી દૂધે ય ન મળે !' સારાં અનાજ મસાલાય ન મળે !'

પત્ની તરફથી મનમાની સેવા ન મળતી હોવાનું જેને દુઃખ લાગે છે એ આવી પોક મૂકે છે-કે 'કાળ કેવો ખરાબ ! આજની સ્ત્રીઓને શેઠાણીઓ થઇ બેસવા જોઇએ છે !'





માણસ કાળ ખરાબ બોલે ત્યારે એને પૂછો 'ભાઇ ! શાથી ખરાબ !' તો એ જે જવાબ દે એના પરથી માપ નીકળે છે કે એને કઇ વાતનું દુઃખ લાગે છે.

**જો માત્ર જડ વસ્તુની બિન સરખાઇનું દુઃખ લાગતું હોય, તો ત્યાં ભવાભિનંદીપણું છે, સંસાર-રસિકતા છે.**

**જો દુઃખ આત્મહિતની ખામીનું લાગતું હોય, તો ત્યાં મોક્ષ-રસિકતા છે.**

**મોક્ષરસિયા બનવા ઉપાય આ, કે આત્મહિતની ખામીનું જ દુઃખ રાખવું.**

ભવાભિનંદીપણું કાઢવા માટે ને મોક્ષ-રસિકતા લાવવા માટે ઉપાય પણ આ છે કે માત્ર જડ વસ્તુની બિનસરખાઇનું દુઃખ લગાડવું પડતું મૂકો, અને આત્મહિતની ખામી, સદ્ગુણોની ખામી, કામ, ક્રોધ, ઇર્ષ્યાદિ દોષોની પ્રબળતાનું દુઃખ લગાડતા રહો.

અનાદિનો મોહનો અભ્યાસ છે એટલે જડ વસ્તુની ખામીનું દુઃખ લાગવા જાય, પરંતુ ત્યાં તરત આત્મહિત સાથે એની કડી જોડી દેવી જોઇએ. દા.ત. પૈસા પૂરતા નથી મળતા એનું દુઃખ લાગે છે, તો ત્યાં તરત એમ વિચારવું કે 'આપણાં પુણ્ય કેવાં દૂબળાં, ને એની પાછળ પૂર્વજન્મની સાધના કેવી કંગાળ કે આ પૈસાની તંગી સેવવી પડે છે ! પૂર્વે પ્રભુભક્તિ બરાબર ન કરી. વ્રતનિયમ ન સાધ્યા, એનો આ પ્રતાપ છે, અને હજી અહીં પણ દુનિયાનું બીજું-બીજું સૂઝે છે. એવી અરિહંતપ્રભુની ભક્તિ નથી સૂઝતી ! વ્રતનિયમ નથી સૂઝતા ! કેવી કમનસીબી ! કેવી પુરુષાર્થહીનતા ! કેવી મૂઢતા !' આ જો દુઃખ લગાડાય તો ભૌતિક વાતનું દુઃખ લાગવા છતાં દ્રષ્ટિ આત્મહિત તરફ ગઇ. ખરું દુઃખ આત્મહિતની ખામીનું લાગ્યું. અંતરથી એવું દુઃખ લાગે, તો આજે નહિ તો કાલે, આત્મહિતનો પુરુષાર્થ કરવા મન થાય, પુરુષાર્થ થોડોય થવા માંડે. બાકી તો,

**દુન્યવી વસ્તુનું જ દુઃખ લાગે, ધર્મહીનતાનું દુઃખ ન લાગે, ને ધર્મ ન થાય, એમાં કમનસીબી, પુરુષાર્થહીનતા ને મૂઢતા છે.**

**ખરો આસ્તિક કોણ ? ખરી આસ્તિકતા ક્યાં ?**

**આત્માના ગુણને હિતની ખામીનું જ મુખ્ય દુઃખ લાગે એ ખરો આસ્તિક.**

આસ્તિક હોવાનો દાવો રાખીએ છીએ કે 'અમે કાંઇ નાસ્તિક નથી, આસ્તિક

છીએ 'પરંતુ દિવસભરની દશા જોઇએ તો દેખાય કે વારે ને વારે જડની અગવડનાં દુઃખ લાગ્યા કરે છે, મનને ઓછું આવે છે, એવું આત્મહિતની ખામીનું દુઃખ લાગતું નથી. 'ફલાણાએ આપણું માન ન સાચવ્યું, આપણું સાંભળ્યું નહિ. છોકરાની મા ય આપણું સાંભળતી નથી. એના મનમાં આવે તે કરે છે !' આવું આવું દુઃખ લાગે છે ! પણ મારો સ્વભાવ કેવો ખરાબ ક્રોધીલો છે ! બધા પર હકૂમત ચલાવવા અભિમાન કેવુંક કરું છું ! આવા પ્રતિકૂળ સંજોગમાં પણ મને કેમ ભગવાન વધુ વહાલા કરવાનું મન નથી થતું ? ધર્મ વધારવાનું મન કેમ નથી થતું ?' આવું કશું દુઃખ જ નથી લાગતું ! આમાં આસ્તિકતા ક્યાં રહી ? ને એવું દુઃખ જ ન લાગે પછી દોષો ઓછા કરવાનો ને ભગવાન વધુ ને વધુ વહાલા કરવાનો પ્રયત્ન તો થાય જ શાનો ?

બીજા તરફથી સન્માન-સત્કાર નથી મળતો. તો એ લોકો અવિવેકી લાગે છે ! પણ પોતાની જાત એક યા બીજા ક્ષુદ્રતા વગેરે દોષથી ભરી છે, એ નથી દેખાતું ! પૂર્વ ભવે પોતે બીજાઓને માન ન આપ્યાં, જેને તેને ઉતારી પાડ્યા, ભારે કંજૂસ બન્યા રહ્યા વગેરે વગેરે કોઇ પોતાની ખામી નથી દેખાતી, ને એનું દુઃખેય નથી થતું.

**આસ્તિક બન્યા રહેવું હોય તો જડના દુઃખની કડી આત્માના હિતાહિત સાથે જોડો, ને અહિત ટાળવા તેમ જ હિત આદરવા મથો.**

સન્માન નથી મળતાં, તો તમે બીજાઓનાં સન્માન કરો, નાનાંઓની પણ કદર કરો, એના ય ગુણની પ્રશંસા કરો. કોઇને ય ઉતારી પાડો નહિ, કોઇનો ય તિરસ્કાર-અવગણના-હાંસી-મશ્કરી કરો જ નહિ, પરમાત્માની સાધુસંતની ભક્તિ વધારો.

આસ્તિકતા ઝળકાવવી હોય તો જડના લાભાલાભને લહુ લેખામાં નહિ, પણ આત્માના હિતાહિતને લેખામાં લેતાં ચાલો.

વારે વારે કવિતા આત્માના હિતની ગવાય, વારે વારે દ્રષ્ટિ એની પર લઇ જવાય, દુઃખ લાગે તો એની જ કમીનું દુઃખ લાગે. આનંદ થાય તે આત્મહિત સધાયાનો જ આનંદ થાય. કાળ સારો લાગે તો દેવગુરુ ધર્મ શાસન ધર્મદ્રષ્ટ વગેરે મળ્યાનો લાગે.

**કાળ ખરાબ લાગે તો પાપો બહુ કરવાં પડે છે એનો લાગે.**

મનને એમ થાય કે આ કેટલો ખરાબ કાળ કે કેટલાં થોકબંધ પાપો કરવાં





પડે છે ! ધર્મ કેટકેટલો ખોવો પડે છે ! ધંધા જ એવા થઇ ગયા કે સવારે વ્યાખ્યાન વાણી ન સંભળાય ! મધ્યાહ્નકાળની પૂજા ન સચવાય ! રાત્રિભોજન કરવાં પડે ! પર્વ-તિથિએ પોષધ ન થાય ! સરકારી આંટીઘૂંટીમાં જૂઠ બોલવાં પડે ! ક્યારેક દવા કરવી પડે તે તે હિંસાથી બનેલી !' આસ્તિકને દુઃખ શાનાં શાનાં લાગે ? એ વિચારવા જેવું છે.

'કાળ ખરાબ કાળ ખરાબ'. બોલીએ છીએ પણ આપણે પોતે કેટલા ખરાબ છીએ એ જોતું નથી.

**કાળ ખરાબ નથી, આપણે ખરાબ છીએ. આપણી ખરાબીનો આરોપ કાળ પર લઇ જઇએ છીએ આ મૂઢતા છે.**

**છોકરાનું મોત** વાત એ હતી કે પેલો છોકરો પરદેશી બાઇ પરણી લાવ્યો પણ બાઇ લાયકાતવાળી ને આર્ય ધર્મ સ્વીકારી લીધો ને એના આચાર વિચાર મર્યાદાઓ પાળે છે. પરંતુ કાળ ખરાબ શું, એનાં કર્મ ખરાબ. તેમ જ છોકરાનાં ને માબાપનાં કર્મ ખરાબ તે અકસ્માતમાં છોકરાનું મોત થઇ ગયું !

આવું બને ને ? સરખા સંયોગ મળવા પર દીર્ઘ કાળ સુખ ભોગવવાનો, માન-સન્માન પામવાના કીર્તિ-પ્રતિષ્ઠા વધારવાના, મનોરથ ઘડી રાખ્યા હોય, ભારે વિશ્વાસ રાખ્યા હોય, દુઃખ આપત્તિની કોઇ જ કલ્પના ન હોય અને-

**એકાએક અણધાર્યો કર્મનો સખ્ત કોરડો ઝીંકાય એ બને ને ?**

જો ખબર છે કે આવું બની શકે, તો વર્તમાનમાં કર્મ સત્તાએ ફેંકેલા ટુકડા પર કેમ લીન લટ્ટુ થઇ બેઠા છો ? કેમ કુટિલ કર્મની ગભરામણ નથી ? 'ભાઇ ! કોને ખબર આત્માના થેલામાંથી ક્યારે કેવું કર્મ બિલાડું બહાર પડે ?' એવો ભય કેમ નથી થતો ? કેમ ભરોસે બેઠા છો ?

ચેતવા જેવું છે, પુણ્ય કર્મે જીવ ભિખારીને ફેંકેલા દુન્યવી સુખ સગવડના ટુકડા પર રાચવા જેવું નથી. પુણ્ય કર્મના ભરોસે બેસી રહેવા જેવું નથી. એના ભરોસે બેઠેલા કેઇને કર્મે પછાડ્યા !

સીતાજીને સંતોષ હતો કે 'વનવાસે ય ગયો, અને રાવણ કેદમાંથી છૂટી હવે અયોધ્યામાં ઠરીઠામ બેસવાનું ય મળ્યું' પણ કર્મે અપયશ ઊભો કર્યો અને પતિના જ હાથે વનમાં હકાલપટ્ટી કરાવી એમાં કર્મે કેટકેટલું ઝૂંટવ્યું ?

રામચંદ્રજીને લક્ષ્મણ પર અથાગ પ્રેમ હતો, કર્મે દેવ પાસે પ્રેમની પરીક્ષા ઊભી કરી લક્ષ્મણનું મોત નિપજાવ્યું, ને રામને પાગલ જેવા બનાવ્યા.

વર્તમાનમાં આઠમા એડવર્ડને બ્રિટીશ સલ્તનતનું રાજ્ય કર્મે અપાવ્યું. અને કર્મે જ લેડી સીમ્પસન સાથેનો પ્રેમ અકબંધ રખાવી પાર્લામેન્ટ પાસે રાજ્ય ઝુંટવાવી લીધું !!

સગર ચક્રવર્તીને સાઠ હજાર પુત્રોનો પરિવાર આપ્યો. સગરને ભારે આનંદ છે, પણ કર્મે એ સાઇઠે હજારને અષ્ટાપદજી તીર્થની રક્ષાના પ્રયત્નમાં દેવતાને ગુસ્સે કરી દેવતા પાસે જીવતા જ બાળી મુકાવ્યા ! સાઠે હજાર પુત્ર એકી સાથે ઝૂંટવાઇ જતાં સગર ચક્રવર્તીને પારાવાર દુઃખ થયું.

**મોટો ચક્રવર્તી, છ ખંડનો વિજેતા, પરંતુ મહાચક્રવર્તી કર્મ આગળ શી વિસાતમાં છે ?**

**૬૦ હજાર રૂપાળા પુત્રો આવી મળ્યા એ કર્મસત્તાએ જીવ ભિખારીને ફેંકેલા ટુકડા !**

ને એ બધાય પુત્રોનું અણધાર્યું મોત એ મદાંધ કર્મસત્તાની જીવભિખારી પાસેથી લૂંટ છે ઝૂંટવણગીરી છે. ત્યાં મોટા સગર ચક્રવર્તીનું ય શું ચાલ્યું ? પુત્ર-મરણ સાંભળીને ભારે શોક થયો. પણ દેવતાના પ્રયાસથી કર્મસત્તાની આ દાન અને લૂંટની સરમુખત્યારી સમજી શોકથી પાછા વળી ગયા. અને એવી સરમુખત્યારીવાળી કર્મસત્તાને જ ઉખેડી નાખવા માટે અહિંસા-સંયમ તપનો પુરુષાર્થ કરવા ઊભા થઇ ગયા.

સગર ચક્રવર્તીને ભલે વિવેક આવ્યો અને કર્મસત્તાને તોડવા ઊભા થઇ ગયા, પરંતુ કર્મસત્તાએ દાન, અને લૂંટનું કામ તો કર્યું જ- ભગવાન મહાવીર પરમાત્માને કર્મસત્તાએ તીર્થંકર બનાવ્યા, મોહનીયના સર્વનાશથી પરમ આનંદ ઊભા થયા, પરંતુ કર્મસત્તાએ ગોશાળા પાસે પ્રભુની ઉપર તેજોલેશ્યા મુકાવી અને છ મહિના સુધી અશાતા આપી ! કોને અશાતા ? થોડા વખતમાં મોટા તીર્થંકર ભગવાન થવાના છે એમને, કર્મસત્તાને છે શરમ ?

**કર્મસત્તાના ધીમા દાન અને ઝડપી લૂંટમાંથી કોણ બચી શકે છે ?**

સગરને એકી કલમે સાઇઠે હજાર પુત્રનું સુખ ગયું ! એટલા પુત્ર મળી આવવામાં કર્મસત્તાએ દાન ધીમે ધીમે કર્યું હશે, પણ લૂંટ તો એકી સાથે ચલાવી.





પેલા શેઠને બે પુત્રો આવી મળેલા, અને મોટો પુત્ર પરદેશી કન્યા પરણી લાવ્યો, જે આર્યધર્મની બની ગયેલી. એટલે એ મોટા પુત્રને આનંદ આનંદ હતો. બાઇને પણ મનગમતો પતિ મળ્યાનો ભારે હર્ષ હતો, પરંતુ-

**વિશ્વના સમસ્ત જીવ-ભિખારીઓને કર્મસત્તા ફાવે ત્યારે દુન્યવી સુખસાધન રૂપી ટુકડા ફેંકવાનું દાન કરનારી, અને ફાવે ત્યારે એ ટુકડાની લૂંટ ચલાવનારી, એ કર્મસત્તા સખણી શાની બેસી રહે ?**

કર્મસત્તાએ એક અકસ્માતમાં જ એ મોટા પુત્રને ઉપાડ્યો ! માબાપને અને પત્નીને પારાવાર શોક થયો, પણ હવે શું કરી શકે ? મરતાને થોડો જ રોકાય છે ? મર્યા પછી થોડો જ પાછો લાવી શકાય છે ?

હવે ખૂબી જુઓ મરનારની પરદેશી પત્નીએ તો આર્ય શિક્ષણની રુએ મન વાળ્યું કે 'જેવો આપણો કર્મ સંજોગ.' એણે સારી આર્ય સંસ્કૃતિ અપનાવી હતી એટલે સમજે છે કે પૂર્વ જન્મના શુભાશુભ કર્મ અનુસાર જ જીવને અહીં સારું નરસું થાય છે, એમાં જીવનો ચંચુપાત-દરમિયાનગીરી ચાલતી નથી.' એ સમજી જઇ મનને સ્થિર કર્યું કે હવે કાંઇ નહિ વિધવાપણું પાળવાનું, પરંતુ મરનારના પિતાને કુટિલ ચટપટી થઇ.

**પિતાને પુત્ર મરણ પર શી કુટિલ ચટપટી થઇ ?**

આ, કે એને ચિંતા થઇ કે 'હવે મારી મિલકત ખાવાને હકદાર મોટો પુત્ર તો ગયો, નાનો પુત્ર છે. પરંતુ મારી પછી મારી મોટી મિલકતના બે ભાગ પડશે અડધો ભાગ નાના પુત્રને અને અડધો ભાગ આ મોટા દીકરાની પત્ની લઇ જશે. આ વહુ તો આજકાલની આવેલી, મોટો દિકરો હયાત હોત તો તો ઠીક છે કે મોટાની સાથે નાનાને અડધો જ ભાગ મળે, પરંતુ એ નથી એ આ હમણાંની આવેલીના લીધે નાનાને બિચારાને અડધો જ ભાગ મળે ? એનો મોટો ભાઇ ગયાના દુઃખમાં આશ્વાસન રૂપે એને મિલકત તો આખી જ મળવી જોઇએ.'

જુઓ વિચારસરણી ક્યાં જાય છે ? દીકરો હયાત હોત તો તો મિલકત એની સાથે ભલે એની વહુ પણ ભોગવે, પરંતુ હવે જો દીકરો હયાત નથી તો વહુ તો આજકાલની આવેલી ગણાય, એટલે જાણે બિનહકદાર લાગે છે ! તે મિલકત પર શાની હકદાર ?' એમ લાગે છે ! કેવો હળાહળ કલિયુગ !

શું આ ન્યાયી વિચાર છે ? વહુ ભલે આજકાલની આવેલી, પરંતુ શી રીતે

આવી છે ? પોતાનું સમસ્ત જીવન સોંપીને આવી છે. જનમભર આ જ પતિ અને જીવનભર આની જ તાબેદારી એમ માથે ધરીને આવી છે, તે થોડી જ કોઇ આગંતુક મહેમાન કે પગારદાર નોકરડી જેવી છે ? તો પછી પતિની જેમ એ હકદાર ન બને ? બને જ, એ ન્યાયયુક્ત છે.

પરંતુ લક્ષ્મી ભૂંડી, તે સસરા પાસે અન્યાયી વિચાર કરાવે છે કે 'મરનાર પુત્રની મિલકતની હકદાર ન બનવી જોઇએ ?' ગરીબને આ પંચાતી નહિ, કેમકે એની પાસે ભૂંડી લક્ષ્મીજ નથી, એટલે એને આવો અન્યાયનો વિચાર ન આવે, વિચારની પાછળ કુટિલ અપકૃત્ય કરવાની બુદ્ધિ ય ન થાય, ને કુટિલ પ્રયત્ન પણ ન થાય.

**લક્ષ્મી જ અન્યાયી વિચાર, અપકૃત્યની બુદ્ધિ, અને અપકૃત્યનો પ્રયત્ન કરાવે છે. માટે લક્ષ્મી ભૂંડી.**

**ભૂંડી લક્ષ્મી અપકૃત્યો કરાવી ભવોભવ દુઃખ આપેઃ**

ત્યારે જાણો છો ખરા કે પાસે લક્ષ્મી હોય અને એનાથી સારાં સુકૃતો પણ કરાતાં હોય, કિન્તુ જો કોઇને ઇરાદા પૂર્વક ધરાર અન્યાય કરાય, દ્રોહ-વિશ્વાસઘાત કરાય, તો એનાં ભયંકર ફળ ભવોભવ ભોગવવાં પડે. તે એવાં કે સુકૃતના ફળરૂપ સુખને ભારે કલંકિત કરી દે ! અન્યાય-વિશ્વાસઘાતનાં ભયંકર કટુફળ શાસ્ત્રોનાં પાને નોંધાયેલાં પડ્યાં છે. એવો અન્યાય કરવાની બુદ્ધિ કરાવનારી કોણ ? લક્ષ્મી-લક્ષ્મીનો લોભ. માટે લક્ષ્મી ભૂંડી. એને સારી માનતા નહિ, હવે તમો કહેવાના.

પ્ર.-પણ લક્ષ્મી હોય તો સારાં સુકૃત થાય ને ?

ઉ.- સુકૃત પરિમિત ફળનાં થવાનાં એક ભવ સુખ આપનારાં થવાનાં, અને લક્ષ્મીના પાપે વિશ્વાસઘાત કરાય એનાં ભયંકર દુઃખદ ફળ ભવોભવનાં !

વળી એ તો કહો-

**લક્ષ્મીથી સુકૃત કેટલાં થાય છે ? ને લક્ષ્મીના યોગે કુટિલ બુદ્ધિઓ, કુટિલ પ્રવૃત્તિઓ કેટલી થાય છે ? કેટલી જાતની ને કેટલીવાર થાય છે ?**

એકેક દિવસમાં પૈસા પર સારા વિચાર કેટલા ? ને પૈસાના પાપે ૧) ખરાબ બુદ્ધિ. ખરાબ ભાવના, કષાયો અને આર્તધ્યાન કેટલાં ? કેટલી વાર થાય છે ? તેય કેટલા પ્રમાણમાં ખરાબ ? તો વર્ષના ૩૬૦ દિવસમાં આ ખરાબ બુદ્ધિઓ-કષાયો આર્તધ્યાનોનો જુમલો કેટલો મોટો ? ને વર્ષભરમાં સુકૃત સદ્બુદ્ધિ સદ્વિચાર અને શુભ ધ્યાનનો જુમલો કેટલો ભયંકર ? માટે તો લખી રાખો લક્ષ્મી ભૂંડી.





પેલા શેઠને આ ભૂંડી લક્ષ્મીમાં ચિંતા થઇ, 'વહુ નકામો ભાગ લઇ જાય ? નાનાને બિચારાને અડધો જ ભાગ મળે ? શું કરવું ?' ત્યારે એ શું કરે ? વહુને કાઢી મૂકે ? કાઢી મૂકે તોય ય આ દુનિયાની સરકારના કાયદા મુજબ એનો હક જાય નહિ. એને એમ જ હક માટે નાલાયક કરાવી શકાય નહિ તો શું એને ઝેર દઇ દે ? ના, એમ કરવામાં દુર્ગતિનાં ભયંકર દુઃખ તો ખરાં જ, પરંતુ અહીં પણ સરકારી લફરાં ને ભારે સજાનો ભય મોટો !

પણ આ શેઠ મુત્સદ્દી તેઓએ બીજો જ રસ્તો વિચાર્યો. એણે વિચાર કર્યો કે 'નાનો દીકરો હજી કુંવારો છે, તેથી જો આ મરેલા મોટા પુત્રની વહુ એને પરણી લે, તો બધું ટૂંકે પતી જાય. બાઇને જુદો ભાગ દેવો ન પડે, ને નાનાને આખી મિલકત મળી જાય ! અને વહુને અન્યાય કર્યો ન ગણાય.

છે ને મુત્સદ્દી ? પરંતુ ધૂળમાં પડી આ મુત્સદ્દીગીરી !

આ કેવી બુદ્ધિ 'તત્ત્વાનુસારી ?' માર્ગાનુસારી ? કે ઉન્માર્ગાનુસારી ? જ્ઞાનીઓ કહે છે-

**बुद्धेः फलं तत्त्वविचारणं च'**

બુદ્ધિનું ફળ તત્ત્વ વિચારણા છે, તત્ત્વાનુસારી માર્ગાનુસારી વિચારણા છે. ત્યારે આ શેઠ પુણ્યે મળેલા માનવ મનથી ઉન્માર્ગની બુદ્ધિ કરી રહ્યો છે ! શું માને છે ? 'બાઇ જો નાનાને પરણી લે તો પછી નાનાની મિલકતમાં એ મિલકતવાળી જ છે. એટલે એને અન્યાય થાય નહિ.' અરે ! પણ (૧) વિધવાને પર પુરુષનો સંબંધ કરાવે એ કેટલો મોટો અન્યાય ? ના, એ કાંઇ જોવું વિચારવું નથી. 'મારા નાના દીકરાને પૈસા પૂરા મળે ને ?' બસ એટલી જ લાલસા છે, એમાં (૨) નાનો પુત્ર પણ વિધવા ભાભીને પરણે એટલે એણેય પોતાની પૂજ્ય પરસ્ત્રીના સંબંધનું પાપ કર્યું એય જોવું નથી. પુત્રવધૂને ય વ્યભિચારિણી ને પુત્રને ય વ્યભિચારી બનાવવાનું ગોઝારું કૃત્ય પૈસાની ને પુત્રની મમતા કરાવે છે.

**ખોટી મમતા કેવા ભયંકર અનર્થ કરાવે ? ને સદ્બુદ્ધિનું કેવું દેવાળું કઢાવે છે ?**

મોહ મમતા જીવને આમ જ ભુલાવે છે. આજે પત્ની પરની મમતાથી ઉપકારી માબાપથી જુદા રહીને એમની સેવા ગુમાવાય છે ને ? પોતાના અહંભાવની મમતાથી ભાઇ સાથે અબોલા ને વૈર-વિરોધ કરાય છે ને ? પૈસા પરની મમતાથી ઘરાકને વિશ્વાસઘાત કરાય છે ને ? સગાંસ્નેહીનો વિશ્વાસઘાત શેઠનો વિશ્વાસઘાત વગેરે

કરાય છે ને ? ત્યારે માનપાનની મમતા કેવા કેવા કાવાદાવા અસત્ય-ભાષણ અને નિન્દા કરાવે છે ?

રાવણે સીતા પોતાની થવાની આશા મૂકી દઇ હવે એને છૂટી કરી દેવા નિર્ણયવાળો બનેલો છતાં અહંભાવની મમતા કે 'હું એમ શાનો છોડી દઉં ? તો તો હું નમાલો અને રામલક્ષ્મણથી ગભરાનારો ગણાઉં ! માટે લડી એમને હરાવી પકડી લાવું પછી સીતાનું દયાદાન કરું' આ અહંભાવની ખોટી મમતામાં તણાયો તો લડ્યો અને સર્વનાશ પામ્યો !

### શેઠની બદદાનતે પુત્રવધૂને પાપની સલાહ

પેલા શેઠ નાના પુત્રની ખોટી મમતામાં હવે ઇચ્છે છે કે 'સદ્ગત મોટા પુત્રની વહુ નાનાને પરણાવી દઉં, તો નાનાને આખી મિલકત પૂરી મળે,' હવે આ બદઇરાદો અમલમાં કેમ લાવવો ? વણિક છે ને ? બડો હોશિયાર, તે પહેલાં દાણો ચાંપી જુએ છે. એણે વહુને સીધો કે આડકતરો ઇશારો કર્યો કે 'હજી તમારી વય નાની છે, તો આખી જિંદગી શી રીતે વિધવાપણામાં ગાળશે ? એના કરતાં તમારા દિયરને પરણી લો, તો સુખમાં જીવન જશે.'

છે ને પોલીસી ! ખરો ઇરાદો નથી કહેવો. વહુની દયા ખાય છે ! દયા પણ કેવી ? કુશીલમાં લઇ જાય એવી ! પર પુરુષમાં રક્ત બનાવે એવી ! સ્વાર્થવૃત્તિ ભયંકર છે.

સસરો એમ સમજે છે કે 'આ પુત્રવધૂ મૂળ કયાં આર્યદેશની છે ? પરદેશની છે, ને પરદેશી બાઇઓને કાંઇ એકપતિવ્રત જેવું હોતું નથી, આ જીવનમાં બીજો ધણી કરાય તો એમાં કાંઇ શીલભંગનું મહાપાપ થાય, એવી એ પાપ-બાપની વસ્તુ માનનારી હોતી નથી. એટલે આ પણ પરદેશી બાઇ ઝટ મારું કહ્યું માની લેશે.' પણ શેઠની માન્યતા ખોટી પડી. કેમ ? જાણો બાઇએ શું કહ્યું ?

### પરદેશી બાઇના ધર્મી બોલ

એ કહે છે, 'મેં આર્યધર્મ સ્વીકાર્યો છે, ને આર્યધર્મમાં સ્ત્રીએ બીજો પતિ મનમાં ય લવાય નહિ. કર્મે વિધવાપણું આપ્યું, તો તે સ્વીકારી લઇ પાળવું જ જોઇએ. મને પતિ બિચારા એકાએક મર્યા એનું દુઃખ છે, પણ મારું સંસારસુખ લૂંટાઇ ગયાનું કશું દુઃખ નથી, તેથી તમે મારી જરાય ચિંતા કરશો નહિ કે આની મોટી જિંદગી કેમ જશે ? મને પ્રાણથી અધિક વહાલા મારા પતિ જો મૃત્યુ પામતાં અમૂલ્ય જીવનના નાશ સાથે સર્વનાશ જેવું મહાભયંકર દુઃખ વેઠી ગયા, તો મારે જીવતા રહીને માત્ર





સંસાર-સુખ ગયાનું શું બહુ દુઃખ માનવાનું ? હું આનંદથી વિધવાજીવન ગાળીશ.' શું ?

### પતિના મૃત્યુ દુઃખે સર્વનાશનાં દુઃખ આગળ વૈધવ્ય દુઃખ શી વિસાતમાં ? આર્ય સંસ્કારનો માથે ભાર કેટલો ?

એક પરદેશી બાઇ પણ આર્ય સંસ્કાર સ્વીકારનારી બની, તો એનો એને માથે કેટલો બધો ભાર ! અને કેટલો બધો વિવેક ! તો પછી મનથી આર્ય લોહી અને આર્ય સંસ્કાર પામેલાને એનો કેટલો બધો ભાર અને વિવેક જોઇએ ?

તપાસી જોજો, જીવનમાં આર્ય સંસ્કાર અને આર્યત્વનો માથે કેટલો ભાર રહે છે ? વિચારસરણી અને આચરણ તથા બોલ તપાસવાથી આ ભારનું માપ નીકળે કે માથે ભાર છે કે નહિ ? માથે આર્યત્વનો ભાર હોય તો પોતાના આર્યપણાની રક્ષા ને મોભા ખાતર એવો પ્રસંગ આવી લાગતાં બીજી પ્રિય પણ વસ્તુનો ભોગ આપી દે.

જુઓ રામચંદ્રજી રાજ્યગાદીના હકદાર છતાં પિતા દશરથ ભરતને રાજ્ય સોંપી દે છે, છતાં રામચંદ્રજી એ માટે કશો જ કચવાટ બતાવતા નથી, બલ્કે પિતાની વાત વધાવી લે છે ! અને પિતાના વચનનો અમલ જો પોતે ત્યાં હાજર રહે તો, થાય નહિ, કેમકે પોતાની હાજરીમાં ભરત રાજ્ય ન લેતાં, 'ભરતને રાજ્ય' એવા પિતાના વચનનો અમલ ક્યાં થયો ? તેથી ભરત રાજ્ય લે ને પિતૃ વચનનો અમલ બરાબર થાય, એ માટે રામ પોતે વનવાસ માગી લઇ વનમાં જવા તૈયાર થઇ માતાને પગે પડ્યા ને પોતાનો વનવાસનો નિર્ણય કહેવા આવે છે. ત્યાં એમ કરતાં માતા દુઃખ વ્યક્ત કરે છે. તો જાણો છો-

### માતાને રામચંદ્રજીએ વનમાં જતાં શું કહ્યું ?

આ જ, કે-

'ઇક્ષ્વાકુવંશના રાજાનું વચન અખંડ રહે, ખંડિત ન થાય. એ માટે પુત્ર વનવાસ પણ સ્વીકારી લઇ ઇક્ષ્વાકુવંશના રાજાની એક વચનીપણાની કીર્તિ અખંડિત રાખે, એમાં રાણીએ દુઃખ કરવાનું હોય ? કે ખૂબ ગૌરવ લઇ આનંદિત થવાનું હોય ? પતિનું વચન અખંડિત રહે એમાં ઇક્ષ્વાકુવંશની મહારાણી નાખુશ દુઃખિત થાય ?'

રામચંદ્રજીના આ શબ્દોએ માતા કૌશલ્યાને રોતાંમાંથી હસતાં કરી દીધાં. શી રીતે રામ આટલો બધો ભોગ આપી શક્યા ? કહો, માથે આર્યત્વના ભારને

રાખ્યો હતો તેથી.

અનાર્યના માથે આવા ભાર ન હોય કે પિતાનું વચન માન્ય કરવું જ જોઇએ, ને એને અખંડિત રાખવું જ જોઇએ...પત્નીએ એકપતિવ્રત પાળવું જ જોઇએ...'

**જો આર્ય પણ આ મર્યાદાઓના ભાર ન રાખે, તો અનાર્ય કરતાં પોતાની શી વિશેષતા ?**

આજે પણ સુશીલ બાઇઓ પતિ તરફથી ગમે તેટલો ત્રાસ મળતો હોય છતાં એ સહન કરી લે છે. કિન્તુ એનાથી છુટાછેડા લઇ બીજો પતિ કરવા જતી નથી. એ શાના પ્રતાપે ? આર્યત્વનો માથે ભાર રાખ્યાના પ્રતાપે. એ સમજે છે, કે 'જીવનભરને માટે જેને પતિ તરીકે સ્વીકારી લીધા એની સાથે હવે રગડીઝગડીને છુટાછેડા લેવાનું અનાર્ય કરે. હું આર્ય સ્ત્રી, મારાથી એવું થાય જ નહિ, મારે નભાવી લેવું જોઇએ. આપણાં કર્મ જેવાં હોય એવું જ મળે.' આ સમાધાન આર્યત્વના માથે ભાર રાખનારા કરી લે છે. બીજાનું શું ગજું ?

પેલી પરદેશી બાઇ આર્યધર્મ સ્વીકારી લીધાનો માથે ભાર રાખનારી હતી. એટલે સસરાની દિયેરને પરણી લેવાની વાત તદ્દન નામંજૂર કરી કહે છે, 'મને સંસારસુખ ગયાનું દુઃખ નથી, પતિ બિચારા ઉત્તમ માનવ અવતાર ગુમાવી ગયા એનું મને દુઃખ છે.' હવે સસરો શું બોલે ?

**સસરાનો નવો દાવ**

પરંતુ સસરો જમાનાનો ખાધેલ હતો, એ એમ શાનો જંપે ? એણે હવે 'બાઇને બાઇ ભોળવે' એ સૂત્ર લડાવવા ધાર્યું. એણે પુત્રવધૂને આ દાવની ગંધ ન જાય એ માટે એણે બાઇની આગળ માંડવાળ કરી કે 'ભલે ત્યારે જેવી તમારી ઇચ્છા !' પણ પછીથી એક ક્રિશ્ચિયન (ખ્રિસ્તી ધર્મવાળી) માસ્તરાણી શોધી કાઢી, ને એને બધી હકીકત કહીને પોતાનો ઇરાદો સમજાવી દીધો કે આ અમારી પરદેશી પુત્રવધૂ અમારા નાના દીકરાને પરણવા સંમત થઇ જાય એ મુખ્ય લક્ષ્ય રાખી તમારે એને ફિલોસોફી વગેરેનો અભ્યાસ કરાવવાનો છે.

પછી પુત્રવધૂને કહેઃ 'તમારા મન પર ભારે દુઃખનો ભાર છે તો તમે થોડીક ભણવાની પ્રવૃત્તિ રાખો, જેથી મન એમાં લાગ્યું રહેવાથી મનને રાહત રહેશે.'

પુત્રવધૂને સસરાના બદઇરાદાની કાંઇ ગંધ આવી નહિ, ઊલટું એમ લાગ્યું કે 'મારી કાળજી સારી કરે છે, ને આ ભણવાની પ્રવૃત્તિ સારી છે, મન મારું દુઃખ





થોડું ભુલશે !' તેથી એણે કહ્યું ભલે હું તેમ કરીશ.'

સસરો કહેઃ એકલે પંડે શી રીતે ભણશો ? હું સારી શિક્ષકા લાવી આપું, એ તમને અભ્યાસ કરાવે, તેથી તમને નવું નવું જ્ઞાન સરળતાથી મળતું જાય, ને શિક્ષિકાના ભણાવ્યા પછી તમારે ચિંતન કરવું સારું ફાવે.' વહુ કહેઃ 'ભલે.'

એને બિચારીને આની પાછળ સસરાના ભયંકર ઇરાદાની ક્યાં ખબર હતી ?

**વહુ સસરાની જાળમાં ફસાણી**

કાવાદાવાવાળા કબાડી માણસની સુફિયાણી વાતમાં ભલા જીવ અને નિષ્કપટ દિલના માણસો ફસાય એમાં નવાઇ નથી. માછીમારો માછલાને, ને પારધી પંખીઓને જાળમાં એમ જ ફસાવે છે ને ? અલબત્ત ત્યાં એ ભોળા પ્રાણીઓને ખાવાની લાલચ લાગે છે તેથી અદ્રશ્ય જેવી જાળની જગામાં વેરાયેલ ખાદ્યને ખાવા ભેગાં થાય છે, તો જ જાળવાળા માયાવીનું ઉપજે છે. એટલે એ પામર પ્રાણીઓની આ ખાવાની લાલચ એ નબળી કડી છે. એનો લાભ લઇ પેલા માયાવીને ફાવટ આવી જાય છે. આમ નબળી કડીરૂપ લોભ-લાલચ એ લોભીનો વાંક ખરો છતાં જાળ નાખનારનો વાંક તો ભયંકર કોટિનો છે. અહીં પણ વહુને પરધર્મી શિક્ષિકા પાસે ભણવાનો લોભ લાગ્યો એ ફસાઇ જવામાં નિમિત્ત છે. પરંતુ સસરાનો દાવ તો એના શીલનું ગળું રહેંસી નાખવાનો હોઇ ભયંકર દોષ છે.

**'અંગત માણસ કદરકારીને વિશ્વાસનીય'**

બસ શિક્ષિકા ભણાવવા આવવા લાગી બડી ચકોર છે તે. ભણાવવાની વચમાં સિફતથી એવું ગોઠવી દે છે, કે ધણી સારો કયો હોય તો એ કેટકેટલું પ્રોત્સાહન આપે, આપણા ગુણની કદર કરે, પ્રશંસા કરી આપણને વધુ ઉત્સાહિત કરે. આ જગતમાં સારામાં સારી શક્તિવાળો માણસ પણ કદર-પ્રોત્સાહનના અભાવે કેવો પાછો પડી જાય છે ! સારું ભણી શકવાની તાકાતવાળા વિદ્યાર્થીને જો માસ્તર કદર કરનારો અને પ્રોત્સાહન આપનારો હોય છે, તો એ આગળ વધી શકે છે.'

આમ થોડો મમરો મૂકી શિક્ષિકા વળી પાછી જે કાંઇ ફિલોસોફી કે બીજુ કાંઇ ભણાવવા રાખી હશે તે વિષયનું લેકચર કરતી જાય, એટલે પેલીને એમ ન લાગે કે 'આ તો વિષય ભણાવવાને બદલે બીજું ભણાવી રહી છે.' વળી પાછો મોકો મેળવીને, અગર ભણાવાતા વિષયને જ તેવો વળાંક આપીને, મુખ્ય બદઇરાદાની વસ્તુ સહેજ ચર્ચી કાઢે ! કહે-

'જુઓને બેન ! ત્યારે આપણાં જીવન જ એવાં છે કે એમાં કદર-પ્રોત્સાહનની

બહુ જરૂર પડે છે, ને આજે અંગત માણસ વિના કોણ કદર કરે છે? કોણ પ્રોત્સાહન આપે છે ? પરાયા તે પરાયા, ને અંગત તે અંગત. ત્યારે અંગત તરફથી કદર મળ્યા વિના હૂંફ લાગે છે કાંઇ ?' કેવું ઝેર પીરસી રહી છે ! વાત સાચી, માણસની કદર થતી હોય તો એને હૂંફ મળે છે. ઉત્સાહ વધે છે, પરંતુ એનો એ અર્થ થોડો જ છે કે-

**નાની હૂંફ મેળવવા માટે મોટી શીલની હૂંફ ગુમાવવી ?**

**માનવ સ્વભાવ સ્વાર્થ હું પદના રસનો :-**

કદાચ બીજો ધણી કરી શીલ ગુમાવ્યું, પણ પછીય શંકા છે કે એ ધણી અંગત બનેલો છતા કદર કરશે કે કેમ ? કારણ એ છે કે સામાન્ય રીતે સૌને પોતાના સ્વાર્થ અને પોતાનું હુ પદ વહાલું હોય છે. એટલે એવા માણસને સ્વાર્થ-હું પદમાં વાંધો આવતો લાગ્યો ત્યાં સામાની કદર ક્યાં ? ધૂળ ખંખેરી નાખે. આ માનવ સ્વભાવ છે. એટલે તો જો તમે જીવન વ્યવહારમાં સામાના સ્વાર્થમાં રસ બતાવીને સામાના સ્વાર્થની વાત કરો તો વહાલા લાગો છો. એમ સામાનું હું પદ આગળ આવે એવું બોલો તો તમે એને પ્રિય થઇ પડો છો.

એટલે તો માનસ શાસ્ત્રીઓએ આ શોધી કાઢ્યું કે **'મનુષ્યનો એક સ્વભાવ માનવને સ્વાર્થ અને સ્વમાન પ્રશંસામાં સૌથી વધારે રસ છે,'** સ્વભાવ છે, તેથી માણસ જો એ સ્વભાવ ઓળખીને બીજા માણસો સાથે વર્તે તો સહેજે લોકપ્રિય થાય. મનુષ્ય સ્વભાવ ઓળખીને વર્તવું એટલે ? એ કે-

**બીજા સાથેના પ્રસંગમાં આપણા સ્વાર્થની વાત ન કરતાં સામાના સ્વાર્થની વાતમાં રસ દેખાડો, ને જાતની પ્રશંસા ન ગાતાં સામાની પ્રશંસા ગાઓ તો લોકપ્રિય થવાય.**

સમજી રાખવાનું કે જો એના સ્વાર્થની વાત બે મિનિટ, અને આપણા સ્વાર્થની વાત લાંબી લચક ચલાવીશું, તો એમાં પેલાને કશો રસ નથી. જો આપણને જ સામાની વાતમાં બહુ રસ નથી. તો પછી એને આપણા સ્વાર્થની વાતમાં રસ શાનો હોય ? અને જો આપણા સ્વાર્થની વાતમાં એને રસ નથી, ને આપણે એ વાત લંબાવીએ છીએ તો એ બહેરા કાન પર પડે એમાં નવાઇ નહિ. પેલાને કંટાળો જ આવે છે.

**પોતાના સ્વાર્થનાં અપ્રિય ગાણાંનો દાખલો :-**

દા.ત. કોઇ માંદા સ્નેહીની ખબર કાઢવા કોઇ ગયો ને જઇ માંદાની ખબર





પૂછી. 'કેમ કાંઇ દવા લીધી કે નહિ ? જરા સારા ડૉકટરને બતાવો, આમ ઉપેક્ષા કરવા જેવી નથી.' એટલી સામાના સ્વાર્થની વાત કરી પછી તરત પોતાની ચલાવશે -'જુઓને, આમને ય તાવ આવતો હતો. ફલાણાની દવા લીધી, બીજાની લીધી પણ ઉપેક્ષા કરી સારા ડૉકટરની દવા ન લીધી તો પાછળથી મટ્યું તો ખરું, પરંતુ હજીય શરીર જોઇએ તેવું સારું નથી રહેતું. હજી બરાબર ભૂખ ન લાગે, કમર કચરાય, પગ તૂટે હવે શું કરીએ ? સંસારનાં કામ તો કરવાં જ પડે ? ને આજે ઘરમાં બહુ કોણ બેસી રહેવા દે એમ છે ? પણ સારું છે ધંધો બહુ મજૂરીનો નથી, ભગવાનની મહેરબાની છે તે ગાડું ચાલે છે. પણ વાંધો એક છે કે છોકરો હજી બુધ્ધુ જેવો છે...'

કેટલું પિંજણ ચલાવ્યું સ્વાર્થનું ? શું પેલો માંદો આ બધું લેકચર રસપૂર્વક સાંભળે છે ? ના, એને આની વાતમાં રસ જ નથી ને એ તો ઇચ્છે છે કે 'આ ક્યારે હવે લેકચર બંધ કરે ? ને ક્યારે આ લપ અહીંથી જાય ? શો સાર કાઢ્યો અહીં આવીને ને લેકચર કરીને ? ઊલટું અપ્રિયતા ઊભી કરી. ત્યારે જો આના બદલે પેલા એ માંદાના સ્વાર્થની વાત લંબાવી હોત, તો માંદો ટેસથી સાંભળત દા.ત. કહે,

**સામાના સ્વાર્થની વાતનો પ્રકાર :-**

'જુઓને ઉપેક્ષા કરવા જેવી નથી-કેમકે આમાં પછી રોગ ઘર ઘાલી જાય, તે તમારે કામ પણ કેટલાં બગડે છે ? તમે તો ધંધામાં ય બીજાનું સંભાળો છો, અને વહેવારમાં ય કેટલાયને ટેકારૂપ બનો છો. એ બધા આ તમારા માંદવાડથી સીદાય છે. માટે કહો તો સારો ડૉક્ટર લઇ આવું. બાકી તમારી સહનશક્તિ જબરી છે એટલે આવો મંદવાડ શાંતિથી સહન કરી રહ્યા છો. બીજા તો આમાં કેટલા ઊંચાનીચા થઇ જાય ! એ તો પુણ્યની વાત છે કે આવી સહનશક્તિ હોય. આહાહા ! દુકાને ન જવાય એ કેટલું સહન કરવાનું ! તે દુકાન પર કોણ બેસે છે ? ઘરના માણસને પણ અગવડ તો પડતી જ હશે ને ? પણ ભાઇ ! કહે છે ને કર્મના દેવાં ચૂકવવા જ પડે છે છતાં તમારી ધીરતા સારી !'

ચાલ્યું લેકચર ? પણ શાનું ? સામાના સ્વાર્થની વાતનું, તે પેલો માંદો એનો અક્ષરે અક્ષર સાંભળે હો ! સાંભળે એટલું નહિ, ઊઠવા ન દે. વળી કહે, 'બેસોને જવાય છે. પાછા આવજો. તમારા આવવાથી મારા મનને રાહત મળે છે. આ જુઓને, પેલા ભાઇ આવ્યા હતા, પણ ન આવે તો સારું એમ થાય, પોતાની ને પોતાની વાત એવી લંબાવે કે સાંભળતાં માથું પાકી જાય. તમે વાત કરો છો તે સાંભળતાં મનને તાજગી મળે છે.' આ શું બતાવે છે ?

**દરેકને સૌથી વધારે રસ સ્વકીય સ્વાર્થમાં સ્વમાનમાં, સ્વપ્રશંસામાં હોય છે. એ સમજીને વાણી-વર્તાવ રખાય તો લોકપ્રિયતા મળે.**

ત્યારે શાસ્ત્રો પણ આ કહે છે કે 'સાધર્મિકની ઉપબૃંહણા કરો, પ્રશંસા કરો-જાતની ઉપબૃંહણા-પ્રશંસા નહિ.' જાતની પ્રશંસામાં નીચગોત્ર વગેરે કર્મ બંધાય એમ શાસ્ત્ર કહે છે. જયવીયરાયમાં પરત્થકરણં માગ્યું, 'સ્વાર્થ કરણ ગૌણ રાખી પરત્થકરણ મુખ્ય રાખો.' પૂર્વના શ્રાવકો જાત માટે અર્થાત્ સ્વાર્થમાં બહુ સાદાઇથી ચલાવી, અતિથિ સત્કાર, પરદુ:ખભંજન વગેરે પરાર્થ કરવામાં તત્પર રહેતા. લોકપ્રિયતા ગુણ એમ કેળવાય છે.

**લોકપ્રિયતા અને શાસન પ્રભાવના પરાર્થ વૃત્તિથી સધાય.**

પૂજા ભણાવી પ્રભાવના કરો છો એમાં જૈનોને તો પ્રભાવના આપો. એથી વિશેષ જો ત્યાં ટોળે વળેલા જૈનેતરોને પ્રભાવના આપો, તો શાસન-પ્રભાવના થાય. જૈનોને પ્રભાવના આપો એમાં શી નવાઇ કરો છે ? ન આપો તો માન હણાય છે, આપો તો પેલા પ્રશંસા કરે છે. કોની ? તમારી, 'ભાઇએ પ્રભાવના સારી કરી ભાઇ ઉદાર છે.' પરંતુ ઇતરોને પ્રભાવના આપો તો એ જૈનધર્મની પ્રશંસા કરે છે કે 'આ લોકોનો ધર્મ સારો કે એમાં આપણે એમના ધર્મના નહિ તો ય આપણને પણ પ્રભાવના મળે છે !'

**બોલો, પ્રભાવના જૈનને આપવામાં દાતારની પ્રશંસા, ને જૈનેતરને આપવામાં જૈન ધર્મની પ્રશંસા.**

જાતની પ્રશંસા કિંમતી ? કે જૈનધર્મની પ્રશંસા કિંમતી ?

પરંતુ તમને સ્વાર્થમાં-સ્વપ્રશંસામાં રસ છે એટલો જૈનધર્મની વાહ વાહ થાય એમાં નથી, એટલે અવસરે અવસરે ગરીબ ઇતરોને સાધી લેવાને બદલ ધુત્કારો છો. દીકરા સાથે કેવો વર્તાવ ? ને નોકર સાથે કેવો ? નોકરનો સદ્ભાવ વધે ને એ જૈન ધર્મ પર ઓવારી જાય એવો વર્તાવ ? કે તુચ્છકારનો વર્તાવ ? ઘરે ચાર મહેમાન આવ્યા હોય એની સરભરા થાય પણ સાથે પૂજારી કે ઉપાશ્રયના માણસને બોલાવી જમાડો ખરા ? યા મીઠાઇ આપો ખરા ? આપો તો એ ઇતર ધર્મીને મન 'વાહ ! કેવો સુંદર જૈન ધર્મ ! મહેમાન ભેગા આપણીય ભક્તિ થાય છે' એમાં જૈન ધર્મની વાહ વાહ થાય. પરંતુ તમારે જૈન ધર્મની વાહ વાહ કરવાનું ક્યાં ખપે જ છે ? જાતની વાહ વાહ ખપે એટલે મહેમાન-સ્નેહીની સરભરા કરતાં આવડે.





**સ્વાર્થનો રસ, સ્વને માનની ભૂખ અને સ્વની પ્રશંસાનો રસ ખતરનાક, એ કર્તવ્ય ચૂકાવે ને અપકૃત્ય કરાવે.**

આનાથી બહુ સાવધાન બની જાઓ, તો જીવનમાં ઘણાં ઘણાં અપકૃત્યોથી બચાશે, ને સારાં સારાં કર્તવ્યોની ઉપેક્ષા નહિ થાય.

પેલી માસ્તરાણી વિધવા પરદેશી પુત્રવધૂને બીજું ભણાવવા સાથે આ ભણાવી રહી છે, કે ''જીવનમાં આપણું પોતાનું અંગત માણસ જોઇએ કે જેની આગળ દિલ ખુલ્લું કરી શકીએ ને દિલને આશ્વાસન એ આપી શકે, બીજા આગળ તો દિલ જ ખોલી ન શકાય, તો પછી એમના તરફથી આશ્વાસન શાના પર મળી શકે અને બેન ! અંગત માણસ વિના તો આ જગતમાં બધે સ્વાર્થની માયા છે. કોણ કોનું છે ? સૌ પહેલાં તો પોતાનું જ સંભાળે છે, પછી બીજાનું. એ તો અંગત માણસ હોય તો એ પોતાનું પછી ને પહેલાં આપણું સંભાળે. ત્યારે જીવનમાં કેટલીય વાર હિંમત હારી જવાના પ્રસંગ આવે છે. ત્યાં આપણું અંગત માણસ હોય તો એ આપણને કહી શકે કે 'જરાય ગભરાશો નહિ હું બેઠો છું-તમારે શી ફિકર કરવાની હોય ? બધું હું સંભાળી લઇશ.' અંગત વિના કોણ આ હિંમત આપે ?''

શિક્ષિકા ભણાવવાની વાતમાં વચમાં આવું આવું પીરસી રહી છે.

એને ખબર નથી કે 'અંગત માણસ એટલે સંસારના દલાલ જ ને ?' એની આગળ દિલ તો ખોલ્યું, પણ પછી એ સલાહ શાની આપવાના ? ત્યાગ-તપ સંયમની ? ક્ષમા-નિર્લોભતાની ? ના, તો અંગત માણસ પાસેથી કલ્યાણ શું મળ્યું ? ને કહે છે અંગત વિના બધે સ્વાર્થની માયા,' પરંતુ અંગત માણસ પોતે ય ક્યાં સ્વાર્થ વિનાના છે ? અરે ! અંગત માણસના સ્વાર્થ તો રંગરાગ લૂંટવાના ભારે હોય છે. પહેલાં એ સંભાળશે...પછી સામાનો વિચાર કરશે. ને તીવ્ર રોગ વેદનામાં એ શી હિંમત આપી શકે ? માટે અંગત જન તો શીલ તપ વગેરે ધર્મ છે દેવ ને ગુરુ છે. શિક્ષિકાને આ વિચારમાં નથી. તેથી વારંવાર અંગતજન અંગતજનના ઊંધા પાઠ ભણાવી રહી છે. ત્યારે શબ્દની અસર થયા વિના રહે ? પરદેશી પુત્રવધૂ જીવનભર સ્વેચ્છાથી વિધવાપણું પાળવા માટે આર્ય સંસ્કૃતિને વફાદાર રહેવા માટે મક્કમ મનવાળી છતાં અવારનવાર અવારનવાર આવા એક યા બીજી રીતના મોહ શબ્દોની અસર નીચે આવતી ગઇ.

પેલો સસરો શેઠ અવારનવાર શિક્ષિકાને પૂછે છે, 'કેમ ? ગાડી કેટલે પહોંચી ?'

શિક્ષિકા કહે, 'કામ ચાલુ છે આશાજનક છે. ચિંતા નહી કરતા. તમારી પુત્રવધૂના વિચાર ઢીલા પડતા જાય છે.'

સસરો ખુશી થાય છે શાના પર ? એક દિલથી આર્ય બનેલ પોતાની પરદેશી પુત્રવધૂ આર્યસંસ્કૃતિ મુજબ વિધવા બન્યા પછી શીલ પાળવામાં મક્કમ મનવાળી હતી એ હવે ઢીલી પડતી જાય છે એમાં ખુશી ! કુશીલના માર્ગના પુનર્લગ્નમાં મંજૂર થશે એમાં ખુશી !

**સ્વાર્થ કેવા ગોઝારા અપકૃત્ય કરાવે છે !**

**શીલ પાલનમાં મક્કમ રહેવા માગનારને કુશીલ તરફ ઘસડી જવું એ ગોઝારું અપકૃત્ય છે.**

એ કરવા સસરો તૈયાર થયો છે. પુત્રવધૂ આમ તો પુનર્લગ્નની ના જ કહેતી હતી, પરંતુ એને એમાંથી ચલિત કરવા એને ભણાવવાનું ઓઠું ઊભું કર્યું, ને તે ખ્રિસ્તી માસ્તરાણી પાસે ! શિક્ષિકા એવી રાખી કે બીજું ભણાવવાની વચમાં આ ભણાવી રહી છે ને એમાં એ ફાવી જાય છે.

❀ ❀ ❀ ❀ ❀ ❀

'એક યા બીજા કારણે પુનર્લગ્ન જરુરી છે' એ સિદ્ધ કરવાના તર્ક, દલીલો વારે વારે મન પર આવવાથી પરદેશી પુત્રવધૂ એમાં લહેવાઇ ગઇ. તે એક દિવસ લાગ જોઇ શિક્ષિકા પૂછે-

'કેમ તારે અંગત જીવનસાથી વિનાનું એકલું અટૂલું જીવન ગાળવું છે ?'

રોજ ને રોજ કે અવરનવર અવરનવર અવળી શિખામણથી વાસિત થયેલી આ પુત્રવધૂમાં હવે એ જોમ નહોતું કે કહી શકે કે 'મેં આર્ય મર્યાદા અપનાવી છે એટલે ઉચ્ચકોટિની આર્ય મર્યાદાના હિસાબે મારે કર્મે આપેલ વિધવાપણાની સ્થિતિમાં આનંદ છે. મારે એવા બીજા જીવનસાથીની જરૂર નથી. હવે મારા જીવનસાથી આર્ય મર્યાદાની રુએ શીલપાલન અને મારા ભગવાન છે !' શું ?

**જીવનમાં મર્યાદાપાલન, શીલપાલન અને ભગવાન ખરા જીવનસાથી છે.**

આ માનવાની બાઇની હવે સ્થિતિ ગઇ. અવળી શિખામણોથી એ જોવું ભૂલી કે-

**બાહ્ય જીવનસાથી કોને ખબર હૂંફ આપશે કે હૈયાહોળી આપશે ?**

આજે કેટલી પત્નીઓને પતિ તરફથી શાંતિ અને ઠંડક છે ? વળી માનો ને





કે પતિ સારી હૂંફ આપે એવો મળી તો ગયો, પરંતુ જો ધર્માત્મા ન હોય તો એની કશી કિંમત નથી. દા.ત. આજના યુગનો પતિ જ પોતે પોતાના શ્રીમંત મિત્રની શરમમાં એની સાથે પોતાની પત્નીને સંબંધમાં લાવવા માગતો હોય તો આમ એ પત્નીને ઘણીય હૂંફ આપનારો અને અંગત વિશ્વસનીય હોય, પણ એની શી કિંમત છે ?

**આર્ય મર્યાદાનું પાલન ગયું એટલે સર્વસ્વ ગયું.**

**નાતરિયા નાતની હરીફાઇ :-**

આર્યદેશની આર્ય સંસ્કૃતિની આ મહત્તા હતી, નાતરિયા નાત કરતાં ઊજળી કોમના રીતરિવાજ ઉંચા. આજે તો પહેરવેશ, ખાનપાન અને બીજી જીવન પદ્ધતિમાં એવો હ્રાસ આવી ગયો છે કે ઊજળી કોમ નીચે ઊતરતી જાય છે. ઊંચી કોમવાળાને પણ નાતરિયા નાતવાળાની જેમ ઉદ્ભટ વેશ જોઇએ છે, અભક્ષ્ય ખાનપાન જોઇએ છે, સિનેમા, ટી.વી., સહશિક્ષણ જોઇએ છે. સ્ત્રીઓને લાજ-શરમ વિના બહાર હરવું ફરવું વગેરે જોઇએ છે. કેમ જાણે નાતરિયા નાતની હરીફાઇ ! પરિણામ ક્યાં જઇ પહોંચશે એ વિચારતાં કમકમી થાય એવું છે.

**પેલી પુત્રવધૂ ભૂલી પડી, અંગત જીવનસાથી જોઇએ એવા મોહમાં એ જોવું ભૂલી કે આ ઉચ્ચ જનમની સફળતા વિષય-સુખના કાંટે ન તોલાય, પણ ધર્મ સદ્ગુણ અને મર્યાદાપાલનના આધારે મપાય.**

જો આ ઊંચા જનમની કિંમત દુન્યવી સુખના આધારે કરવા જઇએ તો અનાર્ય મનુષ્ય કે જનાવર કરતાં શી વિશેષતા આવી ? એય માને છે કે 'જેમ વધારે સુખ મળ્યું એમ જીવન સારું.' એટલા માટે તો એને પાપ-બાપ જોવાનું હોતું નથી. 'વધારે સુખ મળે છે ને ?' એટલું જ અનાર્ય કે પશુ જુએ છે. આપણે ઉચ્ચ આર્ય માનવ અવતાર પામ્યા તો આપણે પણ એટલું જ જોવાનું ? તો તો પછી અનાર્ય કુળમાં જવાને બદલે આર્ય કુળમાં શા માટે આવ્યા ? આર્યકુળે આવ્યાની શી વિશેષતા ?

**આજે પૈસાના આધારે મોટાઇ મનાય છે, એ આર્યની માન્યતા ? કે અનાર્યની ?**

આર્ય માન્યતામાં મોટાઇ તો સદ્ગુણ-સદ્ધર્મના આધારે મપાય. મમ્મણ પાસે પૈસા ઘણા હતા એટલે શું એ મોટો ? એમ તો કસાઇ કરોડપતિ હોય, તો શું એ મોટો માણસ ?

લક્ષ્મીની મોટાઇ-અંજામણ કાઢી નાખો. નહિતર પાપની સૂગ જ ચાલી જશે. આજે પાપની સૂગ કેમ ઘટી ગઇ ? દુન્યવી પૈસા અને સુખની મોટાઇનું અંજામણ લાગ્યું માટે. નહિતર, ભલે ને શ્રીમંત માણસ લેખામાં ન લે, પણ તમે જો એની મોટાઇ જ ન માનતા હો, મોટાઇ સદ્‌ગુણો અને સદ્ધર્મથી માનતા હો, તો તમને પેલાનું જરાય અંજામણ ન લાગે. ઊલટું એની દયા આવે કે-

**આ બિચારા શ્રીમંતો એક તો ધનલોભ ને મમતામાં મરી રહ્યા છે, ને વધારામાં મદ-અહંકારના રોગમાં સડી રહ્યા છે !**

પોતાની જાત માટે હૂંફ રહે કે 'મારી પાસે ધર્મરૂપી મહાધન છે, અણમોલ દેવ-ગુરુ છે, મારે કશી ફિકર નથી.' પુનર્લગ્ન કરી સારો અંગત જીવનસાથી મેળવી તો લીધો, પણ મૂળ પાયામાંથી શીલ, સદાચાર, આર્ય મર્યાદાપાલન ઊખડી ગયાં, તો અંતકાળે કેવો પસ્તાવો ? ત્યાં કાંઇ અંગત માનેલી પ્રેમાળ જીવનસાથી મળ્યા પર આશ્વાસન ન રહે કે 'ચાલો મરવાનું આવ્યું તોય આવા જીવનસાથી મળી ગયા એટલે ફિકર નથી.' ત્યાં તો જીવનમાં ધર્મમર્યાદા બાજુએ મૂકી કરેલા વિષયરંગના પાપના હવે આવવાના ભયંકર અંજામ પર સંતાપનો પાર ન રહે.

**અંતકાળે આશ્વાસન જીવનમાં ચુસ્ત પાળેલી શીલ મર્યાદાઓ અને ધર્મ પર મળે, અંગત જીવનસાથી પર નહિ.**

તો પછી શીલ-મર્યાદા અને ધર્મ મૂકી ભલે ને અંગત જીવનસાથી સાથે સુખવિલાસ માણ્યાં, તેથી શું ? જ્યાં અંતકાળ અને પછીના દીર્ઘકાળની દુ:ખમય ભૂતાવળો નજર સામે આવી મનને પારાવાર દુ:ખ કરાવતી હોય, ત્યાં અંગત જીવનસાથીના તુચ્છ અને અલ્પકાલીન સુખની શી કિંમત છે ?

**પરદેશી વિધવા દિયરને પરણી ગઇ**

પરદેશી વિધવા બનેલી બાઇ પર માસ્તરાણીના વારંવારના શબ્દો અસર કરી ગયા અને એ કબૂલ થઇ ગઇ. દિયરિયાને પરણી ગઇ. સસરાએ છુટકારાનો દમ ખેંચ્યો કે 'હાશ ! હવે મારા નાના દીકરાને મારી આખી મિલકત મળશે ! એને મળતા મારા મોટા વારસામાં આ બાઇનો જુદો ભાગ નહિ પડે.' કેવી ક્રૂર રમત ! ગોઝારી હૈયાહૂંફ ! પવિત્ર રહેવા માગતી પુત્રવધૂને કેવા ગોઝારા પાપમાં પાડી !

વાત આ હતી-

**બાઇ માણસને બાઇ માણસ પણ ભોળવી જાય.**





આ વસ્તુ ધ્યાન પર ન લેતાં પેલો દમિતારિ રાજા પરદેશી નટીઓને પોતાની છોકરી નૃત્યકળા શીખવવા માટે સોંપે છે. ભલે ને એને ખબર નથી કે 'આ નટીઓ મૂળમાં ખરેખર પુરુષો છે,' અને ભલે બાઇ માણસ તરીકે સમજે છે, પણ સમજવા છતાં એટલું તો જોવું જોઇએ ને કે 'આ પરદેશી બાઇઓ છે. એમનો શો ભરોસો કે મારી છોકરીને નૃત્યકળા શીખવતાં બીજું કાંઇ ભળતું નહિ શીખવે ? છોકરીને નહિ ભોળવી નાખે-એનો શો વિશ્વાસ ? વળી આ તો નટીઓ એટલે હલકી જાતની, શુનું શું ન શીખવે ?

**ઉત્તમ કુળવાળાને હલકા કુળવાળાના સંપર્ક ન અપાય.**

**ગુરુઓના સંગની કેમ અસર નહિ ?**

સંગ તેવા રંગ બેસે, એમાંય સારાના સંગ કરતાં ખરાબનો સંગ જોરદાર, એટલે તો જુઓને કે તમને ગુરુઓના સંગમાં આવવા છતાં એટલી બધી અસર નથી થતી, કેમકે મોહાંધોના સંગ જોરદાર ચાલુ છે. કહેશો-

પ્ર.- તો શું સત્સંગ કરવા ઘર છોડી દેવું ?

ઉ. - હા, તાકાત હોય તો એ જ કરવા જેવું છે, ને તાકાત ન હોય તોય ઘર-કુટુંબીઓના સંગ હૈયા પરથી ઉતારી નાખવા જોઇએ, ને હૈયા પર ગુરુઓના મહત્ત્વ ને મમત્વ સ્થાપિત કરવાં જોઇએ. હૈયા પર એકલી જાત અને કુટુંબનાં મહત્ત્વ ને મમત્વવાળો માનવતા ય નહિ જાળવી શકે, પછી ઊંચા ધર્મની વાત શી ?

જુઓ, આજે માણસ માણસનાં ગળાં વિશ્વાસઘાતથી કેમ રેંસે છે ? જાત અને કુટુંબ માટે પૈસા જોઇએ છે માટે જ ને ? જો એ જાત અને કુટુંબના મહત્ત્વ કરતાં હૈયે વિશ્વાસપાલન અને ન્યાયસંપન્નતાનું મહત્ત્વ વધુ હોત, તો વિશ્વાસઘાત ન કરત. એમ હૈયા પર કુટુંબી કરતાં ગુરુઓનું મહત્ત્વ વધુ હોત, તો કુટુંબીના મોહમાં ગુરુના ઉપદેશને અવગણત નહિ. માટે સમજી રાખવાનું છે કે-

**બાહ્ય સંગ છતાં હૈયા પરથી સ્વજનના સંગ ઊઠી જાય તો સત્સંગ હૈયે વસે.**

**સત્સંગ આ જ છે કે હૈયે સંતપુરુષોનું મહત્ત્વ અને મમત્વ એવું વસી જાય, કે સંસારીજનોનાં મહત્ત્વ મમત્વ એની આગળ ફિક્કાં પડી જાય.**

**જંબૂકુમારે કોનું મહત્ત્વ વિચાર્યું ?**

ઘાતકી અકબર કેમ દયાળુ બની ગયો ? સત્સંગ હૈયે ઉતાર્યો. સત્પુરુષ

હીરસૂરિજી મહારાજાને હૈયે મહત્ત્વ આપ્યું, એમના પર મમત્વ વધાર્યું, પછી એની આગળ હૈયે મોલવીઓ અને હજૂરિયાનાં મહત્ત્વ ફિક્કાં પડી ગયાં.

જંબૂકુમાર કેમ એકદમ વહાલા માતા-પિતાનો, નવી અપ્સરાશી પત્નીઓનો ને ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિનો ત્યાગ કરી શક્યા ? સુધર્મા ગણધર મહારાજાની વાણી સાંભળીને હૈયે એમનું મહત્ત્વ અને મમત્વ એવું ઊભું કરી દીધું કે એની આગળ હૈયે પેલા જડ ચેતન પદાર્થનાં મહત્ત્વ અને મમત્વ ફિક્કાં પડી ગયાં, તે એવાં કે મન પરથી એ ઊઠી જ ગયા ઊડી જ ગયા ! ''ચાલ રે ચાલ જીવ ! ઊઠ આવા તારણહાર દેવાધિદેવ, સદ્‌ગુરુ અને ધર્મશાસન તો અહીં જ મળ્યાં. જ્યારે,

**મારણહાર વૈભવ, વિલાસ, પરિવાર તો જન્મોજન્મ મળેલા, એનું શું એવું મહત્ત્વ જ છે કે એની મમતા કરી કરી એને પકડીને બેસી રહું ?**

જે જન્મોજન્મ નથી મળતા અને જે પાછા તારણહાર છે, એવા દેવ-ગુરુ-ધર્મશાસન અહીં મળી ગયા છે, તો એનું જ મહત્ત્વ માનું, ને એને મારા પોતાના કરીને એમના ચરણે બેસી જાઉં.'' બસ આમ અથાગ પણ સંપત્તિ પરથી મહત્ત્વ-મમત્વ ઉઠાડી મૂક્યાં, તો એમને ત્યાગ સુલભ, સરળ બની ગયો.

**સનત્કુમારે ઘડીમાં 'મહત્ત્વ'ની દ્રષ્ટિ ફેરવી :-**

આવું મોટા ચક્રવર્તી સનત્કુમારને બન્યું. શરીરમાં એકાએક સોળ રોગ ઊભા થઇ ગયા, તો એ જોતાં છ ખંડની ઠકુરાઇ, ચૌદ રત્નના વૈભવ, અને મોટા અંતઃપુર પરથી મનને મહત્ત્વ મમત્વ ઊઠી ગયું. રોગ થતા પહેલાં એ હતું તેથી તો એમના અનુપમ રૂપ સૌંદર્ય જોવા આવેલા દેવતા આગળ અભિમાન કરેલું કે,

**'અબ શું નિરખો લાલ રંગીલે ખેરભરી મુજ કાયા,**
**નાહી ધોઇ જબ છત્ર ધરાવું, તબ જોજો મોરી કાયા'**

'હમણાં તો તેલ માલિસ ચાલી રહ્યું હોવાથી મારી કાયા મેલભરી છે, એના તરફ શું જોઇ રહ્યા છો ? એ તો સ્નાનાદિ કરી રેશમી જરિયાન વસ્ત્ર તથા મુગટ-હાર વગેરે અલંકાર પહેરી રત્ન સિંહાસન પર બેસી માથે છત્ર ને બાજુમાં ચામર ઢળાતા હોય ત્યારે મારી કાયા જોજો, એટલે તમને મારા સૌંદર્યની ખબર પડશે.'

ચક્રવર્તીના આ બોલમાં એને મન કિંમતી વસ્ત્ર-અલંકાર-છત્રાદિનું મહત્ત્વ છે, એ સર્વ સહિત રૂપાળી કાયા પર મમત્વ ગંધાઇ રહ્યું છે, પરંતુ જ્યાં હવે સોળ રોગ ઊભા થઇ ગયેલા જણાયા કે તરત મનને થયું કે-





**ચક્રીને જડ પરથી મહત્ત્વ-મમત્વ ઊઠી ગયાની ભાવના :-**

અરે ! હું શું આ બાહ્ય વૈભવ અને શરીર સૌંદર્યને મહત્ત્વ આપી રહ્યો છું ? એ હજી એમ જ અખંડ ઊભા છતાં કાયામાં જો રોગો ઉત્પન્ન થઇ શકે છે તો એનું મહત્ત્વ જ શું રહ્યું ?

**પ્ર.- જો વૈભવ છતે કાયા રોગિષ્ઠ થાય તો વૈભવનું મહત્ત્વ ન રહ્યું, તો પછી ધર્મ છતે કાયા રોગિષ્ઠ તો થાય જ છે, તો ધર્મનું મહત્ત્વ શું ?**

ઉ.-જંગલમાંથી પસાર થતાં લૂંટારા તરફથી જો ગરીબને કશી ઇજા નહિ, ને સંપત્તિવાળાને જ સોટા પડતા હોય તો, એ સંપત્તિનું શું સારું મહત્ત્વ રહ્યું ? ઊલટું માર ખવરાવવામાં એની મહત્તા ગણાય. એમ આ કાયા છે તો જ રોગોનો માર ખાવાનો અવસર આવ્યો, તેથી કાયાની સારી મહત્તા કશી જ ન રહી. રોગોનો માર પણ મોટી છ ખંડની સંપત્તિ છતે ! તેથી આ સંપત્તિની પણ કશી સારી મહત્તા ન રહી. મહત્તા તો અશરીરી અને અપરિગ્રહી સિદ્ધ ભગવાનની, ને સિદ્ધ જેવા મારા આત્માની, કે જેમાં આ રોગાદિની વિટંબણા જ નહિ. મહત્તા તો એવી સિદ્ધ અવસ્થા લાવનાર અહિંસા, સંયમ અને તપધર્મની.

એમ નીરોગી રૂપાળા શરીર અને સંપત્તિની મમતા ય મારે ન કરવી, કેમકે એ મમતા કરવામાં હું મારી અનંત અવ્યાબાધ સુખ ભરેલી સિદ્ધ અવસ્થા અને એને પ્રગટ કરી આપનાર અહિંસા-સંયમ-તપથી વંચિત રહું છું.

❀ ❀ ❀ ❀ ❀ ❀

''માટે મારે સર્યું એથી. મારે મન સિદ્ધ અવસ્થા ને એને લાવી આપનાર અહિંસા, સંયમ, તપનું જ મહત્ત્વ છે. એટલે એને જ મારા કરું.''

બસ, ચક્રવર્તીપણાની મોટી પણ સંપત્તિ પરથી મહત્ત્વ ઊઠયું, એની મમતા ઊઠી ગઇ, અને મહત્ત્વ અહિંસા-સંયમ-તપનું લાગ્યું. એના પર મમત્વ ઊભું થઇ ગયું, તો તરત સંયમ અપનાવી લઇ ઘોર તપ આચરવા લાગી ગયા.

**ચક્રવર્તીની સુકોમળ કાયાએ ઘોર તપ શક્ય છે ? હા, તપનું મહત્ત્વ-મમત્વ લાગ્યાથી તપ સહેલો.**

**તપ-સંયમની આડે શું નડે છે ?**

આ પરથી આપણી જાતમાં વિચારી લેવા જેવું છે કે આપણે એવો તપ કેમ નથી કરતા ? તપ કરવામાં શું નડે છે ? કાયા નડે છે ? કાયાની સુકોમળતા નડે

છે ? ના, એની ને એના સુખશીલપણાની મહત્તા અને મમતા નડે છે. હમણાં જો તપની મહત્તા-મમતા ઊભી કરી દઇએ તો કાયાની સુખશીલતા અને સુંવાળાશની મહત્તા ને મમતા ફિક્કી પડી જાય. એ ફિક્કી પડ્યા પછી તો આ તપની મહત્તા-મમતા જ કરવાથી તપસ્યા સહેલી બની જાય છે.

એમ, સંયમ પણ ન લેવાનું હોય, તો શું નડે છે ? શું શક્તિ નથી ? ના, શરીર અને મળેલા વિષયોની મન પર મહત્તા-મમતા ચોંટી ગઇ છે એ નડે છે. એની જગાએ આવા ઉચ્ચ કોટિના આર્ય માનવ જનમમાં જ જે સુલભ છે એ સંયમનું મહત્ત્વ ચોંટી જાય, એમ એની મમતા લાગી જાય, તો કાયા, કામિની, કુટુંબ, કંચન, કીર્તિ, બધીય કક્કા પાર્ટીનું મહત્ત્વ ફિક્કું પડી જાય, એની મમતા ફિક્કી પડી જાય, ને મહાન અને પોતાના માનેલા સંયમ માર્ગને અપનાવી લેવાય.

### દાનાદિ ધર્મ શી રીતે સરળ બને ?

એમ, દાનાદિ ધર્મ ન આચરાતા હોય, પ્રભુભક્તિ તેવી ન થતી હોય, સત્સંગ એવા ન સધાતા હોય, તો જોશો તો દેખાશે કે એમાંય માનેલાં નડતર કશાય નડતાં નથી, કિન્તુ નડતર છે એ દાનાદિ ધર્મની મહત્તા-મમતાના અભાવનું. પૈસા નથી માટે દાન નથી થતું એમ નહિ કિન્તુ દાનનું મહત્ત્વ હૈયે અંકિત નથી થયું, દાનની મમતા નથી જાગી માટે દાન નથી થતું. જો જિનવચન-શ્રદ્ધા અને તત્ત્વચિંતન ઊભાં કરી, એ દ્વારા દાનાદિ ધર્મનું મહત્ત્વ હૈયે અંકિત કરી દઇએ, એનું મમત્વ ઊભું કરી દઇએ, તો તરત એ દાનાદિ અપનાવી લેવાય.

### ક્ષમાદિ કેમ સુલભ બને ?

એમ, ક્ષમાદિ ગુણોની આડે કોણ નડે છે ? કેમ સહેજ વાતમાં ક્રોધ-અભિમાન ઉઠે છે ? કેમ ક્ષમા નમ્રતા નથી રખાતાં ? શું સંયોગ એવા બને છે માટે ? ના, ના, મન પર જડ વસ્તુ ને જડ માન-સન્માનનાં મહત્ત્વ જામી પડ્યાં છે, એની મમતા ચોંટી પડી છે, માટે ક્ષમા-નમ્રતા પાલવતી નથી. પણ હમણાં જો જિનવચનની અપરંપાર શ્રદ્ધા અને ક્રોધાદિની દીર્ઘકાળની દુર્દશા-દુઃખદતાનું ચિંતન ઊભું કરી દઇએ તેમ જ ક્ષમાદિની અનંત કલ્યાણકરતા મનમાં બેસાડી દઇએ, તો ઝટ ક્ષમાદિ ગુણોનું મન પર મહત્ત્વ અને મમત્વ અંકિત થઇ જાય, પછી તો એના એ જ ક્રોધાદિના સંયોગોમાં ક્ષમા-નમ્રતા સુલભ અને સહેલાં બની જાય, એટલે હવે સમજાશે કે ક્ષમાદિ સદ્‌ગુણ રાખવામાં સંયોગોની અનુકૂળતા નથી જોઇતી, પણ





મન પર એની મહત્તા-મમતાની અનુકૂળતા જોઇએ છે.

ભગવાન મહાવીર પરમાત્માને ચારિત્ર લીધા પછી સંયોગો ક્યા અનુકૂળ હતા ? છતાં એમણે અનુપમ ક્ષમા-નમ્રતા રાખી હતી ને ? શી રીતે એ રાખી શકેલા ? કહો, એનું મહત્ત્વ-મમત્વ ઊભું કરી દીધેલ માટે.

**શરીરરક્ષા ને માનરક્ષા કશાં કિંમતી નથી, કિંમતી છે ક્ષમા અને નમ્રતા.**

આ ક્ષમાદિની મન પર મહત્તા, 'શરીર અને માન એ મારી ચીજ નથી, મારી ચીજ ક્ષમા અને નમ્રતા છે' આ મમતા, ક્ષમાદિ માટે ઊભી કરી દીધી તો ક્ષમા-નમ્રતા આદરવા સરળ બની ગયાં.

માત્ર મહાવીર ભગવાનને નહિ, કિન્તુ ભગવાનને માથે ધરનાર અનેકાનેક મહાન આત્માઓને વિકટ સંયોગોમાં પણ ક્ષમા-નમ્રતા સુલભ-સહેલી બની ગઇ. તમારે સુલભ-સહેલી કરવી છે ? કે સંયોગોનું ખોટું ઓઠું ધરવું છે ? વાત આ હતી,-

પ્ર.- વ્યાખ્યાનો સાંભળવા છતાં ને સત્સંગ આદરવા છતાં જીવન પર એની એવી અસર કેમ નથી દેખાતી ?

**ઉ.- મન પર સત્સંગ કરતાં સ્વજન-સંગ જોરદાર છે, માટે સત્સંગની અસર નહિ.**

મન પર સ્વજનોનું જે મહત્ત્વ અને મમત્વ અંકિત છે, એ સદ્‌ગુરુ અને એમની વાણીનું નથી. સંગ તેવો રંગ લાગે, પણ ખરાબનો સંગ સારાના સંગ કરતાં જોરદાર રહે છે, ને ત્યાં સુધી સારાનો સંગ એવી અસર કરનારો નથી બની શકતો.

ખરાબનો સંગ જલ્દી અસર કરે છે, કેમકે જીવને અનાદિના જે દોષો દુર્ગુણો વળગેલા છે, એના ભરચક છૂપા સંસ્કાર પડેલા છે, ને ખરાબનો સંગ એનું જ સમર્થન-પ્રોત્સાહન કરે છે, તેથી એ જાગતા રહે એમાં નવાઇ નથી.

પેલા દમિતારિ રાજાને આની ગમ નથી કે 'ખરાબનો સંગ જલ્દી અસર કરશે' એટલે પોતાની પુત્રી કનકશ્રીને નૃત્યકળા માટે હલકી માનેલી નટીઓને સોંપે છે. મૂર્ખાઇ કેવી !

ત્યારે આ કાંઇ ખરેખર નટીઓ નથી, આ તો નટીના વેશમાં અપરાજિત અને અનંતવીર્ય રાજા છે, એમને જ્યાં નટી માનતો દમિતારિ કહે છે કે 'તમે મારી

પુત્રી કનકશ્રીને નૃત્યકળા શીખવશો ?'

ત્યાં આ કહે, 'મહારાજા ! અમને તમારી સેવામાં અમારા રાજાએ મોકલી છે, એટલે અમારે તો તમારો હુકમ ઉઠાવવાનો, પછી જે હુકમ હોય તે. અમે ખુશીથી એને નૃત્યકળા શીખવીશું.'

**અપરાજિત-અનંતવીર્યની સાત્ત્વિકતા કેવી ?**

પત્યું. રાજપુત્રી કનકશ્રીને આ નૃત્યકળા શીખવે છે, પણ એમાં અપરાજિત અને અનંતવીર્ય સાત્ત્વિક છે, એટલે ભલે એકાંતમાં કુમારીને નૃત્યકળા શીખવતાં કશી મોહની ચેષ્ટા નહિ, માત્ર કળા શીખવવાની વાત, એટલે એટલું જ કામ. એના શરીરે આંગળી પણ અડાડવાની વાત નહિ. નહિતર પેલી તો વિશ્વાસમાં છે કે આ બે ખરેખર સ્ત્રીઓ જ છે, એટલે પછી એને જો અડે કરે, તો એમાં પેલીને કશું અજુગતું લાગે એવું નથી, યા વહેમ પડે એવું નથી કે 'આ કેમ મને અડ અડ કરે છે ? શું આ મોહથી અડે છે, કે કળાના હાવભાવ શીખવવા અડે છે ?' ના, સ્ત્રી તરીકે દેખાતી હોવાથી એના અડવામાં કશી શંકા પડે એવું નથી.

તો પછી એકાંત મળવા છતાં અને નૃત્યકળા શીખવવાનું વાતાવરણ હોવા છતાં, નટીઓના વેશમાં રહેલા અપરાજિત અને અનંતવીર્યે કેમ મોહની ચેષ્ટા કરવાનું નહિ કર્યું હોય ?

**એકાંત છતાં કેમ મોહ-ચેષ્ટા નહિ ?**

કહો, એ બંને સાત્ત્વિક હતા, સત્ત્વશાળી હતા, એટલે કર્તવ્ય-પાલનમાં ખોટી ઘાલમેલ ન કરે. એ તે જે સત્ત્વહીન હોય, એકલા તામસભાવમાં રાચતા હોય, એ લાઇન બહાર અને મર્યાદા બહારની ને અનીતિ-અન્યાયની પ્રવૃત્તિ કરે. આપણું સત્ત્વ માપવા જેવું છે કે સત્ત્વ કેટલું છે ? લાલચ-પ્રલોભન આવે ત્યાં લલચાઇ જઇએ ખરા ? કે આપણા માર્ગમાં સ્થિર રહીએ ? સંસાર છે એટલે પ્રલોભનો તો સામે આવે, એમાં જો બધે લહેવાઇ જ જવાનું હોય તો સન્માર્ગ, સદાચાર, સદ્વિચાર, અને સદ્બુદ્ધિને જાળવવાની વાત ક્યાં રહે ? એને દેશવટો જ દેવાઇ જાય.

**દુન્યવી લાલચો ભયંકર છે, એ સન્માર્ગ, સદ્આચાર ને સદ્વિચાર તથા સદ્ગુણ અને સદ્બુદ્ધિને બગાડી નાખે.**

**માનવ જીવનનું ઇસેન્સ આ સન્માર્ગ વગેરે છે.**

જીવન જીવતાં એ જેટલું બને એટલું વધુ પ્રમાણમાં કમાઇ લેવા જેવું છે.





તો જ જીવન સફળ ગણાય. સન્માર્ગગમન આદિની જો પરવા નથી, ગરજ નથી, અપેક્ષા નથી, તો નર્યું ઢોરનું જીવન ગણાય. ઢોર જીવન જીવે છે એમાં ક્યાં એને આ લક્ષ છે કે 'હું સન્માર્ગ ન ગુમાવું, સદ્આચાર ન ચૂકું, સદ્વિચાર ન મૂકું, સદ્ગુણ કેળવતું રહું, સદ્બુદ્ધિ અખંડિત રાખું ?' છે એને આનું કશું લક્ષ ? કશો ખ્યાલ ? ના, કેમકે ભલે એ અંતે પંચેન્દ્રિય પ્રાણી છે, પરંતુ બિચારા પાસે આ સમજવા જ્ઞાનાવરણ કર્મનો એટલો ક્ષયોપશમ નથી, એટલો વિવેક નથી. ત્યારે-

**માણસ પાસે એવો સમજવા જેટલો ક્ષયોપશમ છતાં એને જો સન્માર્ગ ગમનાદિ કમાવાનું લક્ષ જ ન હોય, તો શું એ ઢોર જેવો નથી ?**

આટલું જો મન પર લેવાય તો જીવન સુધારવાની ધગશ જાગે. આજનું શિક્ષણ નવી નાની પ્રજાને આ મન પર લાવવા કશું શીખવતું નથી, અને આજનું અર્થ-કામ પ્રધાન વાતાવરણ એટલે કે પૈસા અને સુખ સન્માનને મુખ્ય કરનારું વાતાવરણ મોટાને ય આ મન પર આવવા દેતું નથી. એટલે નાનો ને મોટો બંનેય વર્ગ સન્માર્ગ સદ્આચાર-સદ્બુદ્ધિ વગેરેની પકડ વિનાનો બની ગયેલ છે. આર્ય જીવન અને સન્માર્ગ આદિનો આગ્રહ નહિ. પરવા નહિ, ગરજ નહિ, એ આશ્ચર્ય નથી ? એ દુઃખદ નથી ? એ ઢોરનું જીવન નથી ?

પેલા અપરાજિત અને અનંતવીર્ય સન્માર્ગ આદિના આગ્રહવાળા છે, તેથી જ સત્ત્વશીલ છે, એટલે કનકશ્રી રાજકુમારીને નૃત્ય શીખવતાં, એકાંત છે છતાં, કશી ખોટી ચેષ્ટા કરતા નથી. સત્ત્વહીનનું આ સંયમનું ગજું નહિ.

ધોળે દહાડે જાહેરમાં પણ પરસ્ત્રી સામે નજરો નાખે, ખોટું અથડાઇને સ્પર્શ મળતો હોય તો તે પણ લેવા ન ચૂકે, ને આજે ટેસથી સિનેમા-ટી.વી. જોવાય છે એ શું છે ? ડોળા ફાડીને પરસ્ત્રીઓ અને એના બીભત્સ ખેલ જ જોવાના ને ? કેમ એ જોવાનું છૂટતું નથી ? કહો, સત્ત્વહીનતા છે, એને એની પાછળ સન્માર્ગ સદ્આચાર-વિચાર-સદ્બુદ્ધિ ને સદ્ગુણની ગરજ નથી. એ તત્ત્વ કામ કરી રહ્યું છે. જૈન શાસન સાથે મળેલા આ અતિદુર્લભ આર્યમાનવ અવતારે આ કેવી દુર્દશા ! કેવી મોહવિટંબણા ! અસ્તુ.

**અપરાજિતનો ન્યાયી દાવ**

અપરાજિત એક કામ કરે છે, નૃત્ય શીખવવાની વચમાં વચમાં અનંતવીર્યનાં ગુણગાન કરે છે કે 'અહો ! અમારો રાજા અનંતવીર્ય કેવો રૂપવાન ! કેવો પરાક્રમી

! કેવો ગુણગણનો ભંડાર !' કોઇવાર એનાં પરાક્રમનાં, તો કોઇ વાર એના સદ્‌ગુણોના, વળી કોઇ વાર એની તેજસ્વી બુદ્ધિનાં વર્ણન કરે છે, તો કોઇ વાર એના સચોટ દાખલા રૂપે પ્રસંગો વર્ણવે છે. પાછું નૃત્યકળાનું શિક્ષણ તો માર્મિક આપે જ છે એટલે એ શિક્ષણથી આકર્ષિત બનેલ કનકશ્રીને અનંતવીર્યનાં ગુણગાન અપ્રાસંગિક નથી લાગતાં.

પરિણામ ? કનકશ્રીને નૃત્યકળાનું માર્મિક શિક્ષણ મળતાં મનને એમ થાય છે કે 'વાહ ! શું નટીઓની કુશળતા છે ! મારા પિતાના આટલા મોટા રાજ્યમાં આવું જ્ઞાન પણ ધરાવનાર કોઇ ન મળ્યું, પછી આવું શિક્ષણ આપનાર તો મળે જ ક્યાંથી ? આવી કુશળતાવાળી નટીઓ જ્યારે અનંતવીર્ય રાજાની આવી આવી વાત કરે છે, ત્યારે એ પણ જરૂર સાચી જ હોય. તો અહો ! કેવાક રૂપાળા એ હશે ! પણ હાય ! મારા નસીબમાં આવો પુરુષ જોવા ય નહિ મળવાનો ?'

એક વસ્તુનો વિશ્વાસ બીજી વસ્તુના વિશ્વાસને કેવો તાણી લાવે છે ! પત્નીને પતિના પ્રેમ પર વિશ્વાસ બેઠા પછી પતિની બીજી કેટલીય વાતો પર વિશ્વાસ બેસી જાય છે ને ? આજે છોકરા-છોકરીને ખાનગી ટ્યૂશનમાં માસ્તરના પનારે પાડો છો, પણ તમને ક્યાં ખબર છે કે આ માસ્તર સ્કૂલ-કોલેજનું શીખવવા ઉપરાંત બીજું કેટલુંય શીખવે છે ? ને છોકરા-છોકરી ભલેને તમારા સંસ્કારવાળા પણ એ માસ્તરના કુશળ શિક્ષણથી આકર્ષાઇ એના વિશ્વાસે માસ્તરની બીજી વાતો પર વિશ્વાસ મૂકી દે છે, ને એમ એ તો જો તમે રોજ ને રોજ હાજરી લેતા હો કે 'માસ્તરે શું શું શીખવ્યું, ને બીજી શી શી વાત કરી,' તો તમને ખ્યાલ આવે કે 'એના કૂણા મગજમાં કેવાં કાતિલ ઝેર પીરસાયાં છે !' ને તમે ચોંકી ઉઠો. એક છોકરો અમને કહેતો હતો કે 'સ્કૂલમાં માસ્તરાણી અમને સિનેમાની વાર્તા કહે છે. પછી કહે છે કે આ પિકચર ખાસ જોવા જેવું છે.'

આના પરથી વિચારો કે આજે જેને કેળવણી કહો છો એમાં શાની કેળવણી મળી રહી છે ? આને તમે રોકી શકવાના નથી, અને છોકરાને નિશાળે મોકલ્યા વિના રહેવાના નથી, પણ આની સામે ઉપાય આ જ છે કે ઘરે રોજ રાતે કુટુંબને ધર્મનું વાંચી સંભળાવો. છોકરા છોકરીની હાજરી લેતા રહો, એને મળેલા ખોટા શ્રવણનાં પરિમાર્જન કરતા રહો.

**મોહનું વધુ સાંભળતાં આકર્ષણ વધે એવું ભગવાનનું ?**





અપરાજિત અનંતવીર્યના ગુણ ગાય કે, નૃત્યકળા શીખવવાની વચમાં વચમાં 'શું અનંતવીર્ય મહારાજનું રૂપ ! શું એમનું પરાક્રમ ! કેવા એમના ગુણો ! કેવી એમની કળા કુશળતા !' વગેરે વગેરે કહેતો જાય છે, ને એનું વર્ણન કરતો જાય છે. આ સાંભળતાં સાંભળતાં યુવાનીમાં આવી ચૂકેલી રાજપુત્રી કનકશ્રીના દિલમાં અનંતવીર્યનું આકર્ષણ વધતું જાય છે. તે વધતાં વધતાં, હવે તો વાસના-વિવશ થવા લાગી. અનાદિના મોહના સંસ્કાર છે, અને એ સંસ્કારોને જગાડનારા નિમિત્તો સેવાય, પછી કેમ વાસના-વિવશતા ન આવે ? એ સૂચવે છે કે-

**વાસના વિવશ ન થવું હોય તો વાસનોત્તેજક નિમિત્તોથી દૂર રહો.**

વિચારવા જેવું છે કે જેવી રીતે અનંતવીર્યના ગુણોનું વર્ણન વારંવાર સાંભળવા મળતાં કનકશ્રીના દિલમાં અનંતવીર્ય પ્રત્યે આકર્ષણ વધતું ચાલ્યું, એમ આપણને તીર્થંકર અરિહંત ભગવાનના દા.ત. મહાવીર ભગવાનના ગુણોનું વર્ણન વારંવાર વરસોવરસ સાંભળવા મળતાં એમના પ્રત્યેનું આકર્ષણ વધતું ચાલે છે ખરું ? પૂછશો

**ભગવાનનું આકર્ષણ વધતું ચાલે એટલે શું કરવું પડે ?**

ઉત્તરમાં, આ કરવું પડે કે-જેમ કનકશ્રી અનંતવીર્યનું બહુ સાંભળ્યા પછી હવે રાતદિવસ એની આંતરિક નજર સામે અનંતવીર્ય જ આવ્યા કરે છે, ને એના મનને થયા કરે છે કે 'આહાહા ! કેવા અનંતવીર્ય ! શું એનું પરાક્રમ ! કેવા એના ગુણ ! શું એનું રૂપ !' અને આ વારંવાર મનમાં આવતાં બહાર બીજું બધું ખાવા પીવા-પહેરવા-ભોગવવા વગેરેનું સામે આવવા છતાં એ કશું ધ્યાનમાં નથી આવતું, ને માત્ર એક અનંતવીર્ય જ ધ્યાનમાં આવ્યા કરે છે, એને જ દેખ્યા કરે છે, એમ આપણે આ કરવું પડે કે ભગવાનનું બહુ સાંભળ્યા પછી મહાવીર ભગવાન જ નજર સામે આવ્યા કરે. તે પણ બીજું બધું યાને સારાં સારાં ખાનપાન, વસ્ત્ર તથા ભોગ્ય વિષયો ધ્યાન પર ન આવતાં વારંવાર પ્રભુ જ પ્રભુ ધ્યાન પર આવ્યા કરતા હોય એવું કરવું પડે. તો જ આપણને પ્રભુનું આકર્ષણ જામી પડ્યું મનાય.

**પ્રભુનું ભારે આકર્ષણ એ, કે બીજી ક્રિયામાં છતાં નજર સામે પ્રભુ રમ્યા કરે.**

આવું આકર્ષણ જામ્યા પછી કાંઇ બધી ખાવાપીવા વગેરેની ક્રિયા બંધ જ કરવી પડે એવું નથી. શું કનકશ્રી ખાતીપીતી નહિ હોય ? સારાં સારાં કપડાં દાગીના

પહેરવાની ને બીજાં વાહન-શયન વગેરે વિષયો ભોગવવાની ક્રિયા નહિ કરતી હોય ? બધુંય કરતી હશે, પરંતુ એ વિષયોમાં ખાસ ધ્યાન નહિ, ધ્યાન માત્ર અનંતવીર્યનું. ખાતાં ય એ, ને પીતાં ય એ, પહેરતાં ય એ, ને શણગાર સજતાં ય એ. એમ જોવાનું છે કે આપણને ખાતાં ય મહાવીર ભગવાન, અને પીતાંય મહાવીર ભગવાન. તેમ વાહન-શયન વગેરે બીજા વિષયો ભોગવતાં ય મહાવીર પ્રભુ જ નજર સામે રમ્યા કરે છે ને ?

**દર્શન પછી ચોવીસ કલાકે ભગવાન યાદ કરવાના ?**

**પ્રભુનું આ આકર્ષણ આપણા દિલમાં જામ્યું છે ?**

ના, સારું જમવા બેઠા ત્યાં એકેક ચીજના એકેએક કોળિયા પર બરાબર ધ્યાન હોય છે. ત્યાં મહાવીર પ્રભુ ક્યાં ધ્યાનમાં જ આવે છે ? ધંધો-વેપાર સારો ચાલતો હોય તો ત્યાં મન એમાં એવું ઓતપ્રોત થાય છે કે મનના કોઇક ખૂણામાં ય મહાવીર ભગવાન ફરકતા નથી !

કહો ને, આજે પ્રભુના મંદિરે દર્શન કરીને નીકળ્યા પછી આવજો-આવતી કાલે દર્શન કરવા જઇએ ત્યારે જ પ્રભુને ધ્યાનમાં લાવવાના હોય છે, વચગાળે ૨૩।। કલાક પ્રભુ કશા યાદ જ આવતા નથી ! કેવી કંગાળ ને પામર દશા !!

શું છે આ ? દિલમાં આકર્ષણ જગતની મોહક વસ્તુનાં, એવું પ્રભુનું આકર્ષણ નહિ ! ખરી રીતે તો કશુંક સારું જોવાનું આવ્યું કે 'આ હું જો ધર્મી જીવ હોઉં તો મારાથી આ જોવાય કે ન જોવાય, એનો કશો વિચાર નહિ ? ને ઝટ ધ્યાન એના તરફ ? ને આંખ જોવામાં લટ્ટુ ?' એમ મનને ખટકો થાય, અયોગ્ય જોવામાંથી આંખ ખસેડી લેવાય.

**સુલસાને મહાવીર ભગવાન નજર સામે કેવા ?**

જાણો છો સુલસાને ? અંબડ પરિવ્રાજકે વિદ્યાના બળે બ્રહ્માનું રૂપ કરી આકાશમાંથી જીવંત બ્રહ્માને ઉતાર્યા ! લોકો ચમત્કાર પામી એ જોવા નગર બહાર દોડ્યા. સુલસાને કાનેય આ વાત આવી, કદાચ, પાડોશણો એને બોલાવવા ય આવી હશે, 'અલી બાઇ ! હાલ હાલ, સાક્ષાત્ બ્રહ્માજી નીચે ઉતર્યા છે, ચાલ જોવા,' પરંતુ સુલસા નથી જતી. એને કશો વિચારે ય નથી આવતો કે બ્રહ્માજી સાક્ષાત્ જોવા મળે, કેવાક હશે એ ? ના એનો કશો વિચાર જ નહિ, કારણ ? કારણ આ જ કે એની નજર સામે ત્રિભુવન ગુરુ મહાવીર ભગવાન જ રમ્યા કરતા હતા, એના





મનને થયા કરતું 'કેવા મારા મહાવીર ભગવાન ! શું એમનાં આત્મ-પરાક્રમ ! કેવી એમની ઘોર તપસ્યા ! કેવા એમના ક્ષમા-કરુણાદિ ગુણો !' બસ, આ જ લત, ને આ જ ધૂન. ત્યાં શું બ્રહ્મા ? કે શા ખાનપાનાદિ વિષયો ? કશું જ ધ્યાનમાં નહિ. ત્યારે

સુલસાને તીર્થંકર-નામકર્મનું પુણ્ય એમ જ ઊભું થયું હશે ? ના, અરિહંત પદની જોરદાર ઉપાસના પર એ ઊભું થયેલું. શી જોરદાર ઉપાસના ? આ જ કે અરિહંત જ નજર સામે રમ્યા કરતા. બસ, અરિહંતની જ લત, એમની જ ધૂન, તીર્થંકરપણાનું પુણ્ય વીસ સ્થાનકની આરાધનાથી બંધાય છે, પછી વીસે વીસ સ્થાનક આરાધાય કે ઓછા આરાધાય, યા એક પણ સ્થાનકની આરાધના કરાય, તોય તીર્થંકર નામ કર્મ બંધાય છે, પરંતુ આરાધના, ઉપાસના જોરદાર જોઇએ, એ આરાધના જોરદાર શી રીતે થાય ? કહો-

**વીસસ્થાનકની જોરદાર આરાધના માટે એ જ નજર સામે રમ્યા કરે, એની જ લત અને એની જ ધૂન લાગવી જોઇએ. રસ દિલ અને લેખા એ સ્થાનકના મંડાઇ જાય.**

**વીસ સ્થાનકની આરાધના ધંધાની આરાધના જેવી થઇ જાય.**

પૈસાના લોભીને શું થાય છે ? ધંધાની સીઝનમાં ધંધાવાળાને એની જ લત અને એની જ ધૂન એવી લાગે છે કે એ ખાનપાન વગેરે રોજિંદી કરણી કરે છે ખરો, પણ એના મનમાં ધંધો જ ધંધો રમ્યા કરે છે. કેટલાયની સાથે ધંધા માટે વાતોચીતો કરે છે, ધંધા અંગે અનેક જાતની પ્રવૃત્તિ કરે છે.

બીજી કરણીમાં એને એવો રસ નથી, એવું દિલ નથી, એવા એના હિસાબ લેખા નથી. રસ દિલ અને લેખા ધંધાના જ હોય છે. ધંધા વખતે ખાનપાન વગેરે કશું યાદ નહિ કરે, કશાના વિચારો મનમાં નહિ લાવે, કશામાં મન નહિ લઇ જાય, પણ એ ખાનપાન આદિ બીજું કશું કરતી વખતે ય મન એમાં નહિ પણ ધંધામાં, વિચારો ખાનપાનાદિના નહિ, કિંતુ ધંધાના વિચારો કર્યા કરશે, એનું નામ ધંધાની ધૂન, ધંધાની લત.

**આરાધના કામીના જેવી :-**

એમ નવા પરણેલા કામી માણસને સ્ત્રીની જ લત અને સ્ત્રીની જ ધૂન લાગે છે. એની ય દશા એવી કે વેપાર-નોકરી વગેરે કામો કરતી વખતે પણ વિચાર

સ્ત્રીના આવ્યા કરે છે. એ એને સર્વસ્વ લાગે છે. એને કેમ ખુશી કરું ! એનો પ્રેમ કેમ વધારે મળે ! એના માટે સારાં સારાં વસ્ત્ર-દાગીના ચીજ-વસ્તુ શી શી લાવું ! બીજી એની સેવા શી શી કરું !'...વગેરે વગેરેના વિચાર કર્યા કરે છે. વિચાર પ્રમાણે શક્ય પ્રવૃત્તિ કરતો રહે છે. નજર સામે એનું શરીર, એનું મુખ, વગેરે આવ્યા કરે છે. આનું નામ કામીને સ્ત્રીની જ લત અને સ્ત્રીની જ ધૂન.

**જેવી અર્થ અને કામના લોભીને અર્થ અને કામની લત અને ધૂન ભારે તથા જોરદાર આરાધના હોય છે, એવી વીસે સ્થાનક અથવા એક યા અનેક સ્થાનકની લત અને ધૂનવાળી આરાધના થાય, એ જોરદાર આરાધના બને.**

### અરિહંતપદની જોરદાર આરાધનામાં શું શું કરવાનું ?

દા.ત. વીસસ્થાનકમાં પહેલું સ્થાનક અરિહંતપદ છે, તો અરિહંતપદની જોરદાર આરાધના કરવા માટે અરિહંતની લત ને અરિહંતની જ ધૂન લગાડવી જોઇએ. માટે જેમ પેલા કામીને સ્ત્રી એ સર્વસ્વ લાગે એમ એવું મન બનાવવું જોઇએ કે અરિહંત એ સર્વસ્વ લાગે. પેલાને 'સ્ત્રીનાં કેવાં કેવાં સૌન્દર્ય, કેવા કેવા ગુણ, એ કેવી સેવા આપે, કેવાં સુખ આપે...' વગેરે મનમાં આવ્યા કરે, સાથે 'એની શી શી સેવા કરું !' એના વિચાર આવ્યા કરે, એમ અહીં મનને થયા કરે કે 'મારા અરિહંતની કેવી વીતરાગ મુદ્રા ! કેવું એમનું પ્રશાંત મુખ ! કેવાં એમનાં નિર્વિકાર ચક્ષુ ! મારા અરિહંતમાં કેવા કેવા અનુપમ ગુણ ! કેવી કેવી એમની જબરદસ્ત અહિંસા, સંયમ, તપની જોરદાર સાધના ! કેવી એમની ધર્મશ્રદ્ધા ! કેવા એમના ક્ષમાદિ ગુણો ! કેવા એમના મૈત્રી આદિ ભાવો ! વળી કેવા એમના અષ્ટ પ્રાતિહાર્ય સહિત ચોત્રીસ અતિશયો ! તેમ જ જગત ઉપર કેવા એમના અદ્ભુત ઉપકાર !' વગેરે વગેરે મનમાં લાવ્યા કરવાના.

એ પ્રમાણે અહીં 'અરિહંતની કેવી કેવી ભક્તિ કરું ! કેવા કેવા એમના સત્કાર-સન્માન કરું !' એ મનમાં લાવ્યા કરવાનું. લાવ્યા કરવાનું એટલું જ નહિ, પણ બધી શક્તિ ખરચીને એ સેવા ભક્તિ, સત્કાર, સન્માન, બજાવ્યા કરવાનાં. એમાં શક્ય બીજાઓને પણ અરિહંતની ભક્તિ કરતા બનાવાય. એમ, જેમ પેલો કામી માણસ સ્ત્રીના ગુણ ગાય, એની પ્રશંસા કરે, એ પ્રમાણે અહીં અરિહંતના ગુણ ગાયા કરવાના, મંદિરમાં તો ખરા જ, પરંતુ આમે ય સમય મળે ત્યારે ત્યારે પણ ગાવાના, તેમ જ રાતના અરિહંતના ગુણ અંતરમાં વિચાર્યા કરવાના, ને બહારમાં અરિહંતની પ્રશંસા કરતા રહેવાનું.





### અરિહંતની ખરી ધૂન એ કે ફળ તરીકે ભક્તિની જ કામના :-

પાછું કામીને સ્ત્રીની ભરપૂર સેવા-ઉપાસના કરીને શું જોઇએ છે ? સ્ત્રી પોતાની સેવા કરે એ નહિ પણ સ્ત્રીનો પ્રેમ જોઇએ છે. એમ અરિહંતની સેવા-ભક્તિ-આરાધના કરીને શું જોઇએ છે ? તો કે બદલામાં અરિહંત મને પૈસાટકા-રાજ્યપાટ આદિ આપે એ નહિ, પણ અરિહંતની તેથીય વિશેષ ભક્તિ થાય, અરિહંતનું જ શરણ મળે, ભવોભવ અરિહંત અને એમની સેવા મળે, એ જ મનઃકામના રાખવાની. આનું નામ અરિહંતની ખરી ધૂન, ખરી લગન લાગી કહેવાય.

દેવપાલે શું કરેલું ? જાણો છો ને, પેલા ઢોર ચારનારા નોકરે, દેવપાલે અરિહંત ભગવાનની જોરદાર આરાધના ઉપાડી, તો એના પર ચક્રેશ્વરી દેવી તુષ્ટમાન થતાં અને 'ભક્તિના બદલામાં માગ, માગે તે આપું' એમ વરદાન આપતાં, દેવપાલે શું માગ્યું ? હાથી-ઘોડા, રાજપાટ, હીરા-માણેક નહિ પણ અરિહંતની ભક્તિ જ માગી. કેમકે એને અરિહંતની જ ધૂન અને અરિહંતની જ લગન લાગી હતી, પૈસાદિની લગન નહિ. રાજકન્યા અને રાજ્ય મળ્યું તે પણ માગીને નહિ પણ પોતાના પુણ્યથી મળ્યું, તો ય મનને એની ય કશી મહત્તા નથી. તેથી રાજ્યપાટ સંભાળવાનું જૂના શેઠને મહાઅમાત્ય બનાવી એમને સોપ્યું, અને પોતે તો અરિહંતની વિશેષ વિશેષ ઉપાસનામાં લાગ્યો રહ્યો. સહેલું કામ છે આ ? જરા પૈસા વધી જાય, ૫૦૦ રુ.માંથી ૧૫૦૦-૨૦૦૦નો પગાર થઇ જાય, ક્લાર્કમાંથી ઓફિસર બની જાય, મનનો પારો ક્યાં જાય છે ? જીવનની રહેણી કરણી કેવી પલટાઇ જાય છે ! ધંધામાં પચીસ પચાસ હજાર કમાઇ પડ્યા તો મન કેવું એમાં એકાકાર અને નવા નવા મનોરથવાળું બની જાય છે ! ત્યારે અહીં નોકરપણામાંથી સીધું રાજા બનવાનું મળ્યું, ને રાજકન્યા પરણવા મળી, છતાં દેવપાલના મનને એની કોઇ વિશેષતા નથી લાગતી ! ને અરિહંતની જ ઉપાસનામાં લાગ્યો રહે છે ! કારણ ? એને અરિહંતની જ લત, અરિહંતની જ લગન અને અરિહંતની જ ધૂન લાગી ગઇ હતી. આ વિના તીર્થંકરપણાનું પુણ્ય મળે ?

### રાજ્ય-રમણી નવાં જ મળ્યાં છતાં કેમ એનો મોહ નહિ ?

નોકરપણામાંથી મોટું રાજ્ય અને રમણી મળ્યાં છે ! તો રાજ્ય-સત્તા ચલાવવાની લહેર માણવાનું મન ન થાય ? મનગમતી રમણીના આનંદ-વિલાસ-પ્રેમગોષ્ઠી કશું કરવાનું મન ન થાય ? શું એ બ્રહ્મચારી છે ? શું અહીં પરસ્ત્રી સાથે પ્રેમ-ગોષ્ઠી કરવાની છે ? ના, તો કેમ આ કશું મન નહિ ? એટલા જ માટે, કે 'આ

વિરાટ ભવાટવીમાં લેભાગુ સગાસ્નેહી અનંતા મળ્યા ને એમની સેવાઓ કરી, પરંતુ અરિહંત ભગવાન ક્યાં મળ્યા છે ? તે જો અહીં મળ્યા છે, તો લાવ, એમનામાં ને એમની સેવા-ઉપાસના-આરાધનામાં લયલીન થઇ જાઉં,' આ વિવેક દેવપાલને જાગ્યો છે, એની ગરજ, પરવા ને ધગશ જાગી છે. પછી એના જ ઉદ્યમ હોય ને ?

**કિંમતી મળેલી પુરુષાર્થ શક્તિ અરિહંતની સેવા-ઉપાસના-આરાધનામાં જ લગાવાય ને ?**

**પતિને સમાધિ આપવાનું અરિહંત સેવામાં ?**

સુલસાને પુત્ર નહોતો, પતિને એનું દુઃખ લાગતું હતું. સુલસા કહે 'બીજી પરણી લો,' તો પતિ કહે, 'આ જનમમાં તારા જેવી ગુણિયલ સ્ત્રી મળ્યા પછી બીજી સ્ત્રી કરવી હરામ છે.' પછી સુલસા પુત્રમોહ છોડવા ઉપદેશ આપે છે, કહે છે, 'પુત્રથી શું કલ્યાણ છે ? બ્રહ્મદત્તને હજારો પુત્ર છતાં એ સાતમી નરકે ગયો.'...વગેરે ઉપદેશ દેવા છતાં પતિને અસમાધિ ટલતી નથી. અરિહંતની ભક્તા સુલસા આ વિચારે છે કે 'પતિને પુત્ર નિમિત્તે અસમાધિ. એટલે અસમાધિમાં હું પણ નિમિત્ત છું. તો મારા અરિહંત મહાવીર પ્રભુ કહે છે કે બીજા જીવને આપણા નિમિત્તે અસમાધિ થતી હોય તો આપણે ધર્મ માર્ગમાં રહીને એ ટાળવી જોઇએ. તો લાવ, હું પ્રભુનો ધર્મ વધારું. ધર્મથી બધું સિદ્ધ થાય છે. ધર્મ જ સાચું શરણ છે' એમ સુલસાને અંતરમાં અરિહંતની માયા છે, લગન છે, એથી એણે અરિહંતે કહેલ ધર્મ વિકસાવ્યો.

**ધર્મની વિવિધ સાધનાઓ દ્વારા અરિહંતની માયા અને પ્રેમને સક્રિય કરી શકાય.**

**પ્રેમ પાછળ કશું કરવું નથી તો પ્રેમ શો ?**

સુલસાએ પતિને સમાધિ થાય એ નિમિત્ત પામી આ કર્યું. વાતેય સાચી, માતાને પુત્ર પર પ્રેમ છે. તો એ પ્રેમ એની અનેક પ્રકારની સંભાળની ક્રિયાથી સક્રિય બને છે, એમ ભગવાન પર આપણો પ્રેમ ભગવાને કરેલ ધર્મ-સુકૃત-સદ્‌ગુણની વિવિધ ક્રિયાઓથી સક્રિય થાય, ચરિતાર્થ થાય. પ્રેમ પાછળ એ કશું કરવું જ ન હોય તો અરિહંત પર પ્રેમ શો ?

**શાલિભદ્રને કેવી રીતે અરિહંત ધૂન ?**

વૈભવી શાલિભદ્રે અરિહંતશ્રી મહાવીર પ્રભુના પ્રેમ ખાતર નિત્ય નવી





ઊતરતી દેવતાઇ નવાણું પેટી ! વૈભવને અને બત્રીસ દેવાંગનાશી રમણીઓના વિલાસને તિલાંજલી આપી દીધી, ચારિત્ર માર્ગ અપનાવ્યો. એ અપનાવ્યા પછી પણ મારા વહાલા પ્રભુએ ઘોર તપસ્યાઓ કરી ૧૨।। વર્ષમાં ૧૧।। વર્ષ જેટલા ઉપવાસ કર્યા, તો હું એમનો ભક્ત. મારે ય એ જ કરાય', એમ, પ્રભુના પ્રેમમાં ઘોર આકરી તપસ્યાઓ કરી તન તોડી નાખ્યું, અને અરિહંતે કહેલ એકમાત્ર સાધુચર્યા તથા સૂત્ર- અર્થના ચિંતન દ્વારા મન પણ મોડી નાંખ્યું ! એનું નામ અરિહંતની ધૂન અને અરિહંતની લગન.

**વીસ સ્થાનકની આરાધના કરવી છે ?**

તો તે તે સ્થાનકની ધૂન અને લગન ઊભી કરવી જોઇએ. એ લગન ઊભી કર્યા પછી એના નિમિત્તે માત્ર એક ઉપવાસ કરી લઇને અને માળા ગણી લઇને, સંતોષ ન મનાય, પણ તે તે પદ એ જીવનનું કેન્દ્ર બની જાય. જીવન પદની અનેકવિધ આરાધનામય બની જાય અનેકાનેક રીતે એની ઉપાસના-આરાધનાની ક્રિયાઓ એ જ મુખ્ય જીવન બની જાય. એમ કરતાં કરતાં માત્ર એક પદની પણ આરાધનાથી જીવો અરિહંત બન્યા છે, અને બનવાના છે. મૂળ વાત આ, કે એની જ લત, એની જ લગન, અને એની જ ધૂન લાગી જવી જોઇએ. જેની આરાધના કરવી છે એની જ લત, લગન અને ધૂન હોવી જોઉએ.

'પેલી રાજપુત્રી કનકશ્રીને અનંતવીર્યનું બહુ સાંભળતાં એની જ લત અને એની જ ધૂન લાગી ગઇ છે' આ વસ્તુ પર આ વિચારણા હતી કે 'આપણને મહાવીર પ્રભુનું બહુ સાંભળવાનું મળતાં આપણને મહાવીર ભગવાનની ધૂન અને લગન લાગી છે ?

**નટી કનકશ્રીને આશા આપે છે**

કનકશ્રી તો બિચારી અનંતવીર્યની હવે જામેલી લગનમાં સોસાઇ રહી છે, તે એના મુખ પર તેવી ગ્લાનિ અને ઉદાસતા જોઇ કનકશ્રીને અપરાજિત-નટી પૂછે છે 'કેમ તને કાંઇ અનંતવીર્યને જોવાનું મન થાય છે ?'

કનકશ્રી કહે 'ઇચ્છા તો ઘણી ય થાય, પરંતુ એ મહાન પુરુષ મને જોવા મળે, અરેરે ! એવું મારું ભાગ્ય ક્યાં છે ? કેમકે એ દૂર દેશમાં રહેલા છે. હું તો માનું છું કે તે દેશ, તે નગર અને તે પ્રજાને ધન્ય છે, કે જેને આવો મહાગુણ સંપન્ન સ્વામી જોવા મળ્યો છે. હું મંદભાગિની, તે મને એ શું જોવા મળે !' એમ નિસાસો

નાખે છે.

નટી કહે 'ઓહો ! એમાં શું છે ? નિરાશ ન થા, અમે એમની સાથે ને સાથે રહેનારી અને એમની સેવા કરનારી ને એમને પ્રિય, તે વિદ્યા-શક્તિથી એમને અહીં હાજર કરી શકીએ છીએ.'

કનકશ્રીને આ સાંભળતાં પારાવાર આનંદ થાય છે કે 'વાહ ! ત્યારે અનંતવીર્યનું દર્શન મળે એવું છે ? ભાગ્ય જાગ્યું મારું.' એના મનને થયું કે 'આવી અનુપમ નૃત્યકળામાં કુશળ અને અનંતવીર્યની નિરંતર તહેનાતમાં રહેનારી નટીને એવી વિદ્યાશક્તિ હોવાનો કોઇ અસંભવ નથી, તેમ જ અનંતવીર્યની ખૂબ જ પ્રેમપાત્ર આ, તેથી આના ખેંચાયે અનંતવીર્ય અહીં આવે એ પણ શક્ય છે, સંભવિત છે.' એટલે એ નટીઓને કહે છે-

'એમ ! તો તો પછી હવે ક્ષણનો વિલંબ ન કરો. હમણાં ને હમણાં જ એમને અહીં હાજર કરો કે જેથી આવા ગુણસંપન્ન અલૌકિક પુરુષને નજરે નિહાળી હું મારા નેત્ર અને હૃદયને પાવન કરું.'

### પ્રિયનાં દર્શનની જેમ અરિહંતના દર્શનની ઝૂરણા ખરી ?

અનંતવીર્યના ગુણના થોક સાંભળ્યા પછી એને નજરે નિહાળવાની કેવી લગન ! કેવી ઝૂરણા ! આપણને અરિહંતના ગુણના થોક સાંભળ્યા પછી અરિહંતને નજરે નિહાળવાની લગન અને ઝૂરણા જાગે છે ખરી ? એ વિચારજો.

અલબત્ત વર્તમાન કાળે હયાત પણ સીમંધર સ્વામી વગેરે વીસ અરિહંત ભગવાનમાંથી એક પણ અહીં પધારવાના નથી, પરંતુ આપણને એમને નજરે નિહાળવાની ઝંખના-ઝૂરણા છે ખરી ? જો હોય તો એ-આંતર નજરની સામે હર્ષોલ્લાસ સાથે વારે વારે આવ્યા કરવા જોઇએ, 'વાહ ! કેવા મજેના સીમંધર ભગવાન...!' અરિહંતનું વર્ણન તો સાંભળ્યું છે કે 'એ આવા અનુપમ સૌંદર્યવાળા ! તથા આવા આવા અષ્ટ પ્રાતિહાર્યવાળા ! અને આવા સમવસરણ પર બિરાજમાન થઇ ધર્મદેશના રેલાવનારા ! તેમ જ નવ સુવર્ણ કમળ પર પગલાં મૂકતાં, જઘન્યથી એક ક્રોડ દેવતા વગેરેના પરિવાર સાથે વિચરનારા !' આવું આવું વર્ણન તો સાંભળ્યું જ છે, ને ચિત્રમાં પણ એવા જોયા છે, તો હવે આંતર ચક્ષુથી કેમ એ ન નિહાળી શકાય ? કેમ વારેવારે મનની સામે એ નથી આવ્યા કરતા ? પરંતુ કહો, ઝૂરણા-ઝંખના-લગન જાગવી જોઇએ ને ?





### યોગ-સાધના વીતરાગ પ્રભુનું આંતરદર્શન ખૂબ જ કરવાનું માગે છે. પ્રભુનું આંતરદર્શન કેમ કરવું ?

કોઇપણ યોગ-સાધના કરવી હોય, તો પહેલું આ કરો, હૃદયની અંદર વીતરાગ અરિહંત ભગવાનને ખૂબ જોયા કરો. અરિહંત પ્રભુને જોવાના એટલે પ્રભુને રત્નમય ઝગારા મારતા સિંહાસન પર બિરાજમાન અને પ્રભુની બંને બાજુ સફેદ બાસ્તા જેવા ચામર વીંજાતા જોવાના. વળી પ્રભુના મુખને ચારે બાજુ તેજપુંજથી આવરતા ઝગમગ ભામંડળથી શોભતા જોવાના, તેમ જ માથે ત્રણ છત્રવાળા છે એમ અરિહંત પ્રભુને જોવાના. એમાંય પાછી આપણી નજર ખાસ કરીને અરિહંત પ્રભુનાં નેત્ર પર કેન્દ્રિત થાય, અને પ્રભુનાં નેત્રમાં વીતરાગતા અર્થાત્ નિર્વિકારતા-પ્રશાંતતા, અને ઉદાસીનતા જોવાની. પ્રભુની ચક્ષુ પ્રશમરસનિમગ્ન દેખાય. એ ચક્ષુમાં વીતરાગતા જોઇ જોઇ જાણે એનું પ્રતિબિંબ આપણા હૃદય પર પડે છે, એમ જોવાનું-ધારવાનું.

❀ ❀ ❀ ❀ ❀ ❀

### વીતરાગતાનું પ્રતિબિંબ ઝીલવાથી કામ ક્રોધાદિ મોળા પડે :-

આ ધારણા કરીએ એટલે આપણા કામક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર પર આપણને ગ્લાનિ ઉપજે. એના પર ઘૃણા થાય. મનને એમ થાય કે 'જો મારા અરિહંત ભગવાને આ કામ-ક્રોધ-લોભાદિને છોડી દીધા, અને પ્રભુ નિષ્કામ, ક્ષમાશીલ, અને નિર્લોભી બની ગયા, તો મારે કામ-ક્રોધાદિ કેમ રખાય ? કેમ મારે ય વીતરાગ ન બનવું ? હું પણ એવો બની શકું છું. સ્વરૂપથી હું ય વીતરાગ જ છું. પ્રભુએ એ કામ-ક્રોધાદિ છોડી દીધા તો પ્રભુને કશી ખોટ ન આવી, તો હું એ છોડી દઉં તો મારે શી ખોટ આવવાની હતી ? મને મારી અંદરની વીતરાગતા બહાર કાઢવા દે, એમ વીતરાગતાનું પ્રતિબિંબ ઝીલતાં ઝીલતાં આપણા કામ-ક્રોધાદિ મોળા પડતા આવે. હૃદયમાં વારેવારે પ્રભુનું આવું દર્શન, એટલે કે આંતરદર્શન આત્મા પર ઘણી અસર પાડે છે. એમાંથી પ્રભુને પ્રત્યક્ષ જોવાની ઝૂરણા ઝંખના ઊભી થાય છે.

પેલી કનકશ્રીને અનંતવીર્યને સાક્ષાત્ જોવાની ખૂબ જ ઝંખના અને સતેજ આતુરતા ઊભી થયેલી છે, તેથી નટીને કહે 'જો તમે એમને અહીં હાજર કરી શકતી હો તો હવે ક્ષણનોય વિલંબ ન કરો. એમને અહીં તરત જ હાજર કરો, અને મને અભાગિયણને એમનું પાવન દર્શન સોભાગિની બનાવે !

**નટીઓ મૂળ સ્વરૂપમાં :-**

અપરાજિત અને અનંતવીર્ય નટીના રૂપમાં છે, તે કનકશ્રીની ખૂબજ આતુરતા અને ઉત્કંઠા જોઇ તરત જ ત્યાં પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરે છે. અને અપરાજિત ઓળખ કરાવે છે કે 'આ મારા નાનાભાઇ રાજા અનંતવીર્ય'. બસ, અનંતવીર્યને આબેહૂબ જોઇ કનકશ્રી ક્યા ઊભી રહે ? સાંભળેલા વર્ણન કરતાં ય એને અધિક સુંદરતા વગેરે જોવા મળતાં જ એ તો રાજીની રેડ થઇ ગઇ. આંખો આશ્ચર્યથી ચમકારા મારવા લાગી કે 'હેં ? શું ત્યારે આ જગતમાં આવું અનુપમ રૂપ વિદ્યમાન છે ?'

**કનકશ્રીની પસંદગી અનંતવીર્ય પર :-**

કનકશ્રી અનંતવીર્યના રૂપ પર મુગ્ધ થઇ એટલું જ નહિ, પણ કુમારિકા છે ને ? તે જુએ છે કે પિતાએ ઘણાય મૂરતિયા જોવરાવ્યા, પણ કોઇ એવો યોગ્ય મળ્યો નથી, જ્યારે આમનામાં બધી વાતેય યોગ્યતા છે, તો આવો મુરતિયો બીજો કોણ મળનાર હતો ? ને આ હાજરાહજૂર છે. તેમજ અનેકાનેક પ્રકારની આમની વિશેષતાઓ સાંભળી છે, તો હવે આમને જ વરી લઉં. પિતાજીને વચમાં નાખું તો એ વળી નટીઓના રહસ્યને જાણીને ઊલટા ગુસ્સે થઇ જાય તો મારે તો હાથથી જાય. માટે જાતે જ પતાવી દઉં.'

રાજપુત્રી યુવાન છે, સાથે રૂપે ગુણે રુડો રંગીલો યુવાન નજર સામે છે. નજરે જોવા ન મળ્યો હોય અને માત્ર રૂપ ગુણ અને પરાક્રમ સાંભળવા મલ્યા હોય તોય કામ-વિહ્વળતા આવી જાય, તો પછી પ્રત્યક્ષ જોવા મળ્યે તો ઉન્માદનું પૂછવું જ શું ?

વિષયસંજ્ઞા અનંતા ભવો પોષી છે, એટલે એના સંસ્કાર ઝટ જાગી જાય છે.

અનંત અનંત કાળથી ચાલી આવતી આ વિષય સંજ્ઞાની વિટંબણા કેવી રીતે અટકે ? કેમ દબાય ? કેમ મોળી પડતી જાય ? મુશ્કેલ છે. જગતમાં વિજાતીયના સંયોગ તો મળતા જ રહેવાના, એટલે એમાં એ સંજ્ઞા એનું કામ કરતી રહેવાની, નિમિત્ત મળે તો એ જોરદાર કૂદવાની. માટે જ પહેલું કર્તવ્ય આ, કે-

**આત્માના ઉદ્ધારના અર્થીએ ઉન્માદનાં નિમિત્ત ટાળવાનાં :-**

જીવની આ પરિસ્થિતિ વિચારીને આત્માના ઉદ્ધારની લગન હોય એણે ખૂબ સચિંત બની જવા જેવું છે. વિષયસંજ્ઞાના પોષક નિમિત્ત ઉત્તેજક સંયોગોથી આઘા રહેવા જેવું છે. મન એમ માને કે 'ના, હું તો માત્ર જોઉં છું, મારે કાંઇ અસર નથી





લેવાની, હું તો માત્ર ખાલી ઊભો છું.' તો એ જોખમી છે દેવતા ને દારૂ ભેગા થાય તો ભડકો થયા વિના રહે ? વિષયસંજ્ઞા ને એનો ભડકો સળગાવનાર નિમિત્ત ભેગા થાય એટલે સંજ્ઞા ઉછળ્યા વિના રહેવાની ? સદાચારીએ પરસ્ત્રીનાં દર્શન વાતચીત-પરિચય તો ટાળવાનું જ છે પણ સ્વસ્ત્રીનાં બહુ રૂપદર્શન અને અંગોપાંગ સ્પર્શ પણ ટાળવાના છે. કેમકે એ નિમિત્ત ખોટાં કામોન્માદ જામતો રાખનારાં. માટે એથી આઘા રહેવાનું.

**કનકશ્રીની લજ્જા અને વ્યથા :-**

કનકશ્રી રાજપુત્રીને મનમાં અનંતવીર્યને વરવાનો મોહ તો જાગ્યો, પરંતુ જ્યાં અપરાજિતને અનંતવીર્યના મોટાભાઇ તરીકે ઓળખ્યા, એટલે શરમાઇ ગઇ, અને ઝટ માથેથી મોં પર ઘૂમટો તાણીને ઊભી રહી ! કેવી પૂર્વકાળની લાજ મર્યાદા ! ને કેવી આજની લજ્જાહીનતા ! સમ્રાટ રાજાની પુત્રી પણ લાજવાળી !

હવે કનકશ્રીના મનને વ્યથા છે કે 'સસરા જેવા અપરાજિતની હાજરીમાં અનંતવીર્યને દિલની વાત શી કરવી ? તેમજ, ઘૂમટામાં મોં ઢાંક્યું રાખીને ય વાત કેવી રીતે થાય ? કેમકે એમાં બોલતાં સામાને પોતાના મુખના ભાવ, તરવરાટ ને લાગણી વર્તાય નહિ.'

**કામનો આવેગ બેશરમ બનાવે છે :-**

પણ કામનો આવેગ જબરો છે, એ શરમ મુકાવી દે છે. તો જ જીવ બેશરમ બનીને કામની ચેષ્ટાઓ કરે છે ને ? જાહેર રસ્તા પર કે ધર્મસ્થાનમાં સુધ્ધાં પરસ્ત્રી પર દ્રષ્ટિ કેમ જાય છે ? કેમ બીજાઓની શરમ લાગતી નથી ? કહો, ત્યાં એક પ્રકારનો કામનો આવેગ માણસને બેશરમ બનાવે છે. આ હિસાબે સમજો કે સિનેમા જોનારાઓ એમાં પરસ્ત્રીને ડોળા ફાડીને જોતા હોય તે શરમવાળા ? કે બેશરમ ? માટે જો શરમ, લાજ, મર્યાદા, સાચવવી હોય તો કામના આવેગને દબાવવો જોઇએ, દા.ત. માનો કે કોઇને ત્યાં જમવા ગયા, જમણ સરસ છે, પણ લજ્જા-શરણ સાચવવા માટે સારું સારું ખાવાની લગનીના આવેગ પર કાબૂ મૂકવો પડે છે ને ? કેમ વારુ ? ભય છે કે આ આવેગ જો ન રોકીએ અને સામો મૂક્યે રાખે એટલું ઊંધું ઘાલીને ખાયે રાખીએ. અથવા માગી માગીને લઇ લઇ ખાધ્યે રાખીએ, તો બેશરમા ગણાઇએ. એટલે ત્યાં ખાવાની લગનીના આવેગ પર કાબૂ મુકાય છે. તો એવું જ કામના આવેગ પર, બેશરમ ન બનવા, અંકુશ કેમ ન મૂકવો ? કેમ આવેગ ન દબાવવો ?

**કામના આવેગ ન દબાવનારા પતિઓને પત્નીના ગુલામ થઇ રહેવું**

**પડે છે ! અરે ! સ્વેચ્છાએ ગુલામી વધાવી લે છે !**

**કનકશ્રીનું ઉદ્‌બોધન :-**

અહીં કનકશ્રીને શરમ તો નડે છે, પરંતુ મનમાન્યા રુડા રૂપાળા અનંતવીર્યને જોઇને હવે એવી મોહઘેલી થઇ ગઇ છે કે હવે શરમ રખાય એવું લાગતું નથી તેથી એ શરમ બાજુએ મૂકી દઇ ઘૂમટો હટાવી દે છે. અને અપરાજિતની હાજરીમાં જ અનંતવીર્યને કહે છે-

'અહો ! ક્યાં એ શુભા નગરી ! ને ક્યાં ત્યાંથી નારદજીનું અત્રે આવી નૃત્યકુશળ નટીઓનું વર્ણન કરવું ! એમાં ક્યાં મારા પિતાજીનું નટીઓને બોલાવવું ને ક્યાં નટીરૂપે તમારું જ અત્રે પધારવું ! વળી ક્યાં પિતાજીનું મને નૃત્યકળા શીખવવા તમને સોંપવું ! અને ક્યાં એમાં આર્યપુત્રે નૃત્યકળા શીખવતાં વચ્ચે વચ્ચે તમારા અનુપમ ગુણો ને પરાક્રમોનું વર્ણન કરવું ! આ બધુંય અસંભવિત. ક્યાંય રહેલી શુભાનગરી, એની નટી જેવી વસ્તુની ખબર અહીં નારદજી શાના કહેવા આવે ? તેમ આવા મોટા મારા સમ્રાટ પિતા એટલે દૂરથી નટીઓ જેવી તુચ્છ વસ્તુની શુભાનગરીના રાજા પાસે શાની માગણી કરે ? એ કહે કદાચ, તો પણ નટીઓના સ્થાને આપનું નટીઓના વેશે અહીં શાનું આવવાનું થાય ? એય બને તો પણ પિતાને અત્યંત પ્રિય અને મોટા મોટા માંધાતા વિદ્યાધર રાજાને પણ દેવા યોગ્ય નહિ માનેલી એવી મને કળા શીખવવા પરદેશી નટીઓને શાની સોંપે ? આ બધું ય અસંભવ જેવું છતાં સંભવિત બન્યું, અને તમે મને મળી ગયા છો, તો હવે તમે જેમ પહેલાં મારા નાટ્યાચાર્ય બન્યા, તેમ હવે મારા પ્રાણાધાર બનો, મારા પ્રાણપતિ બનો, મારો હાથ ગ્રહણ કરો. નહિ કરો તો હું પ્રાણત્યાગ કરીશ, ને તમને સ્ત્રીહત્યાનું પાપ લાગશે ! મેં તો મારા મનથી તમને પતિ તરીકે ધારી સ્વીકારી લીધા છે.'

**લગ્ન પૂર્વે કેટલાય પ્રશ્નોનો વિચાર નહિ, ને દીક્ષાની વાતમાં પ્રશ્નો ?**

કનકશ્રીએ અનંતવીર્યની સાથે કશી ચર્ચા-વિચારણા કરવાની રાખી નહિ, કે સામાનો અભિપ્રાય યા સામાની ઇચ્છા જાણવાની વાટ જોઇ નહિ. ને એક જ ઉદ્‌બોધનમાં પોતાનો નિર્ધાર કહી દીધો. તે ક્યાં સુધી ? કે 'પાણિગ્રહણ નહિ કરો તો આત્મહત્યા કરીશ' એમ પણ જણાવી દીધું. જ્યાં નૃત્યકળાના શિક્ષણ સિવાય બીજો પરિચય નહિ, ત્યાં આમ કહી દેવાય ? અલબત્ત અપરાજિતના મોઢે અનંતવીર્યના ગુણો તો સાંભળ્યા હતા. પરંતુ કોઇનું સંભળાવેલું સાચું કેટલું





મનાય ? બધું સાચું જ કહે છે એની શી ખબર ? એમ સામાનો સ્વભાવ કેવો છે એ પણ જાણ્યા વિના એકદમ જીવન કેમ સોંપાય ? જીવન-સંબંધ બાંધતાં પહેલાં, સ્વભાવ તો પહેલો જોવાય છે. વળી સામાના ઘરના બીજા માણસો કેવા છે, એ જોયા જાણ્યા વિનાય જિંદગીનું એ ઘર કેમ પસંદ કરી લેવાય ? વળી સામાની જન્મકુંડલીથી આયુષ્યદોરી જાણ્યા વિનાય કેમ ઝુકાવાય ? આવા બધા પ્રશ્નોનો વિચાર નહિ કરવાનો ? ને એમ જ ઝુકાવી દેવાનું ?

આશ્ચર્ય છે કે લગ્નની બાબતમાં માણસો આનો બહુ વિચાર કરતા નથી. લગ્નની બાબતમાં આવા પ્રશ્નો બહુ આગળ પણ નથી કરાતા, પરંતુ દીક્ષાની વાત આવે ત્યાં આવા પ્રશ્નો આગળ કરાય છે ! એ શું સૂચવે છે ? એ જ કે જેવું લગ્ન ગમે છે, એવી દીક્ષા નથી ગમતી, અથવા લગ્ન જેવું આવશ્યક માન્યું છે એવી દીક્ષા જીવનમાં આવશ્યક નથી માની.

**જેને લગ્ન આવશ્યક લાગે, ને દીક્ષા આવશ્યક ન લાગે, એનામાં સમ્યકત્વ હોય ?**

કહો છો ને, 'ભાઇ ! છોકરી છોકરા પરણાવ્યા વિના ચાલે ?' એવું ક્યાં કહો છો, 'ભાઇ આવા ઉચ્ચ જૈન અવતારમાં દીક્ષા વિના ચાલે ? ખબર તો છે કે લગ્ન તો જનાવરના અને અનાર્ય મનુષ્યના કે જૈનેતર ધર્મના અવતારમાં ય મળે છે. પણ ત્યાં દીક્ષા ક્યાં મળે છે ? તો જે માત્ર બહુધા જૈન અવતારમાં જ મળે એવી સાધુ દીક્ષા, એના વિના જૈન અવતારમાં ચાલે ? પણ આ 'ચાલે' કોણ બોલાવે છે ? સમ્યકત્વનાં ત્રણ લિંગ કહ્યાં છે, એમાં એક લિંગ આ બતાવ્યું છે કે સમકિતીને ચારિત્ર-દીક્ષા લેવાની ઉત્કટ ભૂખ હોય. શેની જેમ ? તો કે અટવી લંઘીને આવેલા થાકેલા ભૂખ્યા બ્રાહ્મણને સાંભળવા મળે કે અહીં ગામમાં ઘેબર ખાવા મળે એમ છે, કેમકે ઘેબરની જ કોઇ ચોર્યાશી જમાડે છે, તો એને ઘેબર ખાવાની કેવી ઉત્કટ ઇચ્છા તાલાવેલી જાગે છે કે ક્યારે જમણમાં બેસી જાઉં ને ટેસથી પેટ ભરીને ઘેબર જમું ! એમ અહીં સમકિતી જાણે છે કે દીક્ષા આ મનુષ્ય જન્મમાં જ મળી શકે એમ છે, તેથી એ લેવાની એને ઉત્કટ તમન્ના હોય. આનો અર્થ એ કે ચારિત્ર દીક્ષાની ભૂખ એ સમકિતનું લિંગ છે માટે-

**દીક્ષા લેવાની તમન્ના ન હોય તો સમકિત નહિ.**

**લગ્ન અંગેના પ્રશ્નો કેવા અને જાતે જ સમાધાન કેવાં ?**

સમકિતની તમન્ના હોય એને એમ લાગતું જ હોય કે આ માનવ જીવનમાં દીક્ષા લીધા વિના ચાલે જ નહિ. દીક્ષા લેવી અતિ આવશ્યક છે.

આવી અતિ આવશ્યક દીક્ષાની વાત આવે ત્યાં પ્રશ્નો થાય, ને લગ્નની વાત આવે ત્યાં એવા પ્રશ્નો નહિ એનું કાંઇ કારણ ? કારણ આ જ, કે લગ્નની બાબતમાં પ્રશ્નોનું મનોમન સમાધાન કરી લેવાય છે. દા.ત. પ્રશ્ન આવે,

પ્ર.- પરિચય સારો કર્યા વિના લગ્ન ?

ઉ.- પરિચય વિષે તો વ્યક્તિ અંગે આજુબાજુવાળા પાસેથી જાણવા યોગ્ય જાણી લઇએ એટલું બસ. પછી તો જીવન જોડાયા બાદ પરિચય થવાના, અને એમાં એડજસ્ટ (Adjust) થઇ જવાનું. એમ સમાધાન કરી લેવાય છે તો બીજો પ્રશ્ન આવે-

પ્ર.- પણ મુરતિયો કે એના કુટુંબના સ્વભાવ સારા ન નીકળ્યા તો ?

ઉ.- એ તો પહેલેથી સ્વભાવ ખરાબ માલુમ પડે તો એની સાથે ન જોડાવાનું, બાકી પછી તો 'આપ ભલા તો જગ ભલા' એ સૂત્ર સમજીને ચાલવાનું. એમ સમાધાન કરી લેવાય છે, ત્યારે એવો પ્રશ્ન આવે કે-

પ્ર.- લગ્ન કરી એકદમ અજાણ્યા કુટુંબમાં ગયે શી રીતે ફાવે ? એ કુટુંબમાં ૧-૨ વરસ રહી ભળવું ન જોઇએ ?

ઉ.- ના, એમ ભળવા ન મોકલાય. એમાં તો બીજો અનર્થ થવા સંભવ. બાકી ફાવવાનું તો મન ફેરવ્યું કે 'હવે આ જ મારું ઘર, ને આ જ મારું માણસ', એટલે બધું ય ફાવી જાય છે. આખી દુનિયા ફવાડે જ છે ને ? તો પ્રશ્ન થાય-

પ્ર.-પણ મુરતિયાની આયુષ્યદોરી જાણ્યા વિના લગ્ન કરવા જતાં કદાચ વૈધવ્ય આવે તો ?

ઉ. આવા વિચાર કરે તો તો લગ્નો જ ન થાય, આખી દુનિયામાં લગ્ન પ્રથા ચાલે જ છે ને ? ક્યાં બધા સામાની આયુષ્યદોરીનો પહેલાં નિર્ણય કરવા બેસે છે ? એ તો છેવટે દીકરીનું જેવું ભાગ્ય હોય એ જ આગળ આવવાનું. સોમાં કોક બે-ચાર રંડાતી હોય એટલે શું લગ્ન-માર્ગ બંધ કરાય ? ભાગ્ય નબળું હોય તો રંડાય પણ ખરી. આમ સમાધાન કરી લેવાય છે. લગ્ન અંગે પ્રશ્નોનાં કેવાં સમાધાન શોધી કાઢ્યાં છે ? શું એ દીક્ષા અંગે લાગુ ન કરી શકાય ? પણ મૂળ પાયામાં દીક્ષા ગમતી નથી, દીક્ષા આવશ્યક લાગતી નથી, દીક્ષા વિના ચાલે એમ લાગે છે-એટલે સમાધાન લાગુ નથી કરવાં, ને ખાલી પ્રશ્નો ઊભા કરી દીક્ષાની વાત જ તોડી





પાડવી છે. એને કોણ પહોંચે ? દીક્ષા માનવ જીવનમાં જ મળી શકે છે, ને દીક્ષા વિના મોક્ષ નથી, ઉદ્ધાર નથી. હવે જો આત્માનો ઉદ્ધાર કરવો છે, તો તો દીક્ષા આવશ્યક મનાય અને દીક્ષા વિના ચાલે જ નહિ એમ લાગે, પછી દીક્ષા અંગે પણ પ્રશ્નોનાં આવાં સમાધાન થઇ શકે છે.

**ચારિત્ર અંગેના પ્રશ્નો અને એનાં સમાધાન :-**

પ્ર.- સાધુના પરિચય વિના એમજ દીક્ષા કેમ લેવાય ?

ઉ.- વાત સાચી, પરિચય કરવો જોઇએ. પણ તે કરવામાં કાંઇ મહિનાના મહિના ન કઢાય. ૫-૨૫ દિવસમાં પરિચય થઇ જાય. બાકી તો આજુબાજુના પરિચિતો પાસેથી જાણી લેવાય કે સાધુ કેમ છે ? અને સાધુની રહેણી-કરણી જોઇને સાધુને સમજી શકાય. પૂર્વના કાળે સાધુ આવ્યા, દેશના આપી, ને કેઇ જણા સંસાર છોડી નીકળી પડતા ને ? તે ક્યાં પરિચય કરવા મહિનાઓ રહ્યા હતા ? અલબત્ત સાધુની બોલચાલમાં સાધુતા છે ને ? એ જોવું જોઇએ. એ દેખીને ઝૂકી પડનારા કરોડોએ આત્મહિત સાધ્યાં છે, ને આજે વેદ ભણવા બેસનારા કેઇ સંસારમાં જ રહી ગયા છે. ખરી રીતે સાધુ-જીવનમાં જોડાયા બાદ ગુરુની સાથે એડજસ્ટ થઇ જતાં આવડવું જોઇએ.

પ્ર.- સાધુનો સ્વભાવ તો જાણવો જોઇએ ને ? સ્વભાવ સારો ન હોય તો જિંદગીની આપદા !

ઉ.- દીકરી પરણાવાય ને મુરતિયાનો પૂરો પૂરો સ્વભાવ પરખવા કેટલા બેસે છે ? એ તો સમજે છે, કે દીકરીએ સામાના સ્વભાવને અનુકુળ થઇ જવાનું. એટલે તો આજે કેટલાય પતિના તુચ્છ કે મિજાજી સ્વભાવમાં પણ કુલીન બાઇઓ ઘર નભાવે જ છે ને ? એમ દીક્ષા લેનારે ગુરુના સ્વભાવને અનુકૂળ થઇ જવાનું, આ તો આજે ક્યાંય ગુરુ-શિષ્યના રગડા દેખાતા હોય તો તે ગુરુના સ્વભાવના દોષથી નહિ, પણ સંસારમાં કેટલાયના સ્વભાવને પચાવી લઇને એમનું ખમી ખાનારો શિષ્ય અહીં દીક્ષામાં જ મારતેમિંયા થાય છે ને એને ગુરુનો સ્વભાવ પચાવવો નથી, અને અનુકૂળ થઇ રહેવું નથી, એટલે રગડો થાય છે. પચાવી લેનારા કેટલાય સુશિષ્યો આજેય ગુરુ સાથે રગડા વિના સારી રીતે ચારિત્ર પાળે છે. કહે છે-